૫૩/૨ અદેય.

ઘટકકક્ષાએ પૂર્ણરોજગારી આયોજન

સાગબારા
(જિ. ભરૂચ)

તૈયાર કરનાર
આર. બી. લાલ
ભારતીબહેન દેસાઈ

મુખ્ય સલાહકાર
ઠા. ભા. નાયક

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪

ઘટકકક્ષાએ પૂર્ણરોજગારી આયોજન

સાગબારા

(જિ. ભરૂચ)

તૈયાર કરનાર

આર. બી. લાલ

ભારતીબહેન દેસાઈ

મુખ્ય સલાહકાર

ડા. ભા. નાયક

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૩૮૦૦૧૪

૧૯૮૦

પ્રકાશક
રામલાલ ડાહ્યાભાઈ પરીખ
વ્યવસ્થાપક ટ્રસ્ટી
ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ–૩૮૦૦૧૪

મુદ્રક
જિતેન્દ્ર હાકોરભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૩૮૦૦૧૪

© ગૂજરાત વિદ્યાપીઠ
પહેલી આવૃત્તિ : પ્રત ૧૦૦૦

પ્રાપ્તિસ્થાન
નવજીવન કાર્યાલય, અમદાવાદ–૩૮૦૦૧૪

કિંમત : ત્રીસ રૂપિયા

સપ્ટેમ્બર ૧૯૮૨

આભારદર્શન

એકમકક્ષાએ પૂર્ણરોજગારી ઊભી કરવા માટેનું આયોજન કરવું એ કઠિન બાબત છે. જે તાલુકાનું ઘટકકક્ષાએ આયોજન કરવાનું છે તે તાલુકાનો સમાજ પરંપરાગત બીબામાં ઢળાયેલો હોય ત્યારે આવું આયોજન કરવું વધુ મુશ્કેલ બર્યું બને છે. અમને સોંપવામાં આવેલો સાગબારા તાલુકો આનું ઉદાહરણ પૂરું પાડે છે. સ્વાભાવિક છે કે આવા પ્રકારની કઠિન કામગીરીમાં જુદા જુદા વિભાગોની વ્યક્તિઓનો સહયોગ પ્રાપ્ત ન થાય તો તે કામગીરી યોગ્ય રીતે પાર પાડી શકાતી નથી.

ગયા વર્ષના ઑક્ટોબરના પ્રથમ સપ્તાહમાં જ્યોતિ કન્સલ્ટન્ટ, વડોદરામાં ઘટકકક્ષાએ પૂર્ણરોજગારીનું આયોજન કરવા અંગેની કાર્યગોષ્ઠી ગોઠવવામાં આવી હતી તેમાં અમને એવું માર્ગદર્શન મળ્યું હતું. આ માટે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટના નિયામકશ્રી ડૉ. વી. એસ. વ્યાસ અને આયોજન ખાતાના સચિવ શ્રી પાર્થસારથીવ આયોજન અંગેના સર્જનાત્મક અને રચનાત્મક વિચારો પૂરા પાડી જે પ્રોત્સાહન આપ્યું તે બદલ તેમનો આભાર માનવાની તક અહીંયાં અમે લઈએ છીએ.

તાલુકાનો સર્વે કરવામાં તાલુકા પ્રમુખ, તાલુકા વિકાસ અધિકારી, મામલતદાર અને તાલુકા પંચાયતના અન્ય સભ્યો તરફથી કીમતી મદદ મળી છે, અને તેમણે આ કાર્યમાં સક્રિય રસ દાખવ્યો છે તે માટે અમે તેમનાં અત્યંત આભારી છીએ.

જિલ્લા અધ્યક્ષ નીચે નિમાયેલી જિલ્લા સંકલન સમિતિની મિટિંગમાં થયેલી અર્થપૂર્ણ અને ઉપયોગી ચર્ચાઓ આયોજન તૈયાર કરવામાં મદદરૂપ થઈ છે. ખાસ કરીને એ માટે કલેક્ટરશ્રી સંજીવ મિશ્રા, જિલ્લા અધિકારી શ્રીમતી મિશ્રા અને જિલ્લા આયોજન અધિકારી શ્રી દેસાઈનો અત્રે અમે આભાર માનીએ છીએ. આ કાર્યમાં ઊંડો રસ દાખવી અમને માર્ગદર્શન પૂરું પાડયું એવા આ સંકલન સમિતિના દરેક સભ્યનો પણ વ્યક્તિગત રીતે અમે આભાર માનીએ છીએ.

ગ્રામ અને આદિવાસી સમાજનાં કાર્ય કરવા માટેની પ્રેરણા અને પ્રોત્સાહન ગૂજરાત વિદ્યાપીઠના મૅનેજિંગ ટ્રસ્ટી શ્રી રામલાલભાઈ તરફથી અમને સતત મળતાં રહ્યાં છે. ગાંધી ચિંધ્યા માર્ગે ચાલતી ગૂજરાત વિદ્યાપીઠની પરંપરા અનુસાર અમારી શક્તિ વાપરવા અમને પ્રોત્સાહિત કર્યાં છે તે માટેનો યશ પણ શ્રી રામલાલભાઈ પરીખને ફાળે જાય છે. અને આથી અમે તેમનાં અત્યંત ઋણી છીએ.

આ જાતનું કાર્ય જેમનામાં વણાયેલું છે અને જેમને આદિવાસીઓને શોષણમુક્ત કરવામાં પોતાનું આખું જીવન અર્પણ કર્યું છે તે ગુજરાતના જાણીતા એવા અમારા કુલનાયક શ્રી ડાહ્યાભાઈ નાયકે અમારા કાર્યમાં ઊંડો રસ લીધો છે. અને અમને વખતોવખત અમૂલ્ય માર્ગદર્શન પૂરું પાડયું છે તે માટે એમનાં અમે આભારી છીએ. એમણે અમને હમેશાં મુશ્કેલીમાંથી માર્ગ કાઢી આપ્યો છે.

ગૂજરાત વિદ્યાપીઠના કુલસચિવ શ્રી વિનોદભાઈ ત્રિપાઠીએ અમારા કાર્યમાં ઊંડો રસ દાખવી અમારા કાર્ય માટે યોગ્ય અને લાયક અન્વેષકોની નિમણૂક કરી છે. આ કાર્ય માટેની જરૂરી વહીવટી કાર્યવાહીમાં ઉપયોગી થવા બદલ તેમનો અને મદદનીશ કુલસચિવ શ્રી રમેશભાઈ પરીખનો અત્રે આભાર માનવાની અમે તક લઈ એ છીએ.

અમારા કેન્દ્રના નિયામકશ્રી ડૉ. ઠા.ભા. નાયક કે જેઓ આ પ્રોજેક્ટના મુખ્ય સલાહકાર પણ છે, તેમણે શરૂઆતથી અંત સુધી યોગ્ય અને પદ્ધતિસરનું માર્ગદર્શન પૂરું પાડી આયોજન અહેવાલ તૈયાર કરવામાં મદદરૂપ થયા છે. તેમણે અહેવાલની નાની નાની બાબતોને પણ કાળજીપૂર્વક જોઈ છે. જરૂર લાગે ત્યાં યોગ્ય સૂચનો આપી અહેવાલને અર્થપૂર્ણ બનાવવામાં અને આયોજન કરવામાં તેમણે જે પરિશ્રમ લીધો છે તે માટે અમે તેમનાં આભારી છીએ. તેઓ અમારી સાથે ક્ષેત્રકાર્યમાં પણ આવ્યા હતા અને તેમણે ક્ષેત્રકાર્ય અંગેનાં જરૂરી સૂચનો પણ પૂરાં પાડયાં હતાં. આ કામ તેમનું માનીને એમણે જે અમને પ્રોત્સાહન પૂરું પાડયું છે તે માટે એમનો આભાર કયા શબ્દોમાં માનીએ તે અમારે માટે મૂંઝવણ ભરેલું છે.

અમારા કેન્દ્રના અમારા સાથી મિત્રોએ પણ અમને આ કાર્યમાં સહકાર અને મદદ પૂરાં પાડયાં છે તેનો અમે અત્રે આભાર માનીએ છીએ. અમારા ઑફિસ સુપરિન્ટેન્ડેન્ટ શ્રી રામભાઈ પટેલ જેમણે આયોજન સાથે સંકળાયેલ વહીવટી ગૂંચ ઉકેલી, અમારું કાર્ય સરળ બનાવ્યું છે તેમનો આભાર માનીએ છીએ.

ખાસ યશ તો શ્રી સાયમન મેકવાનને ફાળે જાય છે કે જેણે આ અહેવાલના ગુજરાતીકરણમાં પોતાનો યથાયોગ્ય ફાળો આપ્યો છે.

રાસબિહારી લાલ
ભારતી દેસાઈ

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ–૩૮૦ ૦૧૪
તા. ૨૫–૯–૧૯૮૦

અનુક્રમણિકા

૧	પ્રાસ્તાવિક	૧
૨	કુદરતી અને ભૌતિક સંપત્તિ	૧૩
૩	સાગબારા તાલુકાનું સામાજિક અને આર્થિક માળખું	૩૫
૪	સ્વૈચ્છિક સંસ્થાઓ માનવ–સંપત્તિ અને રોજગારની સ્થિતિ	૭૫
૫	ખેતી અને તેને સંબંધિત પ્રવૃત્તિઓ	૧૩૩
૬	ગૃહ અને કુટિર ઉદ્યોગ સાથેના ઉદ્યોગો	૧૫૦
૭	ચાલુ આયોજિત પ્રવૃત્તિઓ અને તેની નબળા વર્ગો પર થયેલી અસર	૧૬૧
૮	પૂર્ણ રોજગારી માટેનો સૂચિત કાર્યક્રમ	૧૭૦
૯	ઘટક – યોજના ક્રિયાત્મક આયોજન	૨૦૧
૧૦	ટૂંકસાર – તારણો અને ભલામણો	૨૧૭

કોઠાની અનુક્રમણિકા

કોઠા નંબર	કોઠાની વિગત	પાના. નં.
	પ્રકરણ – ૧	
૧	પૂરથી નુકસાન પામેલાં ગામડાંઓ અને તેની વસ્તી	૨
૨	દુષ્કાળ અને અછતની પરિસ્થિતિ બતાવતો કોઠો.	૩
૩	રાજ્ય, જિલ્લા અને તાલુકાનું ક્ષેત્રફળ, વસ્તી, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિની દર ચો. કિ. મિ. વસ્તીનો દર, જાતિ દરના આંકડા (૧૯૭૧)	૫
૪	વસ્તી પ્રમાણે ગામનું કદ (રાજ્ય, જિલ્લા અને તાલુકા)	૭
૫	સાગબારા તાલુકાનો વરસાદ અને વરસાદના દિવસો (૧૯૭૦થી ૧૯૭૯)	૯
૬	સાગબારા તાલુકામાં છેલ્લા દસ વર્ષ દરમ્યાન થયેલ અછત, અર્ધઅછત અને દુષ્કાળની પરિસ્થિતિ	૧૨
	પ્રકરણ – ૨	
૭	૧૯૭૦–૭૧થી ૧૯૭૬–૭૭ના વર્ષ દરમિયાન સાગબારા તાલુકામાં જમીન ઉપયોગી પદ્ધતિ દર્શાવતો કોઠો.	૧૪
૮	નમૂનાની મોજણીમાં આવરી લેવાયેલાં ગામોમાં જમીન ઉપયોગ પદ્ધતિ દર્શાવતો કોઠો.	૧૯
૯	સાગબારા તાલુકામાં ૧૯૫૫-૫૬ તથા ૧૯૭૬–૭૭ના વર્ષમાં જમીનનો ઉપયોગ દર્શાવતો કોઠો	૨૨
૧૦	૧૯૭૦થી ૧૯૭૭ દરમ્યાન ખેડાણ અને સિંચાઈ હેઠળનો વિસ્તાર	૨૫
૧૧	સિંચાઈનાં સાધનો દ્વારા સિંચાઈ હેઠળનો વિસ્તાર દર્શાવતો કોઠો	૨૭
૧૨	સાગબારામાં એકઠી કરવામાં આવેલ જંગલ ગૌણ પેદાશો દર્શાવતો કોઠો	૩૪

	પ્રકરણ – ૩	
૧૩	સાગબારા તાલુકામાં પ્રાથમિક અને માધ્યમિક શાળાઓનો વિકાસ	૩૭
૧૪	છેલ્લા એક દાયકા દરમ્યાનની સાગબારા તાલુકાની જાતિ પ્રમાણે શિક્ષણ વ્યવસ્થા	૩૮
૧૫	રાજ્ય, જિલ્લા અને તાલુકાની શૈક્ષણિક પરિસ્થિતિ (૧૯૭૧ની વસતી ગણતરી પ્રમાણે)	૩૯
૧૬	રાજ્ય, જિલ્લા અને તાલુકા કક્ષાએ આદિવાસીઓનું શૈક્ષણિક સ્તર	૪૦
૧૭	ભરૂચ જિલ્લાના આદિવાસી વસ્તી ધરાવતા પાંચ તાલુકામાં શિક્ષણની ટકાવારી દર્શાવતો કોઠો	૪૦
૧૮	સાગબારા તાલુકામાં ૧૯૭૦–૭૧થી ૧૯૭૭–૭૮ના ગાળા દરમ્યાન વાર્ષિક સંસ્થાઓમાં થયેલો વિકાસ દર્શાવતો કોઠો	૪૧
૧૯	ધોરણ પ્રમાણે વિદ્યાર્થીઓની વહેંચણી.	૪૨
૨૦	૧૯૭૦–૭૧થી ૧૯૭૭–૭૮ના વર્ષ દરમ્યાન પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓની વર્ષ મુજબ સંખ્યા	૪૪
૨૧	પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણમાં શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેના પ્રમાણનો દર દર્શાવતો કોઠો	૪૫
૨૨	જુદાં જુદાં ધોરણોમાં કુમાર–કન્યા ટકાવારી	૪૬
૨૩	પ્રાથમિક શિક્ષણની સવલતો મુજબ ગામોનું વર્ગીકરણ	૪૭
૨૪	મોજણી કરેલ ગામોમાં જાતિ પ્રમાણે વિદ્યાર્થીઓની વહેંચણી	૪૮
૨૫	મોજણી કરેલાં ગામોમાં શિક્ષિતોનું પ્રમાણ	૪૯
૨૬	મોજણી કરેલાં ગામોમાં શિક્ષિતોમાં શિક્ષણની સિદ્ધિ પ્રમાણે વર્ગીકરણ	૪૯
૨૭	સાગબારા તાલુકામાં ૧૯૭૦–૭૧થી ૧૯૭૮–૭૯ના વર્ષ દરમ્યાન આરોગ્યની સગવડોનો વિકાસ દર્શાવતો કોઠો	૫૨
૨૮	પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને ગ્રામ્ય આરોગ્ય કેન્દ્રો દ્વારા સારવાર આપવામાં આવેલા કેસોની વર્ષ મુજબ સંખ્યા દર્શાવતો કોઠો	૫૩
૨૯	સાગબારા તાલુકામાં ૧૯૭૦–૭૧થી ૧૯૭૮–૭૯ના વર્ષ દરમ્યાન કુટુંબ નિયોજન કાર્યક્રમ હેઠળ આવરી લેવાયેલ લોકોની સંખ્યા	૫૫

૩૦ વ્યંધીકરણ કરાવનાર વ્યક્તિઓની વર્ષ પ્રમાણે સંખ્યા દર્શાવતો કોઠો (૧૯૭૦–૭૧ થી ૧૯૭૮–૭૯ સુધી) ૫૫
૩૧ મિડવાઈફ તાલીમ કેન્દ્ર અને તાલીમ પામનારની વર્ષ પ્રમાણે સંખ્યા દર્શાવતો કોઠો ૫૬
૩૨ સાગબારા તાલુકામાં આરોગ્ય કેન્દ્ર દ્વારા કરવામાં આવેલી પ્રસૂતિ અને તે માટે આપવામાં આવેલી જરૂરી તબીબી સેવા દર્શાવતો કોઠો ૫૭
૩૩ ૧૯૭૭થી ૭૯ દરમ્યાન બાળકોને આપવામાં આવેલી જુદી જુદી સારવાર દર્શાવતો કોઠો ૫૮
૩૪ ક્ષય, રક્તપિત્ત અને મલેરિયાના દર્દીઓને વર્ષ મુજબ આપવામાં આવેલી સારવાર ૫૯
૩૫ રોગ પ્રતિકારક રસી તથા ઈજેક્ષન આપવામાં આવેલી વ્યક્તિઓની ૧૯૭૭થી ૧૯૭૯ની સંખ્યા દર્શાવતો કોઠો ૫૯
૩૬ તાલુકામાં વર્ષ દરમ્યાન નોંધાયેલ જન્મ મરણની નોંધ દર્શાવતો કોઠો ૬૦
૩૭ વર્ષ પ્રમાણે તાલુકામાં સાદો કૂવો ધરાવતાં ગામોની સંખ્યા તથા પીવાના પાણીની સગવડ ન ધરાવતાં ગામોની સંખ્યા દર્શાવતો કોઠો ૬૧
૩૮ તાલુકામાં સ્વચ્છતા અને આરોગ્ય અંગે લેવાયેલાં પગલાં દર્શાવતો કોઠો ૬૨
૩૯ સાગબારા તાલુકામાં પરિવહન, સંદેશાવ્યવહાર અને વીજળીની સગવડ દર્શાવતો કોઠો ૬૩
૪૦ સાગબારા તાલુકામાં વીજળીકરણ થયેલાં ગામોમાં વીજળીના જોડાણનો પ્રકાર દર્શાવતો કોઠો ૬૪
૪૧ સાગબારા તાલુકામાં વીજળીની મોટર માટે વીજળીનું જોડાણ મેળવનાર તથા વીજળીનું જોડાણ આપવાનું બાકી છે તેના આંકડા દર્શાવતો કોઠો ૬૫
૪૨ વર્ષ મુજબ ખેતી વિષયક ધિરાણ સહકારી મંડળીઓ, વિવિધ કાર્યકારી મંડળીઓ, તેમની સભ્ય સંખ્યા અને વિગત દર્શાવતો કોઠો ૬૬
૪૩ વર્ષ મુજબ સહકારી મંડળીઓની સંખ્યા, સભ્ય સંખ્યા અને અન્ય વિગત દર્શાવતો કોઠો ૬૮

૪૪ જુદી જુદી બેંકોની શાખાઓ દ્વારા અગાઉથી અપાયેલું ધિરાણ અને વસૂલાતના આંકડા દર્શાવતો કોઠો ૭૧
૪૫ સાગબારા તાલુકામાં નાના ખેડૂતોની વિકાસ એજન્સી તથા સંયોજિત ગ્રામ્ય વિકાસ કાર્યક્રમની પ્રગતિ દર્શાવતો કોઠો ૭૨
૪૬ વર્ષ મુજબ ગ્રામપંચાયત અને જૂથ પંચાયત દર્શાવતો કોઠો ૭૪

પ્રકરણ – ૪

૪૭ જાતિ પ્રમાણે વસ્તી ૭૮
૪૮ છેલ્લી વસતી ગણતરી પછી થયેલો વધારો (ટકાવારીમાં) ૭૯
૪૯ ૧૯૬૧થી ૧૯૭૧ના સમય ગાળામાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની વસ્તી વધારાની ટકાવારી દર્શાવતો કોઠો ૮૦
૫૦ કુટુંબના કદ પ્રમાણે તાલુકાની વસ્તી ૮૦
૫૧ વસ્તીના કદ મુજબ ગામોની વહેંચણી ૮૧
૫૨ વય મુજબ વસ્તીનું વર્ગીકરણ દર્શાવતો કોઠો ૮૧
૫૩ વિસ્તૃત રીતે વયજૂથ પ્રમાણે વસ્તીનું વર્ગીકરણ ૮૨
૫૪ મોસમી સ્થળાંતર કરનાર લોકોની અંદાજિત સંખ્યા દર્શાવતો કોઠો ૮૩
૫૫ ૧૯૬૧ અને ૧૯૭૧ની વસ્તીની ગીચતા દર્શાવતો કોઠો ૮૩
૫૬ ધાર્મિક માન્યતા મુજબ વસ્તીની વહેંચણી ૮૪
૫૭ ૧૯૬૧ અને ૭૧ની વસ્તીગણતરી મુજબ કામ કરનારા લોકોનું ઉદ્યોગ પ્રમાણે વર્ગીકરણ. ૮૬
૫૮ ૧૯૬૧ અને ૧૯૭૧ની વસ્તી ગણતરી મુજબ કામ કરનારાઓ તથા કામ નહીં કરનારાઓની વહેંચણી ૮૭
૫૯ ૧૯૬૧થી ૧૯૭૧ની વસ્તી ગણતરી મુજબ કામ કરનારા અને નહીં કરનારાઓનું જાતિ પ્રમાણે વર્ગીકરણ ૮૮
૬૦ ૧૯૬૧ અને ૧૯૭૧ની ગણતરી મુજબ ક્ષેત્ર (વિભાગ) પ્રમાણે કામદારોની ટકાવારી દર્શાવતો કોઠો ૮૮
૬૧ જમીનનું કદ અને ધારણ કરનારની સંખ્યા દર્શાવતો કોઠો ૮૯
૬૨ તાલુકામાં ખેતીલાયક જમીનનું કદ ધરાવતા ખાતેદારોની વહેંચણી ૯૦

પ્રકરણ – ૪

૬૩ સર્વેક્ષણ કરેલાં કુટુંબોની આદિવાસી બિનઆદિવાસી તરીકે વહેંચણી ૯૨

૬૪ મોજણીના ગામોમાં આદિવાસી બિનઆદિવાસી વસ્તી દર્શાવતો કોઠો ૯૩

૬૫ મોજણી થયેલાં ગામોની વસ્તીનું આદિવાસી બિન–આદિવાસી તેમ જ પુરુષ–સ્ત્રી મુજબ વર્ગીકરણ ૯૩

૬૬ મોજણીના ગામોમાં આદિવાસી અને બિનઆદિવાસી વસ્તીમાં પુરુષ અને સ્ત્રીની સંખ્યા દર્શાવતો કોઠો. ૯૪

૬૭ મોજણી કરેલ કુટુંબોનું વયજૂથ પ્રમાણે સ્ત્રીપુરુષ પ્રમાણ (સંખ્યામાં) ૯૪

૬૮ જુદા જુદા વય જૂથ પ્રમાણે વસ્તીનું વર્ગીકરણ દર્શાવતો કોઠો ૯૫

૬૯ જાતિ પ્રમાણે વસ્તીનું જુદી જુદી વયજૂથમાં વર્ગીકરણ ૯૬

૭૦ કુટુંબમાં સભ્યોની સંખ્યા દર્શાવતો કોઠો ૯૭

૭૧ જાતિ મુજબ કુટુંબનું કદ દર્શાવતો કોઠો ૯૮

૭૨ આદિવાસી બિનઆદિવાસી મુજબ સરાસરી કુટુંબનું કદ દર્શાવતો કોઠો ૯૯

૭૩ આદિવાસી બિનઆદિવાસીમાં કુટુંબનો પ્રકાર દર્શાવતો કોઠો ૯૯

૭૪ મોજણી કરાયેલ વસ્તીમાં આદિવાસી–બિનઆદિવાસી વસ્તી પ્રમાણે વૈવાહિક દરજ્જો દર્શાવતો કોઠો ૧૦૦

૭૫ મુખ્ય વ્યવસાયો પ્રમાણે સર્વેક્ષણ થયેલાં કુટુંબનું વર્ગીકરણ ૧૦૨

૭૬ મોજણીમાં સમાવિષ્ટ થયેલી વ્યક્તિઓનું વ્યવસાય અને જાતિ મુજબ વર્ગીકરણ ૧૦૩

૭૭ મોજણી થયેલા સમયે અને ૧૯૬૧–૭૧ની વસ્તી ગણતરી મુજબ જુદાં જુદાં ક્ષેત્રોમાં કામ કરતા લોકો ૧૦૪

૭૮ જુદા જુદા મુખ્ય ધંધામાં રોકાયેલા અને ગૌણ ધંધો ધરાવતા લોકોની ટકાવારી ૧૦૫

૭૯ મોજણીમાં આવરી લેવાયેલાં તથા ગૌણ ધંધો ધરાવતા લોકોનું તેમના મુખ્ય અને ગૌણ ધંધા પ્રમાણે વર્ગીકરણ ૧૦૭

૮૦ મોજણીમાં આવરી લેવાયેલ વ્યક્તિઓમાંથી કમાનારાઓની સ્થિતિ જાતિ મુજબ ૧૦૯

૮૧ મોજણી થયેલ પુખ્ત વયના લોકોની જાતિ અને આર્થિક સ્થિતિની ટકાવારી વહેંચણી ૧૧૦

૮૨ કમાનાર અને કમાનાર આશ્રિત લોકોની ટકાવારી જાતિ પ્રમાણે (કમાનાર લોકોનું વર્ગીકરણ) ૧૧૦

૮૩ કમાનાર અને કમાનાર આધારિત મુજબ ટકાવારી (વર્ગીકરણ) ૧૧૧

૮૪ ઉંમર અને જાતિ પ્રમાણે કમાનાર વ્યક્તિઓની ટકાવારી પ્રમાણે વહેંચણી ૧૧૧

૮૫ કમાનાર તરીકે જુદી જુદી સંખ્યા ધરાવતાં કુટુંબો ૧૧૨

૮૬ કુટુંબોની જાતિ મુજબ વાર્ષિક આવકની વહેંચણી ૧૧૪

૮૭ સર્વેક્ષણ થયેલ કુટુંબોની વાર્ષિક અને માસિક આવક પ્રમાણે વહેંચણી ૧૧૬

૮૮ વાર્ષિક અને માસિક આવક મુજબ આદિવાસી કુટુંબો અને તેમની વસ્તીની વહેંચણી ૧૧૭

૮૯ વાર્ષિક અને માસિક આવક મુજબ બિન આદિવાસી કુટુંબો અને તેમની વસ્તીની વહેંચણી ૧૧૮

૯૦ સર્વેક્ષણ થયેલા કુટુંબોની મુખ્ય અને ગૌણ ધંધા દ્વારા થયેલી આવક ૧૧૯

૯૧ જુદા જુદા વ્યવસાયોમાં કુટુંબની વાર્ષિક આવક તથા વ્યક્તિદીઠ માસિક આવક ૧૨૦

૯૨ જમીનના કદ પ્રમાણે કુટુંબોની વ્યક્તિદીઠ વાર્ષિક અને માસિક આવક ૧૨૧

૯૩ સર્વેક્ષણ થયેલાં કુટુંબોનો જુદી જુદી વસ્તુ પાછળ વાર્ષિક ખર્ચ ૧૨૨

૯૪ સર્વેક્ષણ કુટુંબોનું જાતિમુજબ વાર્ષિક ખર્ચ ૧૨૩

૯૫ વ્યક્તિદીઠ માસિક ખર્ચનું પ્રમાણ દર્શાવતો કોઠો. ૧૨૪

૯૬ ધંધા મુજબ વાર્ષિક ખર્ચ અને વ્યક્તિદીઠ માસિક ખર્ચ દર્શાવતો કોઠો ૧૨૬

૯૭ દેવાદાર કુટુંબોની સંખ્યા દર્શાવતો કોઠો ૧૨૭

૯૮ કુટુંબદીઠ અને વ્યક્તિદીઠ દેવાની રકમ દર્શાવતો કોઠો ૧૨૭

૯૯ બેરોજગારોની સંખ્યા દર્શાવતો કોઠો ૧૩૦

૧૦૦ વયજૂથ અને જાતિ પ્રમાણે બેરોજગારોની સંખ્યા ૧૩૦

૧૦૧ ધંધા પ્રમાણે બેરોજગારોની સંખ્યા ૧૩૧

પ્રકરણ – ૫

૧૦૨ જમીનના કદ મુજબ જમીન માલિકોની વહેંચણીની ટકાવારી ૧૩૪
૧૦૩ ૧૯૭૦થી ૧૯૭૭ સુધી ખેતી લાયક જમીન બતાવતો કોઠો ૧૩૫
૧૦૪ જુદા જુદા પાક હેઠળની જમીનની વહેંચણીની ટકાવારી ૧૩૬
૧૦૫ ખાદ્ય અને અખાદ્ય પાકોનો વિસ્તાર ૧૩૭
૧૦૬ બિન સિંચાઈ જમીનમાં હેક્ટર દીઠ મુખ્ય પાકોનું ઉત્પાદન ૧૩૮
૧૦૭ સિંચાઇવાળી જમીનમાં હેક્ટર દીઠ મુખ્ય પાકોનું ઉત્પાદન ૧૩૯
૧૦૮ રાજ્ય, જિલ્લા, અને તાલુકામાં જુદા જુદા પાકોનું હેક્ટર દીઠ કિ.ગ્રા.માં ઉત્પાદન ૧૪૦
૧૦૯ સાગબારા તાલુકાનાં ખેતીનાં ઓજારો અંગેની માહિતી ૧૪૧
૧૧૦ પશુ ગણતરી ૧૯૬૧, ૧૯૭૨ અને ૧૯૭૭ ૧૪૩
૧૧૧ પશુઓને આપેલ પશુ રોગની સારવાર ૧૪૫
૧૧૨ દૂધ ઉત્પાદનની વિગતવાર માહિતી ૧૪૬
૧૧૩ દૂધ આપતાં પશુઓનું સરેરાશ દૂધ ઉત્પાદન તેમ જ દુધાળાં પશુઓની સંખ્યા ૧૪૬

પ્રકરણ – ૬

૧૧૪ જુદા જુદા કુટિર ઉદ્યોગોમાં રોકાયેલ વ્યક્તિઓ દર્શાવતો કોઠો ૧૫૫

પ્રકરણ ૧

પ્રાસ્તાવિક

દક્ષિણ ગુજરાતમાં આવેલો ભરૂચ જિલ્લો ગુજરાત રાજ્યના ૧૯ જિલ્લાઓમાંનો આઠમા નંબરનો મોટો જિલ્લો છે. તેનો વિસ્તાર ૯૦૪૫ ચો. કિ.મી. છે. જે રાજ્યના કુલ ભૌગોલિક વિસ્તારનો ૪.૬૨ ટકામો ભાગ થાય છે. ભરૂચ જિલ્લો ૨૧°–૪૫′–૪૫″ અને ૨૨°–૧૫′–૧૬″ ઉત્તર અક્ષાંશ અને ૭૨°–૩૪–૧૯ અને ૭૩°–૧૨–૧૫ પૂર્વ રેખાંશ વચ્ચે આવેલો છે. તેની ઉત્તરે વડોદરા અને ખેડા જિલ્લો, દક્ષિણે સુરત જિલ્લો, પૂર્વે મહારાષ્ટ્રનો ધૂળિયા જિલ્લો અને પશ્ચિમે ખંભાતનો અખાત આવેલો છે. આ જિલ્લો ભૌગોલિક રીતે વિરોધાભાસવાળા બે વિભાગનો બનેલો છે.

(૧) ઉત્તર અને વાયવ્ય દિશાનાં કાંપવાળાં મેદાનો.

(૨) અગ્નિ ખૂણામાં આવેલી રાજપીપળાની ટેકરીઓ.

હાલના ભરૂચ જિલ્લાને સહેલાઈથી પાંચ જુદા તરી આવતા પ્રાકૃતિક વિભાગોમાં વહેંચી શકાય. (૧) કાદવવાળો કિનારાનો ભાગ કે જ્યાં દરિયા-કિનારાની પ્રક્રિયા પ્રભુત્વ ધરાવે છે, (૨) નર્મદા, ઢાઢર અને કીમ નદીઓના કાંપનું બનેલું મધ્યનું મેદાન, (૩) નર્મદા ખીણપ્રદેશનાં મેદાનો, (૪) રાજપીપળાની ટેકરીઓનો તળેટીનો ભાગ, (૫) રાજપીપળાની ટેકરીઓનો પ્રદેશ.

આ જિલ્લાને સહ્યાદ્રિ અને સાતપૂડાના પર્વતોની હારમાળા લાગેલી છે. ભરૂચ જિલ્લામાં ચાર નદીઓ પૂર્વથી પશ્ચિમ તરફ વહે છે. જેમાં કેન્દ્રમાં ગુજરાતની મોટામાં મોટી નદી નર્મદા છે. નર્મદાથી ૩૨ કિ.મી. દૂર ઢાઢર નદી અને દક્ષિણે કીમ નદી અને જિલ્લાની ઉત્તરની સરહદ પરથી પસાર થતી પરંતુ જિલ્લામાં કોઈ સ્થળે ન વહેતી એવી મહી નદીનો સમાવેશ થાય છે. આ નદીઓ ઓછાવત્તા અંશે એકબીજાને સમાંતર વહે છે. અને ભરૂચ જિલ્લો જેનો એક ભાગ છે, તેવા દક્ષિણ ગુજરાતનાં કાંપવાળાં મેદાનો વિકસાવવામાં તેમનો ફાળો છે. આ ઉપરાંત આ જિલ્લામાં ભુવા, નહીમર, ભૂકીખાડી, અમલખાડી અને વાનખાડી જેવાં ઝરણાંઓ વહે છે, જેમાં આખા વર્ષ દરમ્યાન પાણીનું સતત વહેણ જોવા મળતું હોય છે.

આ જિલ્લાની જમીન મુખ્ય ચાર પ્રકારની છે : (૧) ડેડિયાપાડા, નાંદોદ, ઝઘડિયા, સાગબારા અને વાલિયા તાલુકાઓને આવરી લેતી પૂર્વ ભાગની ખડકાળ જમીન, (૨) જંબુસર, વાગરા અને હાંસોટ તાલુકાના પશ્ચિમ વિભાગની ભૂખરી, ક્ષારવાળી જમીન, (૩) ભરૂચ, વાગરા, જંબુસર અને અંકલેશ્વર તાલુકાઓને આવરી લેતી મધ્યવિભાગની સાધારણ કાળી અને રેતાળ જમીન, (૪) જંબુસર તાલુકાને આવરી લેતી ઈશાન તરફની બાગાયત જમીન. ૧૯૭૦–૭૧ના આંકડા અનુસાર આ જિલ્લામાં ૧૭૨૫·૫૨ ચો. કિ.મી. વનવિસ્તાર છે, તે પૈકી ૧૧૨૯·૯૪ ચો. કિ.મી. અનામત, ૨૯૨·૭૯ ચો. કિ.મી. બિનવર્ગીકૃત અને ૩૦૨·૭૯ ચો. કિ.મી. ખાનગી વનવિસ્તાર છે. આ જિલ્લામાં અકીકનો પથ્થર, ઈંટો માટેની માટી, ફેલ્સેડોની પેબ્લર્સ પેદાશ બીજા જિલ્લા કરતાં સૌથી વધુ છે. અહીં વેપારી ધોરણે મેળવી શકાય તેવો લિગ્નાઇટ, ફોલોમાઇટ, તેલ અને કુદરતી વાયુ, બેન્ટોનાઇટ અને ફુલર્સ અર્થનો જથ્થો છે.

આ જિલ્લાને નર્મદા અને કીમનાં પૂરોથી ઘણી વાર આફતનો સામનો કરવો પડે છે. છેલ્લાં ૩૦ વરસમાં ૧૧ વખત નર્મદા નદી ભયસપાટી વટાવી ગઈ છે. તેથી જિલ્લાને સારું એવું નુકસાન પહોંચ્યું છે. જિલ્લામાં તાલુકા અને તેની વસ્તીને થયેલું નુકસાન કોઠા નં. ૧ ઉપરથી જાણી શકાય છે.

કોઠો – ૧

પૂરથી નુકસાન પામેલાં ગામડાંઓ અને તેની વસ્તી

પૂરનું વર્ષ	અસરગ્રસ્ત તાલુકાઓની સંખ્યા	અસરગ્રસ્ત ગામડાંઓની સંખ્યા	અસરગ્રસ્ત વસ્તી	પાકને થયેલ નુકસાન ₹.
૧૯૬૯–૭૦	૫	૫૨	૯,૦૦૦	૮,૩૭,૦૦૦
૧૯૭૦–૭૧	૭	૨૦૪	૨,૮૫,૦૦૦	૨,૨૦,૭૩,૦૦૦
૧૯૭૨–૭૩	૪	૫૨	૭૩,૮૦૦	૨૪,૮૪,૦૦૦
૧૯૭૩–૭૪	૭	૧૫૫	૨,૦૯,૭૦૦	૧,૫૮,૯૯,૦૦૦
૧૯૭૬–૭૭	૭	૭૮૦	૨,૨૬,૨૨૬	૨,૭૪,૪૨૫

આ સિવાય આ જિલ્લામાં ૧૯૭૧માં ધરતીકંપની આફત પણ આવેલી, જેમાં ભરૂચ જિલ્લાના ભરૂચ શહેર અને તેની આજુબાજુનો વિસ્તાર ખડકાળ બની ગયો હતો.

આ જિલ્લાએ અવારનવાર છેલ્લાં દશ વર્ષમાં લગભગ છ વખત દુષ્કાળ અને અછતની પરિસ્થિતિ ભોગવી છે. જેમાં આ જિલ્લાના અગિયારે અગિયાર તાલુકાઓને અસર થયેલી જોવા મળે છે. એ નીચેના કોઠાના આંકડાઓથી જાણી શકાય એમ છે.

કોઠો – ૨

દુષ્કાળ અને અછતની પરિસ્થિતિ બતાવતો કોઠો

દુષ્કાળનું વર્ષ	અસરગ્રસ્ત તાલુકાની સંખ્યા	અસરગ્રસ્ત ગામડાંઓની સંખ્યા	અસર પામેલી વસ્તી	
			મનુષ્ય	પશુઓ
૧૯૬૬–૬૭	૧૧	૧૨૭	–	–
૧૯૬૮–૬૯	૧૧	૨૪૩	–	–
૧૯૭૨–૭૩	૧૧	૬૬૨	૧૪,૫૦,૮૭૭	૨,૪૯,૮૮૨
૧૯૭૩–૭૪	૧૧	૬૬૮	૭,૭૨,૫૫૧	૨,૩૪,૨૬૯
૧૯૭૪–૭૫	૧૧	૭૧૪	૫,૭૭,૯૨૮	૧,૬૮,૬૬૬
૧૯૭૫–૭૬	૯	૭૨૪	–	–

અહીં જોઈ શકાય છે કે જિલ્લાનો વધુમાં વધુ અસર પામેલ વિસ્તાર હોય તો તે જિલ્લાનો મધ્ય અને પશ્ચિમ વિભાગ છે.

આમ છતાં દૈવસંજોગે અહીં સારો વરસાદ અને જિલ્લામાંથી તેમ જ સરહદ પરથી પસાર થતી ચાર મોટી નદીઓને કારણે જિલ્લાની આર્થિક પરિસ્થિતિ બીજા કેટલાક જિલ્લાઓની સરખામણીમાં કંઈક ઠીક કહી શકાય.

આ જિલ્લાની વસ્તી ૧૧,૦૯,૬૦૧ છે જે રાજ્યની કુલ વસ્તીના ૪.૧૬ ટકા થાય છે. એમાંની ૮૨.૬ ટકા વસ્તી ગ્રામ્ય વિસ્તારમાં વસે છે, જ્યારે ૧૭.૪ ટકા વસ્તી શહેરી વિસ્તારમાં રહે છે. એમાં ૫,૬૯,૦૨૬ પુરુષો અને ૫,૪૦,૫૭૫ સ્ત્રીઓ છે. જિલ્લાની આ કુલ વસ્તી દસ તાલુકા અને એક મહાલ બની બે પેટા વિભાગમાં વસેલી છે. આ દસ તાલુકા પૈકીનો

એક તાલુકો જે ઘટક કક્ષાના આયોજન માટે લેવામાં આવ્યો છે તે સાગબારા તાલુકો છે, જે ભરૂચ જિલ્લાની પૂર્વે આવેલો છે.

સાગબારા તાલુકો

ભૂપૃષ્ઠ

સાગબારા તાલુકાની પૂર્વ દિશાએ મહારાષ્ટ્ર રાજ્યનો ખાનદેશ વિભાગ, પશ્ચિમે અને ઉત્તર દિશાએ ભરૂચ જિલ્લાનો ડેડિયાપાડા તાલુકો અને દક્ષિણે સુરત જિલ્લો આવેલો છે. આ તાલુકાની ઉત્તર દક્ષિણ લંબાઈ ૨૭ કિ.મી. અને પૂર્વ-પશ્ચિમ પહોળાઈ ૨૧ કિ.મી. છે. તેનું ક્ષેત્રફળ ૪૦૦ ચો. કિ.મી. થાય છે. આ તાલુકો ઉત્તરે ૨૧.૩૦° અક્ષાંશ અને પશ્ચિમે ૭૩.૩૦° રેખાંશ ઉપર અંકિત થયેલો છે. આ તાલુકાનો મોટો ભાગ સાગનાં અને વાંસનાં નાનાં નાનાં જંગલોથી છવાયેલો છે. આ તાલુકામાં સાગનાં જંગલો વિશેષ હોવાથી "સાગબારા" નામ પડ્યું હતું. અલબત્ત, હાલમાં ધીરે ધીરે જંગલો સાફ થતાં ગયાં છે. જોકે આ તાલુકાને પ્રથમથી જ જંગલ વિભાગમાં ગણવામાં આવ્યો હતો. ૧૯૭૫ની સાલ દરમ્યાન આ તાલુકાના જંગલ વિસ્તારને કલમ ૪ હેઠળ અવર્ગીકૃત જંગલ તરીકે જાહેર કરવામાં આવ્યે છે. (આ માટે સાગબારા તાલુકાના ઠાકોર અને સરકાર વચ્ચે કોર્ટમાં કેસ ચાલે છે.)

ગુજરાત રાજ્ય અસ્તિત્વમાં આવ્યા બાદ ૧૯૬૦માં સાગબારા તાલુકાને ભરૂચ જિલ્લામાં મૂકવામાં આવ્યો, મહારાષ્ટ્રના કાંઠી સ્ટેટના લગભગ ૨૨ ગામોને સાગબારા તાલુકામાં સમાવવામાં આવ્યાં, જ્યારે સાગબારા તાલુકાનાં ૨ ગામોને ધૂળિયા જિલ્લાના અક્કલકૂવા તાલુકામાં સમાવી દેવામાં આવ્યાં. આ તાલુકાનું મુખ્ય મથક સાગબારા છે. જે અંકલેશ્વરથી મહારાષ્ટ્રના અક્કલકૂવા જવાના પાકા રસ્તા ઉપર, અંકલેશ્વરથી ૯૮ કિ.મી. અને ડેડિયાપાડાથી ૨૭ કિ.મી. પર આવેલું છે. સાગબારા આમ તો નાનું ગામ છે પરંતુ એના સ્થાનની દૃષ્ટિએ એને તાલુકાનું મુખ્ય મથક બનાવવામાં આવ્યું છે. આ તાલુકાનું સેલમ્બા ગામ બીજી કેટલીક રીતે વિશેષ મહત્ત્વ ધરાવે છે. એ સાગબારાથી ૩ કિ.મી. દૂર આવેલું છે અને તાલુકાનું વેપારી મથક છે. બીજી કેટલીક સગવડો જે સાગબારામાં નથી તે સેલમ્બામાં છે.

૧૯૭૧ની વસ્તીગણતરી પ્રમાણે આ તાલુકામાં કુલ ગામોની સંખ્યા ૧૨૧ હતી.

આ તાલુકામાં કોઈ શહેર નથી. આ ૧૨૧ ગામોમાં ૯૪ ગામો વસવાટી અને ૨૧ ગામો બિનવસવાટી હતાં. પરંતુ ૧૯૭૬–૭૭ના ગાળા દરમ્યાન ઉકાઈ બંધ બંધાવાના પરિણામે આ તાલુકાનાં ૧૫ ગામો ડુબાણ હેઠળ આવી ગયાં. આ ૧૫ ગામોની જે વસ્તી હતી તેને સુરત જિલ્લાના માંગરોલ તાલુકા તેમ જ સાગબારા તાલુકાનાં ગામોની અંદર સમાવી દેવામાં આવી. હાલમાં આ તાલુકામાં ૧૦૬ ગામો છે. જેની વસ્તી ૫૨,૫૭૬ છે. જેમાં ૨૬,૧૬૮ પુરુષો અને ૨૬,૮૦૪ સ્ત્રીઓ છે. આ તાલુકાની એ વિશિષ્ટતા છે કે આ તાલુકામાં પુરુષો કરતાં સ્ત્રીઓની સંખ્યા વધુ છે. દર હજાર પુરુષે સ્ત્રીઓની સંખ્યા ૧,૦૦૫ થાય છે. રાજ્ય અને જિલ્લાનું ચિત્ર આનાથી જુદું છે.

કોઠો – ૩

રાજ્ય, જિલ્લા અને તાલુકાનું ક્ષેત્રફળ, વસ્તી, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિની દર ચો. કિ.મી. વસ્તીનો દર, જાતિ-દરના પ્રમાણના આંકડા (૧૯૭૧ની વસ્તીગણતરી)

		ગુજરાત રાજ્ય	ભરૂચ જિલ્લો	સાગબારા તાલુકો
૧.	ક્ષેત્રફળ (કિ.મી)	૧,૯૫,૯૮૪	૯,૦૪૫	૪૦૦
૨.	વસ્તી (સંખ્યામાં)	૨,૬૬,૯૭,૪૭૫	૧૧,૦૯,૬૦૧	૫૨,૫૭૬
૩.	વસ્તીની ગીચતા (દર ચો. કિ.મી.)	૧૩૬	૧૨૩	૧૩૧
૪.	અનુસૂચિત જાતિવસ્તી (સંખ્યા)	૧,૮૮૨૫,૪૩૨	૫૩,૪૫૨	૪૦૭
	ટકા	૬.૮	૪.૮૨	૦.૭૭

૫. અનુસૂચિત જનજાતિ વસ્તી (સંખ્યા)	૩૭,૩૪,૪૨૨	૪,૮૬,૯૦૧	૪૭,૭૨૪
ટકા	૧૩.૯૯	૪૩.૮૮	૯૦.૭૭
૬. જાતિદર (એક હજાર પુરુષે સ્ત્રીઓની સંખ્યા)	૯૩૪	૯૫૦	૧,૦૦૫

આ પ્રદેશનું ક્ષેત્રફળ વસ્તી, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની વસ્તી, જાતિદરનું પ્રમાણ તથા દર ચો. કિ.મી. વસ્તીનું પ્રમાણ રાજ્ય અને જિલ્લાના પ્રમાણમાં કેવું છે તે કોઠા નં. ૩ પરથી ખ્યાલ આવશે.

કોઠા–૩માં જણાવ્યું તે પ્રમાણે આ કોઠા ઉપરથી ફલિત થાય છે કે જાતિદર રાજ્ય અને જિલ્લા કરતાં તાલુકામાં ઊંચો રહ્યો છે. આ બાબત આદિવાસી વસ્તીનું વસ્તીવિષયક લક્ષણ છે, જે અહીં જોવા મળે છે. આ સમાજમાં પુરુષો કરતાં સ્ત્રીઓની સંખ્યા વધુ હોય છે.

આ કોઠો જોતાં બીજું એ ફલિત થાય છે કે સાગબારા તાલુકાની વસ્તીની ગીચતા દર ચો. કિ.મી. ૧૩૧ છે. જે રાજ્ય કરતાં ૫ ઓછી છે. પરંતુ જિલ્લા કરતાં ૮ વધુ છે. રાજ્ય અને જિલ્લાની વસ્તીની ગીચતા અનુક્રમે ૧૩૬ અને ૧૨૩ છે. આ તાલુકો ડુંગરા, ટેકરીઓ અને જંગલોથી છવાયેલો છે. છતાં વસ્તીની ગીચતામાં ખાસ તફાવત જોવા મળતો નથી, એનું કારણ એ છે કે આ તાલુકામાં ખીણનો પ્રદેશ ફળદ્રુપ છે. તેથી તાલુકાની મોટા ભાગની વસ્તી આ ખીણપ્રદેશમાં આવેલાં ગામડાંઓમાં વસેલી છે. રાજ્ય અને જિલ્લાની સરખામણીમાં અનુસૂચિત જનજાતિની વસ્તીનું પ્રમાણ ઘણું વધારે છે. જ્યારે અનુસૂચિત જાતિની વસ્તીનું પ્રમાણ નીચું છે. આદિવાસી વિસ્તારની એક ખાસિયત એ હોય છે કે વસ્તીની દૃષ્ટિએ તેઓનાં ગામડાંઓ નાનાં હોય છે. આ બન્ને બાબત તમને કોઠા નં ૪ કે જેમાં રાજ્ય, જિલ્લા અને તાલુકાનાં ગામોના કદની જે સંખ્યા આપી છે તેના પરથી જાણવા મળશે.

કોઠો – ૪

વસ્તી પ્રમાણે ગામનું કદ (રાજ્ય, જિલ્લા અને તાલુકા)

ગામનું કદ (વસ્તી)	રાજ્યમાં સંખ્યા	જિલ્લામાં સંખ્યા	તાલુકામાં સંખ્યા
૧. ૦ થી ૧૯૯	૨૦૫૪ (૧૧.૨૧)	૧૫૨ (૩૧.૮૪)	૨૯ (૨૭.૩૬)
૨. ૨૦૦ થી ૪૯૯	૪૩૫૨ (૨૩.૭૭)	૩૬૨ (૧૩.૩૭)	૩૮ (૩૫.૮૩)
૩. ૫૦૦ થી ૯૯૯	૫૨૮૧ (૨૮.૮૩)	૩૫૪ (૩૧.૧૩)	૨૯ (૨૭.૩૬)
૪. ૧૦૦૦થી ૧૯૯૯	૪૩૯૮ (૨૪.૦૧)	૧૯૧ (૧૬.૮૦)	૯ (૮.૪૯)
૫. ૨૦૦૦થી ૪૯૯૯	૧૯૬૫ (૧૦.૭૩)	૦૭૦ (૬.૧૬)	૧ (૦.૯૪)
૬. ૫૦૦૦ ઉપર	૨૬૫ (૧.૪૫)	૮ (૦.૭૦)	૦ (૦)
૭. કુલ	૧૮૩૧૫ (૧૦૦ ટકા)	૧૧૩૭ (૧૦૦ ટકા)	૧૦૬ (૧૦૦ ટકા)

ઉપરના કોઠામાં જોતાં માલૂમ પડે છે કે રાજ્ય અને જિલ્લાની સરખામણીએ સાગબારા તાલુકામાં નાનાં ગામડાંઓની સંખ્યા વધુ છે. નાનાં ગામડાંઓ (૦થી ૪૯૯ની વસ્તીવાળાં)ની રાજ્યની ટકાવારી ૩૪.૯૮ જિલ્લાની ૪૫.૨૧ છે જ્યારે તાલુકાની ટકાવારી ૬૩.૧૯ છે. મધ્યમ કદનાં ગામોની (૫૦૦થી ૧૯૯૯) ટકાવારી રાજ્ય અને જિલ્લાના પ્રમાણમાં ઓછી છે. અનુક્રમે રાજ્ય, જિલ્લા અને તાલુકાની ટકાવારી ૫૨.૮૪, ૪૭.૯૩ અને ૩૫.૮૫ છે પરંતુ તાલુકાનાં મોટાં ગામો(૨૦૦૦થી ૪૯૯૯)ની સંખ્યા રાજ્ય

અને જિલ્લાના પ્રમાણમાં નહીંવત્ છે. આ ટકાવારી અનુક્રમે રાજ્ય, જિલ્લા અને તાલુકાની ૧૦.૭૩, ૬.૧૬ અને ૦.૯૪ છે અને ધ્યાન ખેંચે તેવી બાબત એ છે કે આ તાલુકામાં ૫૦૦૦થી વધુ વસ્તી ધરાવતું એક પણ ગામ નથી. જ્યારે રાજ્યની ટકાવારી ૧.૪૫ છે અને જિલ્લાની ૦.૭૦ છે. આમ અવલોકન પરથી એમ કહી શકાય કે આ આદિવાસી તાલુકો નાનાં નાનાં ગામોનો બનેલો છે. અગાઉ જણાવ્યું તે મુજબ મહત્ત્વની બાબત એ છે કે આ તાલુકામાં એક પણ શહેર નથી.

આ તાલુકામાંથી કોઈ મોટી નદી પસાર થતી નથી. પરંતુ તાપી નદી, જેના ઉપર સુરત જિલ્લામાં ઉકાઈ બંધ બાંધવામાં આવ્યો છે, તે આ તાલુકાની દક્ષિણ-પૂર્વ હદમાંથી પસાર થાય છે, ને જે આ તાલુકાને ભૌતિક રીતે સુરત જિલ્લાથી જુદો પાડે છે. ડુંગરોમાંથી હોદી, વેજ, આઉચી જેવી નાની નાની નદીઓ નીકળે છે જે તાપીને પાછળથી મળી જાય છે. આ તાલુકામાં નાનીમોટી સાત જેટલી ખાડીઓ આવેલી છે. તેમાં બારે મહિના પાણી રહે છે. તેમાંથી સિંચાઈની વ્યવસ્થા પણ ઊભી કરવામાં આવી છે. આ પ્રદેશનાં ઝરણાં અને ખાડીઓ ડુંગરાળ પ્રદેશ પરથી પોતાના પ્રવાહમાં સારા એવા પ્રમાણમાં કાંપ લઈ આવે છે અને ઢોળાવ પરની જમીનને સમૃદ્ધ બનાવે છે.

ભૌગોલિક રીતે સાગબારાનો પ્રદેશ ઊંચાં સપાટ મેદાનોનો, ટેકરીઓ અને તેની નીચેની ખીણનો છે. આખા વિસ્તારમાં જુદા જુદા આકારનાં અને કદનાં શિખરો જોવા મળે છે.

ફક્ત તાલુકાનો દક્ષિણ અને દક્ષિણ–પૂર્વનો ભાગ જે ઉકાઈ ડેમ સાથે જોડાયેલો છે તે જ સપાટ છે. આ તાલુકાની ઊંચામાં ઊંચી ટેકરી દેવ-મોગરા ગામની નજીક આવેલી છે. જે તાલુકાની ઉત્તર–પૂર્વ બાજુએ છે. આ તાલુકાની પશ્ચિમે, ઉત્તરે અને દક્ષિણે ડુંગરો આવેલા છે. પરિણામે આખો પ્રદેશ ડુંગરાળ પ્રદેશ તરીકે ઓળખાય છે. અને તેની જમીન પણ પથ્થરિયા છે. અગાઉ જણાવ્યું તે મુજબ પશ્ચિમ અને પૂર્વની ટેકરીઓ અને તેના ઢોળાવ ઉપર આજે પણ જંગલો છે.

ઉપર જણાવ્યા મુજબ સાગબારા તાલુકાનો મોટો ભાગ ઊંચો-નીચો છે. દક્ષિણ અને દક્ષિણ–પૂર્વનો ભાગ પણ એક યા બીજી દિશાએ ઢોળાવવાળો છે અને તેથી ચોમાસામાં ભારે વરસાદ હોવા છતાં મોટા ભાગની ખેતીલાયક જમીનમાં પાણીનો સંગ્રહ થતો નથી.

આબોહવા

આબોહવાની દૃષ્ટિએ તપાસીએ તો આ તાલુકામાં ત્રણ ઋતુઓ છે. ઉનાળો, ચોમાસું અને શિયાળો. ઉનાળો સામાન્ય રીતે માર્ચના અંતથી જૂનના મધ્ય સુધીનો હોય છે. ચોમાસાની ઋતુ જૂનના બીજા કે ત્રીજા અઠવાડિયાથી શરૂ થઈ સપ્ટેમ્બરના અંત સુધી ચાલે છે. કેટલીક વાર ઑક્ટોબર સુધી પણ વરસાદ પડતો હોય છે. આ પ્રદેશમાં શિયાળાની ઋતુ નવેમ્બરથી ફેબ્રુઆરી સુધી હોય છે. આ પ્રદેશમાં શિયાળાની રાત્રિ વધુ ઠંડી હોય છે. તેથી આદિવાસીઓ આનાથી રક્ષણ મેળવવા માટે આખી રાત તાપણું રાખતા હોય છે. આ પ્રદેશનું શિયાળાનું ઓછામાં ઓછું ઉષ્ણતામાન ૨૨° સેન્ટિગ્રેડ હોય છે.

આમ તો ફેબ્રુઆરીના અંતથી જ ઉનાળાની શરૂઆત થાય છે. પરંતુ તાપ માર્ચના મધ્યથી પડવા માંડે છે. એપ્રિલનું છેલ્લું અઠવાડિયું અને મે મહિનો ઘણો ગરમ હોય છે. ત્યારે ઉષ્ણતામાન ૩૧° સેન્ટિગ્રેડ થાય છે.

કોઠો – ૫

સાગબારા તાલુકાનો વરસાદ અને વરસાદના દિવસો
(૧૯૭૦થી ૧૯૭૯)

વર્ષ	વરસાદ (મિ.મી.)	વરસાદના દિવસો
૧૯૭૦	૧૬૧૨	૭૭
૧૯૭૧	૧૦૫૮	૫૬
૧૯૭૨	૭૩૬	૩૫
૧૯૭૩	૧૧૬૦	૭૪
૧૯૭૪	૭૪૫	૫૦
૧૯૭૫	૧૨૦૫	૫૩
૧૯૭૬	૨૨૨૨	૭૦
૧૯૭૭	૧૭૪૩	૬૪
૧૯૭૮	૧૨૪૧	૬૪
૧૯૭૯	૧૦૩૩	૬૩
દશ વર્ષનો સરેરાશ	૧૩૦૫.૫	૬૧
	૧૩૦૫.૫	

ચોમાસામાં આ તાલુકામાં અરબ્બી સમુદ્રમાંથી નીકળી દક્ષિણ–પશ્ચિમે જતાં વાદળો વરસાદ આપે છે. આ તાલુકાનું સામાન્ય લક્ષણ એ છે કે ટૂંકા ગાળામાં ભારે વરસાદ અને પછી લાંબો સમય વરસાદ વગરનો ખાલી હોય છે. ભારે વરસાદને કારણે પાણી જમીનમાં સંગ્રહાતું નથી પરંતુ માટી ધસડાઈ જાય છે. આ તાલુકાનો છેલ્લાં દસ વર્ષનો સરાસરી વરસાદ ૧૩૦૬ મિ.મી. છે. ૧૯૭૦થી ૧૯૭૯ના છેલ્લા દાયકામાં સૌથી વધુ વરસાદ ૧૯૭૬માં ૨૨૨૨ મિ.મી. પડ્યો હતો. જ્યારે સૌથી ઓછામાં ઓછો વરસાદ ૧૯૭૨માં ૭૩૬ મિ.મી. પડ્યો હતો. સામાન્ય રીતે છેલ્લાં દસ વર્ષમાં વરસાદના સરેરાશ દિવસો ૬૧ રહ્યા છે. આ બાબતોની વિગત કોઠા નં. ૫માં આપી છે.

દશ વર્ષનો સરેરાશ વરસાદ ૧૩૦૫.૫ મિ.મી. થાય છે અને વરસાદના દિવસો સરેરાશ ૬૧ થાય છે. આ વર્ષાઋતુ તાલુકાના ખેડૂતોને જૂનથી સપ્ટેમ્બર સુધી કામમાં રોકાયેલા રાખે છે. આ તાલુકાના મોટા ભાગના લોકો ખેતઉત્પાદન માટે વરસાદ પર આધાર રાખે છે. પરિણામે જો સમયસર વરસાદ ન આવે તો ખેતઉત્પાદનને ઘણું સહન કરવું પડે છે. ખેતરો પરની મોજણી દરમ્યાન ઉત્તરદાતાઓએ બતાવ્યું છે કે જ્યારે જ્યારે સમયસર અને પૂરતો વરસાદ નથી પડતો ત્યારે ત્યારે તેમને દુકાળની પરિસ્થિતિનો સામનો કરવો પડે છે. પાકની અચોક્કસતા ખેડૂતોને કાયમ માટે ચિંતામાં રાખે છે. વરસાદ પર વધુ પડતો આધાર હોવાને કારણે ખેતઉદ્યોગમાં આ પ્રદેશના લોકો કેવળ ખરીફ પાક જ લે છે. જે ખેડૂતો સિંચાઈની વ્યવસ્થા ઊભી કરી શક્યા છે, તેઓ જ રવીપાક લે છે. મોટે ભાગે વરસાદ ઉપર જ તમામ ખેતી અહીં પ્રવર્તમાન છે. સિંચાઈની વ્યવસ્થા પૂરતી ન હોવાને પરિણામે પણ આ તાલુકામાં મોટે ભાગે ખરીફ પાક લેવાતો હોય તેવું દેખાય છે. અગાઉ જણાવ્યું તે મુજબ ભારે વરસાદને કારણે ખેડૂતોને મોટા પ્રમાણમાં માટી ધસડાઈ જવાની સમસ્યાનો સામનો કરવો પડે છે.

માટી અને તેના પ્રકારની ખેતીપ્રધાન અર્થતંત્ર માટે કાયમી અગત્ય છે, જે સાગબારામાં પણ છે. તાલુકામાં જે ટેકરીનો વિસ્તાર છે તેની જમીન પ્રતમાં ગોરાડુ અને સામાન્યતઃ ખડકાળ છે. નીચાણવાળા ઢોળાવ અને ખીણમાં એનો રંગ બદલાઈને આછો બદામી અને ભૂખરો કાળો બની જાય છે. ઉકાઈ બંધની નજીકનો જે સપાટ પ્રદેશ છે તેની જમીન કાંપવાળી અને રંગે

આછી બદામી તથા ભૂખરી કાળી છે. ટેકરી પરની જમીન એવી ખડકાળ છે કે ખોદવું મુશ્કેલ પડે છે. ટેકરીના પ્રદેશમાં જે માટી છે તે હલકી ડાંગર, જુવાર, મકાઈ, કઠોળ, તેલીબિયાં માટે વધુ અનુકૂળ છે. જ્યારે ભૂખરી કાળી માટી જે ખીણમાં અને મેદાનમાં જોવા મળે છે, તે જો સિંચાઈની સગવડ હોય તો ડાંગર, જુવાર, કપાસ, કઠોળ, તેલીબિયાં, મગફળી, ઘઉં માટે યોગ્ય છે. માટીની અનુકૂળતાને બાજુએ મૂકીએ તોપણ માટીનું ધોવાણ, સિંચાઈની સગવડોનો અભાવ, ખેતી કરવાની જૂની પદ્ધતિ, પરંપરાગત વપરાતાં સાધનો, રાસાયણિક ખાતરના ઉપયોગનો અભાવ વગેરેને કારણે ખેડૂત વધુ ઉત્પાદન મેળવવા અસમર્થ બને છે. જો આ બાબતો દૂર કરી શકીએ તો કુદરતી રીતે ગોરાડુ અને પથ્થરિયા જમીન હોવા છતાં પણ તે સારો પાક આપી શકે.

તાલુકાની મોટા ભાગની જમીન પથ્થરિયા હોવાના પરિણામે તાલુકાની કુલ જમીનના અર્ધા કરતાં પણ વધુ જમીન ખેતી માટે બિનઉપયોગી છે. ૧૯૭૭–૭૮ પ્રમાણે સાગબારા તાલુકાનો ભૌગોલિક વિસ્તાર ૪૦૦૩૧ હેક્ટર છે. તેમાંથી ચોખ્ખો વાવેતર-વિસ્તાર ૧૬,૬૬૭ (૪૧.૬૩ ટકા) હેક્ટર છે. ચાલુ પડતર જમીન ૬૫૧ હેક્ટર અને પડતર જમીન ૨૫ હેક્ટર છે. ખેડી શકાય તેવી પડતર જમીન ૧૨,૭૨૦ હેક્ટર છે અને બિનખેતી-વિષયક ઉપયોગમાં લેવાયેલ જમીન ૮૪૦૭ હેક્ટર છે. ગોચર જમીન ૧૫૧ હેક્ટર છે. આ વિભાગોમાં છેલ્લા દાયકા દરમ્યાન જે કંઈ ફેરફાર થયો છે તે બીજાં પ્રકરણોમાં જોઈશું. ખેડાણ હેઠળ જે જમીન છે તેમાંથી ૬૪.૮૧ ટકા જમીન અખાદ્ય પાકોમાં અને ૩૫.૧૯ ટકા જમીન ખાદ્ય પાકોમાં વપરાય છે. અગાઉ બતાવ્યું તે મુજબ આ તાલુકાની જમીન ડુંગરાળ, મધ્ય કાળી, બેસર અને ગોરાડુ છે. આ તાલુકાના ખાદ્ય પાકોમાં મહત્ત્વનો પાક જુવાર છે અને બીજા નંબરે ડાંગર આવે છે. કઠોળમાં તુવરનો પાક અગ્રિમતા ધરાવે છે. બીજા નંબરે અડદ થાય છે. શાકભાજી અને શેરડીનો પાક નહીંવત્ છે.

છેલ્લા દસકામાં એટલે કે ૧૯૬૯–'૭૦થી ૧૯૭૮–'૭૯ના ગાળામાં પૂર, દુકાળ જેવી કેટલીક કુદરતી આફતોને કારણે કેટલાંક ગામોને પૂર્ણ અછત અને અર્ધ અછતની પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો છે. અલબત્ત, ભરૂચ જિલ્લાની સરખામણીમાં સાગબારા તાલુકાને દુષ્કાળ અને અછતની પરિસ્થિતિ કાયમી રીતે ભોગવવી પડી નથી. આ અંગેની માહિતી કોઠા નં. ૬માં આપવામાં આવી છે.

કોઠો – ૬

સાગબારા તાલુકામાં છેલ્લાં દશ વર્ષ દરમ્યાન થયેલ અછત, અર્ધ અછત અને દુષ્કાળની પરિસ્થિતિ

વર્ષ	સંપૂર્ણ અછત-વાળાં ગામો-ની સંખ્યા	અર્ધ અછતવાળાં ગામોની સંખ્યા	અછત વગરનાં ગામોની સંખ્યા	કુલ ગામો
૧૯૬૯–૭૦	—	—	૧૨૧	૧૨૧
૧૯૭૦–૭૧	—	—	૧૨૧	૧૨૧
૧૯૭૧–૭૨	—	—	૧૨૧	૧૨૧
૧૯૭૨–૭૩	—	૭	૧૧૪	૧૨૧
૧૯૭૩–૭૪	—	૭	૧૧૪	૧૨૧
૧૯૭૪–૭૫	—	૨૫	૯૬	૧૨૧
૧૯૭૫–૭૬	—	૪૬	૭૫	૧૨૧
૧૯૭૬–૭૭	—	૪૬	૫૯	૧૦૫
૧૯૭૭–૭૮	—	—	—	૧૦૫
૧૯૭૮–૭૯	—	—	—	૧૦૫
સરાસરી		૨૬	૯૨	૧૧૮

આ કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે છેલ્લાં દશ વર્ષમાં સંપૂર્ણ અછત થઈ હોય તેવું આ તાલુકામાં કોઈ પણ ગામ નથી.

અર્ધ અછતની પરિસ્થિતિ પાંચ વરસ રહી છે. તેમાં પણ ૧૯૭૨–૭૩ અને ૧૯૭૩–૭૪ના વરસ દરમ્યાન ફક્ત સાત ગામડાંઓને જ આની અસર થઈ છે. વધુ ગામોને અસર થઈ હોય તેવું વર્ષ ૧૯૭૫–૭૬ છે. એકંદરે આ તાલુકો ખાસ અછતગ્રસ્ત નથી. આમ હોવા છતાં આ તાલુકાનાં મોટાં પ્રમાણનાં આદિવાસી કુટુંબોને આખું વર્ષ કુટુંબની બધી વ્યક્તિઓને પૂરતો ખોરાક પ્રાપ્ત કરવા માટે ઘણી કઠણાઈ ભોગવવી પડે છે, જે આ અહેવાલમાં આપણે આગળ જોઈશું.

હકીકતમાં નિદર્શનમાં જે કુટુંબો આવ્યાં છે તેમાંથી મોટા ભાગનાં ગરીબાઈ રેખાથી નીચે જીવે છે, પછી ભલે આ ગામડાંઓ અછત અને દુકાળની પરિસ્થિતિમાં ગણ્યામાં ન હોય.

પ્રકરણ ૨

કુદરતી અને ભૌતિક સંપત્તિ

સાગબારા માટે જિલ્લા કક્ષાના એક અધિકારીએ જણાવ્યું છે કે "સાગબારા તાલુકો એ ભરૂચ જિલ્લાનું 'આફ્રિકા' (અંધારિયા ખંડના અર્થમાં) છે કે જ્યાં એક દિવસ પણ પસાર કરવો મુશ્કેલ છે." જોકે આ પ્રદેશ જંગલોથી ઘેરાયેલો પર્વતીય વિસ્તાર છે. પરંતુ આ તાલુકા માટેની જે નોંધ છે તે અતિશયોક્તિ ભરેલી છે. અલબત્ત આ વિસ્તાર જંગલમાં અને ડુંગરોમાં છે. ત્યાં સગવડો ઓછી છે, તેથી સ્વાભાવિક છે કે શહેરી વિસ્તારમાં રહેતી વ્યક્તિને તે આફ્રિકા જ લાગે. ચોમાસાની મોસમમાં આ તાલુકાનાં કેટલાંક ગામોમાં તો પહોંચી શકાતું નથી અને તે બહારના જગતથી વિખૂટાં પડેલાં હોય છે. આવી પરિસ્થિતિમાં ચોમાસાના દિવસોમાં આ અધિકારીને તળેટીના પ્રદેશમાં આવેલા સાગબારા ગામમાં પણ જવું કંટાળાજનક અને અગવડભર્યું લાગે એ માની શકાય તેમ છે. ભલે ગમે તેવી સ્થિતિ તાલુકાની હોય પરંતુ આ પ્રદેશના આદિવાસીઓએ આવા અગવડભર્યા વાતાવરણમાં ટકી રહેવાય એવી જીવનપદ્ધતિ અપનાવી છે. હવે પ્રશ્ન એ છે કે આ તાલુકામાં કેવા પ્રકારની કુદરતી અને ભૌતિક સંપત્તિ સંધરાયેલ છે, જેનો મહત્તમ ઉપયોગ કરી આદિવાસીઓના આ તાલુકાને અંધકારમાંથી પ્રકાશ તરફ કઈ રીતે લાવી શકાય. આ મુશ્કેલભર્યા પ્રશ્નનો ઉકેલ લાવવો હાલના તબક્કે જરૂરી બાબત છે. અગાઉના પ્રકરણમાં આ કુદરતી અને ભૌતિક સંપત્તિ વિશે વર્ણન કર્યું પણ હવે તેને આપણે વિસ્તારપૂર્વક જોઈએ.

જમીન

પ્રાપ્ત આંકડા પ્રમાણે ૧૯૭૦–૭૧ના વર્ષમાં સાગબારા તાલુકાનો કુલ વિસ્તાર ૪૦,૦૩૧ હેક્ટર હતો તેમાં ઘટાડો થતાં ૧૯૭૬–૭૭ના વર્ષમાં ૩૯,૯૮૦ હેક્ટર જેટલો થાય છે. આમ બનવા પાછળનું કારણ એ શક્ય છે કે આજે ૫૧ હેક્ટરનો જે ઘટાડો નોંધાયો છે તે ૫૧ હેક્ટરની જમીન કેટલીક સિંચાઈ યોજનાઓ અમલમાં આવવાને પરિણામે ડુબાણમાં ગઈ હોય.

અગાઉના પ્રકરણમાં ઉલ્લેખ કર્યો હતો તે મુજબ આ પ્રદેશની સારી એવી જમીનનો વિસ્તાર જંગલો અને ટેકરીઓથી ઘેરાયેલો છે અને પરિણામે

કોઠો – ૭

૧૯૭૦–૭૧ થી ૧૯૭૬–૭૭ના વર્ષ દરમિયાન સાગબારા તાલુકામાં જમીન ઉપયોગ પદ્ધતિ દર્શાવતો કોઠો*

નં.	પ્રકાર	૧૯૭૦–૭૧ એકર	ટકા	૧૯૭૧–૭૨ એકર	ટકા	૧૯૭૨–૭૩ એકર	ટકા	૧૯૭૩–૭૪ એકર	ટકા
૧.	ટેન્ડર જંગલો	૧૧૬૩૭	૨૯.૦૭	૧૧૬૩૭	૨૯.૦૭	૧૧૬૩૭	૨૯.૦૭	૧૧૬૩૭	૨૯.૦૭
૨.	ખરાબો અને ઉજ્જડ જમીન	૧૦૫૨	૨.૬૩	૧૧૫૪	૨.૮૮	૧૧૫૪	૨.૮૮	૧૧૫૪	૨.૮૮
૩.	બિનખેતીવિષયક ઉપયોગ	૩૮૩૨	૯.૫૮	૩૮૮૦	૯.૭૦	૪૭૦૨	૧૧.૭૫	૫૩૩૬	૧૩.૩૩
૪.	ખેતીલાયક પડતર	૨૬	૦.૦૬	૬૪	૦.૧૬	૭૮	૦.૧૯	૧૧૦	૦.૨૭
૫.	ગોચર	૧૭૩	૦.૪૦	૧૨૫	૦.૩૧	૧૫૧	૦.૩૮	૧૫૧	૦.૩૮
૬.	હાલની પડતર	૪૭	૦.૧૨	૧૯૮	૦.૪૯	૯૬૨	૨.૪૦	૧૨૯૧	૩.૨૩
૭.	અન્ય પડતર	૧૧૮૯	૨.૯૭	૧૬૨૬	૪.૦૬	૨૬૫૩	૬.૬૩	૩૬૭૫	૯.૧૮
૮.	ચોખ્ખી ખેડાણની જમીન	૨૨૦૭૪	૫૫.૧૪	૨૧૩૪૬	૫૩.૩૩	૧૮૬૯૩	૪૬.૭૦	૧૬૬૭૬	૪૧.૬૬
૯.	એક કરતાં વધુ પાકનો વિસ્તાર	૯૮	૦.૪૪	૧૬૯	૦.૭૯	૬૧	૦.૪૮	૪૯૫	૨.૮૬
૧૦	કુલ ખેતીલાયક	૨૨૧૭૨	૭૭	૨૧૫૧૫	૧૦.૦૧	૧૮૭૮૪	૧૦.૦૧	૧૭૧૭૧	૧૦.૦૧
		૪૦૦૩૦	૧૦૦.૦૦	૪૦૦૩૦	૧૦૦.૦૦	૪૦૦૩૦	૧૦૦.૦૦	૪૦૦૩૦	૧૦૦.૦૦
	કુલ (૧–૮)								

નં.	પ્રકાર	૧૯૭૪–૭૫ એકર	ટકા	૧૯૭૫–૭૬ એકર	ટકા	૧૯૭૬–૭૭ એકર	ટકા
૧.	ટેન્ડર જંગલો	૧૧૬૩૭	૨૯.૦૭	૧૧૬૩૭	૨૯.૧૧	૧૧૬૩૭	૨૯.૧૧
૨.	ખરાબો અને ઉજ્જડ જમીન	૧૧૫૪	૨.૮૮	૧૧૫૪	૨.૮૮	૧૧૫૪	૨.૮૮
૩.	બિનખેતીવિષયક ઉપયોગ	૫૩૮૯	૧૩.૪૬	૫૩૮૯	૧૩.૪૩	૫૩૮૯	૧૩.૪૮
૪.	ખેતીલાયક પડતર	૧૨૪	૦.૩૧	૧૨૪	૦.૩૧	૧૨૪	૦.૩૧
૫.	ગોચર	૧૫૧	૦.૩૮	૧૫૧	૦.૩૮	૧૫૧	૦.૩૮
૬.	હાલની પડતર	૧૨૨૮	૩.૦૭	૧૨૬૨	૩.૧૫	૧૦૭૮	૨.૬૯
૭.	અન્ય પડતર	૩૬૮૨	૯.૨૦	૩૬૮૨	૯.૨૧	૩૬૮૨	૯.૨૧
૮.	ચોખ્ખી ખેડાણની જમીન	૧૬૬૬૫	૪૧.૬૩	૧૬૫૮૧	૪૧.૪૭	૧૬૭૬૫	૪૧.૯૩
૯.	એક કરતાં વધુ પાકનો વિસ્તાર	૨૫૧	૧.૪૮	૧૪૨	૦.૮૫	૨૧૩	૧.૨૫
૧૦.	કુલ ખેતીલાયક	૧૬૯૧૬	૧૦.૦૧	૧૬૭૨૩	૧૦.૦૧	૧૬૯૭૮	૧૦.૦૧
		૪૦૦૩૦	૧૦૦.૦૦	૪૦૦૩૦	૧૦૦.૦૦	૪૦૦૩૦	૧૦૦.૦૦
	કુલ (૧–૮)						

* પ્રાપ્તિસ્થાન : I. T. D. P. Report.

ખેડવાલાયક જમીન પૂરતા પ્રમાણમાં નથી. વળી, ટેકરીઓના વિસ્તારની જમીન ખડકાળ હોવાના પરિણામે વધુ ને વધુ જમીન ખેતી માટે રોકવી પ્રતિકૂળ બને છે. તાલુકા અને જિલ્લા કક્ષાએ જે આંકડા ઉપલબ્ધ થયા છે તેનો ઝીણો જોતાં આપણને ખ્યાલ આવશે કે તાલુકાની જમીનનો કઈ રીતે અને કેટલા પ્રમાણમાં ઉપયોગ થયો છે.

૧૯૭૬–૭૭ના વર્ષમાં કુલ ભૌગોલિક વિસ્તારની જમીનમાંથી માત્ર ૪૧.૯૩ ટકા જમીન ચોખ્ખી વાવણી હેઠળના વિસ્તાર તરીકે જાહેર કરાઈ હતી. સાત વર્ષ પહેલાં એટલે કે ૧૯૭૦–૭૧ના વર્ષમાં કુલ જમીનના ૫૫.૧૪ ટકા જમીન વાવણી હેઠળના વિસ્તાર તરીકે જાહેર કરાઈ હતી. આમ સાત વર્ષના ગાળામાં ૫૩૦૯ હેક્ટર જમીન ખેતીયોગ્ય જમીનમાંથી ઘટી ગઈ છે. સાતે વર્ષના આંકડા ધ્યાનપૂર્વક જોઈશું તો જણાશે કે દરેક વર્ષે વાવેતર હેઠળનો વિસ્તાર ઘટતો જ જાય છે. ૧૯૭૩–૭૪ વર્ષ પછી વાવેતર હેઠળનો વિસ્તાર ઘટતો અટકયો છે. ૧૯૭૦–૭૧ના વર્ષમાં ખેતીલાયક જમીન ૫૫.૧૪ ટકા હતી. બીજે વર્ષે એટલે કે ૧૯૭૧–૭૨ના વર્ષમાં તેમાં ઘટાડો થતાં ૫૩.૩૩ ટકા ખેતીલાયક જમીન રહી. આમ ૧.૮૧ ટકાનો ઘટાડો નોંધાયો. ૧૯૭૨–૭૩ના વર્ષમાં ૬.૬૩ ટકાનો ઘટાડો નોંધાયો. ત્યાર પછીના વર્ષમાં એટલે કે ૧૯૭૩–૭૪માં ખેતીલાયક વિસ્તાર ૪૧.૬૬ ટકા નોંધાયો. ત્યાર પછીના ફેરફારો નાના નાના છે. આમ સાત વર્ષના ગાળામાં ખેતી હેઠળના વિસ્તારમાં ૧૩.૧૨ ટકાનો ઘટાડો થયો છે.

આ સિવાય તાલુકામાં જમીન-ઉપયોગની બાબતમાં ધ્યાન ખેંચાય તેવી બાબત એ છે કે ૧૯૭૩–૭૪ના વર્ષ સુધી ખેતીલાયક પડતર જમીનમાં અને બિનખેતીવિષયક જમીનમાં એકધારો વધારો નોંધાયો છે. બીજી અગત્યની બાબત એ છે કે ગોચરની જમીન થોડાઘણા ફેરફારો સિવાય એકસરખી રહી છે. પરંતુ આ તાલુકામાં બતાવવામાં આવેલી ગોચરની જમીન ઘણી જ ઓછી છે. તાલુકામાં ડેરી ઉદ્યોગના વિકાસની દૃષ્ટિએ વિચારીએ તો આ બાબત ઘણી અસંતોષકારક છે. જોકે જંગલ વિભાગમાં સારી એવી જમીન છે કે જ્યાં ઘાસ વધુ ઊગે છે. અને તેથી ત્યાંના લોકોને પોતાના પશુઓને ખોરાક પૂરો પાડવાનો પ્રશ્ન વિકટ બનતો નથી. હકીકતમાં તો આ વિસ્તારના લોકો સામાન્ય રીતે પોતાનાં ઢોરોને જંગલમાં ચરાવવા માટે લઈ જાય છે. પરંતુ

ઉનાળાની ઋતુમાં ઘાસ મેળવવાનું મુશ્કેલ હોવાથી લોકોને આ સમયે ઘાસચારો મેળવવાનો પ્રશ્ન કઠિન લાગે છે.

જમીન-ઉપયોગ પદ્ધતિની દૃષ્ટિએ તપાસીએ તો તાલુકાની ખેડવાલાયક બધી જ જમીનમાં વર્ષ દરમિયાન માત્ર એક જ પાક લેવામાં આવે છે. આથી પણ એ સ્પષ્ટ થાય છે કે તાલુકામાં સિંચાઈની અપૂરતી સગવડને કારણે ખેડૂતો તેમના ખેતરમાંથી એક કરતાં વધુ પાક લઈ શકતા નથી. જોકે ૧૯૭૦–૭૧ની પરિસ્થિતિ કરતાં આજે કંઈક અંશે એમાં સુધારો થયેલો માલૂમ પડે છે. પરંતુ તેમ છતાં સિંચાઈની સગવડો આજે પણ નહીંવત્ છે. આ રીતે વિકાસના દૃષ્ટિકોણથી આપણે વિચાર કરીએ તો સિંચાઈની સગવડો વધારવાની બાબતમાં વધુ પ્રયાસો કરવાની આવશ્યકતા છે; તો જ ખેડૂતો તેમના ખેતરમાં એક કરતાં વધુ પાકો લઈ શકશે. હાલમાં તાલુકાના ઉત્તર–પૂર્વ વિસ્તારમાં કે જ્યાં ખેતરોમાં એક કરતાં વધુ પાકો લેવાય છે તે ખેતરો મોટે ભાગે બિનઆદિવાસી ખેડૂતોનાં છે. આમ આદિવાસીઓ તો આ બાબતમાં ઘણા પાછળ છે. તેમને તો વરસાદના આધારે થતા ખરીફ પાકથી જ સંતોષ માનવો પડે છે.

કોઠામાં જોતાં માલૂમ પડે છે કે ૧૯૭૪–૭૫ના વર્ષ સુધી ચાલુ પડતર તથા અન્ય પડતર જમીનમાં સતત વધારો થતો રહ્યો છે. પરંતુ ત્યાર પછી તે પરિસ્થિતિ સ્થિર રહી છે. પરંતુ ચોખ્ખા વાવણી હેઠળના વિસ્તારમાં ઘટાડો નોંધાવાની સાથેસાથે બિનખેતીની જમીનમાં વધારો થતો રહ્યો છે.

ગોચર હેઠળની તેમ જ ઉજ્જડ અને ન ખેડી શકાય તેવી થોડી વિવિધતા જોવા મળે છે. છેલ્લા સાત વર્ષના ગાળામાં જંગલ હેઠળની જમીન તથા ઉજ્જડ અને ખેતી માટે બિન-ઉપયોગી જમીનમાં કોઈ વિવિધતા જોવા મળતી નથી. જોકે જંગલ હેઠળની જમીન બાબતમાં એવું ધ્યાનમાં આવ્યું છે કે કેટલાક ખેડૂતો ત્યાં ખેતી કરતા હોય છે. પરંતુ આ બાબતમાં કોઈ સત્તાવાર માહિતી નથી.

કોઠામાં જોતાં અને ઉપરની ચર્ચા જોતાં એ સ્પષ્ટ થાય છે કે છેલ્લાં સાત વર્ષના ગાળામાં એક તરફ ખેતીલાયક જમીન ઘટતી જાય છે, જ્યારે બિનખેતીલાયક જમીનમાં વધારો થતો રહ્યો છે. આમાંનું એક કારણ એ છે કે ગામો ઉકાઈ બંધના ડુબાણમાં ગયાં. પરિણામ એ આવ્યું કે ખેતીલાયક ઘણી જમીન ઉકાઈ બંધના ડુબાણમાં ગઈ.

કોઠો – ૮

નમૂનાની મોજણીમાં આવરી લેવાયેલાં ગામોમાં જમીન ઉપયોગ પદ્ધતિ દર્શાવતો કોઠો

(પ્રાપ્તિસ્થાન : જે તે ગામના તલાટીની કચેરી)

ક્રમાંક	પ્રકાર	ગામનું નામ				
		કુવરીખાડી	કોડ્યા	ચીકાલી	મેડેલી	ધવલીવેર
૧.	ચોખ્ખી ખેડાણુવાળી જમીન	૪.૮૩–૬૧	૯૩.૩૦–૦૯	૧૮૫.૭૨–૧૬	૨૬૪.૧૫–૮૬	૨૬૭.૨૮–૩૭
૨.	એક કરતાં વધુ પાકવાળી જમીન	—	—	—	—	૧૫.૧૪–૭૬
૩.	હાલની પડતર	—	—	—	—	—
૪.	અન્ય પડતર	—	૧૬.૧૬–૭૨	—	—	૦.૨૫–૨૯
૫.	ખેતીલાયક પડતર	૨૨૫.૩૧–૦૦	—	૩.૯૬–૫૮	૨૬૫.૩૬–૨૮	—
૬.	બિન ખેતીવિષયક ઉપયોગ	—	૨.૭૨–૧૫	૬.૪૨–૪૫	૧૩.૯૦–૧૧	૨૧.૫૦–૯૨
૭.	ખરાબો અને ઉજ્જડ	૦.૬૨–૦૨	૧.૯૧–૨૧	૧૦.૩૫–૯૯	૧૧.૨૫	૩.૬૨–૨૦
૮.	ગોચર	—	—	—	—	—
	કુલ :—	૨૩૦.૧૬–૬૩	૧૧૪.૧૦–૧૬	૨૦૬.૪૭–૧૮	૫૫૪.૬૭–૨૮	૨૯૨.૬૬–૭૮

		સોરાભાગ	બર્કતુરા	મોટીદેવરૂપેણુ	જાવલી	દેવશાકી
૧.	ચોખ્ખી ખેડાણુવાળી જમીન	૩૩૦.૦૮–૪૦	૨૨૦.૭૧–૬૩	૭૫.૧૧–૨૬	૩૮૧.૭૨–૨૭	૨૬૩.૨૮–૦૬
૨.	એક કરતાં વધુ પાકવાળી જમીન	—	૦.૮૦–૬૪	—	૩.૩૫–૪૬	—
૩.	હાલની પડતર	—	—	—	—	—
૪.	અન્ય પડતર	૧૩૧.૪૫–૨૮	૫.૦૦–૮૦	૩.૦૬–૪૬	૦.૭૨–૮૪	—
૫.	ખેતીલાયક પડતર	—	—	—	—	૨૮૨.૮૦–૪૭
૬.	બિનખેતીવિષયક ઉપયોગ	૧૪.૫૨–૮૩	૧૧.૨૩–૦૩	૬૦૦.૭૦–૨૪	૩૫.૬૮–૩૩	૧૬.૮૧–૬૩
૭.	ખરાબો અને ઉજ્જડ	૩૧.૧૩–૦૬	૪૦.૨૫–૬૩	૧૧.૪૫–૩૨	૧.૩૩–૫૫	૦.૬૦–૦૪
૮.	ગોચર	—	—	૨.૫૭–૬૬	૫.૪૫–૩૨	—
	કુલ :–	૫૦૩.૧૦–૫૭	૨૭૭.૨૧–૦૬	૬૬૩.૫૪–૪૦	૪૨૪.૮૨–૨૪	૫૬૬.૮૦–૫૩

પાદટીપ : ૧. ૧ હેક્ટર = ૨.૪૭૧૦૫ એકર.

૨. ૧ ચો.કિ.મી. = ૦.૩૮૬૧ ચો.માઈલ.

૩. ૧ ચો.માઈલ = ૨૫૯૦ હેક્ટર.

૪. ૧ હેક્ટર = ૨.૫૯૦૦૦૫ એકર.

૫. ૧ એકર = ૦.૪૦૪૬૮૬ હેક્ટર.

૬. ૧ ચો.માઈલ = ૬૪૦ એકર.

૭. ૧ એકર = ૪૦૪૬.૮૬ ચો.મીટર.

૮. ૧ ચો.મીટર = ૧૦.૭૬૪૦૪૨ ચો.ફીટ.

૯. ૧ ચો.ફીટ = ૦.૦૯૨૯૦૩ ચો.મીટર.

૧૦. ૧ ચો.ફીટ = ૧૪૪ ચો.ઈંચ.

૧૧. ૧ ચો.ઈંચ = ૬.૪૫૧૬ ચો.સેન્ટીમીટર.

૧૨. ૧ ચો.સેન્ટીમીટર = ૦.૧૫૫૦૦૩ ચો.ઈંચ.

હેઠળ હોય અથવા ખેતીમાં રોકાઈ હોય પરંતુ (૧) ઘનિષ્ઠ જંગલનો કાર્યક્રમ અથવા (૨) વધુ જમીનને ખેતીલાયક બનાવવી. આ બંને કાર્યક્રમોની ઝીણવટપૂર્વક તપાસ કરવી અને જોવું જોઈએ કે કયા કાર્યક્રમ દ્વારા આદિવાસીઓને આર્થિક લાભ થશે. જો આ નિર્ણય આપણી ઉપર છોડવામાં આવે તો આપણે જંગલ-કાર્યક્રમને પ્રથમ પસંદગી આપીએ, કારણ કે તેમાં લોકોનું યોગદાન હશે. પરિણામે તેઓ અર્થપૂર્ણ પ્રવૃત્તિમાં ભાગ લઈ શકશે અને તેથી વિસ્તારનો પણ વિકાસ થશે અને તેમનો પણ વિકાસ થશે.

હવે આપણે હાલની પરિસ્થિતિમાં તાલુકામાં તેમ જ મોજણી હેઠળનાં ગામોમાં જમીનનો ઉપયોગ કેવો થાય છે તે જોઈએ. કારણ કે ઘટક કક્ષાના પૂર્ણ રોજગારીના સંદર્ભમાં આ જાણવું ઘણું અગત્યનું છે. આઝાદી મળ્યા બાદ રાજપીપળાને (સાગબારા સહિત) ભારતીય સંઘમાં ભેળવી દીધો અને સાગબારા તાલુકાને ભરૂચ જિલ્લામાં જોડી દીધા બાદ જમીન-ઉપયોગની બાબતમાં કંઈ ફેરફાર થયો છે કે કેમ ? આ ફેરફાર જાણવા માટે આપણે ૧૯૫૫–૫૬ના જમીનઉપયોગના આંકડાની સાથે ૧૯૭૬–૭૭ વર્ષના આંકડાની સરખામણી કરીશું તો ખ્યાલ આવશે.

કોઠો – ૯

સાગબારા તાલુકામાં ૧૯૫૫-૫૬ તથા ૧૯૭૬-૭૭ના વર્ષમાં જમીનનો ઉપયોગ દર્શાવતો કોઠો :

ક્રમ	જમીનનો ઉપયોગ	૧૯૫૫–૫૬	૧૯૭૬–૭૭
૧.	ચોખ્ખો વાવણીનો વિસ્તાર	૩૯.૬૯	૪૨.૪૬
૨.	જંગલો	૪૦.૪૦	૨૯.૧૧
૩.	ઉજ્જડ અને ખેતી માટે બિનઉપયોગી	૧૩.૩૬	૧૬.૩૭
૪.	ખેતીલાયક પડતર	૬.૦૫	૦.૩૧
૫.	હાલની પડતર	૦.૨૩	૨.૧૬
૬.	અન્ય પડતર	૦.૨૭	૯.૨૧
૭.	ગોચર	—	૦.૩૮
	કુલ :	૧૦૦.૦૦	૧૦૦.૦૦

૧૯૫૫–૫૬ કરતાં ૧૯૭૬–૭૭ના વર્ષમાં ચોખ્ખા વાવણી હેઠળના વિસ્તારમાં ફક્ત ૨.૭૭ ટકાનો વધારો નોંધાયો છે. ૧૯૫૫–૫૬ના વર્ષમાં ૦.૦૧ ટકા જમીન એક કરતાં વધુ પાક હેઠળ હતી જ્યારે ૧૯૭૬–૭૭ના વર્ષમાં આ ટકાવારી ૦.૫૩ જ થાય છે. આમ બધા પ્રયત્નો છતાં પણ ખેતસુધારણામાં જૂજ સફળતા પ્રાપ્ત થઈ શકી છે.

બંને વર્ષના આંકડા તપાસતાં બીજી ધ્યાન ખેંચે તેવી બાબત એ છે કે ૨૦ વર્ષના ગાળામાં જંગલવિસ્તારમાં ઘટાડો જોવા મળ્યો છે. ૧૯૫૫–૫૬ના વર્ષમાં તાલુકાની કુલ જમીનના ૪૦.૪૦ ટકા જમીન જંગલવિસ્તારમાં હતી પરંતુ ૧૯૭૬–૭૭માં તેમાં ઘટાડો થતાં તે જમીન ૨૯.૧૧ ટકા થઈ ગઈ. આમ જંગલવિસ્તારમાં ૧૧.૨૯ ટકાનો ઘટાડો નોંધાયો. તેથી ઊલટું ૧૯૫૫–૫૬ કરતાં ૧૯૭૬–૭૭ના વર્ષમાં પડતર જમીનમાં વધારો નોંધાવા પામ્યો છે. ૧૯૫૫–૫૬માં અન્ય પડતર જમીન ૦.૨૭ ટકા હતી જે ૧૯૭૬–૭૭માં ૯.૨૧ ટકા થઈ. આ માટેનું કારણ જંગલોનો નાશ થયો તે હોઈ શકે. તેવી રીતે ખેતીલાયક પડતર જમીનમાં ૨૦ વર્ષમાં ૫.૭૪ ટકા ઘટાડો નોંધાયો છે. ૧૯૫૫–૫૬માં જમીનની ટકાવારી ૬.૦૫ હતી તે ૧૯૭૬–૭૭માં ૦.૩૧ થાય છે.

૧૯૫૫–૫૬માં જે ચાલુ પડતર તરીકે ઓળખાય છે તેવી ખેતીલાયક બધી જ જમીનમાં ખેતી કરવામાં આવતી હતી અને જૂજ જમીન પડી રહેતી હતી, પરંતુ ૧૯૭૬–૭૭માં તેમાં વધારો થયો. આ જમીનની ટકાવારી ૧૯૫૫–૫૬ના વર્ષમાં ૦.૨૭ હતી તે ૧૯૭૬–૭૭માં વધીને ૯.૨૧ થઈ. આ બતાવે છે કે ખેડૂતોને ખેતીલાયક બધી જમીનમાં ખેતી કરવા માટે કેટલાક પ્રશ્નો નડે છે.

કોઠા નં. ૭માં એક કરતાં વધુ પાકની સ્થિતિ દર્શાવવામાં આવી છે. આંકડાઓનું પૃથક્કરણ કરતાં જણાઈ આવે છે કે એક કરતાં વધુ પાક હેઠળની જમીન ૧૯૭૩–૭૪માં સૌથી વધુ હતી અને તે જમીનના ૨.૮૬ ટકા હતી જ્યારે સૌથી ઓછી ૧૯૭૦–૭૧ વર્ષમાં હતી અને તે ૦.૪૪ ટકા હતી. ૧૯૭૦–૭૧ના વર્ષ પછી તેમાં વધારો થતો રહ્યો છે. ત્યાર પછી બીજા વર્ષે તેમાં વધારો થયો અને તે ૦.૭૯ ટકા થઈ પરંતુ ૧૯૭૨–૭૩ના

પ્રાપ્તિસ્થાન : જિલ્લા ગેઝેટિયર, ભરૂચ જિલ્લો ૧૯૬૧

વર્ષમાં તેમાં ફરીથી ઘટાડો થયો અને તે ૦.૪૮ ટકા થઈ. ૧૯૭૩–૭૪ વર્ષમાં છેલ્લાં આઠ વર્ષમાં સૌથી વધારો નોંધાયો પરંતુ ત્યાર પછીનાં વર્ષોમાં ઘટાડો થતાં ૧૯૭૪–૭૫માં ૧.૪૮ ટકા થઈ ત્યાર પછી વધુ ઘટાડો થતાં ૧૯૭૫–૭૬માં ૦.૮૫ ટકા થઈ. ૧૯૭૬–૭૭માં ફરીથી વધારો થતાં એક કરતાં વધુ પાક હેઠળની જમીન ૧.૨૪ ટકા થઈ. ઉપરના પૃથક્કરણનું ચિત્ર સ્પષ્ટ રીતે જોતાં એ જણાય છે કે એકધારો વિકાસ થાય એ જાતના પ્રયત્નો કરવામાં આવ્યા છે. ૧૯૫૫–૫૬માં કુલ વિસ્તારના ફક્ત ૦.૦૧ ટકા જ એક કરતાં વધુ પાકો લેવામાં આવતા હતા. વાવેતર હેઠળના વિસ્તારની દૃષ્ટિએ જોઈએ તો ૦.૦૨ ટકા વિસ્તાર એક કરતાં વધુ પાક હેઠળ આવરી લેવાયો હતો, જ્યારે આજે ૨૦ વર્ષ બાદ ૧૯૭૬–૭૭માં ૧.૨૪ ટકા જેટલા વિસ્તારને આવરી લેવામાં આવ્યો છે. ઉપલક રીતે જોતાં આ ઘણી અસરકારક સફળતા લાગે છે. પરંતુ ચોખ્ખા વાવેતર હેઠળના વિસ્તારમાંથી એક કરતાં વધુ પાક હેઠળની જમીનની ટકાવારી જોતાં આ સફળતા ઘણી નાની લાગે છે. આ ખરાબ પરિસ્થિતિનું મુખ્ય એક કારણ સિંચાઈની અપૂરતી સગવડો લાગે છે. હવે આપણે આ બાબતની હાલની પરિસ્થિતિ કોઠા નં. ૧૦ને આધારે તપાસીએ. ૧૯૭૬–૭૭ના વર્ષમાં ચોખ્ખો વાવણી હેઠળનો વિસ્તાર ૩.૫૫ ટકા હતો અને વાવેતર હેઠળનો ૩.૫૧ ટકાનો વિસ્તાર સિંચાઈ હેઠળ હતો. આ કોઠાના આંકડા ધ્યાનપૂર્વક જોતાં એ સ્પષ્ટ થાય છે કે સામાન્ય રીતે વર્ષોવર્ષ સિંચાઈ હેઠળની જમીનમાં વધારો થતો રહેતો હોય છે. પરંતુ અહીંયાં કંઈક વિરુદ્ધ પરિસ્થિતિ જોવા મળે છે. ૧૯૭૦–૭૧થી ૧૯૭૨–૭૩ દરમ્યાન સિંચાઈમાં પ્રગતિ જોવા મળે છે. ૧૯૭૦–૭૧માં ચોખ્ખા વાવણી હેઠળના વિસ્તારની ૫.૬૨ ટકા જમીન સિંચાઈ હેઠળ હતી જે બીજા વર્ષે એટલે કે ૧૯૭૧–૭૨માં ચોખ્ખા વાવણી હેઠળના વિસ્તારની ૭.૦૫ ટકા જમીન સિંચાઈ હેઠળ આવરી લેવામાં આવી. બીજે વર્ષે એટલે કે ૧૯૭૨–૭૩માં એમાં વધારો થયો અને કુલ વાવણી હેઠળના વિસ્તારની ૯.૫૯ ટકા જમીન સિંચાઈ હેઠળ આવી ગઈ પરંતુ તે પછીના એટલે કે ૧૯૭૩–૭૪ના વર્ષથી તેમાં ઘટાડો નોંધાવા પામ્યો છે.

કોઠો–૧૦

૧૯૭૦ થી ૧૯૭૭ દરમ્યાન ખેડાણ અને સિંચાઈ હેઠળનો વિસ્તાર

ક્રમ	વર્ષ	ચોખ્ખા ખેડાણ હેઠળનો વિસ્તાર	સિંચાઈ હેઠળનો વિ.	કુલ ઉત્પાદન વિ.	ચોખ્ખા વાવણી હેઠળના વિસ્તારમાં સિંચાઈ હેઠળના વિ.ની ટકાવારી	કુલ ઉત્પાદનના વિ. હેઠળ સિંચાઈ હેઠળ વિસ્તારની ટકાવારી
૧.	૧૯૭૦–૭૧	૨૨૦૭૪	૧૨૪૧	૨૨૧૭૨	૫.૬૨	૫.૬૦
૨.	૧૯૭૧–૭૨	૨૧૩૪૬	૧૫૦૪	૨૧૫૧૫	૭.૦૫	૬.૯૯
૩.	૧૯૭૨–૭૩	૧૮૬૯૩	૧૭૯૩	૧૮૭૮૪	૯.૫૦	૯.૫૪
૪.	૧૯૭૩–૭૪	૧૬૬૭૬	૭૫૩	૧૭૧૭૧	૪.૫૧	૪.૩૮
૫.	૧૯૭૪–૭૫	૧૬૬૬૫	૫૪૪	૧૬૯૧૬	૩.૨૬	૩.૨૧
૬.	૧૯૭૫–૭૬	૧૬૫૮૧	૬૮૮	૧૬૭૨૩	૪.૧૫	૪.૧૧
૭.	૧૯૭૬–૭૭	૧૬૭૬૫	૫૯૬	૧૬૯૭૮	૩.૫૫	૩.૫૧

૧૯૭૨–૭૩માં જે ટકાવારી ૯.૫૯ ટકા હતી તે ઘટીને ૧૯૭૩–૭૪માં ૪.૫૧ થઈ. ૧૯૭૪–૭૫માં તો તેમાં ફરીથી ઘટાડો થયો અને ચોખ્ખા વાવણી હેઠળના વિસ્તારની ફક્ત ૩.૨૬ ટકા જમીન જ સિંચાઈ હેઠળ રહેવા પામી. ૧૯૭૫–૭૬માં થોડોક સુધારો થયો અને ટકાવારી ૪.૧૫ થઈ પણ પછીના વર્ષ એટલે કે ૧૯૭૬–૭૭ના વર્ષમાં ફરીથી વિસ્તાર ઘટીને ૩.૫૫ ટકા થઈ ગયો. અલબત્ત ૧૯૫૫–૫૬ની સરખામણીમાં ૧૯૭૬–૭૭ના વર્ષમાં સિંચાઈ હેઠળના વિસ્તારમાં ૨૨ ગણો વધારો નોંધાયો છે. ૧૯૫૫–૫૬ના વર્ષમાં કુલ વાવણીના વિસ્તરમાંથી માત્ર ૦.૧૬ ટકા વિસ્તાર જ સિંચાઈ હેઠળ હતો. I.T.D.P. રાજપીપળાના હેવાલને આધારે સાગબારા તાલુકાના ૧૯૬૦–૬૧ના વર્ષમાં કુલ ખેડાણ હેઠળના વિસ્તારના ૦.૩૨ ટકા વિસ્તાર સિંચાઈ હેઠળ હતો.

મોજણીમાં આવરી લેવાયેલાં ૧૦ ગામોમાં ચોખ્ખા વાવણી હેઠળના વિસ્તારનો ૩.૫૫ ટકા વિસ્તાર સિંચાઈ હેઠળ હતો જે તાલુકા કક્ષાની સરખામણીમાં ઘણી સારી સ્થિતિ કહેવાય. પરંતુ આ ૧૦ ગામોમાં પણ માત્ર ત્રણ ગામો જેમાં મોટી દેવરૂપેણ, દેવશાકી અને કુંવરખાડીમાં સિંચાઈની સગવડો મળતી નથી, જ્યારે બે ગામો જેમાં નવી જાવલી અને બર્કતુરામાં સિંચાઈની સગવડો ઘણી સારી છે. નવી જાવલીમાં ચોખ્ખા વાવણી હેઠળના વિસ્તારની ૧૪.૪૮ ટકા જમીન સિંચાઈ હેઠળ છે. જ્યારે બર્કતુરા ગામમાં આ ટકાવારી ૨૮.૫૪ ટકા છે. બાકીનાં પાંચ ગામોમાં સિંચાઈ હેઠળનો વિસ્તાર નહીંવત્ જેવો છે.

સપાટી અને ભૂગર્ભ જળસંપત્તિ

૧૯૬૧માં ભરૂચ જિલ્લાના રાજપીપળા ઉપવિભાગની જિઑલૉજિકલ સર્વે ઑફ ઇન્ડિયા દ્વારા મોજણી કરવામાં આવી હતી. તેના અહેવાલ મુજબ સાગબારા તાલુકાના પર્વતીય વિસ્તારમાં ભૂગર્ભજળોનો જથ્થો ઘણો જ ઓછો છે. આવી મુશ્કેલી હોવા છતાં કૂવાઓ ખોદવાનો કાર્યક્રમ ઉત્સુકતાપૂર્વક હાથ ધરવામાં આવેલો છે. આ બાબત હાલમાં તાલુકામાં જે કૂવાઓ અસ્તિત્વ ધરાવે છે તેના આંકડા ઉપરથી સ્પષ્ટ થાય છે. પ્રાપ્ત આંકડા અનુસાર ૧૯૫૫–૫૬ના વર્ષ દરમ્યાન તાલુકામાં ૧૧૧ કૂવાઓ હતા જે વધીને ૧૯૭૮ના વર્ષના અંતમાં ૫૭૮ થયા હતા. આનો અર્થ એમ થાય કે વીસ વર્ષના ગાળામાં કૂવાની સંખ્યામાં પાંચ ગણો વધારો થયો.

જમીનના પ્રકારને ધ્યાનમાં રાખતાં માત્ર કૂવાઓ સિંચાઈ માટેનું યોગ્ય સાધન છે. જોકે વધુ ને વધુ જમીન સિંચાઈ હેઠળ લાવવા માટે બીજા માર્ગો શોધવાના પ્રયત્નો ચાલુ છે. કોઠા નં. ૧૧માં દર્શાવેલ આંકડા મુજબ ૧૯૭૮ના વર્ષમાં કુલ ૭૧૨ હેક્ટર જમીન સિંચાઈ હેઠળ હતી જે ચોખ્ખા વાવેતર હેઠળના વિસ્તારની ૪.૨૪ ટકા થાય. કુલ ૭૧૨ હેક્ટર જમીનમાંથી ૫૨૯ હેક્ટર જમીનમાં એટલે કે ૭૪.૩૦ ટકા જમીનમાં કૂવાઓ દ્વારા સિંચાઈ કરવામાં આવે છે. જ્યારે ૬૭ હેક્ટર એટલે કે ૯.૪૧ ટકા જમીનમાં કેનાલ દ્વારા અને ૧૧૬ હેક્ટર એટલે કે ૧૬.૨૯ ટકા જમીનમાં નાની સિંચાઈ યોજનાઓ દ્વારા સિંચાઈ કરવામાં આવે છે.

સિંચાઈનાં સાધનો દ્વારા સિંચાઈ હેઠળનો વિસ્તાર દર્શાવતો કોઠો

(પ્રાપ્ય : મોસમ અને પાક હેવાલ—૧૯૭૮)

ક્રમ	સિંચાઈનું સાધન	સંખ્યા	લંબાઈ કિ.મી.માં	સિંચાઈ હેઠળનો વિસ્તાર હેક્ટરમાં
૧.	કૂવા	૩૩૦	—	૫૨૯
૨.	તળાવ	—	—	—
૩.	કેનાલ	૧	૫	૬૭
૪.	ચેકડેમ	—	—	—
૫.	ઉદ્વહન સિંચાઈ યોજના	૩	—	૧૧૬
૬.	અન્ય સાધનો	—	—	—
	કુલ			૭૧૨

તાલુકામાં કૂવાની કુલ સંખ્યા ૫૭૮ છે પરંતુ માત્ર ૩૩૦ કૂવાને સિંચાઈના હેતુ માટે ઉપયોગમાં લઈ શકાય છે. બાકીના જે ૨૪૮ કૂવા છે તેમાં પાણીનું સ્તર ઘણું નીચું છે. તેથી એ પાણીને સિંચાઈના ઉપયોગમાં લેવા માટેની કોઈ શકયતા જણાતી નથી. આમાં પણ ૨૮ કૂવા તો તદ્દન બિનઉપયોગી છે. એટલે કે પીવાનું પાણી પણ મળી શકે તેમ નથી. ૩૩૦ કૂવા કે જેમાંથી સિંચાઈ કરવામાં આવે છે તેમાં પણ ૨૬૪ કૂવા પાકા છે જ્યારે ૬૬ કૂવા કાચા છે. કોઠા ૧૧ના આંકડા મુજબ તાલુકામાં એક-પણ ટાંકી અને પાતાળકૂવો નથી કે જેને સિંચાઈના ઉપયોગમાં લઈ શકાય. જોકે ઉકાઈ ડેમના જળાશયનો ઘણો મોટો ભાગ આ તાલુકાના દક્ષિણ-પશ્ચિમ વિસ્તારને અડીને આવેલો છે. પરંતુ હજુ સુધી આ જળાશયના પાણીનો ઉપયોગ તાલુકાની ખેતીલાયક જમીનમાં સિંચાઈ તરીકે કરવામાં નથી આવ્યો. તેમ છતાં જળાશયોની નજીકનાં ગામોમાં આવેલા કૂવાઓમાં પાણીનું સ્તર ઊંચું રહેતું હોવાથી આ ગામોમાં સિંચાઈની સગવડ સારી રહે છે. તાપી નદીના કિનારેથી ૫. કિ.મી લાંબી કેનાલ તાલુકામાં ખોદી કાઢવામાં આવી છે અને તે દ્વારા પ્રાપ્ત થતાં પાણી વડે કુલ ૬૭ હેક્ટર જમીનને પાણી પૂરું પાડવામાં આવે છે.

૧૯૭૨–૭૩માં લઘુ સિંચાઈ યોજના હેઠળ કુલ ચાર ઉદ્વહન સિંચાઈ યોજના શરૂ કરવામાં આવી હતી અને ત્યારે એમ ધારવામાં આવ્યું હતું કે જ્યારે યોજનાઓ પૂર્ણ થશે ત્યારે કુલ ૨૬૨ હેક્ટર જમીનમાં સિંચાઈ

દ્વારા પાણી પૂરું પાડી શકાશે. આ યોજનાઓ અનુક્રમે ધવલીવેર, દત્તવાડ, મહુપાડા અને ટાવલ ગામમાં શરૂ કરવામાં આવી હતી પરંતુ ધવલીવેર અને ટાવલમાં ઉદ્વહન સિંચાઈ યોજના થઈ શકી નથી તેથી ફક્ત ત્રણ ગામો અનુક્રમે નાનીદેવરૂપેણ, દત્તવાડ અને મહુપાડામાં સિંચાઈ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. પરંતુ એના દ્વારા જેટલી જમીનને સિંચાઈ હેઠળ આવરી લેવાની ધારણા હતી તેના કરતાં ઓછી જમીનને સિંચાઈનો લાભ આપી શકાયો છે. ફક્ત ૧૧૬ એકર જમીન જ સિંચાઈ હેઠળ આવરી લેવામાં આવી છે. ૧૯૭૫-૭૬ના વર્ષમાં વધુ બે ઉદ્વહન સિંચાઈ યોજના હાથ ધરવામાં આવી છે. જે સીમઆમલી અને ગોટપાડા છે. સીમઆમલી ઉદ્વહન સિંચાઈ યોજના દ્વારા ૮૮ હેક્ટર જમીનને સિંચાઈની સગવડ આપવાની શકયતા છે. જ્યારે ગોટપાડા ઉદ્વહન સિંચાઈ યોજના દ્વારા ૬૦ હેક્ટર જમીનને સિંચાઈની સગવડ આપવાની શકયતા છે. એવી ધારણા છે કે ઉદ્વહન સિંચાઈ યોજનાની જો આ બધી એટલે કે સાતેસાત યોજનાઓ યોગ્ય રીતે કાર્ય કરે તો સારી એવી જમીનને સિંચાઈ હેઠળ આવરી લેવાય તેમ જ કુલ ૧૩૩૫ હેક્ટર જમીન સિંચાઈ હેઠળ આવરી શકાય.

આ યોજનાઓ સિવાય કેટલીક ચેકડેમ યોજનાઓ પણ હાથ ધરવામાં આવી છે. આ યોજનાઓ અમલમાં મુકાતાં એક તરફ આ ગામોમાં પાણીનું સ્તર ઊંચું જશે અને બીજી તરફ આ ચેકડેમ હેઠળ આવતી જમીનમાં સિંચાઈના ઉપયોગ માટે પાણી મળી શકશે. આ સિવાય ઉનાળાની મોસમમાં લોકોને તથા ઢોરોને પીવાના પાણીનો પુરવઠો નિયમિત મળતો રહેશે. આવી સાત ચેકડેમ સિંચાઈ યોજનાઓ અનુક્રમે (૧) પાટ (૨) ચોપડવાવ (૩) ધનસેરા (૪) દત્તવાડ (૫) નાની દેવરૂપેણ (૬) મોવપાડા (૭) પારોડી ગામમાં હાથ ધરવામાં આવી છે.

I.T.D.P (સંયોજિત આદિવાસી વિકાસ કાર્યક્રમ)ની પાંચમી પંચવર્ષીય યોજનામાં વધુ સિંચાઈ યોજનાઓ સૂચવવામાં આવી છે. આ સિંચાઈ યોજનાઓ (૧) ઝૂમડયા (૨) ઉંભારિયા (૩) કોલવણ (૪) મોટા કાકડીઆંબા ગામોમાં થશે.

લઘુ સિંચાઈ યોજના હેઠળ વધુ સાત યોજનાઓ છે જેમાં ખાડીઓમાં વહેતા પાણીનો ઉપયોગ સિંચાઈ માટે કરવામાં આવશે. આ યોજનાઓ અનુક્રમે (૧) દત્તવાડ (૨) ગોનઆંબા (૩) સોડાપાડા (૪) ખોપી (૫) સીમઆંબલી (૬) ચિત્રાકેવડી અને (૭) પાંચપાપડી. એમાં

કેટલો ખર્ચ થશે તે અંદાજમાં છે. પાટ ગામમાં ચેકડેમ કોઝવેલ યોજના હાથ ધરવામાં આવી છે. અને એવી ધારણા રખાય છે કે વધુ ૯૦૦ એકર જમીનમાં સિંચાઈની સગવડ મળી શકશે.

ઉપર મુજબની બધી યોજનાઓ જે હાથ ધરવામાં આવી છે અથવા હાથ ધરવામાં આવવાની છે તે સંયોજિત આદિવાસી વિકાસ કાર્યક્રમ હેઠળ આવરી લેવામાં આવશે. ઉદ્વહન સિંચાઈ યોજના સિવાય પણ ચેકડેમ અને બંધિયારા યોજના દ્વારા કૂવામાં વધુ પાણી રાખી શકાશે અને આની સાથે ઑઇલએન્જિનો અને ઇલેક્ટ્રિક મોટરો પણ બેસાડવામાં આવશે. આ માટે પાંચમી પંચવર્ષીય યોજનામાં રૂ. ૧૧.૮૦ લાખની જોગવાઈ કરવામાં આવી હતી, તેને છઠ્ઠી યોજનામાં વધારવામાં આવશે. નાના ખેડૂતોની વિકાસ એજન્સી મારફતે પણ ૧૯૭૭-૭૮ના વર્ષમાં લઘુ સિંચાઈ યોજનાઓ હાથ ધરવામાં આવી છે. અને આ માટે રૂ. ૩૦૧૦ ખર્ચવામાં આવ્યા છે. અને આ આખી ચર્ચા પરથી એ ફલિત થાય છે કે આ તાલુકાના આદિવાસીઓના ખેત અર્થકારણમાં સિંચાઈનો ફાળો ઘણો નાનો છે. આ એક નક્કર પુરાવો છે. ૧૯૭૭-૭૮ના વર્ષમાં પણ ચોખ્ખા વાવેતર હેઠળના વિસ્તારની ફક્ત ૪.૨૪ ટકા જમીનને સિંચાઈનો લાભ મળે છે. ૧૯૬૦-૬૧ સુધી સિંચાઈ માત્ર કૂવાઓ દ્વારા થતી હતી અને માત્ર ૬૬ હેક્ટર જમીનને સિંચાઈની સગવડ પ્રાપ્ત થતી હતી. બીજી હકીકત એ છે કે ૧૯૭૨-૭૩ના વર્ષ સુધી એક ઇંચ જમીનમાં પણ એક કરતાં વધુ વાર પાણી આપી શકાતું નથી અને હજુ પણ એમાં ખાસ અગત્યની સફળતા પ્રાપ્ત થઈ શકી નથી.

આ સંબંધમાં "સંયોજિત આદિવાસી વિકાસ કાર્યક્રમ" નાના ખેડૂતો માટેની વિકાસ એજન્સી અને પંચાયત વગેરેએ પૂરતા પ્રમાણમાં પ્રયાસો કરવા જોઈએ જેથી વધુમાં વધુ જમીન માટે સિંચાઈની સગવડ ઊભી કરી પાણી પૂરું પાડી શકાય.

જંગલો

અગાઉ જણાવ્યું તે મુજબ આ તાલુકામાં કુલ ૧૧૬૩૭ હેક્ટર જમીનમાં જંગલો આવેલાં છે. અને આપણે એ પણ જોયું કે આ જંગલો પહેલાં ઘણાં વિશાળ વિસ્તારમાં વિસ્તરેલાં હતાં. દા. ત. ૧૯૫૫-૫૬માં તાલુકાના કુલ ભૌગોલિક વિસ્તારનો ૪૦.૪૦ ટકા વિસ્તાર જંગલ હેઠળ હતો જે ૧૯૭૬-૭૭ના વર્ષમાં ૨૯.૧૧ ટકા થયો. આ બાબત સ્પષ્ટ દર્શાવે છે કે તાલુકામાં જંગલ

સંપત્તિમાં નોંધપાત્ર ઘટાડો થવા પામ્યો છે. સાગબારાનાં જંગલો સાગ માટે જાણીતાં છે. એક દાયકા પહેલાં આ જંગલો ગાઢ હતાં તેથી વાતાવરણમાં અને પાણીના પ્રવાહમાં નિયમિતતા જળવાતી. જમીન ધોવણ અટકાવાતું. પૂરથી થતું નુકસાન પણ અટકતું. વળી, આ લાકડાં કીમતી ઇમારતી હતાં તેમ જ વાંસ, બળતણનાં લાકડાં, ઘાસચારો અને વિવિધ પ્રકારની જંગલોની ગૌણ પેદાશને કારણે આ જંગલો આદિવાસી અને તેમનાં પશુઓને મદદરૂપ થતાં હતાં અને આદિવાસીઓ માટે તો એ જીવાદોરી સમાન હતાં એ કહેવું યોગ્ય હતું.

પરિવહનની સગવડનો અભાવ તેમ જ રેલવે મથક પણ દૂર હોવાના પરિણામે ઘણા લાંબા સમય સુધી સાગબારાના જંગલનો ઉપયોગ મોટા પાયા ઉપર થઈ શક્યો નહોતો. વળી આ જંગલોનો ઉપયોગ ન થવા પાછળ બીજું એક મહત્ત્વનું કારણ એ પણ હતું કે સાગબારાના માજી ઠાકોરે રાજ્ય સરકાર સામે દાવો માંડ્યો છે. જોકે કાયદેસર રીતે તો જંગલોનો ઉપયોગ કરવામાં નથી આવતો પરંતુ જંગલવિસ્તારમાં ૧૧.૨૯ ટકા ઘટાડો સ્પષ્ટ સૂચવે છે કે આ જંગલોમાં મોટા પાયા પર ગેરકાયદેસર ઝાડ કાપવાની પ્રવૃત્તિ ચાલે છે.

સાગબારા તાલુકાનાં જંગલોની મુખ્ય પેદાશ સાગ છે. સીસમ, ખેર અને વાંસનું પણ સારું ઉત્પાદન થાય છે. આ સિવાય બીજી કીમતી મુખ્ય પેદાશોમાં (૧) સાદડો (૨) સીસમ (૩) ખાળી (૪) તણછ (૫) બીથાઈ (૬) હળદરવો (૭) કલમ (૮) શીમળો (૯) દીમસ (૧૦) ગેંગલ (૧૧) કડાઈ (૧૨) બેડા (૧૩) જાંબુ (૧૪) આંબા (૧૫) મહુડા (૧૬) વાંસ.

આ સિવાયનાં બીજાં વૃક્ષો પણ મળી આવે છે જેવાં કે, (૧) પામરુ (૨) અસીત્રા (૩) કુંબલી (૪) અરીઠા (૫) કુંડી (૬) વાંસ (૭) આમલી (૮) બોલા (૯) અડુસા (૧૦) ચારોલી (૧૧) ગુલાર (૧૨) હરડા (૧૩) ખાખર (૧૪) ખજૂરી (૧૫) કતી (૧૬) લીમડો (૧૭) પીપળો (૧૮) વડ વગેરે. આ વૃક્ષો ગામની નજીક જોવા મળે છે.

આ તાલુકાનાં જંગલોમાંથી નીચે પ્રમાણેની ગૌણ જંગલ પેદાશો મળી આવે છે :

(૧) આપ્ય (બીડીનાં પાન)
(૨) વાંસ

(૩) ચીલારી
(૪) ઘાસ
(૫) કડથા
(૬) મોહા
(૭) ટીમસ

ગુંદર, લાખ, મહુડીનાં ફૂલ, ડોળ, કરજણનાં બી વગેરે આદિવાસીઓ જંગલમાંથી વીણી લાવી સાગબારાની પ્રમાણિત દુકાનોમાં વેચે છે. અને એ દુકાનો પાસેથી જંગલ નિગમ ખરીદે છે. આમ આડકતરી રીતે જંગલ નિગમ દ્વારા રોજગારી પૂરી પાડવામાં આવે છે.

આ જંગલોમાંથી મળી આવતાં કેટલાંક વૃક્ષોનું લાકડું બળતણ માટે તથા કોલસા પાડવાના માટે ઘણું જ યોગ્ય પ્રકારનું હોય છે. આ સિવાય આ તાલુકાનાં જંગલોમાં કેટલીક દવાઓ પણ મળી આવે છે. ઔષધિની દૃષ્ટિએ ઘોળી મૂસળી ઉત્પન્ન થાય છે.

સાગબારા રાજ્યનું ભરૂચ જિલ્લામાં વિલીનીકરણ થયા પહેલાં આ જંગલોમાં મોટી સંખ્યામાં વાઘ હતા. હાલમાં વાઘની સંખ્યા ઘણી ઓછી થઈ ગઈ છે તથા કોઈક જ સમયે નજરે પડે છે.

આ તાલુકાના જંગલમાં દીપડા પણ સામાન્ય છે. આ દીપડાના બે પ્રકાર હોય છે. તેમાં જંગલનો દીપડો અને ગામનો દીપડો, ચિત્તા (જંગલી બિલાડીના પ્રકારનું પ્રાણી) તથા જંગલી બિલાડી પણ જોવા મળે છે. આ મરઘાઉછેર માટે ભયજનક હોય છે.

સાગબારા તાલુકાનાં જંગલોમાં નીચે પ્રમાણેનાં જંગલી પ્રાણીઓ અને પક્ષીઓ જોવા મળતાં હતાં.

(૧) સ્મોલ ઇન્ડિયન કીવેર
(૨) ઇન્ડિયન પામ કીવેર
(૩) ઝરખ અથવા ચિત્તા અથવા વામો
(૪) ભારતીય રીંછ
(૫) ભારતીય જંગલી કૂતરો
(૬) ભારતીય શિયાળ

(૭) શિયાળ
(૮) ઇન્ડિયન રીટેલ
(૯) ગ્લોથ રીંછ
(૧૦) ફ્લાઇંગ સ્કવીરેલ અથવા પખારત
(૧૧) પામ સ્કવીરેલ : (આદિવાસી પકડીને ખાય છે.)
(૧૨) સસલું
(૧૩) ઉંદર
(૧૪) ઇન્ડિયન પોકયુપાઇન
(૧૫) બ્લેક બક
(૧૬) બાર્કિંગ ડિઅર
(૧૭) સાબર
(૧૮) શરીર ઉપર ટપકાંવાળું હરણ
(૧૯) પેઇન્ટેડ પટ્રેજ્ડ

ઉપર જણાવેલાં જંગલી પ્રાણીઓ ઉપરથી કલ્પી શકાય કે આ જંગલો કેટલાં કીમતી છે. જંગલોનો નાશ થતાં આ જંગલી પ્રાણીઓ બીજે સ્થળાંતર કરી ગયાં અને હાલમાં આ પ્રાણીઓ જંગલમાં ભાગ્યે જ જોવા મળે છે.

આ તાલુકાનાં જંગલો મુખ્યત્વે ઉત્તર-પશ્ચિમ ભાગમાં આવેલાં છે તેમ જ દક્ષિણમાં પણ કેટલાક ભાગમાં જોવા મળે છે. ઉકાઈ ડેમના જળાશયના વિસ્તારમાં મોટા પાયા પર વૃક્ષારોપણનો કાર્યક્રમ હાથ ધરવો જોઈએ. હકીકતમાં જંગલખાતા તરફથી આવો કાર્યક્રમ ચાલુ તો છે જ પરંતુ મોટા પાયા પર ચલાવવો જોઈએ.

આ તાલુકાનાં જંગલોમાં વિવિધ પ્રકારની વનસ્પતિ હોવાથી એપી કલ્ચરનો વિકાસ સારા પ્રમાણમાં થઈ શકે તેમ છે. અત્યાર સુધી આ બાબતમાં ખાસ ધ્યાન આપવામાં આવ્યું નથી. મધમાખી-ઉછેર અને એપી કલ્ચરનો કાર્યક્રમ તાલુકાના ઉત્તર-દક્ષિણ અને પશ્ચિમનાં ગામોમાં અમલમાં મૂકવાની પૂરતી શકયતાઓ રહેલી છે.

આ વિસ્તારમાં જંગલનો વિસ્તાર અવિરતપણે ઘટતો જતો હોવાથી સામાજિક જંગલ કાર્યક્રમ પણ વૃક્ષારોપણના કાર્યક્રમની જેમ જંગલ ખાતા દ્વારા

અમલમાં મૂકી શકાય. સંયોજિત આદિવાસી વિકાસ કાર્યક્રમ હેઠળ સામાજિક જંગલનો કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો છે. પરંતુ તે મોટા પાયા પર હાથ ધરાવો જોઈએ. ૧૯૭૫થી આ જંગલોને ભારતીય જંગલના કાયદા ૧૯૨૭ હેઠળ જાહેર કરવામાં આવ્યાં છે. અને હાલમાં જંગલ સેટલમેન્ટ હેવાલ તૈયાર થયો છે, તેથી મોટા પાયે વૃક્ષારોપણનો કાર્યક્રમ હાથ ધરાશે એવી ધારણા રાખવામાં આવે છે. ઉકાઈ ડેમ જળાશયના ૨૦૦ હેક્ટર અને ૧૨૫ હેક્ટર વિસ્તારમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ અમલમાં મુકાયો છે. તાજેતરમાં ૧૯૭૯-૮૦ના વર્ષમાં ૨૦૦ હેક્ટર જમીનમાં "ટ્રેન્ચિસ" ખોદવાનો કાર્યક્રમ પણ હાથ ધરવામાં આવ્યો છે. ૧૯૭૯ના વર્ષથી અમલમાં આવે એ રીતે સોનગઢની કાગળની મિલને વાંસનો જથ્થો આપવાનું પણ શરૂ કરવામાં આવ્યું છે.

સાગબારા તાલુકાના કોટવાળિયાનાં ૧૪૦ કુટુંબો છે, તેઓ વાંસ જંગલમાંથી ચોરી લાવી વાંસની વસ્તુઓ વેચે છે. પરંતુ જંગલખાતા તરફથી તેમને વાંસ આપવામાં આવતા નથી. અલબત્ત, ઘરરિપેર માટે દર બે વર્ષે આદિવાસીઓને ૫૦ વાંસ આપવાની અને ૨૫ વર્ષે ૨૦૦ વાંસ અને ૬૦ ટકા સબસીડીના દરે લાકડાં આપવાની કામગીરી હાથ પર લેવામાં આવી છે.

જમીનની રીત જોઈએ તો ૧૯૭૩ પહેલાં જે આદિવાસી જમીન ખેડતો હતો તેની તે જમીન તેના નામ પર કરવામાં આવી છે અને કોઈ માણસ પોતાની જમીન ઉપર ઝાડ ઉછેરે તો તેને એક હેક્ટરના ૨૫૦ રૂ. દર વર્ષે આપવામાં આવે છે. તે ઉપરાંત જંગલખાતું પણ વૃક્ષારોપણને ઉત્તેજન આપવા વિવિધ વૃક્ષોની કલમો પૂરી પાડે છે. ઘણી વખત આદિવાસીઓ વ્યક્તિગત રીતે ૫૦૦ જેટલી કલમો લઈ જાય છે અને એમાંથી પણ ૬૦ ટકાથી ૭૦ ટકા કલમો ઉછેરે છે.

ગુજરાત રાજ્ય જંગલ વિકાસ નિગમે આદિવાસીઓ મારફત જંગલની ગૌણ પેદાશો એકઠી કરવાનો કાર્યક્રમ હાથ ધર્યો છે. ૧૯૭૭ – ૭૮, ૧૯૭૮ – ૭૯, ૧૯૭૯ – ૮૦ના વર્ષમાં નીચેની ગૌણ પેદાશો એકઠી કરવામાં આવી હતી.

સાગબારા તાલુકાનાં નીચે જણાવેલ ગામોમાં આ જંગલ ગૌણ પેદાશો એકઠી કરવાનાં કેન્દ્રો છે.

(૧) ચોપડવાવ (૨) રણબુદા (૩) અમીચાર (૪) નરવેડી (૫) બોપી (૬) નાલ (૭) પીપળાપાણી (૮) ધોધવવાડી.

આનું મુખ્ય ગોદામ ડેડિયાપાડામાં આવેલું છે.

કોઠો - ૧૨

સાગબારામાં એકઠી કરવામાં આવેલ જંગલ ગૌણ પેદાશો દર્શાવતો કોઠો :

ક્રમ	જંગલ ગૌણ પેદાશનું	એકમ	૧૯૭૭-૭૮	૧૯૭૮-૭૯	૧૯૭૯-૮૦
૧.	કડાયો ગુંદર	ક્વિંટલ	૨૬૬૪૫૦૦	૨૦.૮૫	—
૨.	મોડેડ ,	,,	૨.૧૪	૬.૭૧	—
૩.	ટીમરુનાં પાન	થેલી	—	૪૧૨.૮૮૪	૫૬૯.૭૦૦
૪.	મહુડાનાં ફૂલ	ક્વિંટલ	૫.૦૫	૧૪.૪૭	૧૮.૫૪
૫.	મહુડાની ડોળી	,,	૦.૫૦	૩૬.૭૨	૨૧.૪૦
૬.	કરંજનાં બી	,,	—	—	૧૨.૮૧

ખનીજ

આ તાલુકાનો લાંબો વિસ્તાર ટેકરીઓવાળો હોવા છતાં ખનીજ સંપત્તિ માટે કીમતી નથી પરંતુ નીચે પ્રમાણે ખનીજો નોંધાઈ છે.*

(૧) અગતનો પથ્થર : તાલુકામાં આ પથ્થર મળી આવે છે તેનો ઉપયોગ પીસવાના પથ્થર અને ખાંડણી બનાવવા માટે વપરાય છે.

(૨) બાંધકામ માટેના પથ્થર : ઉત્તર-પશ્ચિમનાં જંગલોમાંના ખડકાળ ભાગમાં આ પથ્થર મળી આવે છે અને તે બાંધકામના ઉપયોગમાં લઈ શકાય છે.

(૩) કાસે-તુફા : તાલુકાનાં કેટલાંક ઠેકાણે આ ખનીજ મળી આવે છે. તેનો ઉપયોગ ચૂનો બાળવામાં થાય છે.

(૪) રંગીન માટી : તાલુકાના કેટલાક વિસ્તારોમાં જુદા જુદા રંગની માટી મળી આવે છે.

(૫) ચૂનાનો પથ્થર : તાલુકાના પશ્ચિમ ભાગમાં મળી આવે છે. જોકે તે ઘણો ઓછો હોવાથી ખાસ આર્થિક રીતે ફાયદાકારક નથી. આ તાલુકામાં મળી આવતી ખનીજોની આર્થિક શક્યતાઓ તપાસવા માટે વિશાળ જિઓલોજિક મોજણી હાથ ધરાવી જોઈએ.

*પ્રાપ્તિસ્થાન : ગુજરાત રાજ્ય જંગલ વિકાસ નિગમ, રાજપીપળા.

પ્રકરણ ૩

સાગબારા તાલુકાનું સામાજિક અને આર્થિક માળખું

પ્રકરણ-૨માં આપણે સાગબારા તાલુકાની કુદરતી અને ભૌતિક સંપત્તિ વિષે જોયું. આ પ્રકરણમાં આપણે એ જોવા પ્રયત્ન કરીશું કે બે દાયકાથી વધુ સમય માટે આપણે વિકાસ માટેના વિવિધ પ્રયત્નો કર્યા પછી હાલના સમાજનું બંધારણ કેવું છે અને આ માટેનું તાલુકાનું સામાજિક અને આર્થિક માળખું કેવું છે. આ તાલુકાનો જે સમાજ છે તે પુરાણી લાક્ષણિકતા ધરાવે છે. ત્યાં ખેતી અલ્પ પ્રમાણમાં છે, વેપારવાણિજ્યનો અભાવ છે, જંગલ હેઠળ આવેલી ઘણી બધી જમીન અવિકસિત છે, શિક્ષણની સવલતો પણ નહીંવત્ છે અને બીજી સામાજિક અને આર્થિક અનુકૂળતાનો પણ અભાવ જોવા મળે છે. સ્વાભાવિક છે કે આવી પરિસ્થિતિ હોય ત્યાં કોઈ પણ સમાજ આર્થિક કે સામાજિક પ્રગતિ સાધી શકે નહીં.

આ વિસ્તારને ભારતીય સંઘના એક ભાગરૂપે ભરૂચ જિલ્લામાં જોડ્યા બાદ સૌથી અગત્યનો પ્રશ્ન – ઉપયોગમાં લઈ શકાય તેવું સામાજિક અને આર્થિક માળખું ઊભું કરીને આ વિસ્તારને વિકાસને માર્ગે એટલે કે આધુનીકરણ તરફ વાળવાનો રહ્યો છે. નવા સમાજબંધારણની પ્રક્રિયામાં લાંબા ગાળા સુધી કામ આપી શકે તેવું સામાજિક અને આર્થિક માળખું જરૂરી છે. આમ આઝાદી મળ્યા બાદ આ તાલુકાના આદિવાસી સમાજના વિકાસ માટે સામાજિક માળખાકીય સગવડો જેવી કે શિક્ષણ, જાહેર આરોગ્ય, વસવાટ તેમ જ ભૌતિક માળખાકીય સગવડો જેવી કે પરિવહન, સંદેશાવ્યવહાર અને ગ્રામ્ય વીજળીકરણ વગેરેનો વિકાસ કરવો જોઈએ. અન્ય સંસ્થાકીય સગવડો કે જે કોઈ પણ સમાજના વિકાસ માટે અગત્યની હોય છે તેમાં સહકારી મંડળીઓ, કિંગ સંસ્થાઓ અને અન્ય સંસ્થાઓ આવે છે. આ સગવડ તાલુકામાં ધીમે ધીમે ઊભી થવી જોઈએ. આ આદિવાસી સમાજના ભવિષ્યના વિકાસનો આધાર આ દિશામાં કેટલી પ્રગતિ થઈ છે તેના પર આધારિત હશે. આ તાલુકાનો કેટલે અંશે વિકાસ થયો છે એ નક્કી કરવા માટે હાલમાં અસ્તિત્વ ધરાવતી સામાજિક, ભૌતિક અને આર્થિક સગવડો આપતી સંસ્થાઓ કેવી છે? કેટલી સંગઠિત છે? અને કેટલા પ્રમાણમાં મદદ આપી શકે છે તે પ્રથમ તપાસવું જરૂરી છે.

શિક્ષણ

આપણે જાણીએ છીએ તે મુજબ શિક્ષણનો હેતુ પ્રજાને તેમની જાહેર, સામાજિક અને બુદ્ધિવિષયક જવાબદારીઓ માટે તાલીમ આપી તૈયાર કરવાનો છે. આપણા એ દેશની જેમ જ અન્ય લોકશાહી દેશોમાં પણ શિક્ષણ એ રાજ્યનો વિષય રહ્યો છે. જ્યાં સુધી આદિવાસીઓને સંબંધ છે ત્યાં સુધી તેમને શાળા-કૉલેજ મારફત આધુનિક શિક્ષણ આપવાની સરકારની વિશિષ્ટ જવાબદારી છે. ભારતના બંધારણમાં પણ સ્પષ્ટતા કરવામાં આવી છે કે રાજ્ય આધુનિક શિક્ષણને ઊંચે લઈ જવા માટેના બધા જ પ્રયત્ન મોટા પાયા ઉપર કરશે. રાજ્યની આજે જવાબદારી છે તે જવાબદારી એણે સાગબારા જેવા તાલુકાના આદિવાસીઓ કે જેને કોઈ સંસ્થાકીય શિક્ષણ આપવાની પ્રથા નથી ત્યાંથી શરૂ કરવાની આવશ્યકતા હતી.

અલબત્ત, ભરૂચ જિલ્લા લોકલબોર્ડ દ્વારા ૧૮મી સપ્ટેમ્બર, ૧૯૪૪થી ૬થી ૧૧ની વયજૂથવાળાં બાળકોને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ આપવાનું નક્કી થયેલું છે. પરંતુ હકીકતમાં સાગબારા તાલુકામાં ૧૯૫૨–૫૩ના વર્ષમાં માત્ર ૧૯ પ્રાથમિક શાળાઓ અસ્તિત્વ ધરાવતી હતી, અને એક પણ માધ્યમિક શાળા અસ્તિત્વમાં નહોતી. જે ગામોમાં પ્રાથમિક શાળા હતી તે ગામોમાં આંબાગામ, અમિયાર, દાતાવાડા, ધવલીવેર, ખોટા, નવા કાકડી-આંબા, નવી પરોલી, નવાગામ, પીપળીપરી, પાટ, પાટલામહુ, રોઝદેવ, સાગ-બારા, સજ્જનવાવ, સેલંબા, સોરાપાડા અને ઉભારિયા ગામોનો સમાવેશ થાય છે. ૧૯૫૧ની વસ્તી-ગણતરીમાં આ તાલુકામાં ૧૦૭ ગામો નોંધાયાં હતાં તેમાં માત્ર ૧૯ ગામોને એટલે કે ૧૭.૭૬ ટકા ગામોને જ પ્રાથમિક શાળાની સગવડ ઉપલબ્ધ હતી. આ સાથે એ જાણવું જરૂરી છે કે તાલુકાનો સમાવેશ ભરૂચ જિલ્લાના અધિકારક્ષેત્ર હેઠળ લાવવામાં આવ્યો હતો. અને આ જિલ્લાનો સમાવેશ મુંબઈ રાજ્યમાં થયેલો હતો. ૧૯૬૦માં ગુજરાતનું અલગ રાજ્ય અસ્તિત્વમાં આવ્યા બાદ ભરૂચ જિલ્લો ગુજરાત રાજ્યનો એક ભાગ બન્યો અને ત્યાર પછી શિક્ષણનો વિકાસ ઘણો ઝડપથી થવા માંડ્યો. ૧૯૭૦–૭૧માં ૧૦૬ વસવાટી ગામો હતાં તેમાંથી ૭૭ ગામો એટલે કે ૭૨.૬૪ ટકા ગામોમાં પ્રાથમિક શાળાની સગવડ હતી. જોકે હજુ પણ તાલુકાનાં બધાં ગામોને આવરી લેવાનો લક્ષ્યાંક સિદ્ધ થઈ શક્યો નથી.

આ તાલુકામાં પ્રાથમિક શિક્ષણમાં ઠીક ઠીક પ્રમાણમાં ફેલાવો થયો છે. પરંતુ માધ્યમિક શિક્ષણ હજુ પણ પૂરતા પ્રમાણમાં વિકાસ પામી શક્યું નથી. અગાઉ આપણે જોયું કે ૧૯૫૨–૫૩ના વર્ષમાં આ તાલુકામાં એક પણ માધ્યમિક શાળા નહોતી. ૧૯૭૦–૭૧ના વર્ષમાં ફક્ત એક માધ્યમિક શાળા અસ્તિત્વ ધરાવતી હતી. આમ માધ્યમિક શિક્ષણના વિકાસની ગતિ ઘણી ધીમી છે. ભરૂચ જિલ્લાના સાગબારા અને ડેડિયાપાડા આ બંને આદિવાસી તાલુકામાં માધ્યમિક શિક્ષણની સવલત જૂજ પ્રમાણમાં છે. ડેડિયાપાડામાં ભરૂચ જિલ્લાની શૈક્ષણિક સગવડના ૦.૬ ટકા છે અને સાગબારામાં ૦.૯ ટકા છે. સાગબારા તાલુકામાં ચાલુ વર્ષે ત્રણ માધ્યમિક શાળાઓ અસ્તિત્વ ધરાવે છે. હાલમાં ઉચ્ચતર માધ્યમિક શાળા એક જ છે અને તે પણ માત્ર વિનયન અને વાણિજ્યની છે. અને વિજ્ઞાનપ્રવાહની તો એક પણ ઉચ્ચતર માધ્યમિક શાળા સાગબારામાં નથી !

કોઠો – ૧૩

સાગબારા તાલુકામાં પ્રાથમિક અને માધ્યમિક શાળાઓનો વિકાસ

વર્ષ	ગામોની સંખ્યા	કુલ પ્રાથમિક શાળાની સંખ્યા	માધ્યમિક શાળાની સંખ્યા	આશ્રમશાળાની સંખ્યા
૧૯૫૨–૫૩	૧૧૪	૧૯	–	–
૧૯૭૦–૭૧	૧૦૬	૭૭	૧	૨
૧૯૮૦–૮૧	૧૦૬	૮૬	૩	૨

ઉપરના કોઠામાં જણાવ્યા મુજબ છેલ્લાં દશ વર્ષમાં પ્રાથમિક શાળાઓ ૭૭ હતી તે વધીને ૮૬ થઈ એટલે કે ૯ શાળાઓ વધી. સાગબારા તાલુકામાં ૯૦.૮ ટકા વસ્તી જ્યારે આદિવાસી હોય ત્યાં આશ્રમશાળાઓ બે જ હોય તે નવાઈ પમાડે તેવી વાત છે. આ બે આશ્રમશાળાઓ ૧૯૬૩-૬૪નાં વર્ષોમાં પાટ અને ભંવરીસાવરમાં શરૂ કરવામાં આવી હતી. ત્યાર પછીનાં ૧૬ વર્ષના ગાળામાં સાગબારા જેવા ઊંડા અને સંદેશાવ્યવહારની ઓછી સગવડ ધરાવતા પ્રદેશમાં બેની બે જ આશ્રમશાળાઓ રહે તે ચિંતાજનક બાબત છે. આથી ઊલટું, બીજા જે આદિવાસી વિસ્તારો છે તેની શૈક્ષણિક પરિસ્થિતિ આપણે તપાસીશું તો આપણને ખ્યાલ આવશે

કે ત્યાં આશ્રમશાળાઓની સંખ્યામાં એકધારો વધારો થતો રહ્યો છે. આશ્રમશાળાઓ આદિવાસી વિસ્તારમાં વધવી જોઈએ એનું કારણ એ કે આશ્રમશાળાઓ દ્વારા આદિવાસી બાળકોને પૂરતી સગવડ અપાતી હોય છે અને તેના દ્વારા આદિવાસી કુમાર અને કન્યાઓમાં શિક્ષણનો વ્યાપ પ્રમાણમાં વધારે થાય છે. અત્યાર સુધીના શિક્ષણના વિકાસમાં નોંધનીય બાબત એ છે કે આશ્રમશાળાઓના વિકાસ સાથે આદિવાસીઓના શિક્ષણ-સ્તરમાં સારો એવો સુધારો થવા પામ્યો છે. સાગબારામાં આશ્રમશાળાઓ વધવા પામી નથી એ માટેનાં કારણની તપાસ કરતાં માલૂમ પડયું છે કે આ વિસ્તારમાં આશ્રમશાળાઓ શરૂ કરવા માટે સ્વૈચ્છિક સંસ્થાઓ પહેલ નથી કરતી એવી પરિસ્થિતિ ઊભી થઈ છે. એવું જાણવા મળ્યું છે કે "સંયોજિત આદિવાસી વિકાસ કાર્યક્રમ" દ્વારા વધુ બે આશ્રમશાળાઓ ચિકાલી અને ઉભારિયા ગામમાં શરૂ કરવાની વિચારણા છે. જો આ બે આશ્રમશાળાઓ શરૂ થશે તો સાગબારા તાલુકામાં આશ્રમશાળાની સંખ્યા ચારની થશે.

કોઠો – ૧૪

છેલ્લા એક દાયકા દરમ્યાનની સાગબારા તાલુકાની જાતિ પ્રમાણે શિક્ષણ વ્યવસ્થા :

વર્ષ	પુરુષ		સ્ત્રી		કુલ	
	સંખ્યા	ટકા	સંખ્યા	ટકા	સંખ્યા	ટકા
૧૯૬૧	૫૦૯૭	૨૪.૫	૧૦૪૦	૫.૦	૬૧૩૭	૧૪.૮
૧૯૭૭	૬૦૦૨	૨૨.૯	૧૫૬૩	૫.૯	૭૫૬૫	૧૪.૪

હાલમાં તપાસ કરતાં માલૂમ પડયું છે કે શિક્ષણની સવલતોમાં વધારો થતાં આદિવાસીઓએ પોતાનાં બાળકોને શાળામાં મોકલવાનું શરૂ કર્યું છે. પરિણામે શિક્ષિતોની સંખ્યામાં વધારો થશે. પરંતુ ૧૯૬૧ અને ૧૯૭૧ના શિક્ષિતના આંકડા તપાસીશું તો માલૂમ પડશે કે ૧૯૬૧ કરતાં ૧૯૭૧માં શિક્ષિતોની ટકાવારી ઘટવા પામી છે. ૧૯૬૧માં કુલ શિક્ષિતો ૧૪.૮ ટકા હતા તેમાં પુરુષોની ટકાવારી ૨૪.૫ ટકા અને સ્ત્રીઓની ૫.૦ ટકા છે. પરંતુ ૧૯૭૧માં શિક્ષિતોની કુલ ટકાવારી ૧૪.૪ ટકા થાય છે. આ એ દાયકામાં શિક્ષણમાં ઘટાડો નોંધાયો છે. પરંતુ આમાં પણ પુરુષ શિક્ષિતોની ટકાવારી ૧.૬

ટકા જેટલી ઘટી છે. સ્ત્રીઓમાં આ ટકાવારી ૦.૯ જેટલી વધવા પામી છે. આમ કેમ થયું તેનું હકારાત્મક કારણ રજૂ કરવું ઘણું મુશ્કેલ છે. પરંતુ એવું માની શકાય કે આદિવાસીઓની આર્થિક સ્થિતિ વણસતી જતી હોવાને કારણે તેઓને જીવનનિર્વાહ માટે મોટા પાયા પર સ્થળાંતર કરવું પડતું હોય છે. વળી કુટુંબને ભૂખમરાથી બચાવવા માટે શાળામાં જવાને યોગ્ય બાળકોને મજૂરીએ જવાની ફરજ પડતી હોઈ આ જ યોગ્ય કારણ હોય એમ લાગે છે.

તાલુકાના શિક્ષણસ્તરની સરખામણી જો રાજ્ય અને જિલ્લા સાથે કરવામાં આવે તો આપણને ખ્યાલ આવશે કે આ તાલુકો શિક્ષણની બાબતમાં ઘણો પછાત છે. આ બાબત કોઠા–૧૫ના આંકડાને તપાસતાં સ્પષ્ટ ખ્યાલ આવશે. શિક્ષણનું પ્રમાણ ૧૯૭૧માં રાજ્યમાં ૩૫.૭૯ ટકા અને જિલ્લામાં ૩૫.૭૩ ટકા છે, જ્યારે તાલુકામાં ૧૪.૪૦ ટકા જ છે.

કોઠો – ૧૫

રાજ્ય, જિલ્લા અને તાલુકાની શૈક્ષણિક પરિસ્થિતિ (૧૯૭૧ની વસ્તી ગણતરી પ્રમાણે)

કક્ષા	વસ્તી	શિક્ષિતોની સંખ્યા	ટકા
રાજ્ય	૨,૬૬,૯૭,૪૭૫	૯૫,૫૧,૨૮૯	૩૫.૭૯
જિલ્લા	૧૧,૦૯,૬૦૧	૩૯,૪૪૬	૩૫.૭૩
તાલુકા	૫૨,૫૭૬	૭,૫૬૫	૧૪.૪૦

આદિવાસીઓના શૈક્ષણિક સ્તરની દૃષ્ટિએ વિચારીએ તો રાજ્ય જિલ્લા અને સાગબારા તાલુકાની ટકાવારીમાં ધ્યાન ખેંચે તેવો ફેરફાર જોવા મળતો નથી. કોઠા નં. ૧૬ મુજબ આદિવાસી શિક્ષણનું પ્રમાણ રાજ્યમાં ૧૪.૧૨ ટકા અને જિલ્લામાં ૧૩.૮૩ ટકા છે. જ્યારે તાલુકામાં ૧૨.૨૫ ટકા છે. સ્ત્રીઓના શિક્ષણની બાબતમાં તાલુકા અને જિલ્લા કરતાં રાજ્યનું શિક્ષણનું પ્રમાણ ઊંચું છે. આમ, ટૂંકમાં આદિવાસી જાતિઓમાં શિક્ષણનું પ્રમાણ રાજ્ય, જિલ્લા, તાલુકા ત્રણે કક્ષાએ ઘણું નીચું છે અને તેમાં પણ સ્ત્રીઓના શિક્ષણનું પ્રમાણ તો ઘણું જ ઓછું જોવા મળે છે.

કોઠો – ૧૬

રાજ્ય, જિલ્લા અને તાલુકા કક્ષાએ આદિવાસીઓનું શૈક્ષણિક સ્તર

કક્ષા	પુરુષ (ટકા)	સ્ત્રી (ટકા)	કુલ (ટકા)
ગુજરાત રાજ્ય	૨૧.૮૩	૬.૧૫	૧૪.૧૨
ભરૂચ જિલ્લો	૨૨.૬૪	૪.૭૬	૧૩.૮૩
સાગબારા તાલુકો	૨૨.૯૪	૪.૪૬	૧૨.૨૫

આમ જિલ્લા અને રાજ્યની સરખામણીમાં ખાસ તફાવત જોવા મળતો નથી તેથી એમ કહી શકાય કે સરકારી પ્રયત્નોને કારણે શિક્ષણક્ષેત્રે યોગ્ય પરિણામો જોઈ શકાય છે. આ પૃથક્કરણ જિલ્લા સાથે સરખાવતાં આમ તો યોગ્ય લાગે છે પરંતુ સાગબારા તાલુકાના શિક્ષણની સરખામણી ભરૂચ જિલ્લાના બીજા આદિવાસી તાલુકાના શિક્ષણ સાથે કરીશું તો ચિત્ર કંઈક જુદું લાગશે.

ભરૂચ જિલ્લામાં સાગબારા, ડેડિયાપાડા, નાંદોદ, વાલિયા અને ઝઘડિયા એમ પાંચ તાલુકામાં આદિવાસીઓની વસ્તી વર્ચસ્વ ધરાવે છે. તેના આદિવાસીઓના શિક્ષણની પરિસ્થિતિ કેવી છે તે નીચેના કોઠા પરથી જોઈ શકાશે.

કોઠો – ૧૭

ભરૂચ જિલ્લાના આદિવાસી વસ્તી ધરાવતા પાંચ તાલુકામાં શિક્ષણ ટકાવારી દર્શાવતો કોઠો :

તાલુકો	પુરુષ ટકા	સ્ત્રી ટકા	કુલ ટકા
સાગબારા	૨૨.૯૪	૪.૪૬	૧૨.૨૫
ડેડિયાપાડા	૧૮.૧૦	૩.૬	૧૦.૯
નાંદોદ	૨૮.૦	૬.૩	૧૭.૩
વાલિયા	૨૪.૬	૬.૩	૧૫.૫
ઝઘડિયા	૨૨.૦	૪.૯	૧૩.૬
કુલ :	૨૩.૨	૫.૨	૧૪.૩

આ કોઠા પરથી સ્પષ્ટ માલૂમ પડે છે કે આ પાંચે તાલુકાઓમાં સૌથી ઓછા શિક્ષણની ટકાવારી ડેડિયાપાડા તાલુકાની છે પણ ત્યાર પછી તરત જ સાગબારા તાલુકો આવે છે. આમ શૈક્ષણિક રીતે આ બંને તાલુકા પછાત રહી જવા પામ્યા છે. જ્યારે બાકીના ત્રણ તાલુકા વાલિયા, નાંદોદ અને ઝઘડિયામાં શિક્ષણનો વિકાસ જોવા મળે છે.

હવે આપણે કોઠા નં. ૧૮માં છેલ્લાં આઠ વર્ષોમાં એટલે કે ૧૯૭૦–૭૧થી ૧૯૭૭–૭૮માં તાલુકામાં દર વર્ષે શૈક્ષણિક સવલતો કેવા પ્રકારની હતી તે જોઈશું.

કોઠો–૧૮

સાગબારા તાલુકામાં ૧૯૭૦–૭૧થી ૧૯૭૭–૭૮ના ગાળા દરમ્યાન વાર્ષિક શૈક્ષણિક સંસ્થાઓમાં થયેલો વિકાસ દર્શાવતો કોઠો:

વર્ષ	પ્રાથમિક શાળા	માધ્યમિક શાળા	આશ્રમશાળા	કુલ
૧૯૭૦–૭૧	૭૭	૧	૨	૮૦
૧૯૭૧–૭૨	૭૯	૧	૨	૮૨
૧૯૭૨–૭૩	૮૧	૧	૨	૮૪
૧૯૭૩–૭૪	૮૧	૧	૨	૮૪
૧૯૭૪–૭૫	૮૬	૧	૨	૮૪
૧૯૭૫–૭૬	૮૬	૧	૨	૮૯
૧૯૭૬–૭૭	૮૬	૧	૨	૮૯
૧૯૭૭–૭૮	૮૬	૨	૨	૯૦

સાગબારા તાલુકામાં ૧૯૭૩–૭૪ સુધી પ્રાથમિક શાળાની સંખ્યામાં કોઈ વધારો થયો નથી પરંતુ ૧૯૭૪–૭૫ના વર્ષમાં એકાએક પાંચ પ્રાથમિક શાળાઓનો વધારો થયેલો જોવા મળે છે. પણ ત્યાર પછી સ્થિરતા આવેલી જોવા મળે છે. આપણે અગાઉ જોયું તે મુજબ આશ્રમશાળાની સંખ્યા પણ સ્થિર રહી છે. માધ્યમિક શાળા ૧૯૭૭–૭૮ના વર્ષથી સેલંબામાં શરૂ કરવામાં આવી છે અને ચાલુ વર્ષે કોલવણમાં શરૂ કરવામાં આવશે. આમ ૧૯૮૦માં ફક્ત ત્રણ જ માધ્યમિક શાળાઓ છે. આ તાલુકાની સૌથી જૂની માધ્યમિક શાળા સાગબારામાં આવેલી છે. તેનું સંચાલન સાગબારા વિભાગ કેળવણી મંડળ તરફથી

કરવામાં આવે છે. આ માધ્યમિક શાળા ૧૯૬૪માં શરૂ થઈ હતી. ૧૯૭૫માં આ શાળાના સંચાલન મંડળને રૂ. ૩ લાખ વિદેશની "સ્વીસ એઈડ" નામની સંસ્થાની મદદ મળી અને ત્યાર પછી આ શાળાનું પાકું મકાન, કન્યા છાત્રાલય અને કર્મચારીઓનાં મકાન, બાંધવામાં આવ્યાં છે. આ માધ્યમિક શાળાને "સ્વીસ એઈડ" તરફથી ખેતીવાડી શાળા શરૂ કરવા માટે બીજા ત્રણ લાખ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે. આ રકમની મદદથી કુમાર છાત્રાલયનું કામકાજ લગભગ પૂરું થયું છે. આ શાળામાં ૧૯૭૬–૭૭ના આંકડા મુજબ કુલ ૩૦૦ આદિવાસી બાળકો શિક્ષણ મેળવતાં હતાં.

હાલમાં વસવાટવાળાં ૯૬ ગામો આ તાલુકામાં છે. તેમાંથી ૮૮ ગામોને પ્રાથમિક શાળાની સુવિધા છે. બાકીનાં ૮ ગામોને આ સુવિધા નથી. ઉપર જોયું તે મુજબ માધ્યમિક શાળા તો ફક્ત ત્રણ ગામોમાં જ છે. તે ત્રણ પણ એક જ દિશામાં આવેલાં ગામો છે. તાલુકાના પશ્ચિમ અને દક્ષિણ વિભાગમાં તો એક પણ માધ્યમિક શાળા નથી. આશ્રમશાળાઓ પણ ઉત્તર અને પશ્ચિમ વિભાગમાં નથી. બંને આશ્રમશાળાઓ તાલુકાના મધ્ય વિસ્તારમાં આવેલી છે.

કોઠો – ૧૯

ધોરણ પ્રમાણે વિદ્યાર્થીઓની વહેંચણી
(પ્રાપ્તિસ્થાન : તાલુકા પંચાયત કચેરી સાગબારા)

ક્રમ	ધોરણ	વિદ્યાર્થીઓની સંખ્યા					કુલ
		કુમાર		કન્યા		કુલ	
		સંખ્યા	ટકા	સંખ્યા	ટકા	સંખ્યા	ટકા
૧.	પહેલું	૧૪૯૦	૧૮.૧૫	૯૧૬	૧૧.૧૬	૨૪૦૬	૨૯.૩૦
૨.	બીજું	૧૨૩૨	૧૫.૦૦	૬૯૦	૮.૪૦	૧૯૨૨	૨૩.૪૧
૩.	ત્રીજું	૧૧૩૦	૧૩.૭૬	૬૨૦	૭.૫૬	૧૭૫૦	૨૧.૩૧
૪.	ચોથું	૯૨૦	૧૧.૨૦	૩૫૧	૪.૨૩	૧૨૬૧	૧૫.૪૯
૫.	પાંચમું	૨૩૦	૨.૮૦	૧૨૦	૧.૪૬	૩૫૦	૪.૨૬
૬.	છઠ્ઠું	૧૫૦	૧.૮૩	૯૦	૧.૧૦	૨૪૦	૨.૯૨
૭.	સાતમું	૨૫૨	૩.૭૦	૨૦	૦.૨૪	૨૭૨	૩.૩૧
	કુલ :	૫૪૦૪	૬૫.૮૧	૨૮૦૭	૩૪.૧૯	૮૨૧૧	૧૦૦

૧૯૭૭–૭૮ના વર્ષમાં આ તાલુકામાં કુલ ૮૨૧૧ બાળકો પ્રાથમિક શિક્ષણ મેળવતાં હતાં. તેમાં ૫૪૦૪ એટલે કે ૬૫.૮૧ ટકા કુમારો અને ૨૮૦૭ એટલે કે ૩૪.૧૯ ટકા કન્યાઓ શિક્ષણ મેળવતી હતી.

કોઠાના આંકડાઓ તરફ દૃષ્ટિપાત કરતાં સ્પષ્ટ થાય છે કે બધાં જ ધોરણોમાં કન્યાની સંખ્યા કુમારોની સંખ્યા કરતાં ઘણી ઓછી જોવા મળે છે. આ પરિસ્થિતિથી દેખીતી રીતે સ્પષ્ટ થાય છે કે કન્યા કેળવણી માટે આદિવાસી પ્રજામાં હજુ પણ ઉત્સુકતા નથી.

આઠ વર્ષના ગાળામાં એટલે કે ૧૯૭૦–૭૧થી ૧૯૭૭–૭૮ દરમ્યાન પ્રાથમિક શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓની સંખ્યામાં ૧૭૧.૪૪ ટકા વધારો નોંધાયો છે, જ્યારે માધ્યમિક શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓની સંખ્યામાં ૨૦.૭૦ ટકાનો જ વધારો થયો છે. આમ પ્રાથમિક શાળામાં શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓની સંખ્યામાં સરાસરી વાર્ષિક વધારો ૨૧ ટકા અને માધ્યમિક શાળામાં શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓની સંખ્યામાં સરાસરી વાર્ષિક વધારો ૨.૫ ટકા થયો હતો. દેખીતી રીતે જ પ્રાથમિક શાળા કરતાં માધ્યમિક શાળામાં ભણતા વિદ્યાર્થીઓનો વધારો ઘણો જ ઓછો જોવા મળે છે. કોઠા–૨૦માં પ્રાથમિક અને માધ્યમિક શાળામાં છેલ્લાં આઠ વર્ષની – ૧૯૭૦–૭૧થી ૧૯૭૭–૭૮ વિદ્યાર્થીઓની વાર્ષિક સંખ્યા આપવામાં આવી છે.

કોઠામાં જોતાં માલૂમ પડે છે કે પ્રથમ બે વર્ષ એટલે કે ૧૯૭૧–૭૨ અને ૧૯૭૨–૭૩ દરમ્યાન પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યામાં અનુક્રમે ૧૫.૮૩ ટકા અને ૨૪.૨૯ ટકાનો વધારો નોંધાવા પામ્યો છે. પરંતુ ત્યાર પછીના વર્ષ ૧૯૭૩–૭૪માં ૩.૪૨ ટકાનો ઘટાડો થયો છે. ત્યાર પછી દર વર્ષે વિદ્યાર્થીઓની સંખ્યામાં સતત વધારો જ નોંધાતો રહ્યો છે. આમ પ્રાથમિક શિક્ષણના ક્ષેત્રે સારી એવી પ્રગતિ સાધી છે, પરંતુ માધ્યમિક શિક્ષણમાં ૧૯૭૨–૭૩માં ઘટાડો નોંધાયો છે અને પછી જૂજ વધારો થયો છે. ૧૯૭૬–૭૭ સુધી તો ૧૯૭૦–૭૧ કરતાં પ્રમાણમાં સંખ્યામાં ઘટાડો જ રહ્યો છે. કેવળ છેલ્લા વર્ષે ૧૯૭૭–૭૮માં ૧૯૭૦–૭૧ કરતાં ૫૯ વિદ્યાર્થીઓનો વધારો થયો છે.

કોઠો – ૨૦

૧૯૭૦–'૭૧થી ૧૯૭૭–૭૮ના વર્ષ દરમ્યાન પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓની વર્ષ મુજબ સંખ્યા (પ્રાપ્તિસ્થાન : જિલ્લા આંકડા કચેરી ભરૂચ)

વર્ષ	પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા	માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા
૧૯૭૦–૭૧	૩૦૨૫	૨૮૫
૧૯૭૧–૭૨	૩૫૦૪	૨૮૫
૧૯૭૨–૭૩	૪૩૫૫	૨૭૮
૧૯૭૩–૭૪	૪૨૦૬	૨૮૦
૧૯૭૪–૭૫	૫૧૨૩	૨૮૦
૧૯૭૫–૭૬	૫૬૭૫	૨૮૫
૧૯૭૬–૭૭	૬૫૧૩	૨૮૪
૧૯૭૭–૭૮	૮૨૧૧	૩૪૪

આશ્રમશાળાઓની બાબતમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૧૨૦ નિયત થયેલી છે એટલે એમાં ખાસ વધઘટ થઈ નથી. ફક્ત કુમાર અને કન્યાની સંખ્યામાં ફેરફાર શક્ય બન્યો છે.

શિક્ષણની સવલતો વધતાં વિદ્યાર્થીઓની સંખ્યામાં પણ વધારો થતો રહ્યો. પરિણામે શિક્ષક અને વિદ્યાર્થીઓ વચ્ચેના પ્રમાણનો દર પણ વધવા પામ્યો છે.

કોઠા નં. ૨૧માં જોતાં આનો સ્પષ્ટ ખ્યાલ આવશે. આઠ વર્ષના ગાળામાં પ્રાથમિક શિક્ષણમાં ૧૯.૨૩ ટકાનો વધારો નોંધાયો, જ્યારે માધ્યમિક શિક્ષણમાં ફેરફાર નોંધાયો નથી.

પ્રથમ સાત વર્ષ દરમ્યાન શિક્ષક દીઠ ૧૨ની જ સંખ્યા રહેવા પામી છે. ફક્ત ૧૯૭૭–૭૮માં ૧૩ની સંખ્યા થઈ. પ્રાથમિક શાળાની પરિસ્થિતિ જોતાં એવું પ્રતિપાદિત થાય છે કે સાગબારા તાલુકાની મોટા ભાગની શાળાઓમાં ફક્ત એક જ શિક્ષક હોય છે.

કોઠો – ૨૧

પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણનાં શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેના પ્રમાણનો દર દર્શાવતો કોઠો :

વર્ષ	પ્રાથમિક શાળામાં એક શિક્ષક દીઠ વિદ્યાર્થીઓની સંખ્યા	માધ્યમિક શાળામાં એક શિક્ષક દીઠ વિદ્યાર્થીઓની સંખ્યા
૧૯૭૦–૭૧	૧૫૬	૧૨
૧૯૭૧–૭૨	૧૬૦	૧૨
૧૯૭૨–૭૩	૧૬૫	૧૨
૧૯૭૩–૭૪	૧૬૮	૧૨
૧૯૭૪–૭૫	૧૭૨	૧૨
૧૯૭૫–૭૬	૧૭૮	૧૨
૧૯૭૬–૭૭	૧૮૦	૧૨
૧૯૭૭–૭૮	૧૮૨	૧૩

સાગબારા તાલુકામાં પ્રાથમિક શિક્ષણની સવલતોમાં થયેલો વધારો, પ્રાથમિક અને માધ્યમિક શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા, શિક્ષકો અને વિદ્યાર્થીઓનું પ્રમાણ આપણે જાણ્યું. હવે આપણે એ તપાસીશું કે તાલુકામાં જે શૈક્ષણિક વિકાસ થયો તેનો લાભ આદિવાસીઓએ કેટલા પ્રમાણમાં લીધો છે ? શિક્ષણની સવલતોનો લાભ લેવા કેટલાં આદિવાસી બાળકો આગળ આવ્યાં ? કેટલાંએ અધવચ્ચેથી શિક્ષણ છોડી દીધું ? આપણે અગાઉ ચર્ચા કરી, તેના ઉપરથી એવું નક્કી થયું કે પ્રાથમિક શિક્ષણના ક્ષેત્રે સારી એવી પ્રગતિ થઈ છે; પરંતુ સાચા અર્થમાં પ્રાથમિક શિક્ષણની ગુણવત્તાનો વધારો ત્યારે જ કરી શકાય કે જ્યારે પહેલા ધોરણમાં દાખલ થયેલો વિદ્યાર્થી પ્રાથમિક શિક્ષણ સંપૂર્ણ કરે. જો આમ ન થતું હોય તો તે શૈક્ષણિક બગાડ જ છે. આપણે કોઠા નંબર ૨૨ના આધારે પ્રથમ વર્ષથી સાતમા વર્ષ સુધીમાં અધવચ્ચેથી શિક્ષણ છોડી જનારાઓનું સ્પષ્ટ ચિત્ર મેળવવા પ્રયત્ન કરીએ.

કોઠો – ૨૨

જુદાં જુદાં ધોરણમાં કુમાર-કન્યાની ટકાવારી

ધોરણ	કુમાર	કન્યા	કુલ
પહેલું	૧૦૦	૧૦૦	૧૦૦
બીજું	૮૩	૭૫	૮૦
ત્રીજું	૭૬	૬૮	૭૩
ચોથું	૬૨	૩૮	૫૩
પાંચમું	૧૫	૧૩	૧૫
છઠ્ઠું	૧૦	૧૦	૧૦
સાતમું	૧૭	૨	૧૧

આ કોઠાને આધારે તાલુકામાં થયેલા શૈક્ષણિક બગાડનો ખ્યાલ આવે છે, જે મુદ્દાસર આપણે તપાસીએ :

(૧) પહેલા ધોરણમાં દાખલ થયેલા વિદ્યાર્થીઓમાંથી લગભગ અડધા વિદ્યાર્થીઓ ધોરણ ચાર સુધી પહોંચી શકે છે. એટલે કે કુલ વિદ્યાર્થીઓમાંથી ૪૭ ટકા વિદ્યાર્થીઓ પહેલા ધોરણમાં દાખલ થયા પછી ચોથા ધોરણ સુધી અભ્યાસ કરી શકયા નથી. જોકે આ સામાન્ય તારણ છે પણ તે બગાડનું પ્રમાણ તો દર્શાવે જ છે.

(૨) ચોથા ધોરણ પછી તો સંખ્યામાં એકદમ ઘટાડો થાય છે. પહેલા ધોરણમાં દાખલ થયેલામાંથી ફક્ત ૧૫ ટકા જ પાંચમા ધોરણમાં અભ્યાસ કરે છે અને પ્રાથમિક શિક્ષણ પૂરું થાય એટલે કે સાતમા ધોરણને અંતે તો લગભગ ૧૧ ટકા જ વિદ્યાર્થીઓ રહેવા પામે છે. આમ ૮૯ વિદ્યાર્થીઓ પ્રાથમિક શિક્ષણ પૂરું કરતા નથી.

(૩) કુમારો કરતાં કન્યાઓની સંખ્યા શિક્ષણ છોડી જવામાં વધુ છે. આ ઘટાડો પણ ધોરણ ત્રણથી ચારમાં અને ત્યાર પછી ઉપલાં ધોરણોમાં ઘટાડાનો દર ઘણો ઊંચો જતો જાય છે. અને સાતમા ધોરણમાં તો ૯૮ ટકા જેટલો ઘટાડો થાય છે. પ્રાથમિક શાળામાં દાખલ થયેલામાંથી ફક્ત ૨ ટકા જ સાતમામાં અભ્યાસ કરે છે.

(૪) કુમાર અને કન્યાઓ એમ બંનેમાં એકદમ ઘટાડો ચોથા અને પાંચમા ધોરણ દરમ્યાન જ થાય છે.

(૫) ધોરણ પાંચ અને છમાં કુમાર અને કન્યાઓના ઘટાડાનું પ્રમાણ સરખું જ જોવા મળે છે, પરંતુ સાતમા ધોરણમાં કન્યાઓના ઘટાડાનું પ્રમાણ કુમાર કરતાં ૮.૫ ટકા જેટલું વધી જાય છે. અલબત્ત, એ શકય છે કે બાજુના તાલુકામાંથી વિદ્યાર્થીઓ સાતમા ધોરણમાં અભ્યાસ કરવા અહીં આવતા હોય.

અગાઉ જણાવ્યું તે મુજબ આ તારણો સામાન્ય છે પરંતુ એટલું તો ચોક્કસ છે કે આ આંકડાઓ પરથી આપણે એમ તો કહી શકીએ કે શિક્ષણમાં મોટો બગાડ થતો જોવા મળે છે. ૧૦ ગામોમાં શૈક્ષણિક પરિસ્થિતિ કેવી છે તે તપાસીએ. આ દસ ગામોમાંથી નવ ગામોમાં પ્રાથમિક શાળા છે પરંતુ માત્ર એક ગામ કુંવરવાડી ગામમાં પ્રાથમિક શાળાની સગવડ નથી. એકથી સાત ધોરણની સગવડ હોય તેવાં બે જ ગામો છે. આ આપણે નીચેના કોઠામાં જોઈશું.

કોઠો – ૨૩

પ્રાથમિક શિક્ષણની સવલતો મુજબ ગામોનું વર્ગીકરણ

શાળાનો પ્રકાર	ગામોની સંખ્યા	ટકા
૪ ધોરણની સગવડ	૬	૬૦
૫ ,, ,,	૧	૧૦
૭ ,, ,,	૨	૨૦
શાળા વગરનું	૧	૧૦
કુલ :	૧૦	૧૦૦

આમ મોજણી કરેલાં ગામોમાંથી ૬ ગામોમાં તો ચાર ધોરણ સુધીની જ સગવડ છે. ફક્ત ધવલીવેર અને નવી જાવલીમાં જ સાત ધોરણની સગવડ છે.

કોઠા નં. ૨૪માં નવ ગામોમાં વિદ્યાર્થીઓની સંખ્યા કેટલી છે તે આપવામાં આવી છે. નવ ગામો મળી કુલ શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓ

૧૧૫૨ છે જેમાં ૭૨૫ એટલે કે ૬૨.૯૩ ટકા કુમાર અને ૪૨૭ એટલે કે ૩૭.૦૭ કન્યાઓ છે.

કોઠો – ૨૪

મોજણી કરેલ ગામોમાં જાતિ પ્રમાણે વિદ્યાર્થીઓની વહેંચણી

ક્રમ	ગામનું નામ	કુમાર		કન્યા		કુલ	
		સંખ્યા	ટકા	સંખ્યા	ટકા	સંખ્યા	ટકા
૧.	ધવલીવેર	૧૬૭	૬૭.૮૯	૭૯	૩૨.૧૧	૨૪૬	૧૦૦
૨.	ચિકાલી	૩૩	૬૪.૭૧	૧૮	૩૫.૨૯	૫૧	૧૦૦
૩.	દેવશાકી	૬૮	૫૬.૬૭	૫૨	૪૩.૩૩	૧૨૦	૧૦૦
૪.	મોવી	૮૫	૬૩.૪૩	૪૯	૩૬.૫૭	૧૩૪	૧૦૦
૫.	સોરાપાડા	૬૯	૫૭.૯૮	૫૦	૪૨.૦૨	૧૧૯	૧૦૦
૬.	બર્કતુરા	૫૦	૬૨.૫૦	૩૦	૩૭.૫૦	૮૦	૧૦૦
૭.	મોટી દેવરૂપેણ	૨૬	૫૯.૦૯	૧૮	૪૦.૯૧	૪૪	૧૦૦
૮.	કુંવરખાડી	–	–	–	–	–	–
૯.	કોડબા	૧૦૮	૭૯.૪૧	૨૮	૨૦.૫૯	૧૩૬	૧૦૦
૧૦.	નવી જાવલી	૧૧૯	૫૩.૬૦	૧૦૩	૪૬.૪૦	૨૨૨	૧૦૦
	કુલ :	૭૨૫	૬૨.૯૩	૪૨૭	૩૭.૦૭	૧૧૫૨	૧૦૦

અગાઉના કોઠામાં જણાવ્યું તે મુજબ વત્તાઓછા પ્રમાણમાં તાલુકાની પરિસ્થિતિ પણ આ મુજબ જ રહેલી છે. દસ ગામોમાં માત્ર કોડબા ગામમાં જ કન્યા કેળવણીનું પ્રમાણ ઓછું છે. નહીં તો લગભગ બધાં ગામોમાં ખાસ તફાવત જોવા મળતો નથી. સૌથી વધુ કન્યા કેળવણી જાવલી ગામની છે. તે ૪૬.૪૦ ટકા છે.

કોઠા નં. ૨૫માં જોતાં માલૂમ પડે છે કે મોજણી કરેલાં ગામોના શિક્ષિતોની ટકાવારી ૨૬.૮૯ છે. સૌથી વધુ શિક્ષિતો જાવલી ગામમાં છે જે તાલુકાના સપાટ પ્રદેશમાં આવેલું છે. સૌથી ઓછું શિક્ષિતોનું પ્રમાણ કુંવર-ખાડીમાં (૧.૯૬ ટકા) જોવા મળે છે, જ્યાં શાળાની પણ સગવડ નથી અને એ ગામ જંગલ અને ટેકરીવાળા વિસ્તારમાં આવેલું છે. દશે ગામમાં કેવળ

કોઠો – ૨૫

મોજણી કરેલાં ગામોમાં શિક્ષિતોનું પ્રમાણ

ક્રમ	ગામનું નામ	કુલ વસ્તી			વસ્તીના પ્રમાણમાં શિક્ષિતની ટકાવારી		
		પુ.	સ્ત્રી	કુ.	પુ.	સ્ત્રી	કુ.
૧.	ધવલીવેર	૧૩૧	૧૨૮	૨૫૯	૩૨.૦૬	૨૮.૧૨	૩૦.૧૧
૨.	ચીકાલી	૧૦૬	૧૧૦	૨૧૬	૩૬.૭૯	૧૯.૦૯	૨૭.૭૭
૩.	દેવશાકી	૧૦૯	૧૩૧	૨૪૦	૪૫.૮૭	૧૬.૭૯	૩૦.૦૦
૪.	મોવી	૧૧૮	૧૩૫	૨૫૩	૫૦.૦૦	૧૪.૦૭	૩૦.૮૩
૫.	સોરાપાડા	૧૪૯	૧૩૨	૨૮૧	૨૯.૫૩	૧૬.૬૭	૨૩.૪૯
૬.	બર્કતુરા	૧૪૬	૧૨૬	૨૭૨	૧૬.૪૩	૨૧.૪૨	૧૮.૭૫
૭.	મોટી દેવરૂપેણ	૧૦૪	૧૦૫	૨૦૯	૩૧.૭૩	૨૨.૮૫	૨૭.૨૭
૮.	કુંવરખાડી	૮૧	૭૨	૧૫૩	૩.૭૦	—	૦૧.૯૬
૯.	કોડબા	૧૦૨	૧૦૨	૨૦૪	૨૭.૪૫	૧૭.૬૪	૨૨.૫૪
૧૦.	નવી જાવલી	૧૮૪	૧૭૨	૩૫૬	૫૩.૨૬	૨૭.૯૦	૪૧.૦૧
	કુલ :–	૧૨૩૦	૧૨૧૩	૨૪૪૩	૩૪.૧૪	૧૯.૫૩	૨૬.૮૯

બર્કતુરામાં જ સ્ત્રીશિક્ષણનું પ્રમાણ પુરુષો કરતાં વધુ છે. જ્યારે બીજાં નવ ગામોમાં સ્ત્રીઓના શિક્ષણની ટકાવારી પુરુષો કરતાં ઓછી જોવા મળે છે.

કોઠો – ૨૬

મોજણી કરેલાં ગામોમાં શિક્ષિતોમાં શિક્ષણની (સિદ્ધિ) પ્રમાણે વર્ગીકરણ

ક્રમ	શૈક્ષણિક સિદ્ધિ	પુ.રુષ		સ્ત્રી.		કુલ	
		સંખ્યા	ટકા	સંખ્યા	ટકા	સંખ્યા	ટકા
૧.	માત્ર વાંચી શકે	૫૫	૮.૩૭	૫૨	૭.૯૧	૧૦૭	૧૬.૨૯
૨.	પ્રાથમિક શિક્ષણ	૨૮૭	૪૩.૬૮	૧૬૪	૨૪.૯૬	૪૫૧	૬૮.૬૪
૩.	માધ્યમિક શિક્ષણ	૫૦	૭.૬૨	૧૭	૨.૫૯	૬૭	૧૦.૨૦
૪.	એસ. એસ. સી.	૨૪	૩.૬૫	૩	૦.૪૬	૨૭	૪.૧૧
૫.	સ્નાતક	૩	૦.૪૬	૧	૦.૧૫	૪	૦.૬૧
૬.	તાંત્રિક શિક્ષણ	૧	૦.૧૫	—	—	૧	૦.૧૫
	કુલ :–	૪૨૦	૬૩.૯૩	૨૩૭	૩૬.૦૭	૬૫૭	૧૦૦.૦૦

મોજણી કરેલાં ગામોમાંથી સૌથી વધુ ટકાવારી પ્રાથમિક શિક્ષણ મેળવેલાઓની છે. કુલ ૬૫૭ શિક્ષિતોમાંથી ૪૫૧ શિક્ષિત એટલે ૬૮.૬૪ ટકા લોકોએ પ્રાથમિક શિક્ષણ મેળવેલું છે જ્યારે ૧૦.૨૦ ટકા લોકોએ માધ્યમિક શિક્ષણ મેળવેલું છે. પરંતુ તેઓ એસ. એસ. સી.ની પરીક્ષા પસાર કરી શકયા નથી. એસ. એસ. સી. થયેલા ફક્ત ૪.૧૧ ટકા છે જ્યારે કુલ ૬૫૭ શિક્ષિતોમાં ફક્ત ચાર જ વ્યક્તિ એટલે ૦.૬૧ ટકા સ્નાતક છે અને તાંત્રિક શિક્ષણ મેળવનાર તો ફક્ત એક જ વ્યક્તિ છે.

સ્ત્રીશિક્ષણની રીતે વિચારીએ તો ૧૭ સ્ત્રીઓએ માધ્યમિક, ત્રણ સ્ત્રીઓએ એસ. એસ. સી. જ્યારે ૧ સ્ત્રીએ સ્નાતક શિક્ષણ મેળવ્યું છે. આમ શિક્ષણ તરફની ભૂખ સ્ત્રીઓમાં પણ જાગવાની શરૂઆત થઈ છે. તાજેતરનાં વર્ષોમાં શિક્ષણની પ્રગતિ થતી હોય એવું દેખાય છે અને ખાસ કરીને આ તાલુકામાં આદિવાસી પેટા-યોજના કાર્યક્રમ અમલમાં આવ્યા બાદ આ દિશામાં વધુ પ્રગતિ થઈ છે.

૩.૩ જાહેર આરોગ્ય

આ તાલુકામાં અંગ્રેજ રાજ્યના અમલ દરમ્યાન આધુનિક આરોગ્ય સેવાઓનું અસ્તિત્વ હતું જ નહીં. આદિવાસીઓ રોગ મટાડવા માટે પુરાણી પદ્ધતિઓનો ઉપયોગ કરતા જેમાં જડીબુટ્ટી, ભગત, ભૂવા વગેરે ઉપાયો અજમાવતા. તેઓ આધુનિક પદ્ધતિથી તદ્દન અજ્ઞાણ હતા. આરોગ્ય વિશેનું જ્ઞાન ઘણું પ્રાથમિક અવસ્થામાં હતું. વળી જંગલમાંથી તેમને તાજો ખોરાક અને ચોખ્ખી હવા મળતાં તેમનું આરોગ્ય પણ સચવાયેલું રહેતું. પરંતુ સમયના વહેણ સાથે જંગલો કપાતાં જંગલમાંથી મેળવાતો ખોરાક (જંગલી ફળ અને મૂળિયાં) ઘટતો ગયો. આદિવાસીઓને ખેત-ઉત્પાદન પર આધાર રાખવો પડયો. આદિવાસીઓમાં મોટા ભાગના લોકો જરૂર પૂરતો ખોરાક મેળવવા માટે પણ નિષ્ફળ નિવડ્યા. તેથી અપૂરતું પોષણ મળવા લાગ્યું. આ સામાન્ય બન્યું તેથી રોગો સામેની પ્રતિકાર શક્તિ પણ ઘટવા માંડી. અલબત્ત, આ રોગો માટે આદિવાસીઓમાં વાતાવરણ અને શરીરની સ્વચ્છતા અંગેની સભાનતા પણ જવાબદાર હતી. આવી પરિસ્થિતિને કારણે આદિવાસીઓ જુદા જુદા રોગના ભોગ બનવા લાગ્યા. બીજી બાજુ જૂની-પુરાણી આદતો ચાલુ જ રાખી અને આરોગ્યની સામાન્ય બાબતોમાં પણ

અજ્ઞાણ જ રહ્યા. તેઓમાં આરોગ્ય અંગે કેટલીક માન્યતાઓ ઘર કરી ગઈ હતી જે તેઓ છોડવા જ તૈયાર નહોતા. જેમ કે રોગનું મૂળ કારણ અશુદ્ધ આત્મા અને દેવીનો કોપ છે, મેલી વિદ્યાને કારણે જ આવું બને છે. તેથી જો દેવીને રીઝવવામાં ન આવે તો રોગના રૂપમાં આપત્તિ આવે છે. આવી માન્યતા સાથે બીજી બાજુ તાલુકામાં આરોગ્ય માટેની સવલતોનો અભાવ જોવા મળતો હતો. હવે તાલુકામાં શિક્ષિતોની સંખ્યા વધવાના પરિણામે પરંપરાગત માન્યતાઓમાંથી તેઓ મુક્તિ મેળવતા જાય છે અને નવી આરોગ્ય પદ્ધતિઓ અપનાવતા થયા છે. આમ તેમનામાં રોગ, મૃત્યુ, સ્વચ્છતા, વાતાવરણ વગેરે વિશેના દૃષ્ટિકોણમાં મોટા ફેરફારો થવા માંડ્યા છે.

સાગબારા તાલુકાનું પ્રથમ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સાગબારામાં ૧૯૬૫માં શરૂ થયું, તે પહેલાં જ્યારે ૧૯૬૨માં "સાગબારા આદિવાસી વિકાસ ઘટક કાર્યક્રમ" અમલમાં મુકાયો તે પહેલાં સાગબારામાં ૧૯૫૩થી સબસીડીની મદદવાળું દાક્તરોનું કેન્દ્ર ચાલતું હતું. આ યોજના, તાલીમ પામેલા દાક્તરો ગ્રામ વિસ્તારોમાં તેમની સેવાઓ આપવા સ્થિર થાય તે માટે શરૂ કરવામાં આવી હતી. આ યોજના પ્રમાણે દાક્તરો ગ્રામ વિસ્તારમાં તેમની સેવા આપવા સ્થિર થાય તે માટે મહિને સબસીડી, પ્રવાસભથ્થું તથા આયુર્વેદિક દવાઓનો જથ્થો આપવામાં આવતો. આ પ્રમાણે દાક્તરોને મહિને સબસીડી પેટે ૮૦ રૂ. અને પ્રવાસભથ્થા પેટે રૂ. ૩૭.૫૦ પૈસા મળતા હતા. અને દર વર્ષે રૂ. ૩૦૦ કિંમતની આયુર્વેદિક દવાનો જથ્થો પણ આપવામાં આવતો હતો. સાગબારામાં આ પ્રકારની સગવડ ૧૯૫૩થી શરૂ થઈ હતી.

હાલમાં સાગબારામાં એક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, બે ગ્રામ્ય આરોગ્ય કેન્દ્રો અને ૭ પેટાકેન્દ્રો છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તાલુકા મથક સાગબારામાં જ છે. જ્યારે ગ્રામ્ય આરોગ્ય કેન્દ્ર અનુક્રમે સેડાપાડા અને પાટલામહુ ગામમાં ચાલે છે. આ કેન્દ્રોની શરૂઆત ૧૯૭૦માં થઈ હતી. ૭ પેટાકેન્દ્રો (૧) ચોપડવાવ (૨) ટાવલ (૩) ધવલીવેર (૪) સેલંબા (૫) કોલવણ (૬) પાટલામહુમાં છે.

કોઠા નં. ૨૭ના આંકડા ઉપરથી સ્પષ્ટ થાય છે કે છેલ્લાં આઠ વર્ષમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ગ્રામ આરોગ્ય કેન્દ્રો અને પેટાકેન્દ્રોની સંખ્યાની સ્થિતિમાં ખાસ કોઈ ફેરફાર જોવા મળતો નથી. "સંયોજિત આદિવાસી

વિકાસ કાર્યક્રમ" હેઠળ પાંચમી પંચવર્ષીય યોજનામાં વધુ એક પ્રાથમિક કેન્દ્ર સ્થાપવાનું નક્કી થયું હતું પરંતુ હજુ સુધી તેનો અમલ થયો નથી.

કોઠો – ૨૭

સાગબારા તાલુકામાં ૧૯૭૦-૭૧ થી ૧૯૭૮-૭૯ના વર્ષ દરમ્યાન આરોગ્યની સગવડોનો વિકાસ દર્શાવતો કોઠો :

વર્ષ	પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની સગવડ	ગ્રામ આરોગ્ય કેન્દ્રની સગવડ	પેટાકેન્દ્રની સંખ્યા
૧૯૭૦-૭૧	૧	૨	૬
૧૯૭૧-૭૨	૧	૨	૬
૧૯૭૨-૭૩	૧	૨	૬
૧૯૭૩-૭૪	૧	૨	૬
૧૯૭૪-૭૫	૧	૨	૬
૧૯૭૫-૭૬	૧	૨	૬
૧૯૭૬-૭૭	૧	૨	૬
૧૯૭૭-૭૮	૧	૨	૬
૧૯૭૮-૭૯	૧	૨	૬

છેલ્લાં નવ વર્ષોના ગાળામાં આરોગ્યની સેવા આપતાં કેન્દ્રોની સંખ્યામાં કંઈ વધારો થયો નથી પરંતુ આ કેન્દ્રો દ્વારા સેવા મેળવતા લોકોની સંખ્યામાં ચોક્કસ પ્રમાણમાં વધારો નોંધાવા પામ્યો છે.

કોઠા નં. ૨૮માં જોતાં સ્પષ્ટ થાય છે કે નવ વર્ષમાં એટલે કે ૧૯૭૦-૭૧ થી ૧૯૭૮-૭૯ સુધીમાં સારવાર પામેલા દર્દીઓની સંખ્યામાં ૯૩૯૧ એટલે કે ૨૦૫.૯૪ ટકાનો વધારો નોંધાયો છે. પ્રથમ ચાર વર્ષ એટલે ૧૯૭૦-૭૧થી ૧૯૭૪-૭૫ સુધીનાં વર્ષોમાં સારવાર લેનાર દર્દીઓની સંખ્યામાં એકધારો વધારો નોંધાવા પામ્યો છે. પછીનાં બે વર્ષોમાં એટલે કે ૧૯૭૫-૭૬ અને ૧૯૭૬-૭૭નાં વર્ષોમાં અગાઉનાં વર્ષોની સરખામણીમાં સારવાર લેનાર દર્દીઓની સંખ્યામાં ઘટાડો નોંધાવા પામ્યો છે. પરંતુ ૧૯૭૭-૭૮માં ફરીથી આગલાં વર્ષો કરતાં ૧૨.૨૮ ટકાનો વધારો થયેલો

કોઠો – ૨૮

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને ગ્રામ્ય આરોગ્ય કેન્દ્રો દ્વારા સારવાર આપવામાં આવેલા કેસોની વર્ષ મુજબ સંખ્યા દર્શાવતો કોઠો :

વર્ષ	સારવાર પામેલા કેસોની સંખ્યા	ટકાવારીમાં વધઘટ
૧૯૭૦-૭૧	૪૫૬૦	
૧૯૭૧-૭૨	૫૩૫૦	+ ૧૭.૩૨
૧૯૭૨-૭૩	૫૬૮૦	+ ૬.૧૬
૧૯૭૩-૭૪	૬૫૫૦	+ ૧૫.૩૧
૧૯૭૪-૭૫	૭૮૬૧	+ ૨૦.૦૧
૧૯૭૫-૭૬	૭૪૫૯	- ૫.૧૧
૧૯૭૬-૭૭	૬૯૬૧	- ૬.૬૮
૧૯૭૭-૭૮	૭૮૧૬	+ ૧૨.૨૮
૧૯૭૮-૭૯	૧૩૯૫૧	+ ૭૮.૪૯

જોવા મળે છે. અને તેના કરતાં પણ ૧૯૭૮-૭૯માં તો ઘણો જ સારો એવો ૭૮.૪૯ ટકા વધારો નોંધાયો છે. આમ નવ વર્ષમાં વચ્ચેનાં બે વર્ષો બાદ કરતાં દર્દીઓની સંખ્યામાં એકધારો વધારો થયેલો જોવા મળ્યો છે. આ બાબત એ બતાવે છે કે આ તાલુકાના આદિવાસીઓ કે જે રોગ મટાડવા માટે દવા સાથે ભૂત, બાવા, ભગત વગેરે પર આધાર રાખતા હતા તેઓ હવે આધુનિક આરોગ્યની સગવડો તરફ વળવા લાગ્યા છે. હજી પણ દરેક ગામમાં આ ભૂવા કે ભગતના નામે ઓળખાતી વ્યક્તિ હોય જ છે અને આદિવાસીઓ માનતા હોય છે કે આ ભૂવાઓને રોગવિષયક અને તે માટે અપાતા બલિદાનની ખબર હોય છે. પરંતુ આ આધુનિક આરોગ્ય-વ્યવસ્થાનો વધુ સ્વીકાર થયા પછી આ ભૂવાઓની પકડ ધીરે ધીરે આદિવાસી વિસ્તારમાં ઢીલી પડતી જાય છે.

અહીંયાં એક પ્રશ્ન ઊભો થાય છે કે વચ્ચેનાં બે વર્ષો ૧૯૭૫-૭૬ અને ૧૯૭૬-૭૭ દરમ્યાન દર્દીઓની સંખ્યામાં શા માટે ઘટાડો નોંધાયો ? આ માટે એક ધારણા એવી છે કે એ બે વર્ષ દરમ્યાન જે કર્મચારીવર્ગ હશે

તેની સેવા અપૂરતી હશે. પરિણામે તેઓ આદિવાસી પ્રજામાં અપ્રિય થયા હશે. આ એક ધારણા જ છે. સત્ય હકીકત શું છે તેની ચર્ચા કરવી મુશ્કેલ છે.

સાગબારા તાલુકામાં ૧૯૭૦થી ધવલીવેર, પાટલામહુ અને કેલવણમાં ત્રણ પ્રસૂતિગૃહો પણ ચાલે છે. બીજા કેન્દ્રોની જેમ ૧૯૭૦થી ૧૯૭૯ દરમ્યાન એમાં કોઈ પણ પ્રકારનો વધારો નોંધાવા પામ્યો નથી. આ પ્રસૂતિ કેન્દ્રો દ્વારા આદિવાસી સ્ત્રીઓને પ્રસૂતિ પહેલાંની અને પ્રસૂતિ પછીની સેવાઓ પૂરી પાડવામાં આવે છે.

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતેના મુખ્ય કુટુંબનિયોજન કેન્દ્ર સિવાય તાલુકામાં બીજાં ત્રણ પેટાકેન્દ્રો અનુક્રમે ચોપડવાવ, ટાવલ અને સેલંબા ગામોમાં ચાલે છે. આ કેન્દ્રો છેલ્લાં ૧૫ વર્ષથી ચાલે છે. અને એમાં છેલ્લા બે દાયકામાં કોઈ વધારો નોંધાયો નથી. પરંતુ આ કેન્દ્રો દ્વારા લોકોની જે સંખ્યા કુટુંબનિયોજન માટે આવરી લેવામાં આવી છે તે ઉત્સાહપ્રેરક છે. અલબત્ત આદિવાસી પ્રજા માટે તો કુટુંબનિયોજન એ કલ્પના બહારનો વિષય છે. બીજું કે કુટુંબનિયોજન માટેની તેમની સામાજિક સ્થિતિ પણ અનુકૂળ નથી. છતાં આરોગ્ય કેન્દ્રોના કર્મચારીઓ દ્વારા યોજાતી ઘનિષ્ઠ શિબિરોને કારણે આ કાર્યક્રમ પ્રત્યે ઉત્સાહ પણ રહ્યો છે અને એમાં ઘણા લોકોને સમાવી પણ લેવામાં આવ્યા છે.

કોઠા નં. ૨૯ પ્રમાણે ૧૯૭૬–૭૭ના વર્ષમાં સૌથી વધુ લોકોને આ કાર્યક્રમ હેઠળ આવરી લેવામાં આવ્યા છે. ૧૯૭૩–૭૪ના વર્ષ દરમ્યાન સૌથી ઓછા લોકોએ આ કાર્યક્રમનો લાભ લીધો હતો.

કોઠા નં. ૨૯ જોતાં સ્પષ્ટ ખ્યાલ આવે છે કે ૧૯૭૬–૭૭ના વર્ષમાં સૌથી વધુ આગલા વર્ષની સરખામણીમાં ૩૪૧૨નો વધારો એટલે કે ૨૪૬.૫૩ ટકા વધારો થયો છે. પરંતુ ત્યાર પછીના વર્ષે ફરીથી સારો એવો ઘટાડો થયો અને ૧૯૭૮–૭૯ના વર્ષમાં ફરીથી વધારો નોંધાવા પામ્યો છે. તાલુકામાં કુટુંબનિયોજન કેન્દ્ર દ્વારા પુરુષ અને સ્ત્રી વંધ્યીકરણના કેસની શિબિરો પણ યોજાઈ હતી. કોઠા નં. ૩૦ વંધ્યીકરણ કરાવનાર વ્યક્તિઓની સંખ્યા વર્ષવાર દર્શાવે છે.

કોઠો – ૨૯

સાગબારા તાલુકામાં ૧૯૭૦–૭૧થી ૧૯૭૮–૭૯ના વર્ષ દરમ્યાન કુટુંબનિયોજન કાર્યક્રમ હેઠળ આવરી લેવાયેલ લોકોની સંખ્યા :

વર્ષ	કુટુંબનિયોજન કેન્દ્રની સંખ્યા	કુટુંબનિયોજન કેન્દ્ર દ્વારા આવરી લેવાયેલી વ્યક્તિઓની સંખ્યા	વર્ષ મુજબ ટકાવારી વધઘટ
૧૯૭૦–૭૧	૩	૭૫૨	—
૧૯૭૧–૭૨	૩	૨૫૩૨	+ ૨૩૬.૭૦
૧૯૭૨–૭૩	૩	૧૨૬૫	– ૫૦.૦૩
૧૯૭૩–૭૪	૩	૬૮૧	– ૪૬.૧૬
૧૯૭૪–૭૫	૩	૮૪૫	+ ૨૪.૦૮
૧૯૭૫–૭૬	૩	૧૩૮૪	+ ૬૩.૭૯
૧૯૭૬–૭૭	૩	૪૭૯૬	+ ૨૪૬.૪૩
૧૯૭૭–૭૮	૩	૯૩૬	– ૮૦.૪૮
૧૯૭૮–૭૯	૩	૧૭૫૫	+ ૮૭.૫

કોઠો – ૩૦

વંધ્યીકરણ કરાવનાર વ્યક્તિઓની વર્ષ પ્રમાણે સંખ્યા દર્શાવતો કોઠો (૧૯૭૦–૭૧થી ૧૯૭૮–૭૯ સુધી) :

વર્ષ	વંધ્યીકરણ કરાવનારની સંખ્યા	વર્ષ દરમ્યાન થયેલ વધઘટની ટકાવારી
૧૯૭૦–૭૧	૧૮૧	—
૧૯૭૧–૭૨	૨૦૬૬	+ ૧૦૪૧.૪૩
૧૯૭૨–૭૩	૨૯૬	– ૮૫.૬૭
૧૯૭૩–૭૪	૫૦	– ૮૨.૭૭
૧૯૭૪–૭૫	૩૫૧	+ ૫૮૮.૨૪
૧૯૭૫–૭૬	૧૦૬૮	+ ૨૦૦.૨૭
૧૯૭૬–૭૭	૩૯૮૬	+ ૨૭૩.૨૨
૧૯૭૭–૭૮	૧૪૦	– ૯૬.૪૯
૧૯૭૮–૭૯	૬૪૫	+ ૩૬૦.૭૧

કોઠા મુજબ ૧૯૭૧–૭૨, ૧૯૭૫–૭૬ અને ૧૯૭૬–૭૭ દરમ્યાન વંધ્યીકરણ કરાવનારની સંખ્યા મોટી રહેવા પામી છે જ્યારે ૧૯૭૭–૭૮ના વર્ષમાં ઓછામાં ઓછી. ૧૯૭૬–૭૭ના વર્ષમાં તો શ્રેષ્ઠ સિદ્ધિ મેળવી એટલું જ નહીં પરંતુ નિયત સમયમાં વંધ્યીકરણનો લક્ષ્યાંક સિદ્ધ કરવા બદલ આ તાલુકો ભરૂચ જિલ્લામાં ઇનામને પાત્ર બન્યો હતો.

૧૯૭૬–૭૭થી આ તાલુકામાં મિડ્‌વાઇફ માટેનાં તાલીમ કેન્દ્રો પણ શરૂ કરવામાં આવ્યાં છે. આ કેન્દ્રો દ્વારા ૧૯૭૬–૭૭ અને ૧૯૭૭–૭૮ દરમ્યાન અનુક્રમે ૧૬ અને ૨૨ સ્ત્રીઓને મિડ્‌વાઇફની તાલીમ પણ આપવામાં આવી હતી. પણ ૧૯૭૮–૭૯માં આવી તાલીમ એક પણ સ્ત્રીએ લીધી નથી એ નીચેના કોઠા ઉપરથી જોઈ શકાશે.

કોઠો – ૩૧

મિડ્‌વાઇફ તાલીમ કેન્દ્ર અને તાલીમ પામનારની વર્ષ પ્રમાણે સંખ્યા દર્શાવતો કોઠો :

વર્ષ	તાલીમ કેન્દ્રની સંખ્યા	તાલીમ પામનારની સંખ્યા
૧૯૭૦–૭૧	–	–
૧૯૭૧–૭૨	–	–
૧૯૭૨–૭૩	–	–
૧૯૭૩–૭૪	–	–
૧૯૭૪–૭૫	–	–
૧૯૭૫–૭૬	–	–
૧૯૭૬–૭૭	૧	૧૬
૧૯૭૭–૭૮	૧	૨૨
૧૯૭૮–૭૯	૧	–

આ કેન્દ્ર ઘણું મોડું શરૂ થયું છે. તેથી તાલીમના કાર્યક્રમો પુરજોશમાં ચાલવા જોઈએ. અને આદિવાસી સ્ત્રીઓ મિડ્‌વાઇફ તરીકેની તાલીમ મેળવી આધુનિક રીતે મિડ્‌વાઇફનું કામ કરે તેવા પ્રયત્નો પણ થવા જોઈએ.

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર જે સાગબારા ખાતે આવેલું છે તેના દ્વારા કેટલાક રોગોના દર્દીઓ જેવા કે રક્તપિત્ત, ક્ષય, મલેરિયા અને અછબડાની

ખાસ સારવાર આપવામાં આવે છે. આવા રોગોના ભોગ બને તે પહેલાં રસી અને ઇન્જેક્શન આપવામાં આવે છે. આ પ્રકારની સેવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનાં વિવિધલક્ષી આરોગ્ય એકમો દ્વારા આપવામાં આવે છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં પ્રસૂતિ માટે એક એારડો પણ રાખવામાં આવ્યો છે. આરોગ્ય કેન્દ્રની આ સેવા ઉપરાંત તે તાલુકાનાં છ પેટા-કેન્દ્રો દ્વારા પરિચારિકા અને મિડ્‌વાઇફ દ્વારા આધુનિક રીતે પદ્ધતિસર પ્રસૂતિ કરાવવાની સગવડ ઊભી કરી છે. કોઠા નં. ૩૨માં સગર્ભા સ્ત્રી, પ્રસૂતિ અને તેને લગતી સેવાઓ દર્શાવવામાં આવી છે.

કોઠો – ૩૨

સાગબારા તાલુકામાં આરોગ્ય કેન્દ્ર દ્વારા કરાવવામાં આવેલી પ્રસૂતિ અને તે માટે આપવામાં આવેલી જરૂરી તબીબી સેવા દર્શાવતો કોઠો :

ક્રમ	સેવા	વર્ષ ૧૯૭૭	વર્ષ ૧૯૭૮	વર્ષ ૧૯૭૯
૧.	પ્રસૂતિના કેસો	૧૪૦	૧૫૩	૧૮૫
૨.	સગર્ભા માતાને સારવાર	૯૯૪	૭૨૫	૯૧૫
૩.	પ્રસૂતિ થયા બાદની સારવાર	૮૮૮	૭૧૩	૬૦૭
૪.	સગર્ભા સ્ત્રીઓને ધનુર વિરોધી ઇન્જેક્શન	૩૮૦	૧૨૮૦	૧૫૧૪
૫.	બાળકોને દૂધ પીવડાવતી માતાઓને વિટામિન ગોળી	૭૧૨	૯૭૧	૮૮૮

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા શાળામાં ભણતાં બાળકોની આરોગ્ય તપાસ પણ હાથ ધરવામાં આવી છે. પ્રથમ વર્ષમાં ભણતાં બાળકોને ડી. ટી. અને ટી.એ.બી.નાં ઇન્જેક્શનો આપવામાં આવે છે. કોઠા નં. ૩૩માં બાળકોને આપવામાં આવેલી જુદી જુદી સારવાર દર્શાવવામાં આવી છે.

કોઠો – ૩૩

૧૯૭૭થી ૧૯૭૯ દરમ્યાન બાળકોને આપવામાં આવેલી જુદી જુદી સારવાર દર્શાવતો કોઠો :

ક્રમ	તબીબી સેવા	વર્ષ ૧૯૭૭	૧૯૭૮	૧૯૭૯
૧.	વિટામિન 'એ'ની ગોળી આપેલ બાળકો	૯૫૩	૧૨૬૪	૯૨૧
૨.	શાળામાં ભણતાં બાળકોની તપાસ	૧૩૪૪	૧૨૩૭	૧૨૭૫
૩.	૫ વર્ષથી નીચેનાં બાળકોની તબીબી તપાસ	૧૪૬૭	૧૩૬૫	૧૫૭૮

આરોગ્યની દૃષ્ટિએ જોતાં લાગે છે કે આ તાલુકામાં સામાન્ય રોગોમાં ચામડીના રોગો, કલેજાના રોગો, રક્તપરિભ્રમણ તંત્રના રોગો તથા પાચનતંત્રના રોગો જોવા મળે છે. ચામડીના રોગોમાં દાદર અને ખસ ખાસ જોવા મળે છે. લોહી અને emphetic systemના રોગોમાં એનિમિયા સામાન્ય બાબત છે અને તે પણ પોષણના અભાવે આદિવાસી સ્ત્રીઓમાં સામાન્યપણે જોવા મળે છે. પાચનતંત્રના રોગોમાં ઝાડા, બંધકોષ, કબજિયાત અને પાચનની નબળાઈ જેવા રોગો જોવા મળે છે.

તાલુકામાં ક્ષય અને રક્તપિત્તના કેસો પણ છે. તાજેતરનાં વર્ષોમાં મલેરિયાના કેસોની સંખ્યામાં પણ વધારો થતો રહ્યો છે. કોઠા નં. ૩૪માં વર્ષ પ્રમાણે આ રોગોની આપવામાં આવેલી સારવાર દર્શાવવામાં આવી છે.

"રાષ્ટ્રીય રક્તપિત્ત નિયંત્રણ કાર્યક્રમ" હેઠળ ૧૯૭૬–૭૭ના વર્ષથી ખાસ રક્તપિત્ત નિયંત્રણ એકમ પણ ચલાવવામાં આવે છે.

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા ખાસ ચેપી રોગો સામે પગલાં લેવામાં આવે છે. કોઠા નં. ૩૫માં રસી અને ઇન્જેક્શન આપવામાં આવેલી વ્યક્તિઓની સંખ્યા દર્શાવવામાં આવી છે.

કોઠો – ૩૪

ક્ષય, રક્તપિત્ત અને મલેરિયાના દર્દીઓને વર્ષ મુજબ આપવામાં આવેલી સારવાર :

ક્રમ	વર્ષ	ક્ષય	રક્તપિત્ત	મલેરિયા
૧.	૧૯૭૦–૭૧	૯	–	૪૦
૨.	૧૯૭૧–૭૨	૧૧	–	૬૦
૩.	૧૯૭૨–૭૩	૧૩	–	૭૫
૪.	૧૯૭૩–૭૪	૧૫	–	૯૦
૫.	૧૯૭૪–૭૫	૨૧	–	૫૩૦
૬.	૧૯૭૫–૭૬	૨૫	–	૩૮૦
૭.	૧૯૭૬–૭૭	૩૦	૯૯	૪૨૫
૮.	૧૯૭૭–૭૮	૪૦	૪૯	૭૨૧
૯.	૧૯૭૮–૭૯	૩૧	૪૧	૧૮૭

કોઠો – ૩૫

રોગપ્રતિકારક રસી તથા ઇંજેક્શન આપવામાં આવેલી વ્યક્તિઓની ૧૯૭૭થી ૧૯૭૯ની સંખ્યા દર્શાવતો કોઠો :

ક્રમ	રસી / ઇંજેક્શન	વર્ષ ૧૯૭૭	૧૯૭૮	૧૯૭૯
૧.	કૉલેરા	૨૦૦	—	૨૩૪૮
૨.	ત્રિગુણી રસી	૭૩૫	૧૪૬૨	૨૩૫૩
૩.	ડી.ટી. અને ધનુરવિરોધી ઇન્જેક્શન	૧૧૫૬	૩૪૮	૫૫૩૫

જન્મમરણુ

તાલુકાના ૧૯૭૦–૭૮ના જન્મ-મરણુના નોંધાયેલા આંકડાઓની તપાસ કરતાં માલૂમ પડે છે કે જન્મના આંકડામાં ખાસ ફેરફાર થયેલો જોવા મળે છે. આ તાલુકામાં આદિવાસી વસતી વધુ છે, તેથી તેઓની અંધશ્રદ્ધા અને અજ્ઞાનતાને કારણે જન્મની નોંધણી ચોક્કસ વર્ષમાં કરાયેલી મળતી નથી. પરિણામે ૧૯૭૬માં સૌથી ઊંચો જન્મદર અને ૧૯૭૭માં સૌથી નીચો જન્મદર નોંધાયેલો જોવા મળ્યો છે. કદાચ શકય એ છે કે ૧૯૭૬માં સૌથી મોટા પાયા પર કુટુબનિયોજનનો કાર્યક્રમ અમલમાં આવ્યો હતો તેથી બીજા વર્ષે ૧૯૭૭માં સૌથી ઓછો જન્મદર નોંધાયો હોય.

કોઠો – ૩૬

તાલુકામાં વર્ષ દરમ્યાન નોંધાયેલ જન્મ-મરણુની નોંધ દર્શાવતો કોઠો :

વર્ષ	જન્મની સંખ્યા	વર્ષ મુજબ ટકાવારીમાં વધઘટ	મરણુની સંખ્યા	વર્ષ મુજબ ટકાવારીમાં વધઘટ	કુલ મરણુમાંથી બાળમરણુની ટકાવારી
૧૯૭૦	૧૪૬૯	—	૪૮૭	—	૧૩.૯૬
૧૯૭૧	૧૬૦૧	+ ૮.૯૯	૪૪૧	– ૯.૪૫	૧૭.૬૯
૧૯૭૨	૧૪૦૦	– ૧૨.૫૫	૪૧૦	– ૭.૦૩	૧૩.૯૦
૧૯૭૩	૧૪૦૨	+ ૦.૧૪	૪૦૦	– ૨.૪૪	૧૬.૨૫
૧૯૭૪	૧૪૭૧	+ ૪.૯૨	૩૨૨	– ૧૯.૫	૧૬.૧૫
૧૯૭૫	૧૨૫૬	– ૧૪.૬૨	૨૬૯	– ૧૬.૪૫	૧૮.૫૯
૧૯૭૬	૧૫૧૦	+ ૨૦.૨૨	૩૦૭	+ ૧૪.૧૩	૧૪.૩૩
૧૯૭૭	૧૦૪૬	– ૩૦.૭૩	૩૦૮	+ ૦.૭૩	૧૨.૦૧

મૃત્યુદરમાં ૧૯૭૬ અને ૧૯૭૭નાં વર્ષોને બાદ કરતાં એકધારો ઘટાડો નોંધાવા પામ્યો છે. આ ઉપરથી એવું તારવી શકાય કે, સાગબારામાં જે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર છે તેના દ્વારા જે સેવાઓ આપવામાં આવે છે તેથી તાલુકાની પ્રજાને લાભ થયો છે. પરંતુ આ પ્રકારનું લક્ષણ ખાસ કારણમાં જોવા મળતું નથી. છેલ્લાં બે વર્ષોમાં મરણુપ્રમાણુમાં વધારો નોંધાયો છે ત્યારે બાળમરણુમાં ઘટાડો નોંધાવા પામ્યો છે.

તાલુકાના ઉત્તર અને પશ્ચિમ વિભાગમાં જમીન કઠણ હોવાને પરિણામે લોકોને પીવાયોગ્ય પાણી પણ મળતું નથી. કોઠા નં. ૩૭ પરથી ખ્યાલ આવે છે કે ૧૯૭૦–૭૧માં તાલુકાનાં કુલ ગામોમાંથી લગભગ અડધાં ગામોમાં પણ પીવાના પાણી માટે કૂવાની સગવડ ન હતી. જોકે ત્યાર પછીનાં વર્ષોમાં કૂવાની સગવડવાળાં ગામોની સંખ્યા વધતી રહી છે, પરંતુ ૧૯૭૮–૭૯ના વર્ષમાં હજુ પણ ૬ ગામો એવાં છે કે જ્યાં કૂવાની સગવડ નથી.

કોઠો – ૩૭

વર્ષ પ્રમાણે તાલુકામાં સાદો કૂવો ધરાવતાં ગામોની સંખ્યા તથા પીવાના પાણીની સગવડ ન ધરાવતાં ગામોની સંખ્યા દર્શાવતો કોઠો :

વર્ષ	વર્ષ પ્રમાણે સાદો કૂવો ધરાવતાં ગામો સંખ્યા	વર્ષ મુજબ ટકાવારીમાં વધારો	પીવાના પાણીની સગવડ ન ધરાવતાં ગામો સંખ્યા	કુલ ગામોની ટકાવારી
૧૯૭૦–૭૧	૬૮	—	૨૭	૨૫.૪૭
૧૯૭૧–૭૨	૭૧	૪.૪૧	૨૩	૨૧.૭૦
૧૯૭૨–૭૩	૭૫	૫.૬૩	૧૯	૧૭.૯૨
૧૯૭૩–૭૪	૭૬	૨.૬૭	૧૭	૧૬.૦૦
૧૯૭૪–૭૫	૭૮	૧.૩૦	૧૬	૧૫.૦૯
૧૯૭૫–૭૬	૮૦	૨.૫૬	૧૪	૧૩.૨૧
૧૯૭૬–૭૭	૮૧	૧.૨૫	૧૩	૧૨.૨૬
૧૯૭૭–૭૮	૮૫	૪.૯૪	૯	૮.૪૯
૧૯૭૮–૭૯	૮૮	૩.૫૩	૬	૫.૬૬

તાલુકામાં એવા કેટલાક કૂવા છે કે જે ઉનાળાની ઋતુ આવતાં સુકાઈ જાય છે. ટૂંકમાં તાલુકાના પૂર્વ ભાગ તથા દક્ષિણ-પૂર્વ ભાગનાં ગામોમાં ઉનાળાની ઋતુમાં પીવાના પાણીની તંગી રહેતી હોય છે.

આવા કાર્યક્રમો સિવાય આરોગ્યની બીજી સગવડોમાં બાવલાં પ્રકારનાં જાજમ, શોષખાડા, નિર્ધૂમ ચૂલા વગેરે કાર્યક્રમો પણ હાથ ધરાવા જોઈએ. આવા કાર્યક્રમોની પ્રગતિ નીચેના કોઠા ઉપરથી જોઈ શકાય છે.

કોઠો – ૩૮

તાલુકામાં સ્વચ્છતા અને આરોગ્ય અંગે લેવાયેલાં પગલાં દર્શાવતો કોઠો :

ક્રમ	પ્રકાર	વર્ષ ૧૯૭૭	૧૯૭૮	૧૯૭૯
૧.	બાવલાં પ્રકારનાં જાજમ	૩૦	૨૧	૫૦
૨.	શોષખાડા	—	—	૧૫
૩.	નિર્ધૂમ ચૂલા	—	—	૧૫
૪.	કૂવામાં દવા છાંટવી	૪૧૭	૧૨૮૨	૧૪૮૮

શોષખાડા, નિર્ધૂમ ચૂલા જેવા કાર્યક્રમોની શરૂઆત માત્ર ૧૯૭૯ના વર્ષથી કરવામાં આવી છે.

આશ્રય નિવાસસ્થાન

કોટવાળિયા લોકોને સસ્તી કિંમતે રહેઠાણ બાંધી આપવાની યોજના અમલમાં છે પણ તે અંગેના આંકડા પ્રાપ્ય નથી. બીજી યોજના પ્રમાણે જો આદિવાસીઓનાં ઝૂંપડાં પૂર, આગ વગેરેથી નાશ પામે તો તેને ઝૂંપડું બનાવવા માટે વાંસ, લાકડું, ઘાસ વગેરે બાંધકામની વસ્તુઓ મફત પૂરી પાડવામાં આવે છે. આ યોજનાનો લાભ લેનાર કેટલા છે તેની આંકડાકીય માહિતી ઉપલબ્ધ નથી. આ પરથી એવું દેખાય છે કે ગૃહનિર્માણનો કાર્યક્રમ આદિવાસીઓમાં યોગ્ય રીતે થયો નથી.

ભૌતિક માળખું — પરિવહન અને સંદેશાવ્યવહાર

અગાઉ ઉલ્લેખ કર્યો તે મુજબ સાગબારા તાલુકો ભરૂચ જિલ્લામાં છેવાડે અને ઊંડાણના વિસ્તારમાં આવેલો છે તેથી ત્યાં વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહારની સગવડ ખરેખર ઘણી ઓછી છે. આ બાબત કોઠા નં.–૩૯માં દર્શાવી છે.

કોઠો – ૩૯

સાગબારા તાલુકામાં પરિવહન, સંદેશાવ્યવહાર, અને વીજળીની સગવડ દર્શાવતો કોઠો :

સગવડ	આવરી લેવાયેલ ગામોની સંખ્યા	કુલ ગામોમાંથી ટકાવારી
અ : પરિવહન :		
૧. ડામર રસ્તો	૫	૦૪.૮૭
૨. કાચો રસ્તો	૮૯	૮૪.૭૬
૩. બસની સગવડ	૪૦	૩૮.૧૦
૪. રેલવે સ્ટેશન	—	—
બ : સંદેશાવ્યવહાર :		
૧. ટપાલ કચેરી	૧૯	૧૮.૧૦
૨. ટેલિગ્રાફ કચેરી	૧	૦૦.૯૫
૩. ટપાલ અને તાર કચેરી	૧	૦૦.૯૫
૪. પ્રાયોગિક કચેરી અને કામચલાઉ ટપાલ કચેરી	૪	૩.૮૦
ક : વીજળી :		
૧. વીજળીની સગવડ ધરાવતાં ગામો	૭	૬.૬૦
૨. માત્ર ખેતીના હેતુ માટે વીજળીની સગવડ ધરાવતાં ગામો	૬	૫.૬૬

કોઠો જોતાં ખ્યાલ આવે છે કે આ તાલુકાનું કોઈ ગામ રેલવે સાથે સંકળાયેલું નથી. બીજું, ડામર રોડની સગવડ પણ પાંચ ગામોને જ છે કે જે અંકલેશ્વર અક્કલકૂવા રસ્તા પર આવેલાં છે. વીજળીની સગવડ પણ ફક્ત સાત ગામોને છે. મોટા ભાગના રસ્તા કાચા છે તેથી વર્ષાઋતુમાં તો આ તાલુકામાં સંદેશાવ્યવહાર લગભગ બંધ થઈ જાય છે. કોઠા પ્રમાણે ૪૦ ગામોને બસની સગવડ પ્રાપ્ય છે. પરંતુ આમાંનાં મોટાં ભાગનાં ગામડાં

કાચા રસ્તા પર હોવાથી ચોમાસું શરૂ થતાં જ બસની સગવડ બંધ થઈ જતી હોય છે. ફક્ત અંકલેશ્વરથી અક્કલકૂવાનો માર્ગ જ ચોમાસામાં ઉપયોગમાં આવે છે. પરિણામે ચોમાસામાં મોટા ભાગનાં ગામો દુનિયાથી અલિપ્ત બને છે. આમ સંદેશાવ્યવહાર તેમ જ પરિવહન માટે આ તાલુકો ઘણો જ પછાત છે. આ તાલુકામાં કુલ ૧૩૬૨ રેડિયો લાયસન્સ નોંધાયેલાં છે. પાકા માર્ગની કુલ લંબાઈ ૨૬.૯૦ કિ.મી. છે જ્યારે કાચા માર્ગની કે જ્યાંથી બસ પસાર થાય તેની કુલ લંબાઈ ૨૭.૫૦ કિ.મી. છે.

કોઠો – ૪૦

સાગબારા તાલુકામાં વીજળીકરણ થયેલાં ગામોમાં વીજળીના જોડાણનો પ્રકાર દર્શાવતો કોઠો :

ક્રમ	ગામનું નામ	હેતુ માટે વીજળીનું જોડાણ					
		વીજળીની મોટર બેસાડવા	વીજળીની મોટરનાં બાકીનાં	ઘરવપરાશ બત્તી	રસ્તાની બત્તી	ઘંટી	વારિ-ગૃહ
		જોડાણો					
૧.	સાગબારા	૫	૪	૧૪૯	૬૦	૧	૧
૨.	પંખાલા	૭	૧	૧૬	૩૦	—	—
૩.	કાનખાડી	૪	—	૧૩	૧૫	—	—
૪.	સેલંબા	૬	૩	૧૯૭	૬૦	૧૨	૧
૫.	પાટ	૬	૧૦	૪૦	૨૫	૧	—
૬.	ભોરઆંબલી	૩	૮	૧૭	૩૦	૨	—
૭.	ચોપડવાવ	૧	૫	૧૬	૬૦	૧	
	કુલ :	૩૨	૩૧	૪૪૮	૨૮૦	૧૭	૨

ઘરવપરાશ માટે પણ સાગબારા અને સેલંબા સિવાય ઘણા જ ઓછા લોકો વીજળીની સગવડ મેળવે છે. આનું કારણ એ છે કે સાગબારા એ તાલુકા મથક છે, અને સેલંબા વ્યાપારી મથક હોવાથી ઘરવપરાશની વીજળીનાં જોડાણની સંખ્યા વધુ છે.

કોઠો – ૪૧

સાગબારા તાલુકામાં વીજળીની મોટર માટે વીજળીનું જોડાણ મેળવનાર તથા વીજળીનું જોડાણ આપવાનું બાકી છે તેના આંકડા દર્શાવતો કોઠો :

ક્રમ	ગામનું નામ	વીજળીની મોટર બેસાડનાર વ્યક્તિની સંખ્યા	જેમને વીજળીજોડાણ બાકી છે તેવી વ્યક્તિની સંખ્યા.
૧.	નરવાડી	૫	૪
૨.	કેવદા	૧	૩
૩.	ગોટપાડા	૧	૬
૪.	ધનસેરા	૨	૪
૫.	ઉભારિયા	–	૭
૬.	ચિત્રાકેવડી	૨	૨
	કુલ :	૧૧	૨૬

આ પરથી સ્પષ્ટ લાગે છે કે બહુ જ થોડી વ્યક્તિઓએ ખેતીના હેતુ માટે વીજળીનાં જોડાણ મેળવ્યાં છે. એના કરતાં વધુ વ્યક્તિઓને વીજળીજોડાણની માંગ મુજબ વીજળીજોડાણ આપવાનું બાકી છે. આનું મુખ્ય કારણ એ છે કે આ પ્રદેશની આદિવાસી પ્રજાની આર્થિક સ્થિતિ નબળી છે, અને તેઓ વીજળીજોડાણ મેળવવા માટેની ઓછામાં ઓછી કિંમત આપવા પણ શક્તિમાન નથી અને તેથી ખેતી તેમ જ ઘરવપરાશ બંને બાબતે જોડાણ મેળવવા બાબત પ્રગતિ ધીરી છે.

સંસ્થાકીય માળખું :

સહકારી સંસ્થાઓ :

આ વિસ્તારના પછાતપણાને કારણે સહકારી સંસ્થાઓ સ્થાપવાની પ્રગતિ પણ ધીરી છે અથવા તો અટકી ગઈ છે એમ કહીએ તો ચાલે. સહકારી મંડળીઓ સ્થાપવાની ઝુંબેશ ઘણાં વર્ષો પહેલાંથી શરૂ થયેલી છે. પણ અહીં તે ધીમી છે તે નીચેના કોઠાના આંકડા ઉપરથી સમજી શકીશું. ૧૯૬૦–'૬૧માં કુલ ૧૬ ખેતીવિષયક ધિરાણ મંડળીઓ હતી.

કોઠો – ૪૨

વર્ષ મુજબ ખેતીવિષયક ધિરાણુ સહકારી મંડળીઓ, વિવિધ કાર્યકારી મંડળીઓ, તેમની સભ્ય સંખ્યા અને અન્ય વિગત દર્શાવતો કોઠો :

વર્ષ	મંડળીની સંખ્યા	વધારો ઘટાડો ટકાવારી	સભાસદ સંખ્યા	વધઘટ ટકાવારી
૧૯૬૦–૬૧	૧૬	૨૫ ટકા	૯૧૦	
૧૯૭૦–૭૧	૧૨	—	૧૩૧૦	૪૩.૯૬
૧૯૭૧–૭૨	૧૨	—	૧૪૭૦	૧૨.૨૧
૧૯૭૨–૭૩	૧૨	—	૧૫૬૦	૬.૧૨
૧૯૭૩–૭૪	૧૨	—	૧૬૧૦	૩.૨૧
૧૯૭૪–૭૫	૧૨	—	૧૭૪૦	૮.૦૪
૧૯૭૫–૭૬	૧૩	૮.૩૩	૨૦૨૧	૧૬.૧૫
૧૯૭૬–૭૭	૧૩	—	૨૧૩૦	૫.૩૯
૧૯૭૭–૭૮	૧૩	—	૨૨૨૭	૪.૫૫
૧૯૭૮–૭૯	૧૩	—	૨૩૧૩	૩.૮૬

ધિરાણુ વિવિધ કાર્યકારી સહકારી મંડળીઓની સંખ્યામાં વિકાસ સાથે વધવું જોઈએ પરંતુ અહીંમાં તેથી ઊલટી પરિસ્થિતિ જોવા મળે છે. ૧૯૬૦–૬૧માં ૧૬ મંડળીઓ હતી તે ૧૯૭૦–૭૧ના દશ વર્ષમાં ઘટીને ૧૨ થવા પામી છે. આમ ૨૫ ટકાનો ઘટાડો નોંધાયો છે. ૧૯૭૫–'૭૬માં એક સહકારી મંડળીનો ઉમેરો થયો છે.

પરંતુ આ મંડળીઓના સભાસદોની સંખ્યામાં વધારો થતો રહ્યો છે. આ વધારો ૧૯૬૦–૬૧થી ૧૯૭૦–૭૧ના દાયકા દરમ્યાન ૪૩.૯૬ ટકા રહ્યો હતો, જ્યારે ૧૯૭૦–૭૧થી ૧૯૭૮–'૭૯નાં નવ વર્ષ દરમ્યાન આ વધારો ૭૬.૫૭ ટકા હતો.

હવે પછીના પાના ઉપર સહકારી મંડળીના પ્રકાર, તેની સભ્યસંખ્યા અને અન્ય વિગતો આપવામાં આવી છે.

કોઠાના આંકડાઓ જોતાં સ્પષ્ટ થાય છે કે સાગબારા તાલુકામાં નીચે પ્રમાણેની સહકારી મંડળીઓ અસ્તિત્વમાં નથી.

(૧) પ્રાથમિક ખેતીવિષયક બિનધિરાણુ મંડળી
(૨) પ્રાથમિક બિનખેતીવિષયક ધિરાણુ મંડળી
(૩) ગ્રાહક ભંડાર
(૪) સહકારી ખેતમંડળી
(૫) રહેઠાણુ મંડળી
(૬) સિંચાઈ સહકારી મંડળી
(૭) રૂ. જીનિંગ અને પ્રેસિંગ મંડળી
(૮) જંગલ કામદાર સહકારી મંડળી

આ સિવાય કેટલીક સહકારી મંડળી છે જે આદિવાસીઓને સીધી રીતે ફાયદો કરે છે; જેવી કે પ્રાથમિક ઔદ્યોગિક સહકારી મંડળી. દૂધઉત્પાદક મંડળી, અને મત્સ્યઉદ્યોગ સહકારી મંડળી. આ મંડળીઓની સંખ્યા વધવી જોઈએ.

જિલ્લાની સાથે તાલુકાની સરખામણી કરીએ તો સહકારી ક્ષેત્રે આ તાલુકો ઘણો પાછળ છે. માત્ર જિલ્લાની ૩.૩૨ ટકા પ્રાથમિક ખેતવિષયક ધિરાણુ મંડળીઓ તેમ જ વિવિધ કાર્યકારી મંડળીઓ આ તાલુકામાં આવેલી છે. અને સભાસદ સંખ્યાની રીતે પણ જિલ્લા કક્ષાએ તાલુકાની આ મંડળીના સભાસદોની સંખ્યા ૩.૪ ટકા થાય છે.

આ તાલુકાની જે મંડળીઓ અસ્તિત્વમાં છે તે એકંદરે સારી ચાલે છે. પરંતુ ભૂતકાળમાં કેટલીક મંડળીઓ ફડચામાં ગઈ હતી અને હાલમાં પણ કેટલીક મંડળીઓ ફડચામાં જાય છે.

આ તાલુકાની સહકારી મંડળીઓને સંગઠિત થવા માટે અથવા સંગઠિત થયેલી મંડળીઓને વ્યવસ્થિત ચલાવવા માટે નીચે મુજબના કેટલાક પ્રશ્નો આડા આવે છે.

(૧) આ તાલુકાના આદિવાસીઓ આર્થિક રીતે એટલા તો નબળા છે કે તેઓ મંડળીના શેર ખરીદવા જેટલા પણ શક્તિમાન નથી.

કોઠો – ૪૩

વર્ષ મુજબ સહકારી મંડળીઓની સંખ્યા, સભ્ય સંખ્યા અને અન્ય વિગત દર્શાવતો કોઠો :

વર્ષ

સહકારી મંડળીનો પ્રકાર.	૧૯૭૦-૭૧	૧૯૭૧-૭૨	૧૯૭૨-૭૩	૧૯૭૩-૭૪	૧૯૭૪-૭૫	૧૯૭૫-૭૬	૧૯૭૬-૭૭	૧૯૭૭-૭૮	૧૯૭૮-૭૯
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦
૧. પ્રાથમિક બિનખેતી-વિષયક ધિરાણ મંડળીઓ									
ક. મંડળીઓની સંખ્યા	—	૧	૧	—	—	—	—	—	—
ખ. સભાસદોની સંખ્યા	—	૪૬	૪૬	—	—	—	—	—	—
૨. દૂધઉત્પાદકોની મંડળીઓ									
ક. મંડળીઓની સંખ્યા	—	—	—	—	—	—	૨	૮	૮
ખ. સભાસદોની સંખ્યા	—	—	—	—	—	—	૩૧૫	૬૭૦	૮૫૦
ગ. ઉત્પાદન રૂપિયામાં	—	—	—	—	—	—	૭૦,૦૦૦	૨,૫૦,૦૦૦	૪૫,૦૦૦
ઘ. વેચાણ	—	—	—	—	—	—	૭૪,૦૦૦	૨૩,૦૦૦	૪૩,૦૦૦
૩. વેચાણ મંડળીઓ									
ક. મંડળીઓની સંખ્યા		૧							
ખ. સભાસદોની સંખ્યા	—	૭૩							
૪. મત્સ્યોદ્યોગ સહકારી મંડળીઓ.									
ક. મંડળીની સંખ્યા	—	—	—	—	—	૧	૧	૧	૧
ખ. સભાસદોની સંખ્યા	—	—	—	—	—	૮૦	૨૧૫	૨૬૦	૩૮૦
ગ. ઉત્પાદન રૂપિયામાં	—	—	—	—	—	૫૦૨૮૦	૬૬૭૦૮	૧૧,૧૨,૯૨૦	૮,૨૩,૨૯૧
ઘ. વેચાણ ,,	—	—	—	—	—	૫૭૦૩૫	૮૩,૯૫૭	૧,૮૦,૨૭૮	૧,૨૮,૫૫૪
૫. મરઘાંઉછેર સહકારી મંડળી									
૧. મંડળીની સંખ્યા	—	—	—	—	—	—	—	—	—
૨. સભાસદોની સંખ્યા	—	—	—	—	—	—	—	૪	૪
૬. પ્રાથમિક ઉદ્યોગ સહકારી મંડળીઓ									
ક. મંડળીઓની સંખ્યા	—	—	—	—	—	—	૧	૨	૨
ખ. સભાસદોની સંખ્યા	—	—	—	—	—	—	૬૦	૧૪૦	૨૯૫
ગ. ઉત્પાદન રૂપિયામાં	—	—	—	—	—	—	૭૦૦૦	૬૪,૦૦૦	૭૩૦૦૦
ઘ. વેચાણ ,,	—	—	—	—	—	—	૭૦૦૦	૬૦,૦૦૦	૪૮૦૦૦
૭. પ્રાથમિક ખેતીવિષયક સહકારી મંડળીઓ દ્વારા બાંધવામાં આવેલા ભંડારની સંખ્યા.	૯	૧૧	૧૩	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪

(૨) નબળી આર્થિક પરિસ્થિતિને કારણે સહકારી મંડળીઓનું કાર્ય સીમિત બની જાય છે, અને મંડળીની આર્થિક પરિસ્થિતિ અપૂરતી મૂડીને કારણે નબળી રહે છે, તેથી જરૂરી લોકોને પણ ધિરાણ આપી શકાતું નથી.

(૩) મંડળીના સભાસદોને બિનઉત્પાદકીય કામ સિવાય ધિરાણ આપવામાં આવતું નથી તેથી આ પ્રદેશના આદિવાસીઓએ પૈસા મેળવવા માટે વ્યાપારી અને ધીરધાર કરનાર ઉપર આધાર રાખવો પડે છે અને જ્યારે ખેતરમાં પાક તૈયાર થાય છે ત્યારે ઋણ પેટે તે ધીરનારને આપી દેવો પડે છે. આમ તેઓ સહકારી મંડળીઓને તો ધિરાણ પાછું વાળી શકતા જ નથી; પરિણામે સહકારી મંડળીની સ્થિતિ વધુ ને વધુ વિષમ બનતી જાય છે.

(૪) સહકારી મંડળીઓના મુખ્ય હોદ્દા ઉપર બિન-આદિવાસી કે આદિવાસીઓનો નેતા હોય છે. સામાન્ય આદિવાસીનું તો કોઈ પ્રતિનિધિત્વ હોતું જ નથી. તેઓ ધિરાણ વગેરેનો લાભ પણ મેળવી શકતા નથી.

(૫) કેટલીક વાર સહકારી મંડળીઓના કર્મચારીઓ અને અધિકારીઓ ભ્રષ્ટાચારી રીતરસમ અપનાવતા હોય છે. તેથી મંડળીને સરળ રીતે ચલાવવામાં પણ પ્રશ્નો ઊભા થાય છે. પ્રાથમિક ખેતીવિષયક ધિરાણ તથા વિવિધ કાર્યકારી સહકારી મંડળીઓ દ્વારા કેટલા લોકોને કેટલા રૂપિયાનું ધિરાણ આપ્યું તેની આંકડાકીય માહિતી પ્રાપ્ય ન હોવાને પરિણામે ખેતીના ઉત્પાદનના વધારા ઉપર આની શી અસર થઈ તે જાણી શકાતું નથી.

બૅંકિંગ સંસ્થાઓ :

આ તાલુકામાં ત્રણ પ્રકારની બૅંકો ચાલે છે. પ્રથમ ભરૂચ જિલ્લા સહકારી બૅંક જે સૌથી જૂની છે તે સાગબારામાં ૧૯૬૨થી શરૂ કરવામાં આવી છે. બીજી બૅંક ગુજરાત રાજ્ય સહકારી જમીન ગિરવી બૅંકની શાખા છે તે સાગબારામાં ૧૯૭૪થી શરૂ કરવામાં આવી છે. ત્રીજા પ્રકારની બૅંક તે વ્યાપારી બૅંક છે અને તે બૅંક ઑફ બરોડાની શાખા છે. આ પણ સાગબારામાં જ છે અને તેની શરૂઆત મે, ૧૯૭૫થી કરવામાં આવી છે. આ બૅંકની બીજી શાખા સેલંબામાં નવેમ્બર ૧૯૭૫થી શરૂ થઈ છે. આમ માત્ર ભરૂચ જિલ્લા મધ્યસ્થ સહકારી બૅંકની શાખા સિવાયની બૅંકની શાખાઓ તાજેતરમાં જ અસ્તિત્વમાં આવી છે.

નીચેના કોઠામાં આ શાખાઓ દ્વારા કેટલા રૂપિયાનું ધિરાણ કરવામાં આવ્યું છે અને કેટલા રૂપિયાની વસૂલાત લેવામાં આવી છે તેના આંકડાઓ છે.

કોઠો – ૪૪

જુદી જુદી બૅંકોની શાખાઓ દ્વારા અગાઉથી અપાયેલું ધિરાણ અને વસૂલાતના આંકડા દર્શાવતો કોઠો :

બૅંકિંગ સંસ્થાનું નામ	અગાઉથી અપાયેલા ધિરાણની રકમ ૧૯૭૯–૮૦ના વર્ષમાં (રૂપિયા)	વસૂલાત રૂ.	બાકી રહેલ વસૂલાતની રકમ રૂપિયામાં
ભરૂચ જિલ્લા મધ્યસ્થ સહકારી બૅંકની શાખા	૩,૭૧,૯૪૦	—	૨૬૮૦૯૭૬ (આ રકમમાં અગાઉની રકમનો પણ સમાવેશ થઈ જાય છે.)
ગુજરાત રાજ્ય જમીન મોર્ટગેજ બૅંકની શાખા	૯,૨૧,૩૬૦	૨,૨૯,૫૦૭	૯૯,૧૫૩
બૅંક ઑફ બરોડા સાગબારા શાખા	૩૮,૦૦૦	૧૭,૬૦૦	૨૦,૪૦૦
બૅંક ઑફ બરોડા સેલંબા શાખા	૭૫,૦૦૦	૩૦,૦૦૦	૪૫,૦૦૦

ઉપરના કોઠા ઉપરથી સ્પષ્ટ ખ્યાલ આવે છે કે વધુમાં વધુ આદિવાસીઓને સહાય મળે એ જાતના નક્કર પ્રયત્નો આ બૅંકો દ્વારા કરવામાં આવ્યા નથી.

બૅંક ઑફ બરોડાની શાખા આ તાલુકામાં લીડ બૅંક તરીકેની સેવા આપે છે.

આંકડા ઉપરથી સ્પષ્ટ લાગે છે કે અગાઉ અપાયેલ ધિરાણની વસૂલાત નબળી છે તેનું કારણ ઉપરછલ્લી રીતે તો આદિવાસીઓની નબળી પરિસ્થિતિ જ લાગે છે પરંતુ તે કેટલે અંશે યોગ્ય છે તે કેટલીક બાબતો તપાસ્યા વગર કહેવું ઘણું જ કઠિન છે.

કોઠો – ૪૫

સાગબારા તાલુકામાં નાના ખેડૂતોની વિકાસ એજન્સી તથા સંયોજિત ગ્રામ્ય વિકાસ કાર્યક્રમની પ્રગતિ દર્શાવતો કોઠો :

ક્રમ	ક્ષેત્ર	અત્યાર સુધીમાં રોકવામાં આવેલી રકમ (રૂપિયામાં) નાના ખેડૂતોની વિકાસ એજન્સી	સંયોજિત ગ્રામ્ય અવિકાશ કાર્યક્રમ	લાભ મેળવનારની સંખ્યા નાના ખેડૂતોની વિકાસ એજન્સી	સંયોજિત ગ્રામ વિકાસ કાર્યક્રમ
૧.	ખેતી	૪૬૧૧૬	૯૧૭૯	૪૭૧	૯૪
		૨૨૧૧૭*	૪૦૦૭*		
૨.	નાની સિંચાઈ યોજના	૩૦૧૦	—	૨	—
૩.	પશુસંવર્ધન	૨૦૩૮૮૭	૩૭૨૭૩૭		
			૮૦,૦૦૦*	૨૮૯	૩૬૬
૪.	સહકાર	૪૪૨૩*			
		૧૨૨૫૦	૩૦૬૬	૪૫૫*	—
૫.	વેચાણ અને સંગ્રહ	૩૫૦૦			
		૪૦,૦૦૦*	—	—	—
૬.	ગ્રામ્ય કારીગરના કાર્યક્રમો માટે	૫૦૪૦	—	૪૧*	—
		૧૮૧૫૩*		—	—
	કુલ :	૩૮૯૯૯૬	૪૬૮૪૮૯	૭૬૨	૪૯૦

* આ નિશાન શેરમૂડીઓનું ધિરાણ, લાભ મેળવનારની સંખ્યા તથા ગ્રામ્ય કારીગરના કાર્યક્રમો સ્ટાઇ પેંડનો સમાવેશ થાય છે.

પ્રકરણ ૬ઠું

સંસ્થાકીય

કોઠો નં. ૪૬માં સાગબારા તાલુકામાં નાના ખેડૂતોની વિકાસ એજન્સી દ્વારા ૧૯૭૮–૭૯ સુધીમાં કરવામાં આવેલ કામગીરી દર્શાવવામાં આવી છે. આ કોઠા પરથી જોઈ શકાય છે કે ૧૯૭૮–૭૯ સુધીમાં ૭૬૨ લાભાર્થીઓને રૂ. ૭૬૨૦૦૦ ધિરાણ કરવામાં આવ્યું હતું. આ ધિરાણ પૈકી રૂ. ૩૮૯૯૯૬ ધિરાણ ૧૯૭૮–૭૯ દરમ્યાન કરવામાં આવ્યું હતું. આ ધિરાણ પૈકી ૪૬૮૪૮૯

કોઠો – ૪૬

વર્ષ મુજબ ગ્રામ પંચાયત અને જૂથ પંચાયત દર્શાવતો કોઠો :

વર્ષ	વ્યક્તિગત પંચાયતની સંખ્યા	જૂથ પંચાયતની સંખ્યા.
૧૯૭૦–૭૧	૮	૩૫
૧૯૭૧–૭૨	૮	૩૫
૧૯૭૨–૭૩	૮	૩૫
૧૯૭૩–૭૪	૮	૩૫
૧૯૭૪–૭૫	૮	૩૫
૧૯૭૫–૭૬	૬	૨૭
૧૯૭૬–૭૭	૬	૨૭
૧૯૭૭–૭૮	૬	૨૭
૧૯૭૮–૭૯	૬	૨૭

વહીવટી વ્યવસ્થા

સામાન્ય વહીવટી વ્યવસ્થા ગુજરાત રાજ્યના બધા જિલ્લા અને તાલુકામાં ગોઠવાયેલી છે. તેવી જ સાગબારા તાલુકામાં છે. તાલુકા પંચાયતના મુખ્ય હોદ્દા ઉપર તાલુકા પ્રમુખ છે, જ્યારે કાર્યવાહક ક્ષેત્રે તાલુકા વિકાસ અધિકારી (વર્ગ–૨) છે. તાલુકા પંચાયત પ્રમુખ અને તાલુકા વિકાસ અધિકારીની મદદ માટે વિસ્તરણ અધિકારીઓ છે, જેમાં સહકાર, ખેતી, પંચાયત, શિક્ષણ, ગ્રામ ઇજનેરી, આંકડા મદદનીશ વગેરે આવે છે. તાલુકા પંચાયત દ્વારા મંજૂર કરાયેલા કાર્યક્રમોનો અમલ આ વહીવટી વ્યવસ્થા દ્વારા કરવામાં આવે છે. આ સિવાય વહીવટી કાર્ય માટે બીજા કર્મચારી પણ હોય છે.

ઘટક કક્ષાએ આયોજનના અમલ માટે તાલુકા રોજગાર અધિકારીની મંજૂરી આપવામાં આવી છે પણ હજુ સુધી આ તાલુકામાં તેની નિમણૂક થઈ નથી. જ્યાં સુધી ઘટક કક્ષાના આયોજનના અમલને નિસ્બત છે ત્યાં સુધી હાલની વહીવટી વ્યવસ્થા અપૂરતી નથી પરંતુ અમલ માટે જે કર્મચારીઓ નિમાય તે કેવું કામ કરે છે તે મહત્ત્વનું છે. એ જરૂરી છે કે હાલની વહીવટી વ્યવસ્થા સાથે સુસંગત રહી શકે તેવી વ્યક્તિ કે જેને આદિવાસી જીવન અને સંસ્કૃતિનું જ્ઞાન હોય અને આદિવાસીઓમાં ભળી જઈ શકે કે જેથી આ યોજનાઓનું અમલીકરણ સહેલાઈથી થઈ શકે.

જેમ બને તેમ જલદી તાલુકા રોજગારી અધિકારીની નિમણૂક થવી જોઈએ જેથી ઘટક કક્ષાના આયોજનનું કામ વેગીલું બની શકે.

પ્રકરણ ૪

સ્વૈચ્છિક સંસ્થાઓ, માનવ-સંપત્તિ અને રોજગારની સ્થિતિ

સાગબારા તાલુકાની સ્વૈચ્છિક સંસ્થાઓ આદિવાસીઓનો સામાજિક અને આર્થિક વિકાસ સાધવા માટે કેવળ સરકાર જ તેની વહીવટી વ્યવસ્થા દ્વારા પ્રયત્ન કરે છે એવું નથી પરંતુ ગુજરાત રાજ્યમાં તો આદિવાસીઓની સામાજિક અને આર્થિક ઉન્નતિ સાધવા માટે સામાજિક સંસ્થાઓને પણ પોતાનો યથાયોગ્ય ફાળો આપતી રહી છે. સરકારી વહીવટી વ્યવસ્થાના હેતુઓ જેવા જ હેતુઓથી આ સંસ્થાઓની સ્થાપના થયેલી છે. આવી સંસ્થાઓમાં કેટલીક સંસ્થાઓ તો વ્યક્તિગત ધોરણે કે કોઈ નાણાકીય લાભ કે ફળની અપેક્ષા વગર માત્ર આદિવાસીઓની જ સેવા કરવી એવી ભાવનાવાળી વ્યક્તિઓથી પણ ચાલતી હોય છે. ગુજરાતમાં મહાત્મા ગાંધીના અંત્યોદયની સેવાના કાર્યની શરૂઆતથી કેટલાક સામાજિક કાર્યકરોએ તેમની પ્રેરણા મેળવી આદિવાસીઓના ઉત્કર્ષ માટે આવા પ્રકારની સંસ્થાઓ સંગઠિત કરવાના કાર્ય માટે પોતાની જાતને ન્યોછાવર કરી દીધી. ગુજરાતમાં આદિવાસી પ્રજાના વિકાસ માટેની ચળવળમાં શ્રી ઠક્કરબાપા અને શ્રી જુગતરામ દવેનું નામ જાણીતું છે. શ્રી ઠક્કરબાપાએ ભીલ સેવા મંડળ અને શ્રી જુગતરામ દવેએ રાનીપરજ સેવા સભા સંસ્થાઓની સ્થાપના કરી આદિવાસી પ્રજાના ઉત્કર્ષમાં શ્રેષ્ઠ ફાળો આપ્યો છે. અને તેઓની પ્રેરણા સાથે કેટલાય રચનાત્મક કાર્યકરોએ આદિવાસી વિકાસની ચળવળને પોતાનું ધ્યેય સમજી સ્વીકારી તેમનું સમગ્ર જીવન એમાં સમર્પિત કર્યું છે. આમાંના ઘણા કાર્યકરોએ તેમનું શિક્ષણ ગૂજરાત વિદ્યાપીઠમાં મેળવ્યું હતું કે જે સંસ્થામાં કચડાયેલા વર્ગના ઉત્થાન માટે જ કામ કરવાની પ્રેરણા અપાતી આદિવાસી વિકાસની ચળવળ સાથે તાલીમ પામેલો અને જીવન સમર્પિત કરવાની ભાવનાવાળા કાર્યકરો સતત મળવાને કારણે રાજ્યના તમામ આદિવાસી પટ્ટામાં આ કાર્ય આરંભાયું અને ચાલ્યું.

આ રીતે ભરૂચ જિલ્લામાં વાલિયા ખાતે ભીલ સેવા મંડળ દ્વારા ૧૯૫૧માં કુમાર આશ્રમ શરૂ કરવામાં આવ્યો જેમાં દર વર્ષે ૧૧૪ આદિવાસી કુમારોને સગવડ આપવામાં આવે છે. ભીલ સેવા મંડળ દાહોદમાંથી પ્રેરણા મેળવીને કેટલાક સ્થાનિક કાર્યકરોએ અત્યારે જાણીતા એવા ભરૂચ જિલ્લા

આદિવાદી સેવાસંઘની સ્થાપના ૧૯૪૯માં રાજપીપળામાં કરી. આ સંસ્થાનો હેતુ એ છે કે ભરૂચ જિલ્લાના રાજપીપળા પેટાવિભાગ (જેમાં સાગબારા આવે છે) યોજનામાં આવતી આદિવાસી પ્રજાનો આર્થિક, સામાજિક, રાજનૈતિક અને શૈક્ષણિક વિકાસ સાધવો. આ સંસ્થાએ ભીલ સેવા મંડળ દાહોદની દેખરેખ અને વ્યવસ્થા હેઠળ ધીરે ધીરે પ્રવૃત્તિનો વિસ્તાર કર્યો. ૧૯૫૭થી "ભરૂચ જિલ્લા આદિવાસી સેવા સંઘ" નામે તે સ્વતંત્ર સંસ્થા બની અને ત્યાર પછી ભીલ સેવા મંડળનું આધિપત્ય બંધ થયું.

૧૯૫૧માં ભરૂચ જિલ્લાના નાંદોદ તાલુકામાં સર્વોદય સિદ્ધાંતને આધારે બીજી સંસ્થાની સ્થાપના થઈ. આ સંસ્થાનું નામ રાજપીપળા વિભાગ સત્ય-ધામ સર્વોદય સંઘ રાખવામાં આવ્યું. આ સંસ્થાનો હેતુ એ હતો કે કોઈ પણ પ્રકારના લાભની આશા રાખ્યા વગર રચનાત્મક પ્રવૃત્તિ દ્વારા રાજપીપળા વિભાગના આદિવાસીઓનું નૈતિક જીવનધોરણ ઊંચું લાવવા પ્રયત્ન કરવો, પરંતુ આ સંસ્થાની પ્રવૃત્તિ નાંદોદ તાલુકા પૂરતી સીમિત રહી.

સાગબારા તાલુકામાં આ સ્વૈચ્છિક સંસ્થાઓની પ્રવૃત્તિની શરૂઆત ભરૂચ જિલ્લા આદિવાસી સેવા સંઘે જ બે આશ્રમશાળા ખોલીને કરી. તાલુકામાં આદિવાસીઓમાં શિક્ષણનો પ્રસાર થાય તે સાથે લોકોમાં વિકાસ કરવાની જાગૃતિ આવે એ પ્રકારનાં કાર્યો પણ હાથ ધરવામાં આવ્યાં. પરંતુ સાગબારા તાલુકો ભરૂચ જિલ્લામાં ઊંડાણમાં છે, વળી સંદેશા-વ્યવહારની અપૂરતી સગવડો છે, પરિણામે જે પ્રગતિ સધાવી જોઈએ તે સધાઈ નહીં. જોકે શિક્ષણક્ષેત્રે તો સંઘે આદિવાસી શિક્ષણ પ્રસારણમાં સારો એવો ફાળો આપ્યો છે.

ધાર્મિક રીતે આદિવાસીઓમાં કામ કરનારમાં જોઈએ તો આ તાલુકામાં "સતી પ્રથા" અથવા "આપકી જય" સંપ્રદાયના નેજા હેઠળ સામાજિક અને ધાર્મિક ચળવળ શરૂ કરવામાં આવી હતી. ૫૦ના દશકામાં આ સંપ્રદાય ઘણો લોકપ્રિય બન્યો હતો પરંતુ ધીરે ધીરે આદિવાસીઓ બીજા સંપ્રદાયની અસર હેઠળ આવવા લાગ્યા તેમ તેમ આ સંપ્રદાય ધરાવતા લોકોની સંખ્યા ઘટવા લાગી. હાલમાં આ તાલુકાનાં જૂજ ગામોમાં આ સંપ્રદાય ધરાવતા લોકો મળે છે. આ સંપ્રદાયે સારું કાર્ય એ કર્યું કે તેણે આદિવાસી પ્રજા-માંથી દારૂ પીવાની આદત છોડાવી. આ ઉપરાંત તેમને સ્વચ્છ ઊંચું નૈતિક ધોરણ જીવતા અને શિસ્ત પાળતા બનાવ્યા. આ સંપ્રદાયે હાલની વહીવટી વ્યવસ્થાનો ભારે વિરોધ કર્યો, પરિણામે તેમની ચળવળ ધીમે ધીમે નબળી પડી.

શિક્ષણક્ષેત્રે ૧૯૬૪માં તાલુકાના કાર્યકરોના પ્રયત્નોથી "સાગબારા વિભાગ કેળવણી મંડળ" નામની સ્વૈચ્છિક સંસ્થાની સ્થાપના કરવામાં આવી. આ સંસ્થા દ્વારા સાગબારા ખાતે ૧૯૬૪થી ખેતીવાડી સાથેની ઉચ્ચતર માધ્યમિક શાળા શરૂ કરવામાં આવી છે. પરંતુ આ કેળવણી મંડળની પ્રવૃત્તિ તાલુકાના આદિવાસીઓમાં શિક્ષણના પ્રસારણ પૂરતી મર્યાદિત રહી છે. આખા અહેવાલમાં અગાઉ જણાવ્યું છે તે મુજબ આ સંસ્થાને સ્વીસ એઇડ નામની સંસ્થા દ્વારા ૧૯૭૫–૭૬ એમ બે વર્ષોમાં લગભગ ૬ લાખ રૂપિયાનું દાન મળ્યું છે. આ સંસ્થાએ સ્થાનિક લોકોનાં દાન અને સરકારી સહાય લેવાનું કાર્ય પણ ચાલુ રાખ્યું છે.

આ તાલુકાની જ્યારે મોટા ભાગની વસ્તી આદિવાસી હોય ત્યારે ઉપરની સંસ્થાઓ સિવાય બીજી કોઈ સ્વૈચ્છિક સંસ્થાઓ તેમની પ્રવૃત્તિ હાથ ધરવા આકર્ષાઈ નથી. વળી આ તાલુકામાં સામાજિક કાર્યકરો પણ નજરે પડતા નથી. હકીકતમાં આદિવાસીઓના આર્થિક વિકાસ માટે સ્વૈચ્છિક પ્રયત્નો થયા નથી. આ ઉપરથી એક શંકા પેદા થાય છે કે હાલમાં ચાલતી સ્વૈચ્છિક સંસ્થાઓ ઘટક કક્ષાએ આયોજન કાર્યક્રમના અમલમાં ઉપયોગી થશે કે કેમ ? હકીકતમાં તો સ્વૈચ્છિક કાર્યકરો દ્વારા આદિવાસીઓનો આર્થિક વિકાસ સાધવા માટેનાં મંડળો ઊભાં કરવાની ખાસ જરૂર છે અને જે પ્રાદેશિક રોજગાર અધિકારી નિમાશે તેનું આ કાર્ય અગત્યનું રહેશે. જો સ્થાનિક સભ્યપદ ધરાવતી સ્વૈચ્છિક સંસ્થાઓ સ્થપાય તો ઘટક કક્ષા-ના આયોજનના કાર્યક્રમોનો સફળતાપૂર્વક અમલ કરાવી શકાય.

આવા સ્વૈચ્છિક પ્રયત્નો સિવાય કેટલીક પ્રવૃત્તિઓ કેટલીક સંસ્થાઓ જેવી કે હરિ ઓમ આશ્રમ, યુનિસેફ વગેરે દ્વારા હાથ ધરવામાં આવી છે. હરિ ઓમ આશ્રમ દ્વારા પાંચમી પંચવર્ષીય યોજનામાં ૩૦,૦૦૦ રૂ.ની સહાય તાલુકાની શાળાના ઓરડાઓ બાંધવા માટે આપવામાં આવી હતી. છઠ્ઠી યોજનામાં આ હેતુ માટે રૂ. ૧ લાખની રકમની દરખાસ્ત આપવામાં આવી છે. "કેર" સંસ્થા દ્વારા બાળકોને આહાર આપવાની યોજના દ્વારા કેટલીક બાલવાડી શરૂ કરાવવામાં આવી છે. જ્યારે "યુનિસેફ" સંસ્થા દ્વારા આદિવાસીઓને દવાઓ તેમ જ અન્ય આરોગ્ય સવલતો આપવાના કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા છે.

આ તાલુકાના આદિવાસીના વિકાસ માટેના કાર્યક્રમો રાજ્યના કોઈ પણ ઔદ્યોગિક ગૃહ તરફથી શરૂ કરવામાં આવ્યા નથી. આ માટે બે કારણો જવાબદાર હોઈ શકે. એક તો ભરૂચ જિલ્લામાં કોઈ મોટું ઔદ્યોગિક ગૃહ નથી, અને બીજું કે સાગબારા તાલુકો ભરૂચ જિલ્લામાં ઘણો છેવાડાનુમાં આવેલો છે. ભરૂચ અને અંકલેશ્વરમાં કેટલાક ઉદ્યોગોની શરૂઆત થતાં તેમાંના કેટલાક સાગબારાના આદિવાસીઓમાં જઈને ગ્રામવિકાસના કાર્યક્રમો શરૂ કરશે એવી આશા રાખી શકાય.

વસ્તી :

આ અહેવાલમાં અગાઉ ઘણી વાર કહેવામાં આવ્યું છે તે મુજબ મૂળભૂત રીતે આ તાલુકો આદિવાસી પ્રજા ધરાવતો તાલુકો છે. આ તાલુકામાં કુલ વસ્તીના ૯૦.૮ ટકા લોકો આદિવાસીઓ છે. નીચેના કોઠામાં જુદી જુદી આદિવાસીઓની વસ્તી બતાવવામાં આવી છે.

કોઠો – ૪૭

જાતિ પ્રમાણે વસ્તી (૧૯૭૧ની વસ્તીગણતરી મુજબ)

ક્રમ	જાતિનું નામ	કુલ વસ્તી	કુલ આદિવાસી વસ્તીના ટકા
(૧)	ભીલ, વસાવા ભીલ, તડવી ભીલ વગેરે	૩૬૯૧૧	૭૭.૩૪
(૨)	ધાનકા	૧૮૭૮	૩.૯૪
(૩)	ગામીત	૭૦૦૭	૧૪.૬૮
(૪)	ચૌધરી	૪૪	૦.૦૯
(૫)	કોટવાળિયા	૨૮૦	૦.૫૯
(૬)	નાયકડા–નાયકા	૮૮૬	૧.૮૬
(૭)	દૂબળા	૧૩	૦.૦૩
(૮)	કાથોડી	૩૩૮	૦.૭૧
(૯)	રાઠવા	૭	૦.૦૧
(૧૦)	ધોડિયા	૨	૦.૦૦
(૧૧)	પટેલિયા	૨૫	૦.૦૫
(૧૨)	પારધી	૬	૦.૦૧
(૧૩)	અન્ય	૩૨૭	૦.૬૯
	કુલ	૪૭૭૨૪	૧૦૦ ટકા

૧૯૭૧ની વસ્તી-ગણતરી મુજબ તાલુકાની કુલ વસ્તી ૫૨૫૭૬ છે. આ તાલુકામાં બધા વિસ્તારો ગ્રામ્ય છે. એટલે કે બધી વસ્તી ગ્રામ્ય છે. તાલુકાની છેલ્લા બે દાયકા એટલે કે ૧૯૫૧થી ૧૯૬૧ અને ૧૯૬૧થી ૧૯૭૧ની વસ્તીની સરખામણી કરીએ તો બે દાયકામાં ૩૫૯૬૨ એટલે કે ૧૯૫૧થી ૧૯૭૧ સુધીમાં ૨૧૧.૩૯ ટકા વસ્તીનો વધારો નોંધાયો છે.

કોઠો – ૪૮

વર્ષ	પુરુષ			સ્ત્રી			કુલ	
	વસ્તી	છેલ્લી વસ્તી ગણતરી પછી થયેલો વધારો ટકામાં		વસ્તી	છેલ્લી વસ્તી-ગણતરી પછીનો વધારો ટકામાં		વસ્તી	છેલ્લી વસ્તી-ગણતરી પછીનો વધારો ટકામાં
૧૯૫૧	૮૫૯૭	—		૮૨૮૭	—		૧૬૮૮૪	—
૧૯૬૧	૨૦૭૬૬	૧૪૧.૫૫		૨૦૭૬૬	૧૫૦.૫૯		૪૧૫૩૨	૧૪૫.૯૮
૧૯૭૧	૨૬૧૬૮	૨૬.૦૧		૨૬૪૦૮	૨૭.૧૭		૫૨૫૭૬	૨૬.૫૯

૧૯૫૧થી ૧૯૬૧ દરમ્યાન વસ્તીનો વધારો સારો એવો હતો. ૧૯૬૧થી ૧૯૭૧ના ગાળા દરમ્યાન વસ્તીનો વધારો સામાન્ય કહી શકાય. વાર્ષિક વધારો ૨.૬૬ ટકાનો રહ્યો છે. બીજી ધ્યાન ખેંચે તેવી બાબત એ છે કે ૧૯૫૧થી ૧૯૬૧માં સ્ત્રીઓની સંખ્યામાં વધારો નોંધાયો છે, જ્યારે ૧૯૬૧ થી ૧૯૭૧માં એવું જોવા મળતું નથી. આ જે વસ્તીના વધારાનો પ્રથમ અને બીજા દાયકા વચ્ચે દેખાય છે તેનું કારણ કદાચ એ હોઈ શકે કે પ્રથમ દાયકા દરમ્યાન અન્ય સ્થળેથી સ્થળાંતર કરીને (ખાસ કરીને મહારાષ્ટ્ર વિસ્તારમાંથી) આવીને આ તાલુકાના ગામમાં વસી હોય.

૧૯૬૧ અને ૧૯૭૧ના સમયગાળામાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની વસ્તીમાં અનુક્રમે ૮૩.૩૩ ટકા અને ૨૮.૮૩ ટકાનો વધારો થયો છે. દેખીતી રીતે જ અનુસૂચિત જાતિની વસ્તીમાં ઝડપી વધારો થયો છે. નીચેના કોઠાના આંકડા બતાવે છે કે અનુસૂચિત જનજાતિની વસ્તી કરતાં અનુસૂચિત જાતિની વસ્તીના વધારાની ટકાવારી ઊંચી છે, પરંતુ કુલ વસ્તીમાં અનુસૂચિત જનજાતિની સંખ્યા અનુસૂચિત જાતિ કરતાં વધુ છે.

કોઠો – ૪૯

૧૯૬૧થી ૧૯૭૧ના સમયગાળામાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની વસ્તી-વધારાની ટકાવારી દર્શાવતો કોઠો

સમુદાય	૧૯૬૧ વસ્તી	૧૯૭૧ વસ્તી	ટકાવારીમાં વધારો
અનુસૂચિત જાતિ સંખ્યા	૨૨૨	૪૦૭	૮૩.૩૩
કુલ વસ્તીના ટકા	૦૦.૫૩	૦૦.૭૭	+૦.૨૪
અનુસૂચિત જનજાતિ સંખ્યા	૩૭૦૪૪	૪૭૭૨૪	૨૮.૮૩
કુલ વસ્તીના ટકા	૮૯.૧૯	૯૦.૭૭	+૧.૩૮
કુલ :	૪૧૫૩૨	૫૨૫૭૬	૨૯.૫૯

હવે પછીના કોઠામાં દર્શાવેલ આંકડા મુજબ એ સ્પષ્ટ થાય છે કે ત્રણ દાયકાના ગાળામાં કુટુંબના કદમાં ખાસ ફેરફાર જોવા મળતો નથી. ૧૯૫૧માં કુટુંબનું કદ ૬.૧૫ હતું જ્યારે ૧૯૬૧, ૧૯૭૧માં અનુક્રમે ૬.૨૫ અને ૫.૯૨ હતું. આના ઉપરથી એમ ધારી શકાય કે ૧૯૬૧ કરતાં ૧૯૭૧માં કદ નાનું છે એ પાછળ કુટુંબનિયોજનના કાર્યક્રમોએ અસરકારક ભાગ ભજવ્યો હોય.

કોઠો – ૫૦

કુટુંબના કદ પ્રમાણે તાલુકાની વસ્તી

વર્ષ	કુલ વસ્તી	કુટુંબની સંખ્યા	કુટુંબનું સરાસરી કદ
૧૯૫૧	૧૬૮૮૪	૨૭૪૨	૬.૧૬
૧૯૬૧	૪૧૫૩૨	૬૬૪૫	૬.૨૫
૧૯૭૧	૫૨૫૭૬	૮૮૭૭	૫.૯૨

૧૯૭૧ની વસ્તી મુજબ કુલ જે ૧૨૧ ગામો છે તેમાં ૫૦૦થી પણ ઓછી વસ્તી ધરાવતાં ૬૮ ગામો જોવા મળે છે. નીચેના કોઠા પરથી માલૂમ પડશે કે ૫૦૦થી વધુ વસ્તી ધરાવતું એક પણ ગામ તાલુકામાં નથી.

કોઠો–૫૧

વસ્તીના કદ મુજબ ગામોની વહેંચણી

(૧૯૭૧ની વસ્તીગણતરી મુજબ)

કુટુંબનું કદ	ગામોની સંખ્યા	ટકાવારી
૧૦૦ સુધી	૧૩	૧૦.૭૪
૧૦૧થી ૨૦૦	૧૭	૧૪.૦૫
૨૦૧થી ૫૦૦	૩૮	૩૧.૪૦
૫૦૧થી ૧,૦૦૦	૨૬	૨૧.૪૯
૧,૦૦૨થી ૨,૦૦૦	૧૧	૯.૦૯
૨,૦૦૧ થી	૧	૦.૮૩
બિન વસવાટો	૧૫	૧૨.૪૦
કુલ	૧૨૧	૧૦૦ટકા

કોઠા નં. ૫૨માં ૧૯૬૧ની વસ્તી ગણતરી મુજબના વયજૂથ પ્રમાણેની વસ્તી છે. આ પ્રમાણે સાગબારા તાલુકામાં યુવાન વયજૂથના લોકોની સંખ્યા ઘણી મોટી જોવા મળે છે.

કોઠો–૫૨

વય મુજબ વસ્તીનું વર્ગીકરણ દર્શાવતો કોઠો

(૧૯૬૧ની વસ્તી ગણતરી મુજબ)

વયજૂથ	પુરુષ	સ્ત્રી	કુલ
૦–૯	૭,૩૩૪	૭,૪૦૫	૧૪,૭૩૯
૧૦–૧૪	૨,૩૬૦	૨,૧૨૮	૪,૪૮૮
૧૫–૧૯	૧,૬૦૭	૧,૬૯૦	૩,૨૯૭
૨૦–૨૪	૧,૫૮૫	૨,૦૩૭	૩,૬૨૨
૨૫–૨૯	૧,૮૦૮	૧,૮૬૭	૩,૬૭૫
૩૦–૩૪	૧,૪૨૯	૧,૩૯૮	૨,૮૨૭
૩૫–૩૯	૧,૧૪૯	૧,૦૪૬	૨,૧૯૫

૪૦–૪૪	૯૪૭	૯૧૬	૧,૮૬૩
૪૫–૪૯	૮૭૬	૭૦૦	૧,૫૭૬
૫૦–૫૪	૬૬૪	૫૦૫	૧,૧૬૯
૫૫–૫૯	૩૩૨	૨૯૪	૬૨૬
૬૦–૬૪	૩૨૩	૩૨૦	૬૪૩
૬૫–૬૯	૧૨૦	૧૪૩	૨૬૩
૭૦થી વધુ	૨૨૫	૩૦૯	૫૩૪
જેની ઉંમર જણાવી નથી	૭	૮	૧૫
કુલ	૨૦,૭૬૬	૨૦,૭૬૬	૪૧,૫૩૩

નોંધ :– ૧૯૭૧ની વયજૂથના આંકડા મળી શકયા નથી.

વસ્તીનું વિસ્તૃત રીતે વર્ગીકરણ કરવાથી એ જાણવા મળ્યું કે કુલ વસ્તીના ૪૩.૬૧ ટકા લોકો ૧૫ વર્ષ અને તેથી ઓછી વયના છે. માત્ર ૩.૪૭ ટકા લોકો "૬૦ વર્ષથી વધુ" વયજૂથના છે. કોઠા નંબર ૫૩માં અ

કોઠો–૫૩

વિસ્તૃત રીતે વયજૂથ પ્રમાણે વસ્તીનું વર્ગીકરણ

(૧૯૬૧ની વસ્તીગણતરી મુજબ)

વયજૂથ	સંખ્યા	ટકાવારી
૦.૧૪	૧૯,૨૨૭	૪૬.૩૧
૧૫.૫૯	૨૦,૮૫૦	૫૦.૨૨
૬૦થી વધુ	૧૪૪૦	૩.૪૭
કુલ	૪૧૫૧૭	૧૦૦.૦૦

સ્પષ્ટ બતાવ્યું છે. કોઠામાં જોતાં માલૂમ પડે છે કે કામ કરી શકે તેવું જે વયજૂથ ૧૫થી ૫૯નું છે તેની ટકાવારી ૫૦.૨૨ છે. આમ કમાઈ શકે તેવી વ્યક્તિઓ કુલ વસ્તીમાં અર્ધે ભાગે છે. આ ચિત્ર યોગ્ય ગણી શકાય.

એવો અંદાજ કાઢવામાં આવ્યો છે કે લગભગ ૯૦૦ વ્યક્તિઓ રોજગારીની શોધ માટે સ્થળાંતર કરે છે. આમાંથી ૬૦૦ વ્યક્તિઓ એટલે કે ૬૬.૬૬ ટકા વ્યક્તિઓ ખેતમજૂરો છે. બાકીના શ્રીમંત ખેડૂત હોય છે કે

* Soures : District Census Handbook Broach District 1961

જેઓ તેમને માટે વર્ષ પૂરતુ પકવી પણ શકતા નથી. નીચેના કોઠામાં બતાવ્યું છે તે મુજબ મોટા ભાગના લોકો બીજા ગ્રામ્ય વિસ્તારમાં સ્થળાંતર કરે છે. જ્યારે ૩૦૦ વ્યક્તિઓ એટલે કે ૩૩.૩ ટકા મજૂરીની શોધમાં શહેરી વિસ્તારમાં સ્થળાંતર કરે છે.

કોઠો–૫૪

મોસમી સ્થળાંતર કરનાર લોકોની અંદાજિત સંખ્યા દર્શાવતો કોઠો

વ્યવસાય	વ્યક્તિની સંખ્યા	ગ્રામ્ય વિસ્તારમાં સ્થળાંતર	જિલ્લાના શહેરી વિસ્તારમાં સ્થળાંતર	જિલ્લા બહાર શહેરી વિસ્તારમાં સ્થળાંતર
ખેતી	૩૦૦	૩૦૦	—	—
ખેતમજૂરી	૬૦૦	૩૦૦	૨૦૦	૧૦૦
કુલ	૯૦૦	૬૦૦	૨૦૦	૧૦૦

બીજું કે છૂટક મજૂરી માટે આ તાલુકામાં કોઈ આકર્ષણ દેખાતું નથી તેથી બહારથી લોકો સ્થળાંતર કરીને અહીંયાં આવતા હોય એવો કોઈ પુરાવો મળતો નથી.

વસ્તીની ગીચતાની દૃષ્ટિએ ૧૯૬૧ કરતાં ૧૯૭૧માં વસ્તીની ગીચતામાં દર ચો.કી.મી. ૨૭નો વધારો નોંધાયો છે. આમ તાલુકાની વસ્તીગીચતા વધી છે.

કોઠો–૫૫

૧૯૬૧ અને ૧૯૭૧ની વસ્તીની ગીચતા દર્શાવતો કોઠો

વર્ષ	વિસ્તાર કિ.મિ.	વસ્તી સંખ્યા	૧.કિ.મિ. દીઠ વસ્તીની ગીચતા
૧૯૬૧	૪૦૦	૪૧,૫૩૨	૧૦૪
૧૯૭૧	૪૦૦	૫૨,૫૭૬	૧૩૧

જાતિ મુજબ વસ્તીનું વર્ગીકરણ ઉપરના કોઠામાં બતાવ્યું છે. ધાર્મિક માન્યતા મુજબ વર્ગીકરણ કરીએ તો ખ્યાલ આવે છે કે મોટા ભાગના આદિવાસીઓ હિંદુ ધર્મમાં શ્રધ્ધા રાખનારા છે, અલબત્ત આદિવાસીઓને તેમની પોતાની ધાર્મિક માન્યતાઓ હોય છે. હજુ પણ તેઓ હિંદુ જાતિઓને બહારથી આવેલા લોકો તરીકે સ્વીકારે છે. તેમના પર હિંદુ ધર્મની ઊંડી અસર છે, પરંતુ હિંદુ ધર્મની પાયારૂપ જે વર્ણવ્યવસ્થા છે તે આદિવાસીઓમાં કોઈ જગ્યાએ જોવામાં નથી આવતી. તેઓમાં શુદ્ધ અશુદ્ધનો સિદ્ધાંત સ્વીકારાયેલો જોવા મળતો નથી. હકીકતમાં તેમના પરંપરાગત ધાર્મિક બંધારણમાં હિંદુ ધર્મનું કોઈ સ્થાન નથી. જોકે હવે તેઓ ધીમે ધીમે બિન આદિવાસી-લોકોનાં સંપર્કમાં આવવાને કારણે હિંદુ ધર્મના લોકોની કેટલીક માન્યતાઓ અને ક્રિયાઓને અપનાવવા લાગ્યા છે. વધુમાં ભક્તિ ચળવળના આધારે કેટલાક સંપ્રદાયો પણ તેમનામાં હિંદુ ધર્મ ફેલાવવામાં સાધનરૂપ બન્યા.

કોઠો—૫૬

ધાર્મિક માન્યતા મુજબ વસ્તીની વહેંચણી

ધર્મ	૧૯૬૧		૧૯૭૧	
	સંખ્યા	ટકાવારી	સંખ્યા	ટકાવારી
હિંદુ	૪૦,૫૬૦	૯૭.૬૫	૫૦,૯૦૫	૯૬.૮૨
મુસ્લીમ	૯૨૦	૨.૨૨	૧,૩૦૨	૨.૬૧
બૌદ્ધ	૩	૦.૦૧	—	—
જૈન	૩૪	૦.૦૮	૪૫	૦.૦૯
ખ્રિસ્તી	૧૫	૦.૦૪	૩૪	૦.૦૬
અન્ય	—	--	૨૧૯	૦.૪૨
ધર્મ ન બતાવેલ	—	—	૧	૦.૦૦
કુલ	૪૧,૫૩૨	૧૦૦ ટકા	૫૨,૫૦૬	૧૦૦ ટકા

૧૯૬૧ની સાથે ૧૯૭૧ની વસ્તીગણતરીની સરખામણી કરતાં લાગે છે કે હિંદુ ધર્મની માન્યતા ધરાવતા લોકોમાં ૦.૮૩ ટકાનો ઘટાડો નોંધાયો છે. જ્યારે જૈન અને ખ્રિસ્તી ધર્મની માન્યતા ધરાવતા લોકોમાં જૂજ વધારો નોંધાયો છે.

૧૯૬૧માં બૌદ્ધ ધર્મ સ્વીકારનારી ત્રણ વ્યક્તિઓ હતી જ્યારે ૧૯૭૧માં આ તાલુકામાં એક પણ બૌદ્ધ ધર્મી નથી.

સાગબારા તાલુકામાં મુસલમાન ધર્મની માન્યતાવાળા મુખ્યત્વે કરીને ધર્માંતર થયેલા આદિવાસીઓ જ છે. થોડી પેઢીઓ પહેલા સાગબારાના રાજવીએ કાઠી રાજવી કુટુંબની સ્ત્રી સાથે લગ્ન કર્યા હતાં. કાઠી રાજ્યના રાજવી તથા તેમના કુટુંબે મુસલમાન ધર્મનો અંગીકાર કર્યો હતો એટલે જ્યારે લગ્નનો પ્રશ્ન આવ્યો ત્યારે કાઠી રાજવીએ મુસ્લીમ ધર્મ અંગીકાર કરવા સમજાવ્યું તેથી સાગબારાના રાજવીએ અને તેના નજીકના કુટુંબીજનોએ મુસ્લીમ ધર્મ અંગીકાર કર્યો હતો.

વ્યાવસાયિક વર્ગીકરણ :

૧૯૭૧ની વસ્તીગણતરી મુજબ કુલ વસ્તીના ૬૫.૨૬ ટકા લોકો ખેતીના વ્યવસાયમાં રોકાયેલા હતા. બાકીના ૩૪.૭૪ ટકા લોકોમાં પણ ૨૭ ટકા લોકો ખેત-મજૂરી પર આધાર રાખતા હતા. આમ વસ્તીના ૯૩.૨૬ ટકા લોકોને તેમની રોજગારી મેળવવા જમીન ઉપર આધાર રાખવો પડે છે. બીજા પ્રકારના વ્યવસાયો જેવા કે પશુસંવર્ધન, જંગલ મત્સ્યોદ્યોગ, ગૃહઉદ્યોગો, ગૃહઉદ્યોગ સિવાયના ઉદ્યોગો, બાંધકામ, વ્યાપાર અને વાણિજ્ય, પરિવહન સંગ્રહ અને સંદેશાવ્યવહાર અને અન્ય સેવાઓમાં ખૂબ જ ઓછા પ્રમાણમાં કામ કરતા જોવા મળે છે. કોઠા ૫૭ના આંકડા મુજબ ૧૯૬૧ કરતાં ૧૯૭૧માં ખેતી કરનારની સંખ્યામાં ૭૭નો ઘટાડો નોંધાયો છે. જ્યારે ખેતમજૂરીના વ્યવસાયમાં ૧૯૬૧ કરતાં ૧૯૭૧માં ૭.૨૧ ટકાનો વધારો નોંધાયો છે.

કોઠો–૫૭

૧૯૬૧ અને ૧૯૭૧ની વસ્તીગણતરી મુજબ કામ કરનાર લોકોનું ઉદ્યોગ પ્રમાણે વર્ગીકરણ

કામનો પ્રકાર	૧૯૬૧		૧૯૭૧	
	સંખ્યા	ટકાવારી	સંખ્યા	ટકાવારી
ખેડૂતો	૧૩,૩૫૦	૭૫.૦૩	૧૨,૨૧૧	૬૫.૨૬
ખેતમજૂરો	૪,૦૪૮	૧૯.૭૯	૫,૦૫૪	૨૭.૦૦
ખાણ, કવેારી, પશુપાલન, જંગલ મત્સ્યેાદ્યોગ શિકાર, વૃક્ષ ઉછેર અને તેને સંબંધિતઉદ્યોગેા	૬૩	૦.૩૧	૧૦૨	૦૦.૫૪
ગૃહઉદ્યોગ	૩૫૧	૧.૭૨	૩૨૭	.૦૧.૭૫
ગૃહઉદ્યોગ સિવાયના ઉદ્યોગ	૮૭	૦.૪૩	૯૭	૦૦.૫૨
બાંધકામ	૪	૦.૦૨	૫૦	૦૦.૨૭
વ્યાપાર–વાણિજ્ય	૨૩૨	૧.૧૩	૪૧૨	૦૨.૨૦
પરિવહન અને સંદેશા વ્યવહાર	૩	૦.૦૧	૨૦	૦૦.૧૧
અન્ય સેવાએેા	૩૨૦	૧.૫૬	૪૩૯	૦૨.૩૫
કુલ	૨૦,૪૫૮	૧૦૦ ટકા	૧૮,૭૧૨	૧૦૦ ટકા

આમ એક બાજુ ખેતી કરનાર વર્ગ ઘટે છે તેા બીજી બાજુ ખેતમજૂરનેા વર્ગ વધે છે. આ તાલુકામાં મધ્યમ પ્રકારના અને અન્ય ઉદ્યોગેામાં કામ કરનારની સંખ્યા ઘણી ઓછી જોવા મળે છે. આ પરિસ્થિતિ ૧૯૬૧ અને ૧૯૭૧ બંનેમાં છે. કેવળ વસ્તીવધારાને કારણે બધા જ વ્યવસાયેામાં

૧૯૬૧ કરતાં ૧૯૭૧માં વધારેા જોવા મળે છે. જોકે વસ્તીમાં દસ વર્ષમાં ૨૬.૫૯ ટકા વધારેા થયેા છે. જ્યારે કામ કરનારાની ટકાવારીમાં ૧૩.૭૭નેા ઘટાડેા નોંધાયેા છે. આથી એમ થાય કે ૧૯૬૧માં ૧૯૭૧ કરતાં કામ કરનારની સંખ્યા વધુ હશે. કામ કરનારના અને કામ નહીં કરનારા લોકોની આંકડાકીય માહિતી કોઠા ૫૮ માં આપવામાં આવી છે.

કોઠો–૫૮

૧૯૬૧ અને ૧૯૭૧ ની વસ્તીગણતરી મુજબ કામ કરનારાઓ તથા કામ નહીં કરનારાઓની વહેંચણી

વર્ષ	કુલ વસ્તી	કામ કરનારા-ઓની સંખ્યા	ટકાવારી	કામ નહીં કર નારાની સંખ્યા	ટકાવારી
૧૯૬૧	૪૧,૫૩૨	૨૦,૪૫૮	૪૯.૨૬	૨૧,૦૭૪	૫૦.૭૪
૧૯૭૧	૫૨,૫૭૬	૧૮,૭૧૨	૩૫.૫૯	૩૩,૮૬૪	૬૪.૪૧

કોઠા નં. ૫૯માં જોતા માલૂમ પડે છે કે ૧૯૬૧ કરતાં ૧૯૭૧માં સ્ત્રી કામદારોની સંખ્યામાં ૩૦ ટકાનેા ઘટાડેા થયેા છે. પુરુષ કામદારેામાં ઘટાડેા થયેા છે પરંતુ તે નહીંવત્ છે. સ્ત્રી કામદારેાના ઘટાડા માટેનું યેાગ્ય કારણ આપવું મુશ્કેલ છે. સામાન્ય રીતે આદિવાસી કુટુંબમાં બધા જ પુખ્ત સભ્યેા કુટુંબ માટેની આવક વ્યવસાયમાં રેાકાયેલા હેાય છે. ચર્ચા પરથી એવું સ્પષ્ટ થાય છે કે આદિવાસીઓમાં મેાટી સંખ્યામાં કામદારેા પ્રાથમિક ક્ષેત્રના સ્વરેાજગારમાં રેાકાયેલા છે. કોઠા નં. ૫૯માં આપેલી વિગત મુજબ કામ કરનારાઓમાંથી ફક્ત ૨.૫૪ ટકા લોકેા જ માધ્યમિક ક્ષેત્રમાં રેાકાયેલા છે. જ્યારે ત્રીજા પ્રકારના ક્ષેત્રમાં બાકી રહેલામાંના ૪.૬૬ ટકાનેા સમાવેશ થયેલેા છે. કોઠાને ધ્યાનપૂર્વક જોતાં ખ્યાલ આવે છે કે ૧૯૭૧માં પ્રાથમિક ક્ષેત્રમાં ૨.૩૩ ટકાનેા ઘટાડેા થાય છે પરંતુ તેની સામે બીજા અને ત્રીજા ક્ષેત્રમાં થેાડેા વધારેા થયેલેા જોવા મળે છે.

કોઠો--૫૯

૧૯૬૧ અને ૧૯૭૧ની વસ્તીગણતરી મુજબ કામ કરનારા અને નહીં કરનારાઓનું જાતિ પ્રમાણે વર્ગીકરણ

પ્રકાર		૧૯૬૧ પુ.	૧૯૬૧ સ્ત્રી	૧૯૬૧ કુલ	૧૯૭૧ પુ.	૧૯૭૧ સ્ત્રી.	૧૯૭૧ કુલ
કુલ વસ્તી	સંખ્યા	૨૦,૭૬૬	૨૦,૭૬૬	૪૧,૫૩૨	૨૬,૧૬૮	૨૬,૪૦૮	૫૨,૫૭૬
	ટકા	૧૦૦	૧૦૦	૧૦૦	૧૦૦	૧૦૦	૧૦૦
કામ કરનાર	સંખ્યા	૧૧,૮૧૭	૮,૬૪૧	૨૦,૪૫૮	૧૪,૬૩૦	૪,૦૮૨	૧૮,૭૧૨
	ટકા	૫૬.૯૧	૪૧.૬૮	૪૯.૨૬	૫૫.૯૧	૧૫.૪૬	૩૫.૫૯
કામ નહીં કરનાર	સંખ્યા	૮,૯૪૯	૧૨,૧૨૫	૨૧,૦૭૪	૧૧,૫૩૮	૨૨,૩૨૬	૩૩,૮૬૪
	ટકા	૪૩.૦૯	૫૮.૩૯	૫૦.૭૪	૪૪.૦૯	૪૮.૫૪	૬૪.૪૧

કોઠો--૬૦

૧૯૬૧ અને ૧૯૭૧ની ગણતરી મુજબ ક્ષેત્ર (વિભાગ) પ્રમાણે કામદારોની ટકાવારી દર્શાવતો કોઠો

વર્ષ	કામદારો પ્રાથમિક	કામદારો દ્વિતીય	કામદારો તૃતીય
૧૯૬૧	૯૫.૧૩	૨.૧૭	૨.૭૦
૧૯૭૧	૯૨.૮૦	૨.૫૪	૪.૬૬

આ કોઠાને આધારે કંઈક અંશે એવું કહી શકાય છે કે વિકાસ માટેના પ્રયત્નોને પરિણામે અત્યાર સુધી આદિવાસી પ્રજા મુખ્યત્વે ખેતીના ક્ષેત્ર પર આધાર રાખતી હતી તેમાં ધીમે ધીમે ફેરફાર થયો છે. અને હવે દ્વિતીય અને તૃતીય ક્ષેત્રમાં પણ તેણે જવા માંડયું છે. જોકે હજી પણ તે લોકોને જીવનનિર્વાહ માટે જમીન જ મુખ્ય સાધન રહ્યું છે. કારણ કે બિનખેતી વિષયક વ્યવસાયો માટે આ તાલુકામાં ઓછી શકયતા રહેલી છે. એટલે જ્યારે જમીન ઉપર તમામ આધાર રાખવો મર્યાદિત બને છે. ત્યારે શકય હોય તેટલા બિનખેતી વિષયક વ્યવસાયો વધારવા માટેના સઘળા પ્રયત્નો થવા જોઈએ. એ વાસ્તવિકતા છે કે જયાં સુધી આ આદિવાસીઓ દ્વિતીય અને તૃતીય પ્રકારના વ્યવસાયમાં (બિનખેતી વિષયક) જશે નહીં ત્યાં સુધી તેમની આવકને પરિણામે તેમના જીવન ધોરણમાં કોઈ ખાસ ફેરફાર થાય એ શકયતા નથી.

ઉપર આપણે જોયું કે મોટા ભાગના આદિવાસીઓ ખેતી ઉપર આધાર રાખે છે. એટલે કે તેમના જીવનનિર્વાહનું સાધન જ્યારે ખેતી જ હોય ત્યારે એ જાણવું જરૂરી બને છે કે તેઓ કુટુંબદીઠ જમીનનું કદ કેવું ધરાવે છે? કોઠા નં. ૬૧ પ્રમાણે ૭૯ ટકા ખાતેદારો પોતે ૫ હેક્ટરથી પણ ઓછી જમીન ધરાવે છે. બાકીના જે ૨૧ ટકા રહ્યા તેમાં પથી ૨૦ હેક્ટર જમીન ધરાવનારા ૨૦.૬ ટકા છે જ્યારે માત્ર ૦.૦૪ ટકા લોકો જ ૨૦ હેક્ટરથી વધુ જમીન ધરાવે છે. વધુ સ્પષ્ટતાથી તપાસીએ તો ૩૨.૭૭ ટકા લોકો તો બે હેક્ટરથી પણ ઓછી જમીન ધરાવે છે અને ૪૯.૧૯ લોકો બે થી પાંચ એકર જમીન ધરાવે છે.

કોઠો--૬૧

જમીનનું કદ અને ધરાવનારની સંખ્યા દર્શાવતો કોઠો

(પ્રાપ્તિસ્થાન : ખેતી વિષયક વસ્તીગણતરી ૧૯૭૦–૭૧)

જમીનનું કદ (એકરમાં)	ખેતી કરતા કુટુંબો સંખ્યા	ટકા	જમીનનો વિસ્તાર (એકરમાં)	કુલ ટકા
૦.૫ થી ઓછી	૧૧૪	૨.૧૮	૩૭	૦.૧૯
૦.૫ થી ૧.૦	૩૭૧	૭.૦૯	૨૮૫	૧.૪૯
૧.૦ થી ૨.૦	૧,૨૨૯	૨૩.૫૦	૧,૮૬૭	૯.૭૮
૨.૦ થી ૩.૦	૧,૦૯૫	૨૦.૯૪	૨,૬૬૮	૧૩.૯૭
૩.૦ થી ૪.૦	૭૭૮	૧૪.૮૭	૨,૬૮૭	૧૪.૦૭
૪.૦ થી ૫.૦	૫૪૩	૧૦.૩૮	૨,૪૨૦	૧૨.૬૮
૫.૦ થી ૧૦.૦	૮૯૧	૧૭.૦૩	૫,૯૯૦	૩૧.૩૮
૧૦.૦ થી ૨૦.૦	૧૮૫	૩.૫૪	૨,૩૪૧	૧૨.૨૬
૨૦.૦ થી ૩૦.૦	૧૬	૦.૩૧	૩૬૩	૧.૯૦
૩૦.૦ થી ૪૦.૦	૩	૦.૦૬	૧૦૩	૦.૫૪
૪૦.૦ થી ૫૦.૦	૨	૦.૦૪	૯૩	૦.૪૯
૫૦.૦ થી ઉપર	૩	૦.૦૬	૨૩૮	૧.૨૫
કુલ	૫,૨૩૦	૧૦૦.૦૦	૧૯,૦૯૨	૧૦૦.૦૦

* આ આંકડા એકરમાં પ્રાપ્ત થયા છે માટે એકરમાં આપ્યા છે.

એટલે કે લગભગ અડધા જેટલા ખેડૂતો ૨.૦થી ૫.૦ એકર જેટલી જમીન ધરાવે છે. આવા લોકોની કુલ જમીન ૭.૭૭૫ એકર જેટલી એટલે કે કુલ વિસ્તારના ૪૦.૭ ટકા થાય છે. ૫.૦ થી ૨૦.૦ એકર જમીન ધરાવતા લોકોની કુલ જમીન ૮.૩૩૧ એકર એટલે કે કુલ જમીનના ૪૩.૬ ટકા થાય છે. આથી સ્પષ્ટ થાય છે કે આ તાલુકામાં પણ માત્ર થોડા લોકો વધુ જમીન ધરાવતા હોય એવું જોવા મળે છે. મહત્વનું એ છે કે ૧૯૬૧ની વસ્તીગણતરી પ્રમાણે આ તાલુકામાં ૫ એકરથી ઓછી જમીન ધરાવનાર ખાતેદારોની ટકાવારી ૧૮.૬૯ થાય છે જ્યારે પથી ૧૦ એકર જમીન ધરાવનારની ટકાવારી આમ ૩૪.૧૭ મોટો ભાગ ૧૦ એકરથી ઓછી જમીન ધરાવનાર હતો. પરંતુ ૧૫ એકરથી ૩૦ એકર જમીન ધરાવનાર પણ સારો એવો વર્ગ હતો કે જેની ટકાવારી ૨૨.૪૧ ટકા થાય છે. જ્યારે ૩૦ એકરથી વધુ જમીન ધરાવનાર ૫.૯૩ અને ૫૦થી વધુ જમીન ધારણ કરનાર ૧.૮૧ ટકા હતા.

કોઠો–૬૨

તાલુકામાં ખેતીલાયક જમીનનું કદ ધરાવતા ખાતેદારોની વહેંચણી

(૨૦ ટકા મુજબ નમુનાના સરવેક્ષણ ૧૯૬૧ વસ્તીગણતરી)

ધરાવેલ જમીનનું કદ એકરમાં	ખાતેદારની ટકાવારી
૧.૦ થી ઓછી	—
૧.૦ થી ૨.૪	૨.૪૧
૨.૫ થી ૪.૯	૧૬.૨૮
૫.૦ થી ૭.૪	૨૦.૨૦
૭.૫ થી ૯.૯	૧૯.૯૭
૧૦.૦ થી ૧૨.૪	૧૪ ૭૮
૧૨.૫ થી ૧૪.૯	૩.૯૨
૧૫.૦ થી ૨૯.૯	૨૨.૪૧
૩૦.૦ થી ૪૯.૯	૪.૧૨
૫૦ થી ઉપર	૧.૮૧
અન્ય (નક્કી ન થયેલ)	૦.૧૦
કુલ	૧૦૦ ટકા

૧૯૬૧ અને ૧૯૭૧ની પરિસ્થિતિની સરખામણી કરીએ તો એ તો સ્પષ્ટ ખ્યાલ આવે છે કે ઘણી ઓછી જમીન ધારણ કરનારની સંખ્યામાં સારો એવો વધારો નોંધાયો છે. અને વધુ જમીન ધારણ કરનારની સંખ્યા સારા એવા પ્રમાણમાં વધવા પામી છે. આ પરિસ્થિતિથી એક એવી ધારણા કરી શકાય કે દાયકાના ગાળામાં ખેતીલાયક જમીનના ટુકડા થવા પામ્યા હશે અને પરિણામે ખાતેદારોની સંખ્યા વધવા પામી હશે ?

આ ચર્ચા પરથી એટલું તો સ્પષ્ટ થાય છે કે આ તાલુકામાં નાના ખાતેદારોની સંખ્યા વધુ છે. વધુ જમીન ધરાવનારા ઓછા અને વિખરાયેલા છે. જમીનના ટુકડા થવાની પ્રક્રિયા ગયા દાયકા પ્રમાણે જો ચાલુ ને ચાલુ રહેશે તો હજી પણ જમીન નાના નાના ટૂકડામાં વહેંચાઈ જશે અને પરિણામે સિમાંત અને તેથી ઓછી જમીન ધારણ કરનાર ખેડૂતોની સંખ્યા વધતી જ રહેવાની. તેથી આ તાલુકાના લોકોનો આર્થિક વિકાસ સાધવા માટે કોઈ એવી સારી યોજના વિચારવી જોઈએ કે જેથી તેમના વિસ્તારમાં વૈકલ્પિક સાધનો દ્વારા રોજગારી પૂરી પાડવી જોઈએ. કારણ કે આ તાલુકાના થોડા વિસ્તારને બાદ કરતાં મોટા ભાગની જમીન ડુંગરાળ છે. વળી સિંચાઈના સાધનોની અછત, જમીનનું ધોવાણ, ખેતીની આધુનિક પદ્ધતિનો અભાવ વગેરે બાબતો ધ્યાનમાં રાખતાં ચોક્કસપણે કહી શકાય કે ખેતીના સુધારા દ્વારા જ આદિવાસીઓનો આર્થિક વિકાસ થઈ શકશે.

પ્રકરણ – ૫

સામાજિક આર્થિક મોજણીના પરિણામો

અત્યાર સુધી સંસ્થાઓ માનવસંપત્તિ અને રોજગારીના સંદર્ભમાં બીજા પ્રકારની માહિતી દ્વારા તાલુકાની સ્થિતિ જોઈ. હવે આપણે તાલુકાનાં જે ગામો અને તેના કુટુંબોની મોજણી કરી હતી અને તેનાં જે પરિણામો આવ્યા હતાં તે તપાસીએ.

સામાજિક અને આર્થિક સર્વેક્ષણ પરિણામો માટે મોજણીમાં ૧૦ ગામના ૪૦૦ કુટુંબોની આર્થિક-સામાજિક માહિતી એકઠી કરવામાં આવી હતી. આ ૪૦૦ કુટુંબોમાં ૩૮૭ એટલે કે ૯૬.૭૫ ટકા આદિવાસી કુટુંબો હતા. જ્યારે ૧૩ એટલે કે ૩.૨૫ ટકા બિન આદિવાસી હતા.

કોઠો--૬૩

સરવેક્ષણ કરેલાં કુટુંબોની આદિવાસી/બિનઆદિવાસી તરીકે વહેંચણી.

સરવેક્ષણ કુટુંબો.

ક્રમ	ગામનું નામ	આદિવાસી		બિનઆદિવાસી		કુલ
		સંખ્યા	ટકા	સંખ્યા	ટકા	સંખ્યા
૧	૨	૩	૪	૫	૬	૭
૧	નવી જાવલી	૪૯	૯૮	૧	૨	૫૦
૨	સોરપાડા	૪૪	૧૦૦	—	—	૪૪
૩	કોડબા	૩૩	૭૬.૭૪	૧૦	૨૩.૨૬	૩૩
૪	મોટી દેવરૂપેણ	૪૦	૧૦૦	—	—	૪૦
૫	બર્કતુરા	૪૦	૧૦૦	—	—	૪૦
૬	મોવી	૩૮	૯૫.૦૦	૨	૫.૦૦	૪૦
૭	દેવશાફી	૪૦	૧૦૦	—	—	૪૦
૮	ચિકાલી	૪૦	૧૦૦	—	—	૪૦
૯	ધવલીવેર	૪૦	૧૦૦	—	—	૪૦
૧૦	કુંવરખાડી	૨૩	૧૦૦	—	—	૨૩
	કુલ	૩૮૭	૯૬.૭૫	૧૩	૩.૨૫	૪૦૦

નીચેના કોઠામાં બતાવ્યા મુજબ પસંદ થયેલા ૧૦ ગામોના ૪૦૦ કુટુંબોના સભ્યોની સંખ્યા ૨,૪૪૩ છે. જેમાંથી ૨,૩૬૬ એટલે કે ૯૬.૮૫ ટકા આદિવાસી છે જ્યારે બાકીના ૭૭ એટલે કે ૩.૧૫ ટકા લોકો બિન આદિવાસી છે.

કોઠો–૬૪

મોજણીના ગામોમાં આદિવાસી, બિનઆદિવાસી વસ્તી દર્શાવતો કોઠો :–

જાતિ	૧૯૭૧ વસ્તીગણતરી		મોજણીમાં પસંદ થયેલા કુટુંબની સભ્ય સંખ્યા	
	સંખ્યા	ટકા	સંખ્યા	ટકા
આદિવાસી	૬૫૬૯	૯૭.૦૭	૨,૩૬૬	૯૬.૮૫
બિનઆદિવાસી	૧૯૮	૨.૯૩	૭૭	૩.૧૫
કુલ	૬૭૬૭	૧૦૦		

પુરુષ-સ્ત્રીનું પ્રમાણ:—

સર્વેક્ષણ ગામોનું જે પ્રમાણ આવ્યું છે. તે તાલુકા કરતાં જુદું છે. તાલુકામાં પુરુષોની સંખ્યા સ્ત્રી કરતાં ઓછી છે. જ્યારે અહીંયા પુરુષનું પ્રમાણ વધુ છે. અલબત્ત ફેરફાર નજીવો છે. સર્વેક્ષણ પ્રમાણે કુલ વસ્તીમાં ૫૦.૩૫ ટકા પુરુષો અને ૪૯.૬૫ ટકા સ્ત્રીઓ છે. પરંતુ એમાં પણ આદિવાસી કરતાં બિન આદિવાસીઓમાં પુરુષની ટકાવારી ઊંચી છે. જે કોઠા નં. ૬૫ પરથી ખ્યાલ આવશે.

કોઠો–૬૫

મોજણી થયેલા ગામોની વસ્તીનું આદિવાસી-બિનઆદિવાસી તેમજ પુરુષ–સ્ત્રી મુજબ વર્ગીકરણ (ટકાવારીમાં)

જાતિ	પુરુષ	સ્ત્રી	કુલ
આદિવાસી	૫૦.૧૭	૪૯.૮૩	૧૦૦
બિનઆદિવાસી	૫૫.૮૪	૪૪.૧૬	૧૦૦
કુલ	૫૦.૩૫	૪૯.૬૫	૧૦૦

બિનઆદિવાસીઓમાં સ્ત્રીઓ કરતાં પુરુષોની ટકાવારી ૧૧. ૬૮ વધુ છે. પ્રમાણની રીતે જોઈએ તો કોઠા નં ૬૬ પ્રમાણે ૧૦૦૦ પુરુષે ૯૮૬નું પ્રમાણ છે. પરંતુ એમાં આદિવાસીમાં પ્રમાણ ૯૯૩ નું છે. જ્યારે બિન આદિવાસીમાં ૭૯૧ છે. આમ પુરુષ અને સ્ત્રીના પ્રમાણનો તફાવત છે ખરો પણ આદિવાસીમાં તે ઓછો છે.

કોઠો–૬૬

મોજણીનાં ગામોમાં આદિવાસી અને બિનઆદિવાસી વસ્તીમાં પુરુષ અને સ્ત્રીની સંખ્યા દર્શાવતો કોઠો.

જાતિ	પુરુષોની સંખ્યા	સ્ત્રીઓની સંખ્યા	૧૦૦૦ પુરુષોએ સ્ત્રીઓનું પ્રમાણ.
આદિવાસી	૧,૧૮૭	૧,૧૭૯	૯૯૩
બિનઆદિવાસી	૪૩	૩૪	૭૯૧
કુલ	૧,૨૩૦	૧,૨૧૩	૯૮૬

કોઠા નં. ૬૭માં વય જૂથ મુજબ પુરુષ અને સ્ત્રીની વહેંચણી કરવામાં આવી છે.

કોઠો–૬૭

મોજણી કરેલ કુટુંબોનું વયજૂથ પ્રમાણે સ્ત્રી પુરુષ પ્રમાણ (સંખ્યામાં)

વયજૂથ	પુરુષોની સંખ્યા	સ્ત્રીઓની સંખ્યા	૧૦૦ પુરુષે સ્ત્રીનું પ્રમાણ
૦–૫	૧૭૯	૧૮૭	૧,૦૪૪
૬–૧૪	૩૪૩	૩૨૦	૯૩૨
૧૫–૨૪	૨૩૩	૨૬૧	૧,૧૨૦
૨૫–૪૫	૩૪૩	૩૩૪	૯૭૩
૪૬–૬૦	૯૦	૮૨	૯૧૧
૬૦થી વધુ	૪૨	૨૯	૬૯૦
કુલ	૧,૨૩૦	૧,૨૧૩	૯૮૬

સૌથી ઓછા વયજૂથમાં સ્ત્રીઓની સંખ્યા સૌથી વધુ છે. જે એ સૂચવે છે કે ૫ વર્ષથી નીચેની ઉંમરના બાળકોમાં છોકરીઓ કરતાં છોકરાઓમાં બાળમરણનું પ્રમાણ વધુ છે. ત્યાર પછીનું એટલે કે ૬ થી ૧૨ ના વયજૂથમાં પુરુષ સંખ્યા વધુ છે અને તે પછીના ૧૫ થી ૨૪ વર્ષના વયજૂથમાં ફરીથી પુરુષો કરતાં સ્ત્રીઓની સંખ્યા વધુ દેખાય છે. પરંતુ ત્યાર પછી દરેક વયજૂથમાં સ્ત્રીઓની સંખ્યા ઘટતી જાય છે. આનો અર્થ એમ કરી શકાય કે વૃદ્ધાવસ્થામાં સ્ત્રીઓનો મૃત્યુદર પુરુષો કરતાં વધુ છે.

ઉંમર:– ટકાવારીની દૃષ્ટિએ તપાસીએ તો કુલ વસ્તીના અડધાથી વધુ છે. કામ કરી શકે એવો વર્ગ ૧૫ થી ૬૦નો છે તેમાં તેની ટકવારી ૫૪.૯૭ ટકાની થાય છે. જ્યારે વસ્તીનાં પાયામાં એવી ૧૫ વર્ષથી નીચેનું વયજૂથ પ્રમાણમાં ઠીક ઠીક મોટું ગણી શકાય તેની ટકાવારી ૪૨.૧૨ છે. પરંતુ વૃદ્ધ જે ૬૦થી ઉપરનાં છે તેની ટકાવારી ૨.૯૧ છે. આથી એમ કહી શકાય કે આદિવાસીઓની આયુષ્ય મર્યાદાનો દર નીચો છે. કારણ કે ૪૬થી ૬૦ના વયજૂથમાં પણ વસ્તીની ટકાવારી બીજાના પ્રમાણમાં ઘણી ઓછી છે. આમ જે લોકો સક્રિય રીતે કામ કરી શકે તેની ટકાવારી પણ ઊંચી છે અને જે એક દાયકા પછી રોજગારીના બજારમાં પ્રવેશ મેળવવાના છે તેની પણ ટકાવારી સારી છે. ટૂંકમા આદિવાસીઓમાં પૂરેપૂરા બીજાના પર આશ્રિત લોકોની સંખ્યા ઘણી ઓછી કહી શકાય.

કોઠો–૬૮

જુદા જુદા વયજૂથ પ્રમાણે વસ્તીનું વર્ગીકરણ દર્શાવતો કોઠો (આંકડા ટકાવારીમાં)

વયજૂથ	પુરુષ ટકા	સ્ત્રી ટકા	કુલ ટકા
૦–૫	૭.૩૩	૭.૬૫	૧૪.૯૮
૬–૧૫	૧૪.૦૪	૧૩.૧૦	૨૭.૧૪
૧૫–૨૪	૯.૫૪	૧૦.૬૮	૨૦.૨૨
૨૫–૪૫	૧૪.૦૪	૧૩.૬૭	૨૭.૭૧
૪૬–૬૦	૩.૬૮	૩.૩૬	૭.૦૪
૬૦થી વધુ.	૧.૭૨	૧.૧૯	૨.૯૧
કુલ	૫૦.૩૫	૪૯.૬૫	૧૦૦

કોઠો – ૭૦

કુટુંબમાં સભ્યોની સંખ્યા દર્શાવતો કોઠો :

ક્રમ	કુટુંબનું કદ	આદિવાસી		બિનઆદિવાસી		કુલ	
		કુટુંબની સંખ્યા	સભ્યોની સંખ્યા	કુટુંબની સંખ્યા	સભ્યોની સંખ્યા	કુટુંબની સંખ્યા	સભ્યોની સંખ્યા
૧.	એક	૩	૩	—	—	૩	૩
૨.	બે	૧૧	૨૨	૧	૨	૧૨	૨૪
૩.	ત્રણ	૩૦	૯૦	૧	૩	૩૧	૯૩
૪.	ચાર	૬૭	૨૬૮	૨	૮	૬૯	૨૭૬
૫.	પાંચ	૬૬	૩૩૦	૩	૧૫	૬૯	૩૪૫
૬.	છ	૬૭	૪૦૨	૧	૬	૬૮	૪૦૮
૭.	સાત	૪૨	૨૯૪	—	—	૪૨	૨૯૪
૮.	આઠ	૩૪	૨૭૨	૩	૨૪	૩૭	૨૯૬
૯.	નવ	૩૨	૨૮૮	૧	૯	૩૩	૨૯૭
૧૦.	દસ	૧૧	૧૧૦	૧	૧૦	૧૨	૧૨૦
૧૧.	અગિયાર અને તેથી વધુ	૨૪	૨૮૭	—	—	૨૪	૨૮૭
કુલ :		૩૮૭	૨,૩૬૬	૧૩	૭૭	૪૦૦	૨,૪૪૩

નીચેના કોઠામાં દર્શાવેલા આંકડા જે કુટુંબના કદનું સમગ્ર ચિત્ર રજૂ કરે છે તે મુજબ ૫૧.૫૦ ટકા કુટુંબો ૪થી ૬ સભ્યો ધરાવે છે, જે મધ્યમ કદ તરીકે ઓળખવામાં આવ્યાં છે. ત્યાર પછીના ક્રમમાં વિશાળ કદ ધરાવતાં એટલે કે સાતથી દસ સભ્યો ધરાવતાં કુટુંબોનું પ્રમાણ કુલ પ્રમાણના ૩૧ ટકા છે.

કોઠો – ૭૧

જાતિ મુજબ કુટુંબનું કદ દર્શાવતો કોઠો :

ક્રમ	પ્રકાર	કદ (સભ્યોની સંખ્યા)	જાતિ					
			આદિવાસી		બિનઆદિવાસી		કુલ	ટકા
			સંખ્યા	ટકા	સંખ્યા	ટકા	સંખ્યા	
૧.	વ્યક્તિગત	એક	૩	૦.૭૮	—	—	૩	૦.૭૫
૨.	નાનું	બેથી ત્રણ	૪૧	૧૦.૫૯	૨	૧૫.૩૯	૪૩	૧૦.૭૫
૩.	મધ્યમ	ચારથી છ	૨૦૦	૫૧.૬૮	૬	૪૬.૧૫	૨૦૬	૫૧.૫૦
૪.	મોટું	સાતથી દસ	૧૧૯	૩૦.૭૫	૫	૩૮.૪૬	૧૨૪	૩૧.૦૦
૫.	ઘણું મોટું	અગિયારથી વધુ	૨૪	૬.૨૦	—	—	૨૪	૬.૦૦
	કુલ		૩૮૭	૧૦૦.૦૦	૧૩	૧૦૦.૦૦	૪૦૦	૧૦૦.૦૦

નાના કદનાં કુટુંબો જેમાં બેથી ત્રણ સભ્યો હોય છે એવાં કુટુંબો કુલ કુટુંબોના ૧૦.૭૫ ટકા છે. જે ૯ પ્રમાણે આગિયાર અને તેનાથી વધુ સભ્યો ધરાવતાં કુટુંબો કુલ કુટુંબોના ૬ ટકા છે. જાતિને ધ્યાનમાં રાખતાં એ સ્પષ્ટ જણાય છે કે, બિનઆદિવાસીઓમાં આગિયાર કે તેથી વધુ સભ્યો ધરાવતું તથા માત્ર એક સભ્ય ધરાવતું એક પણ કુટુંબ નોંધાયેલું નથી. આ વિષમ બનવે જાતિમાં પ્રમાણમાં મોટા ફેરફારો જોવા મળે છે.

સરાસરી કુટુંબનું કદ ૬.૧૦ સભ્યનું બનેલું છે. નીચેના કોઠામાં જોતાં જણાય છે કે, સરાસરી કુટુંબ આદિવાસી કરતાં બિનઆદિવાસીઓનું મોટું છે.

કોઠો – ૭૨

આદિવાસી બિનઆદિવાસી મુજબ સરાસરી કુટુંબનું કદ દર્શાવતો કોઠો :

ક્રમ	જાતિ	સરાસરી કદ
૧.	આદિવાસી	૫.૯૨
૨.	બિનઆદિવાસી	૬.૧૧
		૬.૧૦

કોઠો – ૭૩

આદિવાસી બિનઆદિવાસી કુટુંબના પ્રકાર દર્શાવતો કોઠો (ટકામાં) :

ક્રમ	જાતિ	સંયુક્ત કુટુંબના પ્રકાર	Extended
૧.	આદિવાસી	૬૦.૫૧	૩૯.૪૯
૨.	બિનઆદિવાસી	૪૪.૬૪	૫૫.૩૬
	કુલ	૫૯.૨૫	૪૦.૭૫

ઉપરના કોઠા પરથી જણાય છે કે, આદિવાસીઓમાં સંયુક્ત કુટુંબ પ્રથા બિનઆદિવાસીઓ કરતાં વધુ પ્રમાણમાં જોવા મળે છે. આદિવાસીઓમાં Extended કુટુંબો પણ વધુ પ્રમાણમાં જોવા મળે છે. જાતિ

આ માટે આપણે જાણીએ છીએ કે આદિવાસીઓમાં પુત્રનાં લગ્ન થાય કે તરત જ પિતાથી જુદો રહેવા લાગે છે. જોકે પિતા જીવતા હોય ત્યાં સુધી મિલકતમાં ભાગ પડતા નથી. પરંતુ પુત્ર પોતાનું આગવું ઘર તો વસાવે જ છે. અને તેથી વિભક્ત કુટુંબની સંખ્યા વધુ જોવા મળે છે.

વસ્તીના વૈવાહિક દરજ્જો :

કોઠા નં. ૭૪નો ઊંડાણથી અભ્યાસ કરીશું તો માલૂમ પડશે કે મોજણી કરવામાં આવેલાં ૪૦૦ કુટુંબોમાં અપરિણીત પુરુષોનું પ્રમાણ સ્ત્રીઓ કરતાં ઊંચું છે. આ તાલુકામાં જોતાં એવું લાગ્યું છે કે અહીંયાં નાની ઉંમરના વયજૂથમાં પરણેલ વર્ગ નહીંવત્ છે. એટલે કે આદિવાસી વસ્તી ધરાવતા આ તાલુકામાં બાળવિવાહ પ્રચલિત નથી. તેવી જ રીતે ૨૫ વર્ષથી ઉપરની વયનો અપરિણીત પણ ભાગ્યે જ છે. આમ લગ્ન ઉંમર ૧૫થી ૨૫ની છે, જે આદર્શ ગણાય છે.

કોઠો – ૭૪

મોજણી કરાયેલ વસ્તીમાં આદિવાસી – બિનઆદિવાસી વસ્તી પ્રમાણે વૈવાહિક દરજ્જો દર્શાવતો કોઠો (આંકડા ટકાવારીમાં) :

જાતિ	વૈવાહિક દરજ્જો				કુલ
	અપરિણીત	પરિણીત	વિધુર/વિધવા	છૂટાછેડા	
આદિવાસી					
પુરુષ	૫૨.૭૪	૪૫.૫૮	૧.૬૮	—	૧૦૦
સ્ત્રી	૪૯.૧૦	૪૮.૦૦	૨.૮૧	૦.૦૯	૧૦૦
કુલ	૫૦.૯૩	૪૬.૭૯	૦૨.૨૪	૦.૦૪	૧૦૦
બિનઆદિવાસી					
પુરુષ	૫૮.૧૪	૩૪.૮૮	૬.૯૮	—	૧૦૦
સ્ત્રી	૫૦.૦૦	૪૪.૧૨	—	૫.૮૮	૧૦૦
કુલ	૫૪.૫૫	૩૮.૯૬	૩.૯૦	૨.૫૯	૧૦૦
કુલ					
પુરુષ	૫૨.૯૩	૪૫.૨૦	૧.૮૭	—	૧૦૦
સ્ત્રી	૪૯.૧૩	૪૭.૯૦	૨.૭૨	૦.૨૫	૧૦૦
કુલ	૫૧.૦૪	૪૬.૫૪	૨.૨૯	૦.૧૩	૧૦૦

કોઠા નં. ૭૪માં જોતાં એ ભેદ પણ સ્પષ્ટ થાય છે કે પરિણીત સ્ત્રીઓનું પ્રમાણ પરિણીત પુરુષો કરતાં આદિવાસી અને બિનઆદિવાસી બંનેમાં વધુ જોવા મળે છે. પણ આદિવાસી કરતાં બિનઆદિવાસીમાં આ તફાવત મોટો છે. આ વસ્તુ બતાવે છે કે લગભગ બધા જ પરણેલા પુરુષો તેમની પત્ની સાથે રહે છે. બીજું, અપરિણીત પુરુષોનું પ્રમાણ અપરિણીત સ્ત્રીઓ કરતાં વધુ છે. આ એ બતાવે છે કે પુરુષો કરતાં સ્ત્રીઓની લગ્નવય નાની હોય છે. સર્વેના આધારે એવું કહી શકાય કે સાગબારા તાલુકામાં પુરુષ માટેની લગ્નવય ૧૮થી ૨૩ વર્ષની છે, જ્યારે સ્ત્રી માટેની લગ્નવય ૧૬થી ૨૦ વર્ષની છે.

કોઠામાં જોતાં એક બીજી વાત એ તરી આવે છે કે આદિવાસી કરતાં બિનઆદિવાસીઓમાં અપરિણીત પુરુષો વધુ છે. એ જ પ્રમાણે બિન-આદિવાસીઓમાં પરિણીત પુરુષ કરતાં પરિણીત સ્ત્રીનું પ્રમાણ આદિવાસીઓની સરખામણીમાં ઓછું છે. એટલે એનો અર્થ એ કે છોકરી લગ્નની ઉંમરની થાય એટલે આદિવાસીમાં એ પરણી જ જાય છે.

સામાન્ય રીતે આદિવાસીમાં છૂટાછેડા મેળવવા એ સામાજિક રીતે બહુ મુશ્કેલ નથી, છતાં આ તાલુકામાં આ ટકાવારી ઘણી ઓછી છે. આ માટે એ કારણ આપી શકાય કે આદિવાસી યુગલો લગ્નજીવનમાં અનુકૂળતા સાધવા માટે પ્રયત્ન કરતાં હોય છે.

*

સાગબારા તાલુકાનાં આદિવાસી ગામોમાં મુખ્ય વ્યવસાય ખેતી છે. પસંદ કરાયેલાં ૧૦ ગામોમાંથી ૪૦૦ કુટુંબોને આવરી લઈને કરાયેલા સર્વેક્ષણમાં ૫૭.૫ ટકા લોકો માત્ર ખેતીના જ વ્યવસાયમાં રોકાયેલા છે. એનો નીચેના કોઠાના આંકડા પરથી ખ્યાલ આવે છે. ખેતી પછીનો બીજો મુખ્ય વ્યવસાય ખેતમજૂરી છે, જેમાં ૯૧ કુટુંબો એટલે કે ૪૦૦ કુટુંબોના ૨૨.૭૫ ટકા કુટુંબ ખેતમજૂરીમાં છે.

કોઠો – ૭૫

મુખ્ય વ્યવસાયો પ્રમાણે સર્વેક્ષણ થયેલાં કુટુંબનું વર્ગીકરણ :

ક્રમ	વ્યવસાયનું નામ	આદિવાસી સંખ્યા	આદિવાસી ટકા	બિનઆદિવાસી સંખ્યા	બિનઆદિવાસી ટકા	કુલ સંખ્યા	કુલ ટકા
૧.	ખેતી	૨૨૮	૫૮.૯૧	૨	૧૫.૩૮	૨૩૦	૫૭.૫૦
૨.	ખેતમજૂરી	૯૧	૨૩.૫૧	—	—	૯૧	૨૨.૭૫
૩.	બિનકુશળ કામદારો	૧૪	૩.૬૨	૧	૭.૭૦	૧૫	૩.૭૫
૪.	નોકરી	૧૦	૨.૫૮	—	—	૧૦	૨.૫૦
૫.	સુથારીકામ	૬	૧.૫૫	૨	૧૫.૩૮	૮	૨.૦૦
૬.	પશુપાલન	૯	૨.૩૩	૫	૩૮.૪૬	૧૪	૩.૫૦
૭.	લુહારીકામ	૨	૦.૫૨	૧	૭.૭૦	૩	૦.૭૫
૮.	દરજીકામ	૭	૧.૮૧	—	—	૭	૧.૭૫
૯.	નાના ધંધાવાળા	૧૩	૩.૩૬	૨	૧૫.૩૮	૧૫	૩.૭૫
૧૦.	મત્સ્યોદ્યોગ	૫	૧.૨૯	—	—	૫	૧.૨૫
૧૧.	અન્ય	૨	૦.૫૨	—	—	૨	૦.૫૦
	કુલ	૩૮૭	૧૦૦	૧૩	૧૦૦	૪૦૦	૧૦૦

આદિવાસી કુટુંબોમાં ૮૨.૪૨ કુટુંબો ખેતીના વ્યવસાયમાં રોકાયેલાં છે. જ્યારે બિનઆદિવાસીમાં માત્ર ૧૫.૩૮ કુટુંબો જ ખેતીના વ્યવસાયમાં રોકાયેલાં છે. કોઠામાં જોતાં માલૂમ પડશે કે આ મોજણીમાં બિનઆદિવાસી કુટુંબોમાંથી વધુ ટકાવારી પશુપાલનના ધંધામાં જોવા મળે છે, જે ૩૮.૪૬ થાય છે. બીજા નંબરે નાના ઉદ્યોગો અને સુથારી આવે છે. જેની ટકાવારી ૧૫.૩૮ થાય છે. જ્યારે આદિવાસીમાં પશુપાલન નાના ઉદ્યોગ અને સુથારીની ટકાવારી અનુક્રમે ૨.૩૩, ૩.૩૬ અને ૧.૫૫ થાય છે. આમ બીજા વ્યવસાયો તરફનું આદિવાસીનું વલણ ઓછું છે.

કોઠા નં. ૭૬માં બતાવ્યા મુજબ આ મોજણીમાં કામ કરનારાઓની સંખ્યા ૧૪૨૦ છે, જેમાં ૭૧૩ પુરુષો અને ૭૦૭ સ્ત્રીઓનો સમાવેશ થાય છે. એ મુજબ કામ કરનારાઓનો ૮૨.૨૨ ટકા લોકો ખેતીના

વ્યવસાયમાં રોકાયેલા છે, જેમાં ખેતી કરનારા ૬૨.૩૨ ટકા અને ૨૧.૯૦ ટકા ખેતમજૂરો છે. બીજો અગત્યનો વ્યવસાય નાના ઉદ્યોગો છે, જેમાં ૬.૨૭ ટકા લોકો રોકાયેલા છે. જેમની પાસે કોઈ કળા નથી એવા છૂટક મજૂરી કરનાર વર્ગનું પ્રમાણ ૩.૧૭ ટકા છે. પશુપાલનમાં ૨.૯૬ ટકા લોકો છે.

જાતિની દૃષ્ટિએ જો સરખામણી કરીએ તો ખેતી, છૂટક મજૂરી, વ્યાપાર-ધંધો અને પશુપાલનના વ્યવસાયોમાં સ્ત્રીઓની ટકાવારી પુરુષો કરતાં ઊંચી છે. આમ તો કોઠામાં જોતાં જ ખ્યાલ આવે છે કે આ સમાજમાં પુરુષ અને સ્ત્રીના કાર્યમાં કંઈ ખાસ તફાવત જોવા મળતો નથી. સ્ત્રીનો દરજ્જો કોઈ પણ રીતે ઊતરતો કે નીચો નથી.

કોઠો – ૭૬

મોજણીમાં સમાવિષ્ટ થયેલી વ્યક્તિઓનું વ્યવસાય અને જાતિ મુજબ વર્ગીકરણ :

ક્રમ	વ્યવસાયિક વર્ગીકરણ	પુ. સંખ્યા	પુ. ટકા	સ્ત્રી સંખ્યા	સ્ત્રી ટકા	કુલ સંખ્યા	કુલ ટકા
૧.	ખેતી	૪૪૦	૬૧.૭૧	૪૪૫	૬૨.૯૪	૮૮૫	૬૨.૩૨
૨.	ખેતમજૂરી	૧૬૩	૨૨.૮૬	૧૪૮	૨૦.૯૪	૩૧૧	૨૧.૯૦
૩.	છૂટકમજૂરી	૨૦	૨.૮૧	૨૫	૩.૫૪	૪૫	૩.૧૭
૪.	વ્યાપારધંધો	૪૨	૫.૮૯	૪૭	૬.૬૫	૮૯	૬.૨૭
૫.	નોકરી	૧૭	૨.૩૯	૧૦	૧.૪૧	૨૭	૧.૯૦
૬.	પશુપાલન	૧૮	૨.૫૨	૨૪	૩.૩૯	૪૨	૨.૯૬
૭.	મત્સ્યોદ્યોગ	૭	૦.૯૮	૬	૦.૮૫	૧૩	૦.૯૨
૮.	અન્ય	૬	૦.૮૪	૨	૦.૨૮	૮	૦.૫૬
	કુલ કામ કરનારા	૭૧૩	૧૦૦	૭૦૭	૧૦૦	૧૪૨૦	૧૦૦
	ટકા	(૫૭.૯૭)		(૫૮.૨૯)		(૫૮.૧૩)	
	કુલ કામ નહીં કરનારા	૫૧૭		૫૦૬		૧૦૨૩	
		(૪૨.૦૩)		(૪૧.૭૧)		(૪૧.૮૭)	
	કુલ	૧૨૩૦		૧૨૧૩		૨૪૪૩	
		૧૦૦		૧૦૦		૧૦૦	

સાગબારા તાલુકામાં કામ કરનાર વર્ગમાં પુરુષો ૫૭.૯૭ ટકા તો સ્ત્રીઓ ૫૮.૨૯ ટકા છે. ૧૯૬૧માં આ પ્રમાણ પુરુષોનું ૫૬.૯૧ ટકા હતું અને સ્ત્રીઓનું ૪૧.૬૧ હતું. જ્યારે ૧૯૭૧માં પુરુષોનું પ્રમાણ ૫૫.૯૧ છે અને સ્ત્રીઓનું પ્રમાણ ૧૫.૪૬ હતું. મોજણીના આંકડા તપાસતાં આમાં થોડો વિરોધાભાસ જણાય છે કે અહીંયાં સ્ત્રી-પુરુષની સંખ્યા લગભગ સરખી છે. ઊલટું ૦.૩૨ સ્ત્રીઓનું પ્રમાણ વધું છે. આ બાબત આપણી પહેલાની ધારણાને ટેકો આપે છે. આ તાલુકામાં સ્ત્રી-પુરુષના ભેદભાવ વગર તમામ કામ કરી શકે તેવી વ્યક્તિઓ કુટુંબની આવકમાં પોતાનો યથાયોગ્ય ફાળો આપે જ છે.

જુદા જુદા વ્યવસાયમાં રોકાયેલ વ્યક્તિઓની ૧૯૬૧ની ૧૯૭૧ની વસ્તીગણતરી સાથે મોજણી થયેલા લોકોની આંકડાકીય સરખામણી આ માટે ઉપયોગી થઈ પડે તેમ છે. તે હવે આપણે કોઠા નં. ૭૭ના આધારે તપાસીએ.

કોઠો – ૭૭

મોજણી થયેલા સમયે અને ૧૯૬૧–૧૯૭૧ની વસ્તીગણતરી મુજબ જુદાં જુદાં ક્ષેત્રોમાં કામ કરતા લોકો (આંકડા ટકાવારીમાં છે.):

વર્ષ	પ્રાથમિક	માધ્યમ	તૃતીય
૧૯૬૧	૯૫.૧૩	૨.૧૭	૨.૭૦
૧૯૭૧	૯૨.૮૦	૨.૫૮	૪.૬૬
*મોજણી થયેલ સમયે	૮૮.૧૦	૩.૧૭	૮.૧૭

અગાઉ પણ આપણે જોયું અને આ કોઠા ઉપરથી પણ ખ્યાલ આવે છે. જેમ જેમ તાલુકામાં વિકાસના કાર્યક્રમો હાથ ધરાતા ગયા તેમ તેમ પ્રાથમિક વ્યવસાય ઉપરનો બોજ હળવો થવા લાગ્યો છે. અને લોકોનો તૃતીય વ્યવસાયમાં સમાવેશ થવા માંડ્યો છે. ખેતીમાં કામ કરનારની પણ ટકાવારી ઘટવા માંડી છે. ૧૯૬૧માં ખેતીમાં કામ કરનાર વર્ગ ૭૫.૦૩ ટકા હતો, તે ઘટીને ૧૯૭૧માં ૬૫.૨૬ થયો અને મોજણીના સમય દરમ્યાન આ ટકાવારી ઘટીને ૫૭.૫૦ ટકા થઈ ગઈ છે. આમ ખેતીના વ્યવસાયમાં ધીરે ધીરે બીજા વ્યવસાયો તરફનું આ તાલુકાના લોકોનું વલણ વધ્યું છે. અલબત્ત, ૧૯૬૧ કરતાં ૧૯૭૧માં ખેતમજૂરની ટકાવારીમાં વધારો થયો છે. એટલે એવું માનવા કારણ મળે કે ખેતી કરનારા ખેતમજૂર થયા પરંતુ મોજણીના સમયની ટકાવારી તો ખેતમજૂરની

*૦.૦૫ ટકાએ પોતાનો વ્યવસાય સ્પષ્ટ કર્યો નથી.

પણ ઘટી છે. ૧૯૭૧માં ખેતમજૂરો ૨૭ ટકા હતા જે ૧૯૭૯–૮૦માં જે મોજણી થઈ ત્યારે ૨૨.૭૫ ટકા છે. ખેતીના ક્ષેત્રની મજૂરી આમ ઓછી થઈ પણ બાંધકામ ક્ષેત્રની મજૂરીમાં વધારો થયો છે. ૧૯૬૧માં બાંધકામમાં મજૂરી કરનાર વર્ગ ૦.૦૨ હતો તે ૧૯૭૧માં વધીને ૦.૨૭ થયો પણ મોજણી સમયે તો આ વર્ગનું પ્રમાણ ૩.૭૫ જેટલું થાય છે. આવી જ રીતે મોજણી દરમ્યાન નાના વ્યાપાર ધંધા નોકરીમાં રોકાયેલા લોકોના પ્રમાણમાં પણ ૧૯૭૧ કરતાં વધારો નોંધાવા પામ્યો છે.

સાગબારા તાલુકામાં ઉપર જે જણાવ્યા તે મુખ્ય વ્યવસાયો છે. તેમાંથી કુટુંબોને જે આવક પ્રાપ્ત થાય છે તે અપૂરતી છે તેથી પૂરક આવક મેળવવા મોટા ભાગના લોકોએ ગૌણ ધંધાનો આશ્રય લીધો છે. કેટલાક લોકોની તો મુખ્ય ધંધા કરતાં પણ ગૌણ ધંધાની આવક વધી જાય છે. કુલ કુટુંબમાંથી ફક્ત ૨૧.૫૦ ટકા કુટુંબો જ એવાં છે કે જે પોતાના મુખ્ય ધંધાની આવકમાંથી જ કુટુંબનું ભરણપોષણ કરી શકે છે. જ્યારે બાકીના ૭૮.૫૦ ટકા લોકોએ કોઈ ને કોઈ ગૌણ ધંધો સ્વીકારેલો છે, જેની વિગત કોઠા નં. ૭૮માંથી પ્રાપ્ત થશે.

કોઠો – ૭૮

જુદા જુદા મુખ્ય ધંધામાં રોકાયેલા અને ગૌણ ધંધો ધરાવતા લોકોની ટકાવારી :

ક્રમ	મુખ્ય ધંધો	ગૌણ ધંધો ધરાવતા	ગૌણ ધંધો ન ધરાવતા
૧.	ખેતી	૭૭.૮૩	૨૨.૧૭
૨.	ખેતમજૂરી	૮૬.૮૧	૧૩.૧૯
૩.	છૂટક મજૂરી	૧૦૦.૦૦	—
૪.	નોકરી	૩૦.૦૦	૭૦.૦૦
૫.	સુથારીકામ	૭૫.૦૦	૨૫.૦૦
૬.	પશુપાલન	૭૧.૪૩	૨૮.૫૭
૭.	લુહારીકામ	૬૬.૬૭	૩૩.૩૩
૮.	દરજીકામ	૫૭.૧૪	૪૨.૮૬
૯.	છૂટક વ્યાપાર	૬૬.૬૭	૩૩.૩૩
૧૦.	મત્સ્યઉદ્યોગ	—	૧૦૦.૦૦
૧૧.	અન્ય	૫૦.૦૦	૫૦.૦૦
	કુલ	૭૮.૫૦	૨૧.૫૦

કોઠો — ૭૯

મોજણીમાં આવરી લેવાયેલા તથા ગૌણ ધંધો ધરાવતા લોકોનું તેમના મુખ્ય અને ગૌણ ધંધા પ્રમાણે વર્ગીકરણ

મુખ્ય ધંધો	ગૌણ–ધંધો												
	૧ ખેતી	૨ ખેતમજૂરી	૩ છૂટક મજૂરી	૪ નોકરી	૫ સુથારી કામ	૬ પશુપાલન	૭ લુહાર	૮ દરજી કામ	૯ નાનો વ્યાપાર ધંધો	૧૦ મત્સ્ય ઉદ્યોગ	૧૧ કુલ સંખ્યા	૧૨ ટકા
૧. ખેતી	—	૭૮	૫૨	૫	૮	૧૬	—	૭	૯	૪	૧૭૯	૫૭.૦૧
૨. ખેતમજૂરી	૩૬	—	૩૧	—	૨	૪	—	—	૩	૩	૭૯	૨૫.૧૬
૩. છૂટક મજૂરી	૧	૯	—	—	૧	૨	—	૧	૧	—	૧૫	૪.૭૮
૪. નોકરી	૩	—	—	—	—	—	—	—	—	—	૩	૦.૯૬
૫. સુથારીકામ	૪	૧	—	—	—	—	—	—	૧	—	૬	૧.૯૧
૬. પશુપાલન	૪	૬	—	—	—	—	—	—	—	—	૧૦	૩.૧૮
૭. લુહાર	૧	—	—	—	—	—	—	—	૧	—	૨	૦.૬૪
૮. દરજીકામ	૨	૧	—	—	—	૧	—	—	—	—	૪	૧.૨૭
૯. નાના વ્યાપાર	૬	—	—	—	૨	૨	—	—	—	—	૧૦	૩.૧૮
૧૦. મત્સ્યોદ્યોગ	—	૩	૨	—	—	—	—	—	—	—	૫	૧.૫૯
૧૧. અન્ય	—	૧	—	—	—	—	—	—	—	—	૧	૦.૩૨
કુલ સંખ્યા	૫૭	૯૯	૮૫	૫	૧૩	૨૫	—	૮	૧૫	૭	૩૧૪	૧૦૦.૦૦

કમાનારામાંથી બાદ કરવામાં આવે તો ૪૭.૨૮ ટકા લોકો કમાનારા-આશ્રિત છે.

કોઠો – ૮૦

મોજણીમાં આવરી લેવાયેલ વ્યક્તિઓમાંથી કમાનારની સ્થિતિ જાતિ મુજબ :

આર્થિક મોભો	પુખ્તવયના (૧૫થી વધુ વયનાં)		બાળકો (૧૪થી નીચેની વયનાં)		કુલ
	પુ.	સ્ત્રી.	પુ.	સ્ત્રી.	
૧. કમાનાર	૧૦.૬૦	૦.૨૫	—	—	૧૦.૮૫
૨. કમાનાર આશ્રિત	૧૬.૯૯	૨૬.૩૬	૧.૬૦	૨.૩૩	૪૭.૨૮
૩. બિનકમાનાર આશ્રિત	૧.૩૯	૨.૨૯	૧૬.૭૭	૧૮.૪૨	૪૧.૮૭
૪. કુલ લોકોની ટકાવારી	૨૮.૯૮	૨૮.૯૦	૨૧.૩૭	૨૦.૭૫	૧૦૦.૦૦

કમાનાર આશ્રિતમાં ૪૭.૨૮માં ૧૬.૯૯ ટકા પુખ્ત વયના પુરુષો અને ૨૬.૩૩ ટકા પુખ્ત વયની સ્ત્રીઓ અને બાકીના ૩.૯૩ ઉપર જણાવ્યું તે મુજબ કુમાર અને કન્યાઓ છે. આશ્રિતમાં પુખ્ત વયના જે ૩.૬૮ લોકો છે તે પોતાનો ફાળો આર્થિક ઉપાર્જનમાં આપતા નથી, તેમાં મોટે ભાગે અલબત્ત, આમાં વૃદ્ધો આવે છે.

કોઠા નં. ૮૧નું નિરીક્ષણ કરતાં એવું માલૂમ પડયું કે કુલ પુખ્ત વયની સ્ત્રીઓમાંથી મોટાભાગની સ્ત્રીઓ તેમના પતિને આવકમાં મદદરૂપ થતી હોય છે.

બિનખેતીવિષયક વ્યવસાયમાં રોકાયેલા છે. આનો સીધો અર્થ એ થાય છે કે અહીંયાં ખેતી જ સૌથી અગત્યનો વ્યવસાય છે. આમ બનવાનું કારણ પણ એ છે કે આ તાલુકામાં બિનખેતીવિષયક ધંધા માટેની પૂરતી તકો નથી. પરિણામે આવા વ્યવસાયો જોવા મળતા નથી. લોકો આવા વ્યવસાય સ્વીકારવા તૈયાર નથી એવું નથી, કારણ કે અગાઉના પ્રકરણમાં પણ આપણે બતાવ્યું છે કે જેમ જેમ દ્વિતીય અને તૃતીય પ્રકારના વ્યવસાય રોજગારીની તકો ઊભી થતી ગઈ તેમ લોકો તે વ્યવસાયો સ્વીકારવા લાગ્યા છે. આના પરથી એવું તારણ કાઢી શકાય કે બિનખેતીવિષયક ધંધાઓમાં કામ કરતા લોકોને સમાવવા હોય તો મોટા પાયા ઉપર આવા બિનખેતીવિષયક ધંધાઓ શરૂ કરવા જોઈએ. આ તાલુકાનું ધંધાનું મૂળભૂત બંધારણ ખેતીવિષયક ધંધાઓ ઉપર આધારિત હોવાને કારણે એ ઘણું સામાન્ય બની જાય છે બધા જ પુખ્ત વયના લોકો કુટુંબના ભરણપોષણ માટે કૌટુંબિક ધંધા રોજગારમાં રોકાય છે. અગાઉ પણ જણાવ્યું છે કે મોજણી કરેલ વ્યક્તિઓમાં ૫૮.૧૩ ટકા લોકો કામ કરનાર છે, એનો અર્થ સ્પષ્ટ છે કે જે કામ કરી શકે છે તે એક યા બીજી રીતે પોતાનો ફાળો આવકમાં આપે છે. હવે આ કામ કરતી વ્યક્તિઓ જે આર્થિક રીતે કેવું સ્થાન પ્રાપ્ત કરે છે તે તપાસેલ વ્યક્તિઓ આર્થિક સ્થાનની રીતે મોજણીમાં આવ્યા છે તે તમામને ત્રણ વિભાગમાં વહેંચી દેવામાં આવ્યા છે. (૧) સ્વાવલંબી કમાનાર (૨) કમાનારા આશ્રિત, (૩) બિન કમાનાર આશ્રિત. પ્રથમ વિભાગમાં કુટુંબમાં જે મુખ્ય કમાનાર હોય તે આવે છે. બીજા વિભાગમાં જે વ્યક્તિઓ આવે છે તે વ્યક્તિઓ કુટુંબની આવકમાં પૂરક બને છે પરંતુ જો આ આવક તે સ્વતંત્ર રહેતો હોય તો તેને માટે પૂરતી ન હોય. આવા લોકો કમાનારા આશ્રિત છે. ત્રીજા પ્રકારમાં મોટે ભાગે બાળકો અને વૃદ્ધો આવે છે કે જે કોઈ પણ પ્રકારનો ધંધો કરી આવક મેળવતાં નથી તેઓ બિનકમાનાર આશ્રિત છે.

કોઠા નં.–૮૦માં બતાવેલા આંકડા પ્રમાણે કામ કરનારો જે ૫૮.૧૩ ટકાનો વર્ગ છે તેમાં ૨૭.૫૯ ટકા પુખ્ત વયના પુરુષો અને ૨૬.૬૧ ટકા પુખ્ત વયની સ્ત્રીઓ છે. બાકીના ૩.૯૩ ટકા લોકો છે તે કુમારો અને કન્યાઓ છે. તેનું પ્રમાણ અનુક્રમે ૧.૬૦ ટકા અને ૨.૩૩ ટકા છે. આમાં મુખ્ય કમાનાર તરીકે ૧૦.૬૦ ટકા પુરુષો અને ૦.૨૫ સ્ત્રીઓ છે. એને

કોઠો – ૮૧

મોજણી થયેલા પુખ્ત વયના લોકોની જાતિ અને આર્થિક સ્થિતિ ટકાવારી વહેંચણી :

આર્થિક મોભો	પુરુષોની ટકાવારી કુલ પુખ્ત વયમાંથી	સ્ત્રીઓની ટકાવારી કુલ પુખ્ત વયમાંથી
૧. કમાનાર	૩૬.૬૮	૦.૮૫
૨. કમાનાર આશ્રિત	૫૮.૫૨	૯૧.૨૨
૩. બિનકમાનાર આશ્રિત	૪.૮૦	૭.૯૩
કુલ	૧૦૦.૦૦	૧૦૦.૦૦

૦.૮૫ સ્ત્રીઓ કમાનારનું સ્થાન ધરાવે છે. મોટાભાગની સ્ત્રીઓ એટલે કે ૯૧.૨૨ ટકા કમાનાર આશ્રિત સ્થાન ધરાવે છે. ૭.૯૩ સ્ત્રીઓ કોઈ પણ પ્રકારનો વ્યવસાય કરતી નથી અને કુટુંબની આવકમાં ફાળો આપતી નથી. આમ પુરુષ અને સ્ત્રી બંને આદિવાસી સમાજમાં કુટુંબને આર્થિક રીતે મદદગાર હોય છે એટલું જ નહીં, કામ કરનાર વયજૂથમાં સ્ત્રીનું પ્રમાણ પુરુષ જેટલું જ છે એ બતાવે છે કે તાલુકાના આદિવાસીઓમાં કુટુંબની જરૂરિયાતો સંતોષવા માટેની આવક મેળવવામાં સ્ત્રીઓ પુરુષ જેટલી જ જવાબદારી ધરાવે છે. હવે પછીના કોઠામાં બતાવેલ આંકડા મુજબ એ સ્પષ્ટ થાય છે કે આર્થિક મોભાની દૃષ્ટિએ કમાનાર પુરુષ અને સ્ત્રીઓની ટકાવારીમાં ઘણો મોટો ફેરફાર રહેલો જોવા મળે છે.

કોઠો – ૮૨

કમાનાર અને કમાનાર આશ્રિત લોકોની ટકાવારી જાતિ પ્રમાણે :

આર્થિક મોભો	પુ.	સ્ત્રી	કુલ
૧. સ્વાવલંબી	૯૭.૭૪	૨.૨૬	૧૦૦ ટકા
૨. કમાનાર આધારિત	૩૯.૨૧	૬૦.૬૯	૧૦૦ ટકા
કુલ કમાનાર વ્યક્તિઓ	૫૦.૨૧	૪૯.૭૯	૧૦૦ ટકા

કોઠો – ૮૩

કમાનાર લોકોનું કમાનાર અને કમાનાર આધારિત મુજબ ટકાવારીનું વર્ગીકરણ :

ક્રમ	કમાનાર	પુરુષ	સ્ત્રી	કુલ
૧.	કમાનાર	૧૮.૨૪	૦.૪૨	૧૮.૬૬
૨.	કમાનાર આધારિત	૩૧.૯૭	૪૯.૩૭	૮૧.૩૪
	કુલ	૫૦.૨૧	૪૯.૭૯	૧૦૦.૦૦

આપણે અગાઉ જોયું કે ૧૪ વર્ષની નીચેનાં બાળકો પણ કુટુંબની આવકમાં ફાળો આપે છે. હવે પછીના કોઠામાં આપણે જોઈશું કે ૧૪ વર્ષથી નીચેના ૨.૭૫ કુમારો અને ૪.૦૧ કન્યાઓ છે કે જે આર્થિક ઉપાર્જન કરે છે. એ લોકો એવા વયજૂથમાં છે કે જેને કોઈ પણ રીતે કમાનાર જૂથમાં ન ગણી શકાય. આમ સ્પષ્ટ થાય છે કે તાલુકામાં બાળમજૂરીનું પણ અસ્તિત્વ છે. કેટલાક આદિવાસીઓની સ્થિતિ એવી ખરાબ છે કે તે પોતાના બાળકને શાળામાં મોકલવાને બદલે મજૂરીએ મોકલે છે.

કોઠો – ૮૪

ઉંમર અને જાતિ પ્રમાણે કમાનાર વ્યક્તિઓની ટકાવારી પ્રમાણે વહેંચણી :

જાતિ	૧૦–૧૪	૧૫–૫૯	૬૦થીવધુ	કુલ
પુરુષ	૨.૭૫	૪૫.૦૦	૨.૪૬	૫૦.૨૧
સ્ત્રી	૪.૦૧	૪૪.૦૯	૧.૬૯	૪૬.૭૯
કુલ	૬.૭૬	૮૯.૦૯	૪.૧૫	૧૦૦ ટકા

તાલુકામાં ૬૦ વર્ષથી વધુ ઉંમરના લોકો જ ઓછા છે અને જે છે તેમાં પણ ફક્ત ૭ પુરુષો અને ૪ સ્ત્રીઓ જ કોઈ પણ પ્રકારની આવક મેળવવા શક્તિમાન નથી. તે સિવાયના બાકીના લોકો કોઈ પણ પ્રકારની પ્રવૃત્તિમાં રોકાયેલા છે. અલબત્ત, કમાનાર મોટો વર્ગ ૧૫થી ૫૯માં છે.

કુટુંબમાં કમાનાર વ્યક્તિઓની સંખ્યા પ્રમાણે તપાસીએ તો કુટુંબમાં ફક્ત એક જ વ્યક્તિ કમાતી હોય તેવાં કુટુંબોની સંખ્યા જૂજ છે. એ ટકાવારી ૨.૫૦ છે. કુટુંબમાં બે-ત્રણ અને ચાર કમાનાર વ્યક્તિઓનાં કુટુંબો અનુક્રમે ૩૧.૭૫, ૨૩.૨૫ અને ૧૮.૨૫ છે. જ્યારે કુલ કુટુંબોના ૨૪.૨૫ ટકા લોકો તો એવા છે કે જેમાં ચારથી વધુ વ્યક્તિઓ આવક મેળવે છે.

કોઠો – ૮૫

કમાનાર તરીકે જુદી જુદી સંખ્યા ધરાવતાં કુટુંબો :

ક્રમ	કમાનાર વ્યક્તિની સંખ્યા	કુટુંબની સંખ્યા	ટકા
૧.	એક કમાનાર વ્યક્તિ	૧૦	૨.૫૦
૨.	બે કમાનાર વ્યક્તિ	૧૨૭	૩૧.૭૫
૩.	ત્રણ કમાનાર વ્યક્તિ	૯૩	૨૩.૨૫
૪.	ચાર કમાનાર વ્યક્તિ	૭૯	૧૮.૨૫
૫.	ચાર કરતાં વધુ કમાનાર વ્યક્તિઓ	૯૧	૨૪.૨૫
	કુલ	૪૦૦	૧૦૦.

આ પરિસ્થિતિનું કારણ અગાઉ જણાવ્યું તે મુજબ કૃષિ અર્થવ્યવસ્થા છે. કૃષિ અર્થવ્યવસ્થામાં સામાન્ય રીતે કામ કરી શકે એવી કોઈ પણ વ્યક્તિ આર્થિક ઉપાર્જનમાંથી બાકાત રહેવા પામતી નથી. ખેતી એ કૌટુંબિક ધંધો છે. જ્યારે કુટુંબના ભાગ પડે ત્યારે જમીનના પણ ભાગ પડે છે અને પરિણામે જમીનના ટુકડાઓ વધતા જાય છે.

આવક :

કુટુંબની આવકમાં સામાન્ય રીતે કમાનાર વ્યક્તિની આવક અને કમાનાર આશ્રિતોની આવકનો સરવાળો કરી ગણવામાં આવે છે. કુટુંબની આવકમાં ખેતી ઉત્પાદનની આવકનો સમાવેશ થતો હોવાથી ખેતીમાંથી થયેલ આવકને કુલ આવકમાંથી બાદ કરવામાં આવે છે. એટલે ચોખ્ખી આવક કેટલી થઈ તેનો ખ્યાલ આવે છે. આ સ્થળે એક બાબતની નોંધ લેવી ઘટે કે આવકના આંકડાની યોગ્યતા અને ખેતીમાં રોકાયેલા કમાનાર આધારિતની આવક કેટલી થાય તેના આંકડા જાણવા અશકય છે. એક બાબત સ્પષ્ટ છે કે સાગબારા તાલુકામાં કેટલાંક કુટુંબો તેમની આવક રોકડમાં મેળવતાં નથી. પરંતુ ખેતીના ધંધા સાથે સંકળાયેલા એ લોકો ખેતીનું ઉત્પાદન (અનાજ જેવું) વેચીને રોકડ આવક મેળવવા નહીં પણ જરૂરી ચીજવસ્તુઓ મેળવવા માટે વેપારીને ત્યાં આપતા હોય છે. તેથી તેમની રોકડ આવક જાણવા ટીકાત્મક રીતે ભેદ પાડવા મુશ્કેલ છે. રોજિંદી આવક મેળવતા જે મજૂરો છે તેમની આવક જાણવામાં ઓછી મુશ્કેલી પડે છે. આ બધી મુશ્કેલી છતાં મોજણી કુટુંબોની શકય તેટલી આવક જાણવાનો પ્રયત્ન કર્યો છે.

હવે પછીના કોઠામાં દર્શાવેલા આંકડા પ્રમાણે સાગબારા તાલુકામાં મોટા ભાગનાં કુટુંબોની આવક રૂ. ૧૦૦૦થી ૫૦૦૦ની વચ્ચે છે. કુલ કુટુંબોમાંથી ૫૫.૫૦ ટકા કુટુંબોની આવક ૧૦૦૦થી ૩૦૦૦ની છે. બીજા ૨૭.૭૫ કુટુંબો એવાં છે કે જેની આવક ૩૦૦૦થી વધુ છે પણ ૫૦૦૦થી ઓછી છે. ૫૦૦૦થી વધુ આવક મેળવનાર લોકોની ટકાવારી ૧૩.૫ ટકા છે. ઊંચી આવક એટલે કે ૧૦,૦૦૦થી વધુ આવક મેળવનાર કુટુંબો ૧.૭૫ ટકા છે. જ્યારે સૌથી ઓછી એટલે કે ૫૦૦થી વધુ પણ ૧૦૦૦થી ઓછી આવક મેળવનાર કુટુંબો ૧.૫ ટકા છે. આ કુટુંબો કે જે સૌથી ઓછી આવક પ્રાપ્ત કરે છે.

મોજણીમાં આવરી લીધેલાં કુટુંબો પર દૃષ્ટિપાત કરીશું તો ખ્યાલ આવશે કે કુલ વસ્તીના ૭૭.૮૮ ટકા લોકો ગરીબાઈ રેખા નીચેના સ્તરમાં આવી જાય છે. કુલ કુટુંબોના ૧૪.૭૫ ટકા કુટુંબો અને કુલ વસ્તીના ૧૯.૦૭ ટકા લોકોની સરાસરી વ્યક્તિદીઠ માસિક આવક રૂ. ૬૮ છે કે જે રૂ. ૬૦ કરતાં થોડી વધુ છે. એટલે કે તેઓ ગરીબીની રેખા નીચેના ઘોરણમાંથી ઘણી નજીકથી બહાર આવ્યા છે. પણ ચાલુ સમયમાં રોજિંદી જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓના ભાવ સારા એવા ઊંચા ગયા હોવાથી હવે ગરીબાઈની રેખા નીચેની આવક રૂ. ૬૮ તો શું એથી પણ વધુ ઊંચી ગઈ હશે. આ ધારણાને આધારે કહી શકાય કે મોજણીમાં આવરી લેવાયેલાં કુલ કુટુંબનાં ૧.૭૫ ટકા કુટુંબો અને કુલ વસ્તીના ૨.૯૫ ટકા લોકો ગરીબાઈ રેખા નીચેના સ્તર ઉપરથી ઉપરના સ્તરમાં આવે છે. આ હકીકત પરથી દેખીતું જ તારણ એ નીકળે છે કે આ તાલુકાના લોકોમાં ગરીબીનાં મૂળ ઘણાં ઊંડાં છે.

કોઠા નં. ૮૬માં દર્શાવેલા આંકડા ઉપરથી એ દેખીતી રીતે સ્પષ્ટ થાય છે કે બિનઆદિવાસીઓમાં વ્યક્તિદીઠ સરાસરી માસિક આવક આદિવાસીઓ કરતાં વધુ છે. આદિવાસીઓના પ્રથમ ત્રણ આવક જૂથમાં આવતાં કુટુંબોની વ્યકિતદીઠ સરાસરી માસિક આવક ઓછી દેખાય છે. જ્યારે બિનઆદિવાસીઓની સ્થિતિ સારી છે. હકીકતમાં ૨૦૦૧થી ૩૦૦૦ના આવક જૂથમાં બિનઆદિવાસીને વ્યક્તિદીઠ સરાસરી માસિક આવક આદિવાસી કરતાં અને ગરીબીની રેખામાં ઠરાવેલી આવક કરતાં વધુ જોવા મળે છે. બીજું જે આવક જૂથ ૩૦૦૧થી ૫૦૦૦નું છે તેમાં આદિવાસી અને

બિનઆદિવાસી બંનેની પરિસ્થિતિ લગભગ સરખી જ છે. જ્યારે ઊંચી આવકવાળું ત્રીજું જૂથ જે ૫૦૧થી ૧૦,૦૦૦નું છે તેમાં બિનઆદિવાસીની કિતદીઠ સરાસરી માસિક આવક રૂ. ૧૦૦ થાય છે. જ્યારે આદિવાસીઓમાં રૂ. ૬૭ છે જે નક્કી કરેલી ગરીબી રેખા કરતાં ઊંચી કહી શકાય.

આ બાબત સ્પષ્ટ કરે છે કે સાગબારા તાલુકામાં આદિવાસી કરતાં બિનઆદિવાસીઓની આવક સારી છે. અલબત્ત બિનઆદિવાસીઓમાં પણ વ્યક્તિદીઠ માસિક આવક ગરીબીરેખા નીચે તો આવે છે, પરંતુ એમ કહી શકાય કે આદિવાસી કરતાં પરિસ્થિતિ કંઈક સારી છે.

કોઠો – ૮૬

કુટુંબોની જાતિ મુજબ કુટુંબોની વાર્ષિક આવકની વહેંચણી દર્શાવતો કોઠો :

આવક જૂથ	આદિવાસી		બિનઆદિવાસી		કુલ	
	કુટુંબની સંખ્યા	ટકા	સંખ્યા	ટકા	સંખ્યા	ટકા
૧. ૫૦૧થી ૧૦૦૦	૮	૨.૦૭	—	—	૮	૨.૦૦
૨. ૧૦૦૧થી ૨૦૦૦	૯૫	૨૪.૫૫	૧	૭.૬૯	૯૬	૨૪.૦૦
૩. ૨૦૦૧થી ૩૦૦૦	૧૧૨	૨૮.૯૪	૧	૭.૬૯	૧૧૩	૨૮.૨૫
૪. ૩૦૦૧થી ૫૦૦૦	૧૦૮	૨૭.૯૧	૯	૬૯.૨૪	૧૧૭	૨૯.૨૫
૫. ૫૦૦૧થી ૧૦,૦૦૦	૫૭	૧૪.૭૩	૨	૧૫.૩૮	૫૯	૧૪.૭૫
૬. ૧૦,૦૦૦થી વધુ	૭	૧.૮૦	—	—	૭	૧.૭૫
કુલ	૩૮૭	૧૦૦	૧૩	૧૦૦	૪૦૦	૧૦૦

ઉપરના કોઠામાં ૧૦,૦૦૦થી વધુ આવક ધરાવતાં જે, કુટુંબો છે તે એવા ગામોમાં વસેલાં છે કે જ્યાં સપાટ પ્રદેશ આવેલો છે, ખેતીની જમીન ફળદ્રુપ છે. આમ તાલુકાના પશ્ચિમ અને ઉત્તરના ડુંગરાળ પ્રદેશનાં ગામોમાં વસતાં કુટુંબો છે તે ઘણાં ગરીબ છે અને તેઓ ઊંચી આવક જૂથમાં જોવા મળતાં નથી.

મોજણી કરાયેલાં બધાં ૪૦૦ કુટુંબોની ચોખ્ખી વાર્ષિક આવક રૂ. ૧૩,૯૮,૯૦૦ છે. એનો અર્થ એમ થાય કે સાગબારા તાલુકાના દરેક

કુટુંબની સરાસરી વાર્ષિક આવક રૂ. ૩૪૯૭ થાય અને સરાસરી માસિક આવક રૂ. ૨૯૧–૪૨ થાય. અગાઉ જોયું તે મુજબ કુટુંબનું સરાસરી કદ ૬.૧ હોવાથી એક વ્યકિતની માસિક આવક રૂ. ૪૭.૭૮ થાય.

કોઠા નં. ૮૭માં જણાવ્યું તે મુજબ સરાસરી વ્યકિતદીઠ વાર્ષિક આવક રૂ. ૫૭૩ અને માસિક આવક રૂ. ૪૭.૪૮ છે. આ ઉપરથી જોઈ શકાય છે કે ૮૩.૫ કુટુંબોની સરાસરી માસિક આવક રૂ. ૬૦થી પણ ઓછી છે. આ રીતે ગણતરી કરતાં ૮૩.૫૦ ટકા લોકો ગરીબીરેખા નીચે છે.

આદિવાસીઓ કરતાં બિનઆદિવાસીઓની આવક સારી છે. અલબત્ત કોઠા નં. ૮૯માં જોતાં એ તો તરી આવે છે કે બિનઆદિવાસી કુટુંબોમાં પણ સરાસરી વ્યકિતદીઠ માસિક આવક ગરીબીરેખા નીચેની છે. પણ કોઠા નં. ૮૮માં આદિવાસીઓની સ્થિતિના જે આંકડા છે તેની સાથે સરખાવીએ તો ખ્યાલ આવે છે કે તેમની સ્થિતિ ઘણી સારી છે.

સર્વેક્ષણમાં જે કુટુંબો આવ્યાં છે, તેમાંનાં મોટાભાગનાં કુટુંબોનું મુખ્ય આવકનું સાધન ખેતી છે, તેની આપણે અગાઉ ચર્ચા કરી છે. કોઠા નં. ૯૦નું અવલોકન જુદા જુદા મુખ્ય અને ગૌણ સાધનો દ્વારા મેળવાયેલી કુલ આવકમાંથી મેળવેલી ખેતીની આવકના ટકા સાથે એકસૂત્રતા ધરાવે છે. સર્વેક્ષણ થયેલાં કુટુંબોને પ્રાપ્ત થયેલી કુલ આવકના ૫૮.૮૧ ટકા આવક મુખ્ય અથવા ગૌણ ધંધા તરીકે સ્વીકારાયેલ એવી ખેતીમાંથી પ્રાપ્ત થઈ હતી. બીજું કે ખેતમજૂરીમાંથી પણ રૂ. ૧૮.૩૯ જેટલી આવક સર્વેક્ષણ થયેલાં કુટુંબોને પ્રાપ્ત થઈ છે. આમ આવકનો ૨/૩ ભાગ ખેતીના સાધન દ્વારા પ્રાપ્ત થયો છે. બાકીના ૧/૩ ભાગની આવક છૂટક મજૂરી, પશુપાલન, નાના વ્યાપાર ધંધા, મત્સ્યોદ્યોગ અને અન્ય સાધન દ્વારા મેળવવામાં આવે છે.

બીજું કે કોઠાને ધ્યાનપૂર્વક જોતાં એ પણ ખ્યાલમાં આવે છે કે મુખ્ય આર્થિક પ્રવૃત્તિ તરીકે છૂટક મજૂરી અને ખેતમજૂરી પણ મહત્ત્વની બની છે. ખેતી સિવાયના બીજા ધંધાઓ દ્વારા જે આવક પ્રાપ્ત થાય છે તે મોટે ભાગે ગૌણ આર્થિક પ્રવૃત્તિ દ્વારા પ્રાપ્ત થાય છે. આના ઉપરથી એ તારણ નીકળે છે કે બીજા જે ધંધાઓ છે, તે ધંધાઓનો આર્થિક પ્રવૃત્તિમાં ઉપયોગ મુખ્ય આવકના સાધનમાં પૂરક તરીકે જ થાય છે. કોઠા નં. ૯૧માં કુટુંબની વાાષક આવક અને વ્યક્તિદીઠ માસિક આવક આપવામાં આવી છે.

કોષ્ટક – ૬૬

વાર્ષિક આવક મોટરિક્ષા આવક મૂલ્યમાં આવિષ્કારોથી ફેર પાંચ આવક તેમાંની વસ્તીમાંથી વસ્તુઓ :

ક્રમ	આવકકૂપ્ય	ફેર આવક	ફેરબદલીમાં	ફેરબદલીમાં	વાર્ષિક-	ફેર	વાર્ષિક આવક	વાર્ષિક મોટરિક
	ફેરબદલ	ફેરબદલ	સંખ્યા	આવક	આવક	૮૬	આવક ફેરબદલ	આવક ફેરબદલ
૧.	૫૦૧૧	૧૦૦૦	૭,૭૦૦	૮	૬૬૨	૨૬	૨૬૬	૨૨
૨.	૧૦૦૧૧	૨૦૦૦	૧,૬૩,૩૫૦	૬૫	૧,૭૧૬	૪૫૩	૩૬૧	૩૦
૩.	૨૦૦૧૧	૩૦૦૦	૨,૬૪,૬૪૦	૧૧૨	૨,૬૩૩	૬૫૧	૪૫૩	૩૮
૪.	૩૦૦૧૧	૫૦૦૦	૪,૬૧,૭૩૦	૧૦૮	૩,૮૩૨	૭૦૫	૫૮૭	૪૬
૫.	૫૦૦૧૧	૭૦,૦૦૦	૩,૬૩,૬૬૦	૫૭	૩,૪૫૦	૪૫૬	૮૦૬	૬૭
૬.	૭૦,૦૦૦૧૧	વધુ	૬૬,૭૬૦	૭	૧૪,૨૫૧	૭૨	૧૩૮૫	૧૧૫
	કુલ સરેરાશ		૧૩,૪૭,૩૧૦		૨,૫૩૧	૨૩૬૬	૪૧૪	૩૫

કોષ્ટક – ૬૭

સર્વેક્ષણવાળા પ્રવેશદ ફેરબદલીમાં વાર્ષિક આવક મોટરિક આવક પેમાવેલા વર્ષે ચાલુની :

ક્રમ	આવકકૂપ્ય	ફેરબદલ આવક	ફેરબદલીની	ફેરબદલીમાં	વાર્ષિક-	ફેરબદલ	વાર્ષિક આવક	વાર્ષિકફેરબદલ મોટરિક
	ફેરબદલ	ફેરબદલ	સંખ્યા	આવક	આવક	૮૬	આવક ફેરબદલ	આવક ફેરબદલ
૧.	૫૦૧– ૧૦૦૦	૭,૭૦૦	૮	૨.૦૦	૬૬૨	૨૮	૧.૧૬	૨૬૬	૨૨
૨.	૧૦૦૧– ૨૦૦૦	૧,૬૬,૪૫૦	૬૬	૨૪.૦૦	૧,૭૧૪	૪૫૫	૬૮.૬૨	૩૬૨	૩૦
૩.	૨૦૦૧– ૩૦૦૦	૨,૬૮,૪૪૦	૧૧૩	૨૮.૨૫	૨,૬૩૨	૬૫૪	૨૬.૭૭	૪૫૫	૩૮
૪.	૩૦૦૧– ૫૦૦૦	૪,૪૬,૭૩૦	૧૧૭	૨૬.૨૫	૩,૮૪૪	૭૬૭	૩૧.૪૦	૫૮૬	૪૬
૫.	૫૦૦૧–૭૦,૦૦૦	૩,૭૬,૬૬૦	૫૬	૧૪.૭૫	૬,૪૩૫	૪૬૬	૧૬.૦૭	૮૧૫	૬૮
૬.	૭૦,૦૦૦૧વધુ	૬૬,૭૬૬૦	૭	૧.૭૫	૧૪,૨૫૧	૭૩	૨.૬૫	૧,૩૮૫	૧૧૫
	કુલ સરેરાશ	૧૩,૪૮,૬૦૦	૪૦૦	૧૦૦.૦૦	૩,૪૬૭	૨૪૪૩	૧૦૦.૦૦	૫૭૩	૪૮

કોઠો – ૮૯

વાર્ષિક અને માસિક આવક મુજબ બિનઆદિવાસી કુટુંબો અને તેમની વસ્તીની વહેંચણી :

ક્રમ.	આવકજૂથ ₹.	કુલ આવક ₹.	કુટુંબોની સંખ્યા	કુટુંબદીઠ વાર્ષિક આવક ₹.	વ્યક્તિઓની કુલ સંખ્યા	વ્યક્તિદીઠ વાર્ષિક આવક ₹.	વ્યક્તિદીઠ માસિક આવક ₹.
૧.	૫૦૧થી ૧૦૦૦	—	—	—	—	—	—
૨.	૧૦૦૧થી ૨૦૦૦	૧,૨૩૦	૧	૧,૨૩૦	૨	૬૧૫	૫૧
૩.	૨૦૦૧થી ૩૦૦૦	૨,૫૦૦	૧	૨,૫૦૦	૩	૮૩૩	૬૯
૪.	૩૦૦૧થી ૫૦૦૦	૩૫,૮૬૦	૯	૩,૯૮૪	૬૨	૫૭૮	૪૮
૫.	૫૦૦૧થી ૧૦,૦૦૦	૧૨,૦૦૦	૨	૬,૦૦૦	૧૦	૧,૨૦૦	૧૦૦
૬.	૧૦,૦૦૦થી વધુ	—	—	—	—	—	—
	કુલ. સરેરાશ	૫૧,૫૯૦	૧૩	૩,૯૬૮	૭૭	૬૭૦	૫૫.૮૩

કોઠો – ૯૦

સર્વેક્ષણ થયેલા કુટુંબોની મુખ્ય અને ગૌણ ધંધા દ્વારા થયેલી આવક દર્શાવતો કોઠો :

ક્રમ	મુખ્ય અને ગૌણ ધંધા	મુખ્ય ધંધામાંથી ₹.	મેળવેલ આવક ટકા	ગૌણ ધંધામાંથી ₹.	મેળવેલ ટકા	આવક ₹.	કુલ (બંનેમાં) ટકા
૧.	ખેતી	૮,૦૦,૦૧૫	૭૦.૮૫	૨૨,૬૮૦	૮.૩૯	૮,૨૨,૬૯૫	૫૮.૭૯
૨.	ખેતમજૂરી	૧.૬૭,૫૯૦	૧૪.૮૪	૮૯,૭૫૭	૩૩.૨૧	૨,૫૭,૩૪૭	૧૮.૩૯
૩.	છૂટક મજૂરી	૯,૬૬૦	૦.૮૫	૬૭,૫૩૮	૨૪.૯૯	૭૭,૧૯૮	૫.૫૨
૪.	નોકરી	૧૯,૦૦૦	૧.૬૮	૧૬,૯૫૦	૬.૨૭	૩૫,૯૫૦	૨.૫૭
૫.	સુથારીકામ	૧૪,૪૦૦	૧.૨૭	૧૫,૯૨૦	૫.૮૯	૩૦,૩૨૦	૨.૧૭
૬.	પશુપાલન	૪૧,૩૦૦	૩.૬૬	૧૭,૧૦૦	૬.૩૩	૫૮,૪૦૦	૪.૧૭
૭.	લુહારીકામ	૩,૮૦૦	૦.૩૪	—	—	૩,૮૦૦	૦.૨૭
૮.	દરજીકામ	૧૫,૦૦૦	૧.૩૩	૧૧,૩૦૦	૪.૧૮	૨૬,૩૦૦	૧.૮૮
૯.	નાનો વેપારધંધો	૩૩,૫૪૦	૨.૯૭	૯,૩૫૦	૩.૪૫	૪૨,૮૯૦	૩.૦૬
૧૦.	મત્સ્યોદ્યોગ	૨૦,૩૦૦	૧.૮૦	૧૭,૦૦૦	૬.૨૯	૩૭,૩૦૦	૨.૬૬
૧૧.	અન્ય	૪૬,૦૦	૦.૪૧	૨,૭૦૦	૧.૦૦	૭,૩૦૦	૦.૫૨
	કુલ	૧૧,૨૯,૨૦૫	૧૦૦.૦૦	૨,૭૦,૨૯૫	૧૦૦.૦૦	૧૩,૯૯,૫૦૦	૧૦૦.૦૦

કોઠો – ૯૧

જુદા જુદા વ્યવસાયોમાં કુટુંબની વાર્ષિક આવક તથા વ્યક્તિદીઠ માસિક આવક :

ક્રમ	કુટુંબના ધંધાઓ	કુટુંબની સંખ્યા	બધાં સાધનો દ્વારા પ્રાપ્ત થયેલી આવક	કુટુંબ દીઠ વાર્ષિક આવક	કુટુંબનું સરાસરી કદ	વ્યક્તિ દીઠ વાર્ષિક આવક રૂ.માં	વ્યક્તિ દીઠ માસિક આવક રૂ.માં
૧.	ખેતી	૨૩૦	૯,૫૩,૦૪૦	૪,૧૪૪	૭	૫૯૨	૪૯
૨.	ખેતમજૂરી	૯૧	૨,૧૨,૭૧૦	૨,૩૩૭	૪.૯	૪૭૭	૩૯
૩.	છૂટક મજૂરી	૧૫	૨૬,૮૬૦	૧,૭૯૧	૫.૩	૩૩૮	૨૦
૪.	નોકરી	૧૦	૨૮,૬૪૦	૨,૮૬૪	૪.૦	૭૧૬	૬૦
૫.	સુથારીકામ	૮	૨૩,૨૦૦	૨,૯૦૦	૪.૬	૬૩૦	૫૨
૬.	પશુપાલન	૧૪	૪૩,૭૬૦	૩,૮૪૦	૬.૧	૬૨૯	૫૨
૭.	લુહારીકામ	૩	૭,૦૩૦	૨,૩૪૩	૬.૦	૩૯૦	૩૨
૮.	દરજીકામ	૭	૧૭,૮૦૦	૨,૫૪૩	૪.૪	૫૭૮	૪૮
૯.	નાનાવ્યાપારધંધા	૧૫	૪૭,૮૬૦	૩,૧૯૦	૩.૭	૮૬૨	૭૨
૧૦.	મત્સ્યઉદ્યોગ	૫	૩૦,૭૦૦	૬,૧૪૦	૬.૨	૯૯૦	૮૨
૧૧.	અન્ય	૨	૧૭,૩૦૦	૩,૬૫૦	૫.૧	૬૬૩	૫૫
	કુલ	૪૦૦	૧૩,૯૮,૯૦૦	૩,૪૯૭ (લગભગ)	૬.૧	૫૭૩ (લગભગ)	૪૮ (લગભગ)

સર્વેક્ષણ થયેલાં કુટુંબોના ૫ ટકા એટલે કે ૨૦ કુટુંબો સિવાય બધા જ કુટુંબોની વ્યકિતદીઠ માસિક આવક ગરીબીરેખાથી પણ ઘણી ઓછી છે. ધંધા મુજબ જોઈએ તો છૂટક મજૂરી કરનારાઓની આવક ઘણી ઓછી છે. ખેતી, સુથારી, લુહારી, ખેતમજૂરી, દરજી આ બધાની વ્યકિતદીઠ માસિક આવક ઓછી છે. આ પરથી સ્પષ્ટ થાય છે કે આ લોકોની આર્થિક સ્થિતિ સુધારવા માટે તત્કાળ પગલાં ભરવાની જરૂરિયાત છે. આ કુટુંબોમાંના ઘણા સભ્યો તેમના જીવનનિર્વાહ માટે આવક કરવા ખંતથી વ્યવસાયમાં જોડાયેલા હોવા છતાં પણ ગરીબી રેખાની ઉપર આવી શકયા નથી. આમ આ તાલુકાની સ્થિતિ ઘણી દારુણ કહી શકાય.

જુદા જુદા વ્યવસાયમાં રોકાયેલા કુટુંબોની આર્થિક સ્થિતિ તપાસ્યા બાદ હવે સર્વેક્ષણ થયેલાં કુટુંબોમાં જે ખેતી કરે છે, તેમની જમીનના કદના જૂથ પ્રમાણે આર્થિક સ્થિતિ કેવી છે તે આપણે જોઈએ. કોઠા નં. ૯૨માં આપેલ આંકડાકીય માહિતીમાં એ જણાય છે કે ૧૫ એકર કરતાં વધુ ખેતીલાયક જમીન ધરાવતાં કુટુંબોની વ્યકિતદીઠ વાર્ષિક આવક વધુ છે જ્યારે જમીન વિહોણાં તેમ જ ૦.૧થી ૨.૫૦ એકર ધરાવતાં કુટુંબોની વ્યક્તિદીઠ આવક તદ્દન ઓછી છે. એટલે કે વાર્ષિક ૪૭૬ એટલે કે માસિક રૂ. ૩૪ છે અને એ આવક તો ગરીબીરેખાથી નીચેની આવકના અર્ધા કરતાં પણ થોડીક જ વધુ છે. આમ જોઈએ તો ૧૫ એકરથી વધુ જમીન

કોઠો – ૯૨

જમીનના કદ પ્રમાણે કુટુંબોની વ્યક્તિદીઠ વાર્ષિક અને માસિક આવક

ક્રમ	જમીનનું કદ એકરમાં	કુટુંબનું સરાસરી કદ	કુટુંબની સંખ્યા	કુલ વાર્ષિક આવક રૂ. માં	વ્યક્તિદીઠ વાર્ષિક આવક	વ્યક્તિ દીઠ માસિક આવક
૧.	૦.૧થી ૨.૫૦	૫.૨	૨૧	૪૪,૩૭૦	૪૦૬	૩૪
૨.	૨.૫૧ – ૫.૦૦	૫.૯	૭૨	૨,૦૬,૮૩૦	૪૮૬	૪૧
૩.	૫.૦૧ – ૭.૫૦	૬.૮	૩૮	૧,૪૦,૯૫૦	૫૪૫	૪૫
૪.	૭.૫૧ –૧૦.૦૦	૬.૬	૩૫	૧,૬૧,૧૭૦	૬૯૭	૫૮
૫.	૧૦.૦૧–૧૫.૦૦	૭.૬	૩૯	૨,૦૮,૯૮૦	૭૦૫	૫૯
૬.	૧૫થી વધુ	૮.૨	૩૨	૨,૧૮,૮૫૦	૮૩૪	૬૯
૭.	જમીન વિહોણા	૫.૪	૧૦૬	૨,૩૪,૭૧૦	૪૧૦	૩૪
૮.	અન્ય	૫	૫૭	૧,૮૩,૦૪૦	૬૪૨	૫૪
	કુલ	૬.૧	૪૦૦	૧૩૯	૫૭૩	૪૮

ધરાવતાં કુટુંબો સિવાય બધા જ પ્રકારના વ્યવસાયો ધરાવતાં કુટુંબોની વ્યકિતદીઠ માસિક આવક ગરીબીરેખા નીચે છે. આમ આના પરથી એ અર્થ તારવી શકાય કે કુલ કુટુંબના ૮ ટકા એટલે કે ૩૨ કુટુંબો કે જેની આવક ગરીબીરેખાથી થોડીક વધુ છે. જમીન વિહોણા અને નાના સીમાંત

એડૂતો કે જે ૭.૫૦ એકરથી ઓછી જમીન ધરાવે છે તે પોતાની આવક જુદા જુદા પૂરક વ્યવસાયો કરી ઊભી કરે છે. છતાં પણ એટલી ઓછી છે કે તેમને જીવન જીવવું કપરું થઈ પડે છે. ઉપરના કોઠા ઉપરથી સ્પષ્ટ થાય છે કે આ બે પ્રકારના જૂથોમાં આવતાં કુટુંબો માટે આર્થિક પુનર્વસવાટ ઉપર ગંભીરપણે ધ્યાન આપવાની જરૂર છે. કોઠા ૮૭, ૯૧ અને ૯૨ ઉપરથી એ હકીકત પ્રાપ્ત થાય છે કે મૂળભૂત રીતે આદિવાસી વસ્તી ધરાવતા આ તાલુકામાં સર્વેક્ષણમાં આવેલાં મોટાભાગનાં કુટુંબોની આર્થિક સ્થિતિ ઘણી નબળી છે. ત્રણ દાયકા દરમિયાન કરવામાં આવેલા વિકાસના પ્રયત્નો પછીનું દારુણ આ ચિત્ર છે. આ સર્વેક્ષણનું પરિણામ એ માન્યતાને દૃઢ કરે છે કે આદિવાસીઓના વિકાસના જે કાર્યક્રમો થયા છે તેનાથી તે આર્થિક વિકાસ પામેલા સમાજ સાથેનું અંતર હજુ ઘટાડી શકયા નથી.

ખર્ચ :

સર્વેક્ષણ થયેલાં આદિવાસી અને બિનઆદિવાસી બંને પ્રકારનાં કુટુંબોમાં વાર્ષિક ખર્ચનો મોટો ભાગ ખોરાક પાછળ ખર્ચાય છે. જે કુલ ખર્ચના ૬૮.૩૪ ટકા થાય છે.

કોઠો – ૯૩

સર્વેક્ષણ થયેલાં કુટુંબોનો જુદી જુદી વસ્તુ પાછળ થયેલ વાર્ષિક ખર્ચ :

ક્રમ	વસ્તુના પ્રકાર	વાર્ષિક ખર્ચ રૂ. માં	કુટુંબદીઠ સરાસરી ખર્ચ રૂ.	ટકા
૧.	ખોરાક	૧૦,૫૫,૮૮૫	૨,૬૪૦	૬૮.૩૪
૨.	બળતણ	૫૭,૪૭૬	૧૪૪	૩.૭૨
૩.	કપડાં	૨,૪૨,૫૭૩	૬૦૬	૧૫.૭૦
૪.	શિક્ષણ	૩૪,૩૦૦	૮૬	૨.૨૨
૫.	અન્ય	૧,૫૪,૮૧૪	૩૮૭	૧૦.૦૨
	કુલ	૧૫૪૫૦૪૮	૩૮૬૩	૧૦૦.૦૦

ખોરાક બાદ બીજો અગત્યનો ખર્ચ કપડાં પાછળ થાય છે. સર્વેક્ષણ થયેલાં કુટુંબો કુલ વાર્ષિક ખર્ચના ૧૫ ટકા ખર્ચ કપડાં પાછળ કરતાં હોય છે. શિક્ષણ પાછળ અને બળતણ પાછળ ખાસ ખર્ચ થતો નથી. આ માટેનાં કારણો દેખીતાં છે. મૂળભૂત રીતે આદિવાસી તાલુકો હોવાથી શિક્ષણમાં

ખર્ચ ઓછો થ.વ કારણ કે આદિવાસીઓને મફત શિક્ષણ મળતું હોય છે. અને રહેવા જમવાનું પણ મફત હોય તેવી આશ્રમશાળાઓ આદિવાસી માટે હોય છે. આ સગવડ જ્યાં પ્રાપ્ય હોય તેવા મોટાભાગના કિસ્સાઓમાં ગણવેશ પણ મફત આપે છે અને નોટબુક સ્લેટ પેન્સિલ જેવા ખર્ચ માટે વૃત્તિકા આપવામાં આવે છે.

બળતણના સંદર્ભમાં કહીએ કે સાગબારા તાલુકામાં પૂર્વ ભાગ સિવાય જંગલો છે. અને તેથી પૈસાનો ખર્ચ કર્યા સિવાય બળતણ માટે લાકડું મળે છે, આમ થોડાક વિસ્તારના લોકોને લાકડું ખરીદવું પડે છે. વળી જે કુટુંબો લાકડું બળતણ માટે ખરીદે છે, તેમને જંગલ નજીક હોવાથી સસ્તું મળતું હોય છે. અને આથી બળતણ પાછળ ઓછો ખર્ચ થાય છે.

નીચેના કોઠામાં દૃષ્ટિપાત કરતાં એ સ્પષ્ટ થાય છે કે આદિવાસીઓ કરતાં બિનઆદિવાસીઓ ખોરાક સિવાય અન્ય બાબતોમાં વધુ ખર્ચ કરતા હોય છે. આ માટે એમ કહી શકાય કે બિનઆદિવાસી કુટુંબોની સરાસરી કુટુંબદીઠ મેળવેલ આવક આદિવાસી કુટુંબ કરતાં વધુ છે. અને તેથી તેમની સરાસરી કુટુંબદીઠ ખર્ચની ક્ષમતા વધુ હોય એ સ્વાભાવિક છે. બીજું એ કે આવકના માપદંડ સિવાય પણ બિનઆદિવાસીઓમાં ખર્ચ પદ્ધતિ ઉપર સામાજિક મોભામાં રહેવાની જરૂરિયાતની સારી એવી અસર થાય છે. બિનઆદિવાસી સમુદાયમાં સામાજિક મોભાની ગણના ખાસ મહત્ત્વની છે. અને એ જ ખર્ચ ધોરણ નક્કી કરે છે.

કોઠો – ૯૪

સર્વેક્ષણ થયેલાં કુટુંબોનું જાતિ મુજબ વાર્ષિક ખર્ચ :

ક્રમ	વસ્તુ	આદિવાસી			બિનઆદિવાસી		
		કુલ વાર્ષિક ખર્ચ રૂ.	કુટુંબ દીઠ સરાસરી ખર્ચ	ટકા	કુલ વાર્ષિક ખર્ચ	કુટુંબ દીઠ સરાસરી ખર્ચ	ટકા
૧.	ખોરાક	૧૦૧૮૬૭૯	૨૬૩૨	૬૮.૫૯	૩૭૨૦૬	૨૮૬૧	૬૨.૨૧
૨.	બળતણ	૫૪૬૦૪	૧૪૧	૩.૬૮	૨૮૭૨	૨૨૧	૪.૮૦
૩.	કપડાં	૨૩૨૨૦૩	૬૦૦	૧૫.૬૩	૧૦૩૭૦	૭૯૮	૧૭.૩૪
૪.	શિક્ષણ	૩૧૭૭૬	૮૨	૨.૧૪	૨૫૨૪	૧૯૪	૪.૨૨
૫.	અન્ય	૧૪૭૯૮૧	૩૮૩	૯.૯૬	૬૮૩૩	૫૨૬	૧૧.૪૩
	કુલ	૧૪,૮૫,૨૪૩	૩૮૩૮	૧૦૦	૫૯,૮૦૫	૪૬૦૦	૧૦૦

કોઠો – ૯૫

વ્યક્તિદીઠ માસિક ખર્ચનું પ્રમાણ દર્શાવતો કોઠો :

ક્રમ	ખર્ચનું પ્રમાણ રૂ.	કુટુંબોની સંખ્યા	કુટુંબનું સરાસરી કદ	કુલ વાર્ષિક ખર્ચ	કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ	વ્યક્તિદીઠ વાર્ષિક ખર્ચ	વ્યક્તિદીઠ માસિક ખર્ચ	કુટુંબોના ટકા
૧.	૧ – ૧૫૦૦	૩૬	૫.૭	૧૦૭૩૫૬	૨૯૮૨	૫૨૩	૪૩	૯.૦૦
૨.	૧૫૦૧ – ૩૦૦૦	૧૯૬	૫.૪	૫૮૦૦૯૭	૨૯૫૯	૫૪૮	૪૬	૪૯.૦૦
૩.	૩૦૦૧ -- ૪૫૦૦	૧૦૭	૬.૬	૪૯૪૮૫૩	૪૬૨૪	૭૦૦	૫૮	૨૬.૭૫
૪.	૪૫૦૧ – ૭૫૦૦	૩૮	૭.૬	૨૧૨૭૩૯	૫૫૯૮	૭૩૬	૬૧	૯.૫૦
૫.	૭૫૦૧ – ૧૦,૦૦૦	૧૬	૭.૮	૧૦૨૫૫૮	૬૪૦૯	૮૨૭	૬૮	૪.૦૦
૬.	૧૦,૦૦૦ થી વધુ	૭	૭.૪	૪૭૪૪૫	૬૭૭૮	૯૧૫	૭૬	૧.૭૫
	કુલ	૪૦૦	૬.૧	૧૫૪૫૦૪૮	૩૮૬૨ લગભગ	૬૩૨ લગભગ	૫૩ લગભગ	૧૦૦.૦૦

સર્વેક્ષણ થયેલાં કુટુંબોમાં ખર્ચનું ઘેારણ જોયા બાદ હવે આપણે ગરીબીની રેખા નીચે જીવતાં કુટુંબોનો અંદાજ મેળવવા ખર્ચના આંકડા એકઠાં કરીએ. આ કામ દરમ્યાન કુટુંબોની સંખ્યા અને તે સુદ્ધાં કુટુંબો ગરીબીની રેખામાં આવે છે તપાસવા સહેલાઈ થઈ.

સર્વેક્ષણ થયેલાં ૪૦૦ કુટુંબોમાંથી માત્ર ૨૩ કુટુંબો (૫.૭૫ ટકા) ગરીબીરેખા કરતાં ઓછા ખર્ચમાં ગુજારો કરે છે. આમ સર્વેક્ષણ થયેલાં કુટુંબોમાંથી ૯૪.૨૫ ટકા કુટુંબો ગરીબીરેખા કરતાં ઊંચા ખર્ચમાં ગુજારો કરે છે. આ કુટુંબોનું સરેરાશ માસિક ખર્ચ રૂ. ૬૧.૬૪ થાય છે. આ સરેરાશ ખર્ચ ગરીબીરેખા કરતાં ૨૪.૬૪ ટકા વધારે છે. આ કુટુંબોનું સરેરાશ માસિક

કોઠો – ૯૬

ધંધા મુજબ વાર્ષિક ખર્ચ અને વ્યક્તિદીઠ માસિક ખર્ચ દર્શાવતો કોઠો :

ક્રમ	મુખ્ય ધંધો	કુટુંબોની સંખ્યા	સંખ્યા ટકામાં	ખર્ચની કુલ રકમ રૂ.માં	કુટુંબનું સરાસરી કદ	કુટુંબદીઠ સરાસરી ખર્ચ રૂ.માં	વ્યક્તિદીઠ સરાસરી વાર્ષિક ખર્ચ	વ્યક્તિદીઠ સરાસરી માસિક ખર્ચ
૧.	ખેતી	૨૩૦	૫૭.૫૦	૧૦૦૫૭૨૩	૭.૭	૪૩૭૨	૬૨૪	૫૨
૨.	ખેતમજૂરી	૯૧	૨૨.૭૫	૨૭૬૪૧૨	૪.૯	૩૦૩૭	૬૧૯	૫૧
૩.	છૂટકમજૂરી	૧૫	૩.૭૫	૩૪૩૮૮	૫.૩	૨૨૯૨	૪૩૨	૩૬
૪.	નોકરી	૧૦	૨.૫૦	૨૮૬૪૦	૪.૦	૨૮૬૪	૭૧૬	૬૦
૫.	સુથારીકામ	૮	૨.૦૦	૨૭૩૩૦	૪.૬	૩૩૧૬	૭૪૨	૬૨
૬.	પશુપાલન	૧૪	૩.૫૦	૫૦૯૬૦	૬.૧	૩૬૪૦	૫૯૬	૫૦
૭.	લુહારીકામ	૩	૦.૭૫	૧૧૭૨૫	૬.૦	૩૯૦૮	૬૫૧	૫૪
૮.	દરજીકામ	૭	૧.૭૫	૨૦૫૬૦	૪.૪	૨૯૩૭	૬૬૮	૫૬
૯.	નાનો વ્યાપારધંધો	૧૫	૩.૭૫	૪૯૭૫૦	૩.૭	૩૩૧૬	૮૯૬	૭૫
૧૦.	મત્સ્યોદ્યોગ	૫	૧.૨૫	૩૨૫૮૦	૬.૨	૬૫૧૬	૧૦૫૦	૮૮
૧૧.	અન્ય	૨	૦.૫૦	૭૯૮૦	૫.૫	૩૯૯૦	૭૨૫	૬૦
	કુલ	૪૦૦		૧૫,૪૫,૦૪૮	૬.૧	૩૮૬૨	૬૩૨	૫૩

કોઠો – ૯૭

ધંધા મુજબ વાર્ષિક આવક ધરાવતા કુટુંબોની સંખ્યા દર્શાવતો કોઠો :

ક્રમ	મુખ્ય ધંધો	કુટુંબોની સંખ્યા	સંખ્યા ટકામાં	આવકની કુલ રકમ રૂ.માં	કુટુંબદીઠ સરાસરી આવક રૂ.માં	વ્યક્તિદીઠ સરાસરી વાર્ષિક આવક	વ્યક્તિદીઠ સરાસરી માસિક આવક
૧.	ખેતી	૨૩૦	૫૭.૫૦	૧૦૨૫૭૨૩	૭.૭	૪૪૬૭	૬૨૪	૫૨
૨.	ખેતમજૂરી	૯૧	૨૨.૭૫	૨૭૬૪૧૨	૪.૯	૩૦૩૭	૬૧૯	૫૧
૩.	છૂટકમજૂરી	૧૫	૩.૭૫	૩૪૩૮૮	૫.૩	૨૨૯૨	૪૩૨	૩૬
૪.	નોકરી	૧૦	૨.૫૦	૨૮૬૪૦	૪.૦	૨૮૬૪	૭૧૬	૬૦
૫.	સુથારીકામ	૮	૨.૦૦	૨૭૩૩૦	૪.૬	૩૩૧૬	૭૪૨	૬૨
૬.	પશુપાલન	૧૪	૩.૫૦	૫૦૯૬૦	૬.૧	૩૬૪૦	૫૯૬	૫૦
૭.	લુહારીકામ	૩	૦.૭૫	૧૧૭૨૫	૬.૦	૩૯૦૮	૬૫૧	૫૪
૮.	દરજીકામ	૭	૧.૭૫	૨૦૫૬૦	૪.૪	૨૯૩૭	૬૬૮	૫૬
૯.	નાનો વ્યાપારધંધો	૧૫	૩.૭૫	૪૯૭૫૦	૩.૭	૩૩૧૬	૮૯૬	૭૫
૧૦.	મત્સ્યોદ્યોગ	૫	૧.૨૫	૩૨૫૮૦	૬.૨	૬૫૧૬	૧૦૫૦	૮૮
૧૧.	અન્ય	૨	૦.૫૦	૭૯૮૦	૫.૫	૩૯૯૦	૭૨૫	૬૦
	કુલ	૪૦૦		૧૫,૪૫,૦૪૮	૬.૧	૩૮૬૨	૬૩૨	૫૩

૬૨૭

કોઠો – ૯૭

ધંધા મુજબ વાર્ષિક આવક ધરાવતા કુટુંબોની સંખ્યા દર્શાવતો કોઠો :

ક્રમ	મુખ્ય ધંધો	કુટુંબોની સંખ્યા	સંખ્યા ટકામાં	આવકની કુલ રકમ રૂ.માં	કુટુંબદીઠ સરાસરી આવક રૂ.માં	વ્યક્તિદીઠ સરાસરી વાર્ષિક આવક	વ્યક્તિદીઠ સરાસરી માસિક આવક
૧.	ખેતી	૨૩૦	૫૭.૫૦	૧૦૨૫૭૨૩	૭.૭	૪૪૬૭	૬૨૪	૫૨
૨.	ખેતમજૂરી	૯૧	૨૨.૭૫	૨૭૬૪૧૨	૪.૯	૩૦૩૭	૬૧૯	૫૧
૩.	છૂટકમજૂરી	૧૫	૩.૭૫	૩૪૩૮૮	૫.૩	૨૨૯૨	૪૩૨	૩૬
૪.	નોકરી	૧૦	૨.૫૦	૨૮૬૪૦	૪.૦	૨૮૬૪	૭૧૬	૬૦
૫.	સુથારીકામ	૮	૨.૦૦	૨૭૩૩૦	૪.૬	૩૩૧૬	૭૪૨	૬૨
૬.	પશુપાલન	૧૪	૩.૫૦	૫૦૯૬૦	૬.૧	૩૬૪૦	૫૯૬	૫૦
૭.	લુહારીકામ	૩	૦.૭૫	૧૧૭૨૫	૬.૦	૩૯૦૮	૬૫૧	૫૪
૮.	દરજીકામ	૭	૧.૭૫	૨૦૫૬૦	૪.૪	૨૯૩૭	૬૬૮	૫૬
૯.	નાનો વ્યાપારધંધો	૧૫	૩.૭૫	૪૯૭૫૦	૩.૭	૩૩૧૬	૮૯૬	૭૫
૧૦.	મત્સ્યોદ્યોગ	૫	૧.૨૫	૩૨૫૮૦	૬.૨	૬૫૧૬	૧૦૫૦	૮૮
૧૧.	અન્ય	૨	૦.૫૦	૭૯૮૦	૫.૫	૩૯૯૦	૭૨૫	૬૦
	કુલ	૪૦૦		૧૫,૪૫,૦૪૮	૬.૧	૩૮૬૨	૬૩૨	૫૩

૬૨૭

કોઠો – ૯૭

ધંધા મુજબ વાર્ષિક આવક ધરાવતા કુટુંબોની સંખ્યા દર્શાવતો કોઠો :

ક્રમ	મુખ્ય ધંધો	કુટુંબોની સંખ્યા	સંખ્યા ટકામાં	આવકની કુલ રકમ રૂ.માં	કુટુંબદીઠ સરાસરી આવક રૂ.માં	વ્યક્તિદીઠ સરાસરી વાર્ષિક આવક	વ્યક્તિદીઠ સરાસરી માસિક આવક
૧.	ખેતી	૨૩૦	૫૭.૫૦	૧૦૨૫૭૨૩	૭.૭	૪૪૬૭	૬૨૪	૫૨
૨.	ખેતમજૂરી	૯૧	૨૨.૭૫	૨૭૬૪૧૨	૪.૯	૩૦૩૭	૬૧૯	૫૧
૩.	છૂટકમજૂરી	૧૫	૩.૭૫	૩૪૩૮૮	૫.૩	૨૨૯૨	૪૩૨	૩૬
૪.	નોકરી	૧૦	૨.૫૦	૨૮૬૪૦	૪.૦	૨૮૬૪	૭૧૬	૬૦
૫.	સુથારીકામ	૮	૨.૦૦	૨૭૩૩૦	૪.૬	૩૩૧૬	૭૪૨	૬૨
૬.	પશુપાલન	૧૪	૩.૫૦	૫૦૯૬૦	૬.૧	૩૬૪૦	૫૯૬	૫૦
૭.	લુહારીકામ	૩	૦.૭૫	૧૧૭૨૫	૬.૦	૩૯૦૮	૬૫૧	૫૪
૮.	દરજીકામ	૭	૧.૭૫	૨૦૫૬૦	૪.૪	૨૯૩૭	૬૬૮	૫૬
૯.	નાનો વ્યાપારધંધો	૧૫	૩.૭૫	૪૯૭૫૦	૩.૭	૩૩૧૬	૮૯૬	૭૫
૧૦.	મત્સ્યોદ્યોગ	૫	૧.૨૫	૩૨૫૮૦	૬.૨	૬૫૧૬	૧૦૫૦	૮૮
૧૧.	અન્ય	૨	૦.૫૦	૭૯૮૦	૫.૫	૩૯૯૦	૭૨૫	૬૦
	કુલ	૪૦૦		૧૫,૪૫,૦૪૮	૬.૧	૩૮૬૨	૬૩૨	૫૩

૬૨૭

(૧) ઉત્પાદક :

અ : ખેતી કરવા બ : મકાન બાંધવા ક : પશુ ખરીદવા ડ : ખેતી, સુથારી વગેરેનાં સાધનો વસાવવા માટે જે ખર્ચ થાય તે ઉત્પાદક ગણીશું.

(૨) બિનઉત્પાદક :

અ : મરણ કે લગ્ન પ્રસંગે થતા બ : તે સિવાયનાં બીજાં કૌટુંબિક કાર્યો કરવા અને ક : જમીન મહેસૂલ કે અન્ય વેરાઓ ભરવા માટે જે ખર્ચ થાય તે જ બિનઉત્પાદક ગણીશું.

મોટા ભાગનાં આદિવાસી કુટુંબો બીજા પ્રકારના ખર્ચા વધુ કરે છે. કારણ કે તેઓની આવક એટલી ઓછી છે કે તેઓ સામાજિક કે ધાર્મિક પ્રસંગે કરવા પડતા ખર્ચ જેટલી બચત કરી શકતા નથી. પરિણામે આવા મોટા ખર્ચા જ્યારે આવી પડે ત્યારે તેઓ ખાધની પરિસ્થિતિમાં આવે છે. આ ખાધને પહોંચી વળવા દેવું કરવું પડે. દેવું ભરપાઈ કરવા વધારાની લોન લેવી પડે છે. અને તેથી દર વર્ષે તેમનું દેવું વધતું જ રહે છે.

આદિવાસીઓ જુદા જુદા સાધનો દ્વારા જુદા જુદા વ્યાજના દરે ધિરાણ મેળવતા હોય છે. મોટે ભાગે આવું ધિરાણ બાનગી સાધનો દ્વારા મેળવાતું હોય છે. મોટે ભાગે શરાફો પાસેથી જ આ ધિરાણ મેળવાય છે. એવું ક્ષેત્રકાર્ય દરમ્યાન જાણવા મળ્યું છે. આગળ ચર્ચા કરી એ મુજબ કાયદેસર સંસ્થાઓ જેવી કે સહકારી ધિરાણ મંડળીઓ કે બૅન્કો બિન-ઉત્પાદક હેતુ માટે ધિરાણ આપતી નથી. બીજું કે તેમને સહકારી મંડળી કે બૅન્ક કરતાં શાહુકાર પાસે ધિરાણ મેળવવા અને મંજૂર કરાવવામાં મુશ્કેલી પડતી નથી, ત્રીજું કે શાહુકારની ભાષા જ તેમને ઉત્પાદક કે બિનઉત્પાદક બંને હેતુ માટેનું ધિરાણ મેળવવાની પ્રેરણા આપે છે. આથી તેઓ શાહુકાર પાસે વધુ ધિરાણ લે છે. પરંતુ આ શાહુકારો વ્યાજના ભારે દર લઈ આદિવાસીઓને બધી જ રીતે ચૂસતા હોય છે. આવા પ્રકારનું શોષણ બંધ કરવા અને આદિવાસીઓને ધીરધાર કરનારાઓના પંજામાંથી છોડાવવાની કામગીરી પણ વિકાસનાં કામોમાંનું એક કામ છે.

બેરોજગારી અને અર્ધ રોજગારી :

એ દેખીતી રીતે સ્પષ્ટ છે કે આ તાલુકાના આદિવાસીઓ જે અર્થતંત્ર ઉપર આધાર રાખે છે, તે પછાત દશામાં છે. બીજું એ પણ છે કે એમની

જે અર્થવ્યવસ્થા છે તે હજી પણ પરંપરાગત રીતે ચાલતી અર્થવ્યવસ્થા છે. અને તેમાં કમાણી કરી આપનાર રોજગારીની તકો મર્યાદિત પ્રમાણમાં છે. ખેતી સિવાય કાર્યશીલ આર્થિક પ્રવૃત્તિ ખાસ નથી જે આ તાલુકાના આદિવાસીઓના આર્થિક માળખામાં ફેરફાર લાવે તેવો કોઈ બિનખેતીવિષયક ધંધો વિકાસ પામ્યો નથી અને તેથી આ તાલુકામાં કાર્યરત જે વર્ગ છે તેની ધંધાકીય વહેંચણી વિવિધતાની ઉણપવાળી સ્પષ્ટ દેખાય છે.

રોજગારીની તકો પણ કૃષિક્ષેત્ર પૂરતી જ મર્યાદિત રહેવા પામી છે. અગાઉ જણાવ્યું તે મુજબ આ તાલુકામાં બેરોજગારીનું પ્રમાણ ખાસ નથી. કારણ કે આર્થિક ભાષામાં જે બેકારીનો અર્થ છે (જેને કામ કરવાની ઇચ્છા હોવા છતાં કામ નથી મળતું) તે મુજબ અહીંયાં બેકારો ઘણા ઓછા છે. સાગબારાના જે આદિવાસીઓ છે તેને જ્યારે કોઈ કામ નથી મળતું ત્યારે દૈનિક પાયા પર કામ મેળવી લે છે કે જે કામ ઓછી આવક આપનાર અથવા કામચલાઉ હોય છે. વળી એ લોકોમાં મોટે ભાગે ખેતી એ કૌટુંબિક ધંધો છે અને તેથી કુટુંબની દરેક વ્યક્તિ એક યા બીજી રીતે ખેતીના કામમાં સંકળાયેલી રહે છે અને તેથી બેરોજગારીનો જે અર્થ આર્થિક ભાષામાં થાય છે તે રીતે કોઈ બેકાર નથી. અલબત્ત એ લોકો પણ પૂરેપૂરા બેરોજગારી ભોગવે છે તેનાથી ખાસ જુદા સમૂહમાં આવતા નથી

હવે આપણે સાગબારા તાલુકામાં જે કુટુંબોની તપાસ કરવામાં આવી છે તેમાં બેરોજગારી કેવી છે તે તપાસીએ. અહીંયાં બેકારીનો અંદાજ કાઢવાના માપદંડ તરીકે જે લોકોને ૯૦ દિવસથી ઓછું કામ મળ્યું છે તે રાખવામાં આવ્યો છે. આ રીતે તપાસ થયેલાં કુટુંબોમાં જે કામ કરી શકે તેવો વર્ગ છે તેમાંથી ૧૯૬ વ્યક્તિઓ બેરોજગારીની ગણતરીમાં આવે છે. કોઠા નં. ૯૯ પ્રમાણે સર્વેક્ષણ કુટુંબોમાંથી પુખ્તવયની કામ કરી શકે તેવી વ્યક્તિઓ ૧૩૨૪ છે. (આ જે સંખ્યા છે તે આર્થિક રીતે પુખ્ત વયનાં જે કાર્યશીલ રહી શકે તેની છે. બાળકોની સંખ્યાને કુલ કામ કરનાર વર્ગમાંથી બાદ રાખવામાં આવ્યાં છે.) તેમાંથી ૧૭૨ વ્યક્તિઓ એટલે કે ૧૨.૯૯ ટકા વ્યક્તિઓને ૯૦ દિવસથી ઓછું કામ મળ્યું છે. એટલે કે આપણા માપદંડ પ્રમાણે એ બેરોજગાર છે. પુખ્તવયનાં કામ કરી શકે તેવાં હોવા છતાં જે આર્થિક કામમાં રોકાયેલ નથી એવી (કમાઈ શકે તેવાં પુખ્ત વયનાં છતાં આશ્રિત) ૨૪ વ્યક્તિઓ છે કે જેમણે કામ કરવાની તૈયારી બતાવી છે.

કોઠો – ૯૯

બેરોજગારોની સંખ્યા દર્શાવતો કોઠો

જાતિ	જે લોકોને ૯૦ દિવસથી ઓછું કામ મળ્યું છે તેની સંખ્યા	જે લોકો કામ વગરના છે પરંતુ કામ કરવાની ઇચ્છા ધરાવે છે તેની સંખ્યા	કુલ બેરોજગારોની સંખ્યા	પુખ્તવયના જે લોકો છે તેમાંથી બેરોજગારોની ટકાવારી
પુરુષ	૫૯	૧૫	૭૪	૪.૯૦
સ્ત્રી	૧૧૩	૯	૧૨૨	૮.૦૮
કુલ	૧૭૨	૨૪	૧૯૬	૧૨.૯૮

અહીંયાં એ સ્પષ્ટ કરી લઈએ કે આ સર્વેક્ષણમાં આવેલ વ્યક્તિઓ તેમને બરોબર કેટલા દિવસ કામ નથી મળ્યું તે ચોક્કસ રીતે બતાવી શકી નથી અને તેથી બેરોજગારીના આ જે આંકડા આપ્યા છે તે છે તેના કરતાં ઓછા હોવાની પણ શકયતા છે. આ કોઠો પુરુષ અને સ્ત્રીઓમાં બેરોજગારીનું પ્રમાણ કેવું છે તે પણ સ્પષ્ટ કરે છે.

કોઠા નં. ૯૯માં જે આંકડા આપ્યા છે તે બતાવે છે કે કુલ જે બેરોજગાર છે તેમાં સ્ત્રીઓની ટકાવારી ૬૨.૨૪ છે જ્યારે પુરુષોની ટકાવારી ૩૭.૨૬ છે.

કોઠો – ૧૦૦

વયજૂથ અને જાતિ પ્રમાણે બેરોજગારોની સંખ્યા

	પુરુષ		સ્ત્રી		કુલ	
વયજૂથ	સંખ્યા	ટકા	સંખ્યા	ટકા	સંખ્યા	ટકા
૧૫–૪૫	૫૧	૨૬.૦૨	૪૭	૨૩.૯૮	૯૮	૫૦.૦૦
૪૬–૫૯	૧૨	૬.૧૨	૫૯	૩૦.૧૦	૭૧	૩૬.૨૨
૬૦થી ઉપર	૧૧	૫.૬૧	૧૬	૮.૧૬	૨૭	૧૩.૭૮
કુલ	૭૪	૩૭.૭૬	૧૨૨	૬૨.૨૪	૧૯૬	૧૦૦.૦૦

વયજૂથ મુજબ તપાસીએ તો પુરુષોમાં બેરોજગારીનું પ્રમાણ ૧૫થી ૪૫ના વયજૂથમાં વધુ છે. જ્યારે સ્ત્રીઓમાં ૪૬થી ૫૯ના વયજૂથમાં વધુ જોવા મળે છે. આ બંને કોઠા ઉપરથી સ્પષ્ટ કારણ એ નીકળે છે કે આ વિસ્તારના લોકો માટે રોજગારીનો કોઈ પણ કાર્યક્રમ આપતાં પહેલાં આર્થિક માળખામાં જેનું સૂચક સ્થાન છે તે સ્ત્રીઓને પણ ધ્યાનમાં લેવાની રહેશે.

હવે પછીના કોઠામાં જે આંકડાઓ આપવામાં આવ્યા છે તે બતાવે છે કે સૌથી વધુ બેરોજગારોની સંખ્યા કૃષિક્ષેત્રમાં છે. કુલ સંખ્યાના ૫૪.૫ ટકા બેરોજગાર વ્યક્તિઓ ખેતી સાથે સંકળાયેલ છે. અગાઉ જણાવ્યું તે મુજબ તેમને ૯૦થી ઉપર ઓછા દિવસ કામ મળે છે. બાકીનામાંથી ૨.૪૧ અને ૧૬.૭૬ ટકા લોકો ક્રમશઃ ખેતમજૂરી અને છૂટક મજૂરી સાથે સંકળાયેલા છે. ૧૨.૨૪ ટકા લોકો એવા છે કે જેમને કોઈ પણ પ્રકારનું કામ નથી.

કોઠો – ૧૦૧

ધંધા પ્રમાણે બેરોજગારોની સંખ્યા

ક્રમ	ધંધો	બેરોજગારો	ટકાવારી
૧.	ખેતી	૧૦૭	૫૪.૫૯
૨.	ખેતમજૂરી	૪૦	૨૦.૪૧
૩.	છૂટક મજૂરી	૨૫	૧૨.૭૬
૪.	કામ વગરના	૨૪	૧૨.૨૪
	કુલ	૧૯૬	૧૦૦.૦૦

આ ચર્ચામાંથી એ સ્પષ્ટ થાય છે કે આવક આપનાર જે આર્થિક પ્રવૃત્તિઓ છે તેમાં કામ કરનારની સંખ્યા તેને માટેની માંગ અને વેતન દરના આધારે નક્કી થતી હોય છે. આ તાલુકામાં શ્રમ માટેની માંગ પણ પૂરતી નથી અને વેતનનો દર જે માલિકો દ્વારા અપાય છે તે પણ ઘણો નીચો છે. આ તાલુકામાં ખેતમજૂરને બેથી ત્રણ રૂપિયાની દૈનિક રોજગારી મળે છે.

અને તેથી આ જે ચાલુ ધંધા છે તેમાં આ બેરોજગારોને રોકવા માટેનો પૂરતો અવકાશ નથી. આ અહેવાલમાં અનેક વાર જણાવવામાં આવ્યું છે તે ફરીથી જણાવીએ કે આ તાલુકામાં બેરોજગારીની સમસ્યા જે અર્થમાં આપણે લઈએ છીએ તે અર્થમાં નથી. પરંતુ ચિંતાજનક કોઈ વાત હોય તો એ છે કે જે શ્રમિક વર્ગ છે તેને જે આવક પ્રાપ્ત થાય છે તે ઘણી નીચી છે અને આવકની જેમ ખર્ચનું ધોરણ પણ નીચું છે, તે જે અગાઉ જણાવવામાં આવ્યું છે. આથી આ જે ૯૦ ટકાથી પણ વધુ વ્યકિતઓ ગરીબાઈની રેખા નીચે જીવે છે તે સમસ્યાને હલ કરવાની જરૂરિયાત મહત્ત્વની છે. વળી આગળ જણાવ્યું તેમ પરંપરાગત ધંધાઓમાં આ વધારાના શ્રમને સમાવી લેવાની શકયતા જૂજ છે. અને તેથી આર્થિક પ્રવૃત્તિ માટેના નવા કાર્યક્રમો આપવાની જરૂરિયાત છે. અલબત્ત એ કાર્યક્રમો આપતાં પહેલાં એ જોવાનું રહેશે કે આ કાર્યક્રમો તેમની સામાજિક, સાંસ્કૃતિક અને ભૌતિક પરિસ્થિતિને અનુરૂપ હોય.

પ્રકરણ ૫

ખેતી અને તેને સંબંધિત પ્રવૃત્તિઓ

લગભગ ૧૮મી સદી પહેલાં જ્યારે આ આદિવાસીઓનો સામાન્ય સમાજ સાથે સંપર્ક નહોતો એ દિવસોમાં તેમની અર્થપ્રવૃત્તિ મુખ્યત્વે કરીને ફરતી ખેતી ઉપર આધારિત હતી. શિકાર ખેતી સાથેના એક વ્યવસાય તરીકે હતો. મત્સ્ય એ પ્રોટીન મેળવવાનું અગત્યનું સાધન હતું. વિશાળ જગ્યામાં ભારે વરસાદવાળાં જંગલોને કારણે ખેતી કરવાનું મુશ્કેલ બન્યું હતું. પાવડો એ ખેતી માટેનું પ્રાથમિક સાધન મનાતું.

આ સમય બાદ મરાઠા યુગ આવ્યો ત્યારે મરાઠા લોકો ધીમે ધીમે આ વિસ્તારમાં ફેલાવા લાગ્યા. આદિવાસીઓ તેના નિકટના પરિચયમાં આવ્યા. ધીમે ધીમે સ્થિર પ્રકારની ખેતી અપનાવી. તેમાં ખાસ કરીને ચોમાસાની ઋતુ શરૂ થતાં પહેલાં ખેતરમાં તૈયારી કરવી પડતી હતી. આ વસ્તુ તેઓ અપનાવવા લાગ્યા. તેઓની આર્થિક પ્રવૃતિ ખેતી ઉપર નિર્ધારિત હોવાને કારણે તેઓ વધુ પાક ઉગાડવા લાગ્યા. સદી બદલાતાં આ તાલુકાના આદિવાસીઓ માટે ચોખા, મકાઈ જુવાર, દાળ, (ખાસ કરીને અડદની) વગેરે ખેતીના મુખ્ય પાકો હતા. અલબત્ત તેમના અર્થતંત્રનો પાયો ખેતી હોવા છતાં તેઓ વધુ ઉત્પાદન મેળવતા નહોતા. વસ્તીની ઓછી ગીચતા અને ખેતીમાં પુરાણી પદ્ધતિના ઉપયોગને કારણે ઉત્પાદન ઘણું નીચું રહેતું. હકીકતમાં તો તેઓ વર્ષમાં જોઈએ તેટલું ઉત્પાદન પણ કરી શકતા નહોતા. આને કારણે તેઓએ જંગલમાં શિકાર અને વનોપજ એકઠી કરવા તરફ ભાર આપ્યો. આજે પણ જે આદિવાસીઓ ડુંગરાળ અને જંગલ વિસ્તારમાં રહે છે તેઓ હજુ પણ જૂનીપુરાણી પદ્ધતિથી ખેતી કરતા હોવાથી તેઓ જરૂરિયાત કરતાં પણ થોડું ઉત્પાદન મેળવે છે. હવે ખાસ શિકાર ન મળવાને કારણે ખોરાક મેળવવાના વધારાના સાધન તરીકે શિકારની પ્રવૃત્તિ બંધ પડી રહી છે. જંગલમાંથી મળતાં ખાદ્ય ફળો, પાન, મૂળિયાં ભેગાં કરવાની પ્રવૃતિ ચાલુ જ રહી છે. પરંતુ તેમાં પણ સારો એવો ઘટાડો નોંધાયો છે. જંગલકામમાં, 'બાંધકામમાં', ખેતરોમાં, અને સપાટ પ્રદેશમાં અથવા

આજુબાજુના વિસ્તારમાં મળતી મજૂરી આવક મેળવવાનું બીજું અગત્યનું સાધન બન્યું છે. આ અંગે અગાઉનાં પ્રકરણોમાં ચર્ચા થઈ છે.

ખેતી : કાયમી ખેતી એ હાલમાં આર્થિક પ્રવૃત્તિમાં અગત્યની છે. નીચેના કોઠામાં ધારણ કરેલી જમીનની માલિકી દર્શાવતી આંકડાકીય માહિતી બતાવે છે કે મોટા ભાગના ખાતેદારો ૧૫ એકરથી ઓછી જમીન ધરાવે છે. પરંતુ કેટલાક એવા ખાતેદારો પણ છે જેમની જમીન ૧૦૦ એકરથી પણ વધુ છે.

કોઠો – ૧૦૨

જમીનના કદ મુજબ જમીનમાલિકોની વહેંચણીની ટકાવારી

ક્રમ	ધારણ કરેલ જમીન	૧૯૫૨–૫૩	૧૯૭૪–૭૫
૧.	૫ એકર સુધી	૨૫.૩૩	૨૫.૦૦
૨.	૫ થી ૧૫ એકર	૫૩.૧૮	૫૩.૨૪
૩.	૧૫થી ૨૫ એકર	૧૫.૩૪	૧૪.૨૨
૪.	૨૫થી ૧૦૦ એકર	૫.૬૮	૭.૩૯
૫.	૧૦૦ એકરથી વધુ	૦.૪૭	૦.૧૫
	કુલ	૧૦૦.૦૦	૧૦૦.૦૦

આ ખાતેદારો મુખ્યત્વે ભૂતપૂર્વ સાગબારા રાજ્યના વારસો છે. ૨૦ વર્ષના ગાળાના આંકડામાં ખાસ ફેરફાર નોંધાયો નથી સિવાય કે ૨૫ એકરથી ૧૦૦ એકરના ક્રમમાં જે ટકાવારી ૧૯૫૨–૫૩માં ૫.૬૮ હતી તે ૧૯૭૪–૭૫ના વર્ષમાં ખેતીલાયક જમીન ૩૦.૧૬૦ એકર હોવા છતાં માત્ર ૧૬.૧૭૯ એકર જમીનમાં જ ખેતી કરવામાં આવી હતી. આમ ૪૩.૭૧ ટકા જમીન કાં તો પડતર તરીકે છોડી દેવાઈ અથવા તો તેને ઉપયોગમાં લેવાનો પ્રયત્ન થયો જ નથી. નીચેના કોઠામાં બતાવેલી આંકડાકીય માહિતી મુજબ દશકાના પહેલા વર્ષોમાં ખેતી લાયક કુલ જમીનમાંથી મોટા ભાગની જમીન ખેતીના ઉપયોગમાં લેવાઈ છે. ૧૯૭૩–૭૪ના વર્ષથી તેમાં ઘટાડો થતો રહ્યો છે. જ્યારે ૧૯૭૬–૭૭ના વર્ષમાં થોડો સુધારો જોવા મળે છે.

કોઠો – ૧૦૩

૧૯૭૦ થી ૧૯૭૭ સુધી ખેતીલાયક જમીન બતાવતો કોઠો :*

ક્રમ	વર્ષ	કુલ ખેતી-લાયક જમીન	પાક માટે જમીનનો ઉપયોગ ચોખ્ખો વાવેતર વિસ્તાર	ખેતીલાયક જમીનમાં ચોખ્ખી વાવેતરની જમીન	લગભગ કુલ વાવેતર વિસ્તાર	પાક હેઠળના વિસ્તારની ટકાવારી
૧.	૧૯૭૦–૭૧	૩૭૩૨૧	૨૧૯૭૬	૫૫.૮૮	૨૨૧૬૬	૫૯.૩૯
૨.	૧૯૭૧–૭૨	૩૨૨૭૩	૨૧૩૪૬	૬૬.૧૪	૨૧૫૨૫	૬૬.૭૦
૩.	૧૯૭૨–૭૩	૩૦૭૬૭	૧૮૬૯૩	૬૦.૭૬	૧૮૭૮૪	૬૧.૦૫
૪.	૧૯૭૩–૭૪	૩૪૧૭૨	૧૬૬૭૬	૫૪.૧૯	૧૬૮૨૧	૫૪.૬૬
૫.	૧૯૭૪–૭૫	૩૦૭૬૯	૧૬૬૫૫	૫૪.૧૨	૧૬૯૮૬	૫૪.૯૪
૬.	૧૯૭૫–૭૬	૩૦૧૬૨	૧૬૫૮૧	૫૪.૯૭	૧૬૭૨૩	૫૫.૪૪
૭.	૧૯૭૬–૭૭	૩૦૧૬૦	૧૬૯૭૮	૫૬.૨૯	૧૭૧૯૧	૫૭.૦૦

હવે આપણે આ તાલુકામાં કયા પાકનું વાવેતર થાય છે તે તપાસીએ. ૧૯૫૨–૫૩માં મોટા ભાગની જમીનમાં કઠોળનો પાક લેવામાં આવ્યો હતો. આજે પણ આ જ પદ્ધતિ ચાલે છે. નીચેના કોઠામાં બતાવ્યા મુજબ ધાન્ય પાકો હેઠળનો વિસ્તાર જે ૧૯૫૨–૫૩ના વર્ષમાં ૫૨.૩૧ ટકા હતો તે વધીને ૧૯૭૨ના વર્ષમાં ૫૭.૭૯ ટકા થયો.

પાકપદ્ધતિમાં ૧૯૫૨–૫૩ના વર્ષ અને ૧૯૭૨–૭૩ના વર્ષના મુખ્ય ફેરફારમાં તેલીબિયાંના વિસ્તારમાં ભારે ઘટાડો નોંધાયો છે. દાળના પાકના વિસ્તારમાં વધારો થયો છે. ૧૯૫૨–૫૩ના વર્ષમાં અન્ય પાકોમાં મસાલા અને ગરમ મસાલાની ખેતી ૬૭ એકર જમીનમાં થતી હતી. પરંતુ ૨૦ વર્ષ બાદ એ ખેતીને તિલાંજલી આપી દેવામાં આવી એવું લાગે છે. હાલમાં ધાન્યમાં જોઈએ તો જુવારના પાકની જેમ ડાંગરના પાકે અગત્યનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. દાળના પાકોમાં તુવેર આજે પણ અગ્રીમતા ધરાવે છે.

*પ્રાપ્તિસ્થાન વાર્ષિક મોસમ અને પાકઅહેવાલ (ભરૂચ)

કોઠો – ૧૦૫

ખાદ્ય અને અખાદ્ય પાકોનો વિસ્તાર (હેક્ટરમાં)

ક્રમ	પાકનું નામ	વર્ષ						
		૧૯૭૦–૭૧	૧૯૭૧–૭૨	૧૯૭૨–૭૩	૧૯૭૩–૭૪	૧૯૭૪–૭૫	૧૯૭૫–૭૬	૧૯૭૬–૭૭
૧.	ચોખા	૪૭૪૮	૪૯૭૯	૪૧૮૦	૨૫૫૮	૨૩૧૬	૨૦૧૮	૨૩૨૩
૨.	બાજરી	૬૧	૪૮	૫	૪૦	૫૭	—	૬
૩.	ઘઉં	૩૫૧	૨૮૬	૧૬૩	૧૭૬	૬૩	૧૨૫	૧૪૦
૪.	મકાઈ	૧૨૫	૪૭	૪૫	—	—	—	—
૫.	જુવાર	૭૪૫૮	૬૦૩૭	૫૧૮૮	૫૩૧૮	૫૬૫૨	૬૩૮૬	૬૬૦૮
૬.	કુલ ખાદ્યપાક	૧૨૭૪૩	૧૧૩૬૭	૬૬૧૧	૮૦૬૫	૮૧૧૮	૮૫૨૬	૬૦૭૭
૭.	મગફળી	૨૪૦	૨૨૮	૧૨૬	૧૪૦	૧૩૭	૧૮૬	૨૦૨
૮.	તલ	૩૬	૬	૮	૨૧	૨૮	૨૫	૧૭
૯.	કપાસ	૩૬૮૬	૫૧૫૩	૫૪૭૦	૫૫૩૧	૫૫૦૧	૪૭૫૧	૪૬૬૬
૧૦.	અન્ય	૧૪૩	૧૩૮	૬૩	૪૨	૮૨	૬૧	૩૪
	કુલ અખાદ્ય પાક	૪૪૦૫	૫૫૨૮	૫૬૬૭	૫૭૩૪	૫૭૪૮	૫૦૨૩	૪૬૪૬

* પ્રાપ્તિસ્થાન : વાર્ષિક પાક અને મોસમ અહેવાલ, ભરૂચ.

કોઠો – ૧૦૬

બિનસિંચાઈ જમીનમાં હેક્ટર દીઠ મુખ્ય પાકોનું ઉત્પાદન (કિલોગ્રામમાં) *

ક્રમ	પાક	૧૯૭૦–૭૧	૧૯૭૧–૭૨	૧૯૭૨–૭૩	૧૯૭૩–૭૪	૧૯૭૪–૭૫	૧૯૭૫–૭૬	૧૯૭૬–૭૭	વર્ષદીઠ સરેરાશ
૧.	ચોખા	૬૭૮	૫૦૫	૫૦૫	૭૨૦	૮૦૦	૪૧૫	૪૨૦	૫૭૨
૨.	જુવાર(રવી)	૪૬૦	૪૬૦	૩૮૫	૩૮૫	૩૮૫	૨૨૫	૨૫૦	૩૨૬
૩.	જુવાર(ખરીફ)	૧૧૧૫	૧૧૧૫	૧૦૨૫	૧૦૨૫	૯૨૦	૨૨૫	૨૬૦	૬૯૧
૪.	ઘઉં	૩૩૭	૩૩૭	૩૪૦	૭૨૦	૩૨૦	૧૪૦	૧૩૫	૩૩૧
૫.	બાજરી	૫૨૬	૩૯૦	૨૪૦	૭૨૦	૨૬૦	૩૯૫	૩૯૦	૪૦૧
૬.	મકાઈ	૭૫૧	૫૬૧	૫૬૧	૫૬૧	૫૬૦	૧૪૦	૧૪૬	૩૯૩
૭.	તુવર	૪૮૮	૩૬૫	૩૬૫	૩૬૫	૩૬૫	૧૧૯૨	—	૪૫૭
૮.	મગફળી	૫૬૧	૫૬૧	૫૬૧	૪૬૫	૫૬૧	૩૧૦	૩૧૫	૪૪૨
૯.	તલ	૨૨૪	—	—	—	—	—	—	—
૧૦.	કપાસ	૧૦૧	૭૬	૭૬	૬૫	—	૧૨૫	૧૩૦	૫૩
૧૧.	દિવેલી	૩૭૫	૨૮૦	૨૮૦	૨૮૦	૨૮૦	૧૫૫	૧૬૦	૨૩૧

* પ્રાપ્તિસ્થાન : વાર્ષિક મોસમ અને પાક અહેવાલ, ભરૂચ.

૧૯૭૬–૭૭ ના વર્ષમાં ૧૪૬૦ મિ.મી. વરસાદ સામે ૧૪૬૫ મિ.મી. વરસાદ પડ્યો હોવાથી ખરીફ પાકોનું ઉત્પાદન સારું થયું હોવાનું જણાય છે. જ્યારે રવી પાકોનું ઉત્પાદન ઓછું થયું હોવાનું જણાય છે.

કોઠો – ૧૦૭

જિલ્લામાં ખરીફ પાકોનું વાવેતર (હેક્ટરમાં) (ક્ષેત્રફળ)

ક્રમ	પાક	૧૯૭૦–૭૧	૧૯૭૧–૭૨	૧૯૭૨–૭૩	૧૯૭૩–૭૪	૧૯૭૪–૭૫	૧૯૭૫–૭૬	૧૯૭૬–૭૭
૧.	ચોખા	૫૭૬	૫૭૬	૫૭૬	૫૭૬	૫૭૬	૫૭૬	૫૭૬
૨.	જુવાર(ખરીફ)	૧૬૬	૧૬૬	૧૬૬	૧૬૬	૧૬૬	૧૬૬	૧૬૬
૩.	ઘાસચારાના પાકો	૨૦૦	૨૦૦	૨૦૦	૨૦૦	૨૦૦	૨૦૦	૨૦૦
૪.	અન્ય	૨૬૭	૨૬૭	૨૬૭	૨૬૭	૨૬૭	૨૬૭	૨૬૭
	કુલ	૧૭૩૯	૧૭૩૯	૧૭૩૯	૧૭૩૯	૧૭૩૯	૧૭૩૯	૧૭૩૯

(જિ.ખે.અ.)

૦૧૬ – ૧૬૬

જિલ્લામાં ખરીફ પાકોના ઉત્પાદનમાં ઘટાડો થવાનાં કારણો

જિલ્લામાં ખરીફ પાકોના ઉત્પાદનમાં ઘટાડો થયો છે. જેનું મુખ્ય કારણ ૧૯૭૬–૭૭ ના વર્ષમાં ૧૪૬૦ મિ.મી. વરસાદ સામે ૧૯૭૫–૭૬ ના વર્ષમાં ૧૭૬૫ મિ.મી. વરસાદ પડ્યો હોવાથી ખરીફ પાકોનું ઉત્પાદન સારું થયું હોવાનું જણાય છે. જ્યારે રવી પાકોનું ઉત્પાદન ઓછું થયું હોવાનું જણાય છે. આ ઉપરાંત જિલ્લામાં સિંચાઈ સુવિધા ઓછી હોવાથી પણ ઉત્પાદનમાં ઘટાડો થયો હોવાનું જણાય છે.

હતી. ૧૫ વર્ષના ગાળામાં ફક્ત ૬૪૬ હેકટર જમીનમાં જ સિંચાઈની સગવડ ઊભી કરી શકાઈ હતી.

તાલુકાના જુદા જુદા પાકના એક હેકટર દીઠ ઉત્પાદનને જિલ્લાના તથા રાજ્યના ઉત્પાદન સાથે સરખાવતાં એવું બહાર આવે છે કે આ બાબતમાં તાલુકો ઘણો જ પછાત છે. નીચેના કોઠામાં જે આંકડા આપ્યા છે તે મુજબ માત્ર તુવેરના પાક સિવાય બીજા બધા જ પાકોનું ઉત્પાદન ઘણું નબળું છે. પરંતુ આ તાલુકો તુવેરના પાક બાબતમાં જિલ્લા અને રાજ્યની સરખામણીમાં શ્રેષ્ઠ રહ્યો છે. કોઠા ૧૦૬માં બતાવેલા આંકડા મુજબ તુવેરનો આ ઉત્પાદન દર જે વર્ષના આંકડા આવ્યા છે તે મુજબ અસામાન્ય છે. હકીકતમાં તુવેરનું સરાસરી ઉત્પાદન હેકટરદીઠ ૪૫૭ કિ.ગ્રા છે. જો આ આંકડા જિલ્લા અને રાજ્ય સાથે સરખાવવામાં આવે તો લગભગ સ્પષ્ટ ચિત્ર મળી શકે. તેમ છતાં એ હકીકત રહે છે કે તાલુકાએ તુવેરના ઉત્પાદનમાં સારું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

કોઠો – ૧૦૮

રાજ્ય, જિલ્લા અને તાલુકામાં જુદા જુદા પાકોનું હેકટરદીઠ કિ. ગ્રા.માં ઉત્પાદન (૧૯૭૫-૭૬)

ક્રમ	પાકનું નામ	હેકટરદીઠ ઉત્પાદન		
		સાગબારા તાલુકો	ભરૂચ જિલ્લો	ગુજરાત રાજ્ય
૧.	ડાંગર	૭૫૭	૧૩૬૨	૧૨૪૬
૨.	જુવાર(ખરીફ)	૨૨૫	૫૬૮	૪૯૪
૩.	જુવાર(રવી)	૨૨૫	૬૦૧	૫૦૬
૪.	ઘઉં	૨૨૦	૧૧૦૯	૧૬૭૭
૫.	બાજરી	૩૯૫	૬૨૬	૭૨૬
૬.	મકાઈ	૧૪૦	૧૬૬૭	૨૦૧૩
૭.	તુવેર	૧૧૯૨	૩૬૭	૪૬૬
૮.	મગફળી	૩૧૦	૯૭૩	૧૨૪૦
૯.	કપાસ	૧૨૫	૫૪૫	૯૪૫
૧૦.	દિવેલી	૧૫૫	૭૦૦	૭૭૪

ઓછા ઉત્પાદન માટે જવાબદાર કારણો ઘણાં દેખીતાં છે. અને આ અહેવાલમાં વારંવાર તેની ચર્ચા થઈ છે. જેવી કે સિંચાઈની નબળી સવલતો, ખાતર, સુધરેલ બિયારણનો ઓછો ઉપયોગ, જમીનની ઓછી ફળદ્રુપતા અને એ બધામાં વિકાસ માટે જવાબદાર લોકોની નબળી કામગીરી. તાલુકાના વપરાયેલા ખાતર અને સુધારેલા બિયારણના જથ્થાના આંકડા પ્રાપ્ય બની શકયા ન હોવાને કારણે સુધારેલા બિયારણનો અને ખાતરના અયોગ્ય ઉપયોગ વિષે બાહ્ય રીતે બતાવવું મુશ્કેલ છે. ખેતીના ઓજાર બાબતમાં જે આંકડા છે તે નીચેના કોઠામાં બતાવ્યા છે.

કોઠો – ૧૦૯

સાગબારા તાલુકાનાં ખેતીનાં ઓજારો અંગેની માહિતી*

ક્રમ	ઓજારનું નામ	૧૯૭૨	૧૯૭૭	વધારા ઘટાડાની ટકાવારી
૧.	હળ (i) લાકડાનાં	૫૯૨૮	૪૭૧૫	– ૨૦.૪૬
	(ii) લોખંડનાં	૪૦	૪૬	૧૯.૦૦
૨.	બળદ ગાડા	૨૭૨૨	૨૦૭૫	– ૨૩.૭૭
૩.	શેરડી કાપવાનાં સાધન			
	(i) વીજળીથી ચાલતાં	૭	૦	– ૧૦૦–૦૦
	(ii) બળદથી ચાલતાં	૦	૦	
૪.	પંપ સાથેનું ઓઇલ એંજિન	૩૦૮	૩૩૪	૮.૪૪
૫.	વીજળી પંપ	૦	૧	– ૧૦૦
૬.	ટ્રેકટર			
	(i) સરકારી માલિકીનાં	૩	૦	– ૧૦૦
	(ii) ખાનગી માલિકીનાં	૬	૫	– ૧૬.૬૭
૭.	ઓઇલ પ્રેસીંગ મશીન	૦	૦	—
૮.	દવા છાંટવાનું સાધન	૨૩	૧૩૨	૪૭૩.૯૧

તાલુકામાં ખેતીનાં આધુનિક સાધનો અને તેના ઉપયોગ વિષેના આંકડા એવો પુરાવો આપે છે કે તેનો ઉપયોગ તદ્દન ઓછો છે. સંયોજિત આદિવાસી વિકાસ કાર્યક્રમના હેવાલ મુજબ હજુ પણ આદિવાસીઓ તેમનાં

* પ્રાપ્તિસ્થાન : વાર્ષિક મોસમ અને પાક અહેવાલ, ભરૂચ.

દેશી સાધનોનો જ ઉપયોગ કરે છે.* નબળી સિંચાઈની સગવડો અને નબળી આર્થિક પરિસ્થિતિને કારણે મર્યાદિત પ્રમાણમાં રાસાયણિક ખાતરનો ઉપયોગ થાય છે. આ અહેવાલ વધુમાં જણાવે છે કે આદિવાસીઓ સુધરેલા બિયારણનો ઉપયોગ કરતા નથી. (ખાસ કરીને ઊંડાણના પર્વતીય વિસ્તારમાં વસતા આદિવાસીઓ) આદિવાસી ખેડૂતો સુધારેલા બિયારણનો રાસાયણિક ખાતર જંતુનાશક દવાઓ વગેરેનો ઉપયોગ કરવા માટે આર્થિક રીતે અશક્તિમાન છે. સર્વેક્ષણમાં પરિસ્થિતિમાં કોઈ ફેરફાર થયો હોય તેવું જોવા મળ્યું નથી.

એવું નોંધવામાં આવ્યું છે કે જમીન સંરક્ષણ ખાતાએ પાળા બાંધવાનું, કે પાળાને રોકી પ્લોટ બાંધવાનું કોન્ટૂરબન્ડીંગ, નાલા પ્લોટીંગ વગેરે કાર્યક્રમો ધાર્યા છે. પરંતુ જમીનસંરક્ષણ તરફના આદિવાસીઓના અજ્ઞાન અને નકારાત્મક વલણને કારણે જરૂરી પ્રગતિ સાધી શકાઈ નથી. એવું ધ્યાનપૂર્વક જોવામાં આવ્યું છે કે કેટલાંક સ્થળોએ જમીનનું ધોવાણ એટલું બધું ભારે છે કે જમીનમાં ઊંડે સુધી પાણી માટે ટેરેસીંગ બનાવવાનું અશકય બન્યું છે. મોટા ભાગની ખેતીલાયક જમીનને જમીન સંરક્ષણ હેઠળ લાવવાની હોવાથી જમીનસંરક્ષણનું કામ મહત્ત્વનું છે. હવે વધુ ઢીલાશ ખેતીલાયક જમીનને નુકસાન કરશે. જોકે આદિવાસી પેટા યોજના દ્વારા કેટલીક યોજનાઓ અમલી બનાવાઈ છે પરંતુ તેમની કામગીરી પૂરતી સંતોષકારક નથી.

પશુપાલન :

આ તાલુકાના આદિવાસીઓ પશુપાલન કરતી જાતિમાંથી આવતા ન હોવા છતાં પશુઓ અને મરઘા ઉછેરની પ્રવૃત્તિ લાંબા સમયથી અગત્યની રહી છે. પરંતુ આ પ્રવૃત્તિઓ એકદમ ચોખ્ખા અર્થમાં આર્થિક પ્રવૃત્તિ તરીકે બની શકી નથી. આ પ્રવૃત્તિઓ મુખ્યત્વે સામાજિક અને ધાર્મિક જીવનનો મુખ્ય ભાગ બની છે. બળદ મેળવવા માટે અને દહેજ આપવા માટે પશુઓ પાળવામાં આવતાં. જ્યારે મરઘા ઉછેર તેમના દેવ–દેવીઓને બલિ તરીકે ધરાવવા તથા મહેમાનો માટે ભોજનના ઉપયોગ માટે કરવામાં આવતો. પરંતુ હમણાં હમણાં તેઓને તેની આર્થિક કિંમત સમજવા માંડી છે. તેમ છતાં પશુ ઉછેર અને મરઘા ઉછેર આર્થિક હેતુ સિવાયના હેતુ માટેની પરંપરાગત

* આઈ.ટી.ડી.પી.નો પાંચમી યોજનાનો (પંચવર્ષીય યોજનાનો) અહેવાલ રાજપીપળા પા.નં. ૭૪ તથા ૭૬

ભૂમિકા હોવાને કારણે અમલમાં મૂકવામાં આવેલા કાર્યક્રમોનાં ધાર્યાં પરિણામો આવ્યાં નથી.

નીચેના કોઠામાં બતાવેલા આંકડા મુજબ ૧૯૬૧ અને ૧૯૭૨ના ગાળા દરમિયાન પશુઓની સંખ્યા વધી હતી, પરંતુ પાછળથી ૧૯૭૨થી ૧૯૭૭ના ગાળામાં તેમાં ઘટાડો અને ભેંસની સંખ્યામાં એકધારો વધારો થતો રહ્યો છે. જોકે ૧૯૭૭માં આ સંખ્યા તદ્દન ઓછી રહી છે. જો દૂધ સહકારી મંડળી યોગ્ય રીતે સંગઠિત કરાય તો ભેંસોની સંખ્યા વધારવા પાછળ પૂરતું ધ્યાન આપી શકાય.

કોઠો – ૧૧૦

પશુ ગણતરી ૧૯૬૨ ૧૯૭૨ અને ૧૯૭૭

ક્રમ	પશુનું નામ	સંખ્યા			૧૯૭૨થી ૧૯૭૭
		૧૯૬૧	૧૯૭૨	૧૯૭૭	દરમિયાન વધારા ઘટાડાની ટકાવારી
૧.	ક. ગાય	૯૬૮૫	૧૨૭૪૪	૯૫૮૬	– ૨૫.૭૮
	ખ. વાછરડા	૩૨૧૪	૪૪૬૦૬	૪૫૨૧	– ૮.૩૬
	ગ. વાછરડીઓ	૨૬૮૪	૩૫૮૫	૩૮૭૦	– ૭.૭૫
	કુલ	૫૫૮૨	૨૦૯૩૫	૫૭૯૭૭	– ૧૪.૧૩
૨.	ભેંસ				
	૧. પાડા	૧૨૮	૬૦	૬૪	– ૬.૬૭
	૨. ભેંસ	૬૪૫	૭૮૩	૯૭૩	૨૪.૨૭
	૩. નાનાં બચ્ચાં	૩૯૦	૫૨૯	૬૯૫	૩૧.૩૮
	કુલ	૧૧૦૩	૧૩૭૨	૧૭૩૨	૨૬.૨૪
૩.	ઘેટાં	૧૦૨	૧૦૪	૫૪૩	૪૨૨.૧૨
૪.	બકરાં	૩૬૮૪	૫૭૩૧	૬૦૨૯	૫.૨૦
૫.	ખચ્ચર	—	૬૦	૩૨	૨૦.૬૫
૬.	ઘોડા/ટટ્ટુ	—	૧૫૫	૧૨૩	
૭.	ગધેડાં	૧૦૦	૧૨	૧૫	૨૫.૦૦
૮.	ઊંટ	—	—	—	—
૯.	મરઘાં	૨૩૪૫૬	૯૫૨૭	૨૩૧૭૪	૧૪૩.૨૫

આ તાલુકાનો મોટો ભાગ પર્વતીય વિસ્તાર હોવાથી ત્યાં પશુરોગ સારવારની સેવાઓ પહોંચી શકતી નથી. ઉપરાંત આદિવાસીઓ નબળી આર્થિક સ્થિતિ ભોગવતા હોવાથી પશુની સારવાર પાછળ થતો સામાન્ય ખર્ચ પણ ભોગવી શકે તેમ નથી. તેમ જ આદિવાસીઓ લાંબા સમય સુધી તેમનાં પશુઓને સારવાર આપવા બાબતમાં જ્ઞાન ધરાવતા નહોતા. આના અનુસંધાનમાં આદિવાસીઓ દ્વારા પશુરોગની સારવારના દવાખાનાનો ઉપયોગ પૂરતા પ્રમાણમાં થતો નથી. એ કોઠા–૧૧૧માં આપેલા આંકડા સૂચવે છે.

હવેથી આદિવાસીઓએ પશુરોગની સારવારની મદદ લેવાનું ચાલુ કર્યું છે. પરંતુ તાલુકાના પશુઓની સંખ્યાની સરખામણીમાં સારવાર અપાયેલ પશુઓની સંખ્યા ધ્યાનમાં લેતાં હજુ ઘણું કરવાનું રહે છે.

ઘટકના સમય દરમ્યાન કૃત્રિમ પદ્ધતિથી પશુની ઓલાદ સુધારવાના પ્રયત્નો કરવામાં આવ્યા હતા. પશુઓ નબળા પ્રકારના હતા તેથી વાસ્તવમાં કોઈ સિદ્ધિ હાંસલ કરી શકાઈ નથી. આ જ પ્રમાણે કૃત્રિમ વીર્યદાન કાર્યક્રમોએ પણ ધ્યાન ખેંચે એવી પ્રગતિ કરી નથી. પરિણામે કૃત્રિમ પદ્ધતિથી ઉછરેલા પશુની એક પણ સંખ્યા તાલુકામાં નથી. હવે આદિવાસી પેટા યોજના હેઠળ આવા કાર્યક્રમો હાથ ધરાશે એવી આશા રખાઈ છે.

અગાઉ બતાવ્યું તે મુજબ ૧૯૫૨–૫૩ના વર્ષમાં ખેતીલાયક જમીનની સરખામણીમાં ઘાસચારાની ખેતીનો વિસ્તાર સારો એવો વધારે હતો. પરંતુ ધીરે ધીરે તેમાં ઘટાડો થતો રહ્યો અને ૧૯૭૨–૭૩ના વર્ષમાં કુલ ખેતીના ૦.૦૩ ટકા જમીનમાં જ ઘાસચારો ઉગાડવામાં આવ્યો હતો. પરંતુ જંગલો હોવાને કારણે આદિવાસીઓ માટે ઘાસચારાનો પ્રશ્ન રહેતો નહીં. માત્ર ઉનાળાની ઋતુ પૂરતો પ્રશ્ન રહેતો હતો. પશુઓને માત્ર જંગલમાંથી મેળવાતો ચારો અને કોઈ પણ પ્રકારનો પૌષ્ટિક આહાર અપાતો ન હોવાને કારણે, આદિવાસીઓની ગાય પાંચ વર્ષ બાદ પુખ્ત વયની બને છે. બીજું કે આ તાલુકામાં ગાય અને ભેંસ બન્નેનું દૂધ ખૂબ ઓછું હોય છે. દૂધ વધુ આપે તે ક્ષમતા વધારવા માટે પશુ આહાર અને ઘાસચારાને લોકપ્રિય બનાવવાની ખાસ જરૂર છે. તાલુકામાં ઘાસચારાની જરૂરિયાતનો અંદાજ કાઢવો મુશ્કેલ છે. પરંતુ એ તો હકીકત છે કે મોટા પાયા પર ઘાસચારો ઉગાડવાનો કાર્યક્રમ શરૂ કરવો જરૂરી રહેશે. વધુમાં

જંગલમાં મોટા પાયા પર ઘાસ મળતું હોવાથી ઘાસ કાપવાની યોજના અને ઘાસચારાનો ભંડાર કરવાની યોજના હાથ ધરવી જોઈએ. હાલમાં ઘાસને સૂકું કરવામાં આવે છે.

કોઠો – ૧૧૧

પશુઓને આપેલ પશુરોગની સારવાર (૧૯૭૦–૭૧થી ૧૯૭૮–૭૯)

વર્ષ	પશુરોગ દવાખાનાની સંખ્યા*	ફર્સ્ટ એઇડ કેન્દ્રો×	પશુરોગ દવાખાનામાં આપેલ સરવાર	ફર્સ્ટએઇડ કેન્દ્રમાં આપેલ સારવાર	સારવાર પામેલ પશુઓની કુલ સંખ્યા
૧૯૭૦–૭૧	૧	૨	—	—	—
૧૯૭૧–૭૨	૧	૨	—	—	—
૧૯૭૨–૭૩	૧	૨	૯૭૬	૩૯૧	૧૩૬૭
૧૯૭૩–૭૪	૧	૨	૧૦૮૧	૪૩૪	૧૫૧૫
૧૯૭૪–૭૫	૧	૨	૭૦૬	૭૫૧	૧૪૫૭
૧૯૭૫–૭૬	૧	૨	૭૪૭	૨૧૯૯	૨૯૪૬
૧૯૭૬–૭૭	૧	૨	૧૧૬૪	૪૮૨૮	૫૯૯૨
૧૯૭૭–૭૮	૧	૨	૭૯૨	૩૫૭	૧૧૪૯
૧૯૭૮–૭૯	૧	૨	૬૬૪	૩૨૨	૯૯૧

૧૯૭૬–૭૭ના વર્ષથી દૂધની સહકારી મંડળી કાર્યરત બની છે. આદિવાસીઓ દૂધ અને દૂધની બનાવટોનો વધુ ઉપયોગ કરતા ન હોવાથી ગાયોને મિલ્કિંગ અથવા બુગાલોસની પદ્ધતિ લોકપ્રિય બની નથી. હવેથી આ પ્રવૃત્તિ અગત્યની આર્થિક પ્રવૃત્તિ તરીકે ચાલતી હોવાથી આદિવાસીઓ આ પ્રવૃત્તિ સ્વીકારે તે માટે પ્રોત્સાહન આપવું પડશે.

નીચેના કોઠામાં આપેલી આંકડાકીય માહિતી પરથી જોઈ શકાય છે કે હાલમાં કુલ પાંચ મંડળીઓ કાર્યરત છે. જ્યારે બીજી ત્રણ બિનકાર્યરત બની ગઈ છે. આ મંડળીઓના સભાસદોની સંખ્યા ઉપર દૃષ્ટિપાત કરતાં એ ધ્યાન ખેંચે તેવી બાબત છે કે તે હજુ બાલ્યાવસ્થામાં છે. આ પ્રવૃત્તિઓ આદિવાસીઓમાં લોકપ્રિય બને તે માટે ભારે પ્રયત્નો કરવાની જરૂર છે. જાતિ પ્રમાણે સભાસદોની સંખ્યાની આંકડાકીય માહિતી ઉપલબ્ધ નથી. પણ

* પશુરોગ સારવાર દવાખાનું સેલંબામાં ૧૯૭૬થી શરૂ થયું છે.

× એફ. એ.વી. એકમો પાટલામહુ, કોલવાડા ગામોમાં ૧૯૬૩થી શરૂ થયાં છે.

ક્ષેત્રકાર્ય દરમ્યાન એવું જોવા મળ્યું છે કે બિનઆદિવાસીઓ આ સહકારી મંડળીના વધુ ને વધુ ફાયદા ઉઠાવી રહ્યા છે.

કોઠો–૧૧૨

દૂધ-ઉત્પાદનની વિગતવાર માહિતી*

ક્રમ	વર્ષ	સહકારી મંડળીની સંખ્યા: ચાલુ મંડળી	બંધ પડેલ મંડળી	કુલ સભાસદોની સંખ્યા	સભાસદ બનાવવાનો અવકાશ	ડેરીનું એક દિવસનું વેચાણ લીટર
૧.	૧૯૭૬–૭૭	૨	—	૨	૧૩૦	૧૫૦૦	૧૦૦
૨.	૧૯૭૭–૭૮	૫	૩	૮	૫૨૮	૨૫૦૦	૧૦૦૦
૩.	૧૯૭૮–૭૯	૫	૩	૮	૬૪૦	૪૦૦૦	૨૦૦૦

કોઠો – ૧૧૩

દૂધ આપતાં પશુઓનું સરેરાશ દૂધ-ઉત્પાદન તેમ જ દુધાળાં પશુઓની સંખ્યા (૧૯૭૨ અને ૧૯૭૭)

ક્રમ	દુધાળાં પશુનો પ્રકાર	સંખ્યા ૧૯૭૨	સંખ્યા ૧૯૭૭	પશુદીઠ સરેરાશ ઉત્પાદન (લીટર) ૧૯૭૨	૧૯૭૭
૧.	ગાય	૧૮૮૮	૧૫૨૧	૨	૨
૨.	ભેંસ	૩૫૦	૪૮૦	૨	૨
	કુલ	૨૨૩૮	૨૦૦૧		

ખાસ કરીને ગાયોની સંખ્યામાં ૧૯૭૨–૭૭નાં પાંચ વર્ષના ગાળામાં સારો એવો ઘટાડો નોંધાયો છે. દૂધ ઉત્પાદન યોજનાઓ શરૂ થવાના પરિણામે આ સંખ્યામાં વધારો થવો જોઈએ, પણ થયો નથી. આશા એવી રાખી શકાય કે ભવિષ્યમાં આ બાબતમાં કંઈ ફેરફારને અવકાશ રહેશે.

* પ્રાપ્તિસ્થાન : મંત્રી, દૂધ સહકારી મંડળી.

નાના ખેડૂતોની વિકાસ એજન્સી અને સંયોજિત ગ્રામ્ય વિકાસ કાર્યક્રમના કાર્યક્રમો હેઠળ ઘણા લોકોને લાભ લેનારને ભેંસ ખરીદવા માટે સબસિડી સાથેનું ધિરાણ મળ્યું છે. તેમ જ દૂધ સહકારી મંડળીના શૅર ખરીદવા માટે પણ નાણાકીય મદદ મળી છે. પરંતુ એ કહેવું મુશ્કેલ છે કે લોકો ખરેખર આવક મેળવે છે કે નહીં. લાભ મેળવનારને એક વખત સબસિડી સાથેનું ધિરાણ આપ્યા બાદ અધિકારીઓ ચોક્કસ રીતે એ બાબતનો ખ્યાલ રાખતા નથી કે આ યોજના ખરેખર તેમને માટે આવક આપનારી છે કે નહીં. ક્ષેત્રકાર્ય દરમ્યાન આ બાબત માટેની જરૂરી માહિતી મેળવવાનું શક્ય ન હોવાથી આદિવાસીઓમાં નાના ખેડૂતોની વિકાસ એજન્સી અને સંયોજિત ગ્રામ્ય વિકાસ કાર્યક્રમોની કેવી અસર પડી છે એ વિષે નક્કી કરવું મુશ્કેલ છે.

મરઘાંઉછેર :

મરઘાંઉછેર કાર્યક્રમ ભૂતકાળમાં પણ કોઈ પણ સફળતા સિવાય અમલી બનાવાયો હતો. ભૂતકાળમાં આદિવાસીઓને એક દિવસનું સુધરેલી જાતનું મરઘીનું બચ્ચું આપવામાં આવતું. પરંતુ અધિકારીઓના જણાવ્યા મુજબ સમય જતાં આદિવાસીઓ આ બચ્ચાંના રક્ષણ માટે યોગ્ય પગલાં ન લઈ શકવાને કારણે જીવી શક્યાં નહીં એવો આક્ષેપ કરવામાં આવ્યો છે. કેટલીક વાર તો આદિવાસીઓ જ તેનો ખાવામાં ઉપયોગ કરતા હતા અને એનું આખરી પરિણામ એ આવ્યું કે આ કાર્યક્રમ ખરાબ રીતે નિષ્ફળ નીવડ્યો.

આદિવાસીઓ જે મરઘાં ઉછેરે છે તે દેશી જાતનાં છે. એ વાર્ષિક ૫૦થી ૬૦ જેટલાં ઈંડાં આપી શકે છે. તેથી આર્થિક રીતે આ પ્રવૃત્તિ ખાસ લાભદાયી નીવડતી નથી. કોઠા નં. ૧૧૦માં બતાવેલા આંકડા મુજબ ૧૯૭૭માં દેશી મરઘાંની સંખ્યા ૨૩૧૭૪ હતી જ્યારે ૧૯૭૧માં આ સંખ્યા ૯૫૨૭ની હતી.

આ કાર્યક્રમને સફળ બનાવવાના માર્ગમાં મોટામાં મોટી અડચણ ઈંડાં અને મરઘાંની વેચાણ-વ્યવસ્થાનો અભાવ છે. આની વેચાણ વ્યવસ્થા માટે કાયદેસર કોઈ પ્રયત્ન થયો ન હોવાથી આદિવાસીઓની આ પ્રવૃત્તિ અગત્યની આર્થિક પ્રવૃત્તિ તરીકે વિકસી શકી નથી. તેથી મરઘાંઉછેરના વિકાસના કોઈ પણ કાર્યક્રમમાં વેચાણ વ્યવસ્થા એક અનિવાર્ય અંગ તરીકે હોવી

જોઈએ. આદિવાસીઓમાં મરઘાંઉછેરની પ્રવૃત્તિ પરંપરાગત હોવાને કારણે વેચાણ-વ્યવસ્થાનો પ્રશ્ન ઉકેલવામાં આવે તો મરઘાંઉછેરને આર્થિક પ્રવૃત્તિનું સ્થાન મળી શકે.

આ તાલુકામાં નાના ખેડૂતોની વિકાસ એજન્સી અને સંયોજિત ગ્રામવિકાસ કાર્યક્રમ દ્વારા મરઘાંઉછેરની સહકારી મંડળી ઊભી કરવામાં આવી છે. આ યોજના હેઠળ બધાં જ પક્ષીઓને એક જ ઠેકાણે રાખવામાં આવે છે. જોકે એ બરાબર કામ કરી રહી છે પરંતુ તે આર્થિક રીતે લાભદાયી બનવી જોઈએ. ઈંડાં અને પક્ષીઓની વેચાણ-વ્યવસ્થાનો અભાવ આ પ્રવૃત્તિને પાંગળી બનાવે છે.

વાલિયા ખાતે મરઘાં માટેનો ખોરાક બનાવવાનું એકમ શરૂ કરવાને કારણે નિયમિત રીતે પુરવઠો મેળવવામાં કોઈ મુશ્કેલી પડશે નહીં. આ તાલુકામાં સંયોજિત આદિવાસી વિકાસ કાર્યક્રમના પ્રોત્સાહનથી મરઘાં-ઉછેરનો કાર્યક્રમ અમલી બનાવાઈ રહ્યો છે.

મત્સ્યોદ્યોગ :

પરંપરાગત રીતે પૌષ્ટિક ખોરાક તરીકે માછલી પકડી આવાનો આદિવાસીમાં રિવાજ છે. પણ આ પ્રવૃત્તિને આર્થિક દૃષ્ટિકોણથી જોવામાં આવી નથી. માછલાં પકડવાની તક તેમને ચોમાસામાં વરસાદનું પાણી અને પ્રવાહ સાથે ભળે ત્યારે વધુ મળતી. તાપી નદીની પાસેનાં કેટલાંક ગામોમાં આ પ્રવૃત્તિ વર્ષના મોટા ભાગના સમયમાં ચાલતી હોય છે. પરંતુ આ તાલુકામાં માછલાં પકડવાની શક્યતાઓ ઘણી ઓછી રહેલી છે. ઉકાઈ બંધ થયા પછી મત્સ્યોદ્યોગ વિકસાવવાની ઊજળી તક છે; અને ઘણા આદિવાસીઓ પણ એને મુખ્ય આર્થિક પ્રવૃત્તિ તરીકે સ્વીકારવા માટે પ્રોત્સાહિત થયા છે. હાલમાં ૯૦૦ વ્યક્તિઓ આ વ્યવસાયમાં રોકાયેલી છે. તેમાંની ઘણી વ્યક્તિઓએ તેને મુખ્ય આર્થિક પ્રવૃત્તિ તરીકે સ્વીકારી છે. ૧૯૭૫-૭૬ના વર્ષમાં માછીમારોની સહકારી મંડળી સ્થાપવામાં આવી હતી, જેમાં હાલમાં કુલ ૩૮૦ સભાસદો છે. પ્રકરણ ત્રીજામાં જણાવ્યા મુજબ આ મંડળીએ ૧૯૭૮-૭૯ના વર્ષમાં રૂ. ૧,૨૮,૫૫૪નું વેચાણ કર્યું હતું. સામાજિક, આર્થિક સર્વેક્ષણમાં એવું પણ જોવામાં આવ્યું છે કે જે કુટુંબોએ આ ઉદ્યોગને આર્થિક પ્રવૃત્તિના મુખ્ય સાધન તરીકે સ્વીકાર્યો છે તેમનાં કુટુંબો ગરીબીરેખાની ઉપર આવી ગયાં છે.

આ તાલુકામાં કુલ ૨૭ ગામો મત્સ્ય ઉદ્યોગનાં ગામો તરીકે નોંધાયાં છે. મત્સ્યોદ્યોગ ખાતાએ કેટલાંક ગામોમાં તળાવોમાં મચ્છી ઉછેરવાનું શરૂ કર્યું છે. વળી કેટલાંક ગામોમાં નર્સરી શરૂ કરવાની યોજના પણ તૈયાર કરી છે. ઉકાઈ તાલીમ કેન્દ્રમાં તાલીમની સગવડ પૂરી પાડવામાં આવે છે. આ ગામના કેટલાક યુવાનોએ આ કેન્દ્રમાં તાલીમ મેળવી છે.

આ અહેવાલમાં ચર્ચા કરી તે મુજબ વાહનવ્યવહારની સગવડ કરવાનો પ્રશ્ન ઘણો વિકટ છે. હાલમાં તે ખાનગી ધોરણે ચલાવાય છે. આ મુખ્ય કારણ હોવાને લીધે, સહકારી મંડળીના શેર ધરાવતા લોકોને મળતા નફામાં સારો એવો ઘટાડો થાય છે. આ બધામાં આ પ્રવૃત્તિ સારી એવી સફળતા મેળવી રહી છે.

પ્રકરણ ૬

ગૃહ અને કુટિર ઉદ્યોગ સાથેના ઉદ્યોગો

સાગબારા તાલુકા જેવા પછાત આદિવાસી વિસ્તારમાં વિકાસ માટેની ચાવી તરીકે ઉત્પાદન પ્રવૃત્તિઓને વિશાળ બનાવવી એ ગણાય છે. આ હેતુ માટે પ્રાથમિક રીતે આયોજનકારો ખેતીનું વ્યાપારીકરણ કરવું અને નાના પાયાના ઉદ્યોગોને પ્રોત્સાહન આપી રોજગારીની તકો ઝડપી બનાવવાનું વિચારતા હોય છે. આ બે ક્ષેત્રે ખેતી અને નાના પાયાના ઉદ્યોગો અવિકસિત વિસ્તારોમાં ન્યાયી વિકાસની સિદ્ધિ હાંસલ કરવા માટેની વિશાળ શકયતાઓ પૂરી પાડે છે. આ અગાઉનાં પ્રકરણોમાં આ માટે પૂરતું વર્ણન કરવામાં આવ્યું છે કે સાગબારા તાલુકામાં વસતિના મોટાભાગના લોકો રોજગારી અને જીવન-નિર્વાહ માટે મોટેભાગે કૃષિ અર્થતંત્ર પર આધાર રાખતા હોય છે. આ લોકોને સામાન્ય રીતે જે નાની રોજગારી મળતી હોય છે, તેમાંથી ભાગ્યે જ મળતર પ્રાપ્ત થતું હોય છે. અલબત્ત, બેરોજગારીનો પ્રશ્ન વિકરાળ સ્વરૂપ ધારણ કરતો નથી પરંતુ એ તો હકીકત છે કે તેઓ અર્ધબેકારી અને છૂપી બેકારીમાં રહે છે. કારણ કે ખેતી અને કામચલાઉ મજૂરીમાંથી જે આવક મળે છે તે તદ્દન ઓછી છે. એટલે કે તેમને જીવનનિર્વાહ માટે પૂરતી નથી. જો ખેતીમાંથી તેમને હટાવી લેવામાં આવે તો ઉત્પાદનને અસર ન પહોંચે અને તેથી છૂપી બેકારી પણ ત્યાં છે એમ કહી શકાય. આનું દેખીતું પરિણામ એમનામાં મોટા પ્રમાણમાં પ્રવર્તમાન ગરીબી છે. ગરીબી ખેતીના ઉત્પાદન ઉપર ભાર મૂકતી ચાલુ રાખેલી અર્થવ્યવસ્થા દ્વારા વિકસી છે.

એવા વિસ્તારો કે જ્યાં પ્રાકૃતિક, ભૌગોલિક જમીનનો પ્રકાર, સિંચાઈ-ની સગવડ વગેરે નબળાં હોય ત્યાં માત્ર ખેતી દ્વારા જ આર્થિક વિકાસ સાધવાના હેતુમાં ઘણી બધી મર્યાદાઓ આવતી હોય છે. અને એ રીતે પણ સાગબારામાં ખેતી દ્વારા વિકાસ કરવાની તકો સીમિત છે.

બીજું અગત્યનું પાસું એ છે કે સાગબારાનું જે જૂનું દેશી રાજ્ય હતું તેના આદિવાસીઓ ભારતીય સંઘપ્રદેશમાં વિલીનીકરણ થયું તે પહેલાં બહારના જગતથી અલગ પડી ગયા હતા. જ્યારે તેનો તાલુકા તરીકે ભરૂચ જિલ્લામાં સમાવેશ થયો ત્યારે જ તેને માટે બહારની અસરનો માર્ગ

ખુલ્લો થયો અને તેની સાથે જ વિકાસના પ્રયત્નોમાં નિર્વાહિત અર્થતંત્રમાં ફેરવવાના સતત પ્રયત્ન કરવામાં આવ્યા. આ તાલુકામાં બે દાયકાથી પણ પહેલાં શરૂ કરવામાં આવેલા આર્થિક વિકાસના કાર્યક્રમોમાં ગ્રામ ઉદ્યોગો-ના વિકાસ ઉપર પણ ભાર મૂકવામાં આવ્યો છે. જોકે આ દિશામાં ઘણા પ્રયત્નો કરવામાં આવ્યા હોવા છતાં પણ આ તાલુકાના અને આર્થિક વિકાસમાં ગ્રામ ઉદ્યોગોએ હજુ સુધી કંઈ ભાગ ભજવ્યો નથી. પરંતુ હાલમાં એ સમજાયું છે કે માત્ર નાના પ્રકારના ઉદ્યોગો ઊભા કરવાથી જે રોજગારી પ્રાપ્ત થાય છે તે અપૂરતી હોય છે. વળી, વસતિના જુદા જુદા ભાગોમાં આવકની વધુ ન્યાયી વહેંચણી હાંસલ કરવાની વ્યૂહરચના પણ ઘણા ઊંડાણથી સમજવા માંડી છે. હવે સાગબારા તાલુકામાં ગ્રામઉદ્યોગીકરણની બાબતમાં શું સિદ્ધિ પ્રાપ્ત થઈ છે તેની સમાલોચના કરીએ.

ખનીજ આધારિત ઉદ્યોગો :

આ તાલુકામાં કેટલીક ખનીજો મળી શકે એવું નોંધવામાં આવ્યું છે, પરંતુ એ માટે પદ્ધતિસરનો કે વૈજ્ઞાનિક આધાર નથી. પરિણામે આ તાલુકામાં કોઈ ખનીજ આધારિત ઉદ્યોગ શરૂ થઈ શકયો નથી. આ તાલુકાના પહાડી વિસ્તારમાંથી કઈ ખનીજ મળી શકે એ બાબતની જાણકારીનો અભાવ હોવાથી ખનીજ આધારિત ઉદ્યોગો શરૂ કરવાની કોઈ શકયતા નથી.

જંગલ આધારિત ઉદ્યોગો :

આ તાલુકાને વિશાળ જંગલ પ્રાપ્ત થયું છે. તેથી જંગલ આધારિત ઉદ્યોગો શરૂ કરવાની શકયતાઓ રહેલી છે; પરંતુ હજી સુધી આ તાલુકામાં લાકડાં વહેરવાની મિલનું એક એકમ પણ શરૂ કરવામાં આવ્યું નથી. આ માટે એવી દલીલ કરી શકાય કે આ તાલુકામાં જંગલોની માલિકીનો પ્રશ્ન કાયદાના વિવાદ હેઠળ હતો તેથી આ તાલુકામાં જંગલ આધારિત ઉદ્યોગો શરૂ કરવાની કોઈ શકયતા નહોતી. પરંતુ હાલમાં આ વિવાદનો નિકાલ થયો હોવાથી જંગલ આધારિત ઉદ્યોગોનાં એકમો શરૂ કરવામાં કોઈ અડચણો નથી. આવા ઉદ્યોગો શરૂ કરવા અંગેનાં સૂચનો પૂર્ણ રોજગારી માટે આયોજનના પ્રકરણમાં કરવામાં આવ્યાં છે.

ખેતી આધારિત ઉદ્યોગો :

આ તાલુકામાં કેટલીક પેઢીથી ખેતી મુખ્ય પ્રવૃત્તિ તરીકે રહી છે. હાલમાં લોકો કપાસ અને તુવેરની ખેતી સારા પ્રમાણમાં કરે છે. પરંતુ

સાગબારામાં એની પ્રક્રિયા માટે એક પણ ફેક્ટરી નથી. આ તાલુકામાં જે કપાસ ઊગે છે તેની પ્રક્રિયા માટે નેત્રંગ (સાગબારાથી ૪૫ કિ.મી. દૂર અંકલેશ્વર-અક્કલકૂવા માર્ગ ઉપર) કે જ્યાં લાંબા સમયથી જિનિંગ ફેક્ટરી છે ત્યાં મોકલવામાં આવે છે. તેવી જ રીતે દાળ પાડવાની મિલ પણ સાગબારામાં નથી પણ નેત્રંગમાં જ ચાલે છે. આમ ખેતી આધારિત ઉદ્યોગો પણ અસ્તિત્વ ધરાવતા નથી. આ ઉદ્યોગોની શક્યતાઓ હોવાથી પૂર્ણ રોજગારીના આયોજન અંગેના પ્રકરણમાં કેટલાંક સૂચનો કરવામાં આવ્યાં છે.

એ સામાન્ય વિચારવા જેવી વાત છે કે જ્યારે આ તાલુકામાં મળી આવતા કાચા માલ પર આધારિત ઉદ્યોગો શરૂ થઈ શકતા નથી ત્યારે બીજું ઉત્પાદન કરી શકે તેવા ઉદ્યોગો ઊભા કરવા માટેની પરિસ્થિતિ શું હોઈ શકે? એ દેખીતું છે કે આ તાલુકો ઉદ્યોગીકરણથી વંચિત છે. ચોક્કસ દલીલ સાથે એ કહી શકાય કે જ્યારે જરૂરી નાણાકીય સગવડો અપ્રાપ્ય હોય અને પ્રેરણાદાયક વાતાવરણ યોગ્ય દિશા તરફનું ન હોય ત્યારે આ બાબતમાં કંઈ જ થઈ શકતું હોતું નથી. વળી એ પણ હકીકત છે કે આ દિશામાં યોગ્ય પ્રયત્નો કરવામાં આવ્યા પણ નથી. સ્વાભાવિકતાથી એ પણ સમજી શકાય છે કે આ તાલુકામાં ગ્રામ્ય બેકારી તથા અર્ધ બેકારી નિવારવા તેમ જ લોકોની આવકનું ધોરણ વધારવા માટેના જરૂરી પ્રયત્નોમાં નિષ્ફળતા મેળવી છે. આ બાબતમાં આ તાલુકો ચિંતાજનક ચિત્ર ઊભું કરે છે.

જિલ્લા ઉદ્યોગો — કેન્દ્રનો ફાળો :

આ તાલુકામાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા ઔદ્યોગિક પ્રવૃત્તિઓને આગળ ધપાવવાનું કાર્ય લગભગ મર્યાદિત રહ્યું છે. તેની પ્રવૃત્તિ વિષે પ્રકરણ ત્રીજામાં ચર્ચા કરવામાં આવી છે. આ તાલુકામાં નાના પાયાના ઉદ્યોગો ઊભા કરવા માટે આ કેન્દ્ર મોટો ફાળો આપી શકે તેમ છે અને આ બાબત તેણે પડકારના સ્વરૂપમાં લેવી જોઈએ. આપણે બધા જાણીએ છીએ કે વિકસિત વિસ્તારમાં આવા ઉદ્યોગો ઊભા કરવા એ સરળ વાત છે. પરંતુ ભૂતકાળથી પછાત વિસ્તાર તરીકે ચાલ્યો આવતો એવો સાગબારા તાલુકો કે જ્યાં ભિન્ન આર્થિક, સામાજિક પરિસ્થિતિ ધરાવતા લોકો છે, ને એવા સ્થાનિક લોકોમાં પણ જે નીચલા સ્તરના લોકો છે તેઓનો ઉદ્યોગમાં સમાવેશ કરવો એ ઘણું કઠિન કામ છે. આના અનુસંધાનમાં એમ કહી શકાય કે કેન્દ્ર બધા કાર્યક્રમો હાથ ઉપર લઈ શકે નહીં, પરંતુ કેન્દ્રે આ તાલુકા માટે

ખાસ ધ્યાન આપવું, કેન્દ્ર દ્વારા મળતા ઉચ્ચ માર્ગદર્શનનો લાભ વધુમાં વધુ આપવો, અને નાના પાયાના ઉદ્યોગોને સંગઠિત કરવા તરફ ધ્યાન આપવું અને સાથે સાથે તેમાં સ્થાનિક આદિવાસીઓનો સમાવેશ કરવાની દિશામાં પગલાં ભરવાં. આદિવાસીઓના સામાજિક બંધારણ અને મૂલ્ય પદ્ધતિ કે જે તેમનામાં સાહસિકતા વિકસાવવામાં અપૂર્ણતા સાબિત કરે એવું હોવાથી કેન્દ્રે આ સીધાં ચઢાણ જેવી મુશ્કેલીનો સામનો કરવો પડશે. અને આ કારણે તેણે સાહસિકતા – વિકાસની વ્યૂહરચના ઊંડી રીતે પણ વાસ્તવિક રીતે ઘડવી પડશે. જોકે એવું માનવામાં આવે છે કે આ આદિવાસીઓ ફેરફારો સ્વીકારવાની બાબતમાં રૂઢિચુસ્ત હોય છે. પરંતુ હકીકતમાં તેઓ સામાન્ય અપેક્ષા કરતાં ફેરફારની વધુ શક્યતાઓ ધરાવતા હોય છે. આદિવાસીઓને સિદ્ધિ હાંસલ કરવાની જવાબદારી માટે સમજણા બનાવવા જ જોઈએ. કેન્દ્રના નિષ્ણાતે લોકોને તંદુરસ્ત માળખું આપવું જોઈએ અને સભાન અને સમર્થ આયોજન કરવામાં મદદ પૂરી પાડવી જોઈએ.

ઘટક કક્ષાએ આયોજનના અનુસંધાનમાં, નાના ઉદ્યોગો અને સાહસિકતા ઊભા કરવામાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રે તાલુકામાં થયેલાં કાર્યોમાં નિર્ણાયક ભાગ લેવાનો રહેશે. પ્રાદેશિક તાલુકા રોજગાર અધિકારી, કે જેને કાર્યક્રમનો અમલ કરવાની જવાબદારી સોંપવામાં આવશે તેણે સતત કેન્દ્ર સાથે માર્ગદર્શન અને નિષ્ણાત સેવા માટે સંપર્કમાં રહેવું પડશે.

ઉત્પાદન કરનારાં એકમો :

આ તાલુકામાં એક પણ મેન્યુફેક્ચરિંગ ઉદ્યોગ નથી. વળી આ તાલુકાની પાણી અને વીજળીની સગવડ જોતાં ભવિષ્યમાં ખાનગી ક્ષેત્રે આવો કોઈ પણ મેન્યુફેક્ચરિંગ ઉદ્યોગ ઊભો થાય એવી શક્યતા લાગતી નથી. બીજું કે આ તાલુકો ઊંડાણના વિસ્તારમાં આવેલો હોવાથી મેન્યુફેક્ચરિંગ ઉદ્યોગ શરૂ કરવા માટે જરૂરી વાહનવ્યવહારનો પ્રશ્ન પણ બીજો અગત્યનો પ્રશ્ન છે. આ કારણથી પણ સસ્તી મજૂરી મળવા છતાં કોઈ એ ઉદ્યોગ શરૂ કરવાનું સાહસ કર્યું નથી. આવી પરિસ્થિતિમાં એ જરૂરી છે કે કેટલાક એવા મેન્યુફેક્ચરિંગ ઉદ્યોગો કે જેનો કાચો માલ ઉપલબ્ધ થઈ શકે તેમ છે, તેને ઊભા કરવાની સગવડતા ઊભી થાય એ માટે જરૂરી માલસામગ્રત સગવડો ઊભી કરવી જોઈએ. વળી આવા પછાત વિસ્તારમાં કોઈ પણ ખાનગી ક્ષેત્રે આવા ઉદ્યોગો શરૂ કરવાનું સાહસ ન કરતી હોય ત્યારે નાણાકીય સહાય દ્વારા

સહકારી અથવા સરકારી ધોરણે આવા ઉદ્યોગો ઊભા કરી શકાય. જો આ ઉદ્યોગો નફો મેળવવા યોગ્ય ન હોય તોપણ તેણે સામાજિક નફાના અર્થમાં વિચારવું જોઈએ. એક વાર ભ્રમ ભાંગવામાં આવે પછી તો બીજા લોકો માટે પણ તકો રહેતી હોય છે. ૧૦થી ૧૫ વર્ષ પહેલાં કોણે વિચાર્યું હતું કે અંકલેશ્વર, વાપી, ઉમરગાંવ, સોનગઢ, પારડી, કાલોલ વગેરે રાજ્યનાં અગત્યનાં ઉદ્યોગ કેન્દ્રો તરીકે ઊભાં થઈ શકશે? આ રીતે યોગ્ય સહકારી સંસ્થા દ્વારા પછાત વિસ્તારનો ઔદ્યોગિક વિકાસ કરવાની શરૂઆત કરવી જોઈએ. આદિવાસીઓના સામાજિક કલ્યાણના દૃષ્ટિકોણથી પણ આ મહત્ત્વનું છે.

નાના પાયાના ઉદ્યોગો :

આ તાલુકામાં મેન્યુફેક્ચરિંગ ઉદ્યોગોની જેમ જ નાના પાયાના ઉદ્યોગો માટે વિષમ પરિસ્થિતિ છે. બહુ જ ઓછાં ગામોમાં અનાજ દળવાની ઘંટી આવેલી છે. આ તાલુકામાં બધી મળી અનાજ દળવાની કુલ ૧૭ ઘંટી છે જેની વિગતવાર ચર્ચા પ્રકરણ ત્રીજામાં કરવામાં આવી છે. આ ઘંટીઓમાં ૨૦ વ્યક્તિ છૂટક મજૂર તરીકે રોજગારી મેળવી રહી છે. આ ઉપરાંત જો મત્સ્ય ઉદ્યોગને નાના સાહસ તરીકે ગણી શકાતું હોય તો આ ઉદ્યોગ દ્વારા કુલ ૩૮૦ વ્યક્તિઓ કાં તો અર્ધા સમય માટે અથવા પૂર્ણ સમય માટે આ ઉદ્યોગ દ્વારા રોજગારી મેળવી રહ્યા છે. આ ઉદ્યોગ સહકારી ક્ષેત્રમાં શરૂ કરવામાં આવ્યો છે. પ્રકરણ ત્રીજામાં જણાવ્યા મુજબ આ તાલુકામાં મત્સ્યઉદ્યોગ સહકારી મંડળી બનાવવામાં આવી છે. આમ આ તાલુકામાં ઉપર જણાવેલ બે ઉદ્યોગો સિવાય નાના ઉદ્યોગના ક્ષેત્રમાં આવી શકે એવો ભાગ્યે જ કોઈ ઉદ્યોગ છે. આ તાલુકામાં ઉદ્યોગ શરૂ કરવાની વિશાળ શક્યતાઓ રહેલી છે, જેની ચર્ચા પ્રકરણ ત્રીજામાં કરવામાં આવી છે.

કુટિર ઉદ્યોગ વિષે તપાસતાં લાગે છે કે આ તાલુકામાં જુદા જુદા પ્રકારના ૧૧ કુટિર ઉદ્યોગ અસ્તિત્વ ધરાવે છે. આમાં અગત્યના ઉદ્યોગોમાં વાંસ-બનાવટો, સુથારીકામ, દરજીકામ, ઈંટો બનાવવી, અંબરચરખા, માટીનાં વાસણો બનાવવાં, ટાઇલ્સ બનાવવાં વગેરે આવે છે. આ સિવાયના બીજા કુટિર ઉદ્યોગો જેમાં થોડાંક કુટુંબો રોકાયેલાં છે તે ઉદ્યોગોમાં બીડી બનાવવી, પતરાળાં-પડિયા બનાવવાં, મચ્છી પકડવાની જાળ ગૂંથવી તેમ જ

લુહારી કામ કરવું વગેરે આવે. જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા જે માહિતી મળી છે તે મુજબ આવા ઉદ્યોગમાં કુલ ૧૭૦૮ વ્યક્તિઓ રોકાયેલી છે. વળી સંયોજિત આદિવાસી વિકાસ કાર્યક્રમની નાણાકીય સહાયથી ૪૦ વ્યક્તિઓએ વાયરમેન તરીકે અને ૧૦ વ્યક્તિઓએ વાહન ચાલક તરીકેની તાલીમ મેળવી છે. આમ બધી મળી કુલ ૧૭૫૮ વ્યક્તિઓ તેમને અનુકૂળ ક્ષેત્રોમાં ઉદ્યોગ શરૂ કરવા યાંત્રિક તાલીમથી સજ્જ થયેલી છે.

હવે પછીનો કોઠો કુટીર ઉદ્યોગ અને બીજા ઉદ્યોગમાં રોકાયેલી વ્યક્તિઓના આંકડા બતાવે છે.

કોઠો – ૧૧૪

જુદા જુદા કુટિર ઉદ્યોગોમાં રોકાયેલ વ્યક્તિઓ દર્શાવતો કોઠો

ક્રમ	ઉદ્યોગનું નામ	એકમમાં	રોકાયેલ વ્યક્તિઓની સંખ્યા
૧.	સુથારીકામ	—	૨૫૦
૨.	વાંસકામ	૧૫૦	૩૫૦
૩.	બીડી બનાવવી	—	૧૩
૪.	પાનનાં પતરાળાં બનાવવાં	—	૧૨૫
૫.	દરજીકામ	—	૩૦૦
૬.	વાયરમેન	—	૪૦
૭.	અંબરચરખા	—	૨૫૦
૮.	ઈંટો બનાવવી	—	૮૦
૯.	વાહનચાલક	—	૧૦
૧૦.	મચ્છી પકડવાની જાળ ગૂંથવી	—	૬૦
૧૧.	ટાઇલ્સ બનાવવાં	—	૨૦૦
૧૨.	લુહારીકામ	—	૩૦
૧૩.	માટીકામ	—	૧૦૦
		કુલ...	૧૮૦૮

મત્સ્ય ઉદ્યોગ :

મત્સ્ય ઉદ્યોગમાં વિકાસ માટે પૂરતો અવકાશ રહેલો છે. આ ઉદ્યોગના હેતુ માટે જે સહકારી મંડળી ઊભી કરવામાં આવી છે તેની પાસે પરિવહનની

કોઈ સગવડ નથી. આ કારણે આ ઉત્પાદન સ્થાનિક વેપારીઓને જ વેચવું પડે છે. આ માલને હાવડા (કલકત્તા) સુધી મોકલવા પરિવહનની વ્યવસ્થા કરવામાં આવે છે ત્યારે આ વેપારીઓ ૧ કિ.ગ્રા. મચ્છીએ ૨૫ ન. પૈસા જેટલું વળતર કમાય છે. જો સહકારી મંડળીઓ આદિવાસી સભ્યોની મચ્છી હાવડા સુધી પહોંચાડવાની વ્યવસ્થા ગોઠવે તો ચોક્કસપણે ઘણો વધુ નફો થશે. પરિણામે સભ્યોને સારો એવો નફો મળશે.

ઉકાઈ બંધના જળાશય વિસ્તારમાં 'ધી બોટિંગ ઍન્ડ ફિશિંગ ઍક્ટ'નો અમલ કરવો જરૂરી છે. આ પ્રમાણે થયું ન હોવાથી મહારાષ્ટ્ર રાજ્યના ગામડાંઓના ઘણા લોકો ગેરકાયદેસર માછલી પકડે છે. સાગબારાની મત્સ્ય ઉદ્યોગ સહકારી મંડળીના વિકાસના હેતુ માટે પણ મચ્છી પકડવાની આ ગેરકાયદેસર પ્રવૃત્તિ અટકાવવી જ જોઈએ.

મત્સ્ય ઉદ્યોગ સહકારી મંડળીના મોટા ભાગના સભ્યો એવા છે કે જેઓ ઉકાઈ ડેમને કારણે વધુ મજબૂત બન્યા છે. તેમનાં ગામ ઉકાઈ ડેમના જળાશયમાં ડુબાણમાં ગયાં છે. તેથી તેમના પુનર્વસવાટના હેતુ માટે આ મંડળીની સ્થાપના થઈ. જૂન માસથી ઑગષ્ટ માસનો સમય મચ્છી ઉછેર માટેનો સમય છે; તેથી આ સમય દરમ્યાન મચ્છી પકડવાની પરવાનગી આપવામાં આવતી નથી. જોકે આમ હોવા છતાં પણ આ સમય દરમ્યાન પણ ગેરકાયદેસર મચ્છી પકડવાનું ચાલુ રહ્યું છે. એવું પણ ધ્યાનમાં આવ્યું છે કે આ સભ્યોના કુટુંબોમાં સ્ત્રીઓ વર્ષના મોટા ભાગના સમયમાં નવરી હોય છે, જ્યારે તેમનાં મૂળ ગામોમાં ખેડૂત તરીકે હોવાથી ખેતીના ક્ષેત્રમાં કામ કરી શકતી હતી. પણ હવે માછલી પકડવામાં રોકાયેલી ન હોવાથી નવરી રહે છે. તેઓ મચ્છીઉછેરનો વ્યવસાય શરૂ કરે તે માટે પ્રોત્સાહન આપવું જોઈએ અને બધા જ પ્રકારની મદદ પૂરી પાડવી જોઈએ.

સુથારી કામ :

આ તાલુકાના આદિવાસીઓ જન્મજાત સુથાર હોય છે. એ સમાજના બધા જ લોકો વત્તાઓછા પ્રમાણમાં સુથારી કામ જાણતા હોય છે. પરંતુ તેમનું આ બાબતનું જ્ઞાન માત્ર હળ સમારવું, સંગીતનાં સાધનો બનાવવાં વગેરે પૂરતું મર્યાદિત છે. તેમનામાં આધુનિક ફર્નિચર બનાવવાની તાલીમ ન હોવાથી તેમની બનાવટ સામાન્ય રીતે નીચલી કક્ષાની રહેલી હોય છે. પ્રથમ જરૂરિયાત તેમને માટે તાલીમ ઊભી કરવાની છે. બીજું તેઓને તમામ

પ્રકારનાં જરૂરી ઓજારો, સાધનો અને નિયમિત લાકડું પૂરું પાડવું; ત્રીજું, ઉત્પન્ન થયેલા માલની વેચાણવ્યવસ્થા ગોઠવવી. આ જંગલ–આધારિત ઉદ્યોગ હોવાથી આ તાલુકામાં આ ઉદ્યોગ માટે વિશાળ અવકાશ રહેલો છે. હાલમાં કેટલાક લોકો આરામખુરશી, ખુરશી, ટેબલ વગેરે સ્થાનિક માંગ પ્રમાણે બનાવે છે, જેની કિંમત પણ ઘણી ઓછી હોય છે. એ તદ્દન સમજી શકાય એવું છે કે ઘણાં થોડાં કુટુંબોએ તેમના જીવનનિર્વાહ માટે મુખ્ય આવકના સાધન તરીકે આ વ્યવસાય સ્વીકાર્યો છે. મોટા ભાગના લોકોએ આ વ્યવસાયને મુખ્ય આવક, જે કાં તો ખેતી અથવા ખેતમજૂરી દ્વારા થતી હોય તેને પૂરક બનાવવામાં સ્વીકાર્યો છે.

ફર્નિચર બનાવવા માટે લાકડું મેળવવામાં સુથારોને ઘણી મુશ્કેલીઓ વેઠવી પડે છે. એવું જાણવામાં અને જોવામાં આવ્યું છે કે મોટા ભાગની બાબતોમાં તેઓ ગેરકાયદેસર રીતે લાકડું પ્રાપ્ત કરતા હોય છે. દા. ત. જંગલનું વૃક્ષ બિનકાયદેસર રીતે કાપવું. જો આપણે એમ ઇચ્છતા હોઈએ કે મોટી સંખ્યામાં કુટુંબો સુથારીકામને ગૃહઉદ્યોગ તરીકે આગળ ધપાવે તો તાલીમ પામેલા સુથારોને લાકડાનો જથ્થો પૂરો પાડવાનો પ્રયત્ન તાત્કાલિક રીતે ઉકેલવો જોઈએ. લાકડું પૂરતું પ્રાપ્ત ન થઈ શકવાને કારણે કેટલાય તાલીમ પામેલા સુથારો તેમનો વ્યવસાય શરૂ કરી શક્યા નથી. તેમ જ તેમને તાલીમ પૂરી પાડ્યા બાદ આપવામાં આવેલાં ઓજારો અને હથિયારો બીજાને તેમણે વેચી દીધાં છે.

વાંસકામ :

આ તાલુકામાં ૧૭૦ કોટવાળિયા કુટુંબો છે, કે જેઓ પરંપરાગત વાંસકામ દ્વારા વાંસની બનાવટો જેવી કે ટોપલા, પંખા, સાદડી વગેરે બનાવે છે. આ હેવાલમાં જણાવવામાં આવ્યું છે તે મુજબ તાલુકામાં આ કામદારોની સહકારી મંડળી ઊભી કરવામાં આવી છે. અને તેમાં ૧૫૦ કુટુંબો સભ્ય તરીકે દાખલ થયેલાં છે. કોટવાળિયા કુટુંબો સિવાય કેટલાક વસાવા કુટુંબો પણ મંડળીમાં દાખલ થયા છે. આ મંડળી શરૂ થયા પછી નિયમિતપણે આ કુટુંબો આવક મેળવે છે. જોકે આ આવક ઘણી થોડી છે. તેમનું જીવનધોરણ ઘણું જ નીચું છે. આ લોકોની ઓછી આવક થવાનું મુખ્ય કારણ એ છે કે હજી સુધી એ લોકો એવા જ પ્રકારની વસ્તુ બનાવે છે, કે જેને બજાર પૂરતું મળતું નથી. જેથી વધુ કિંમત મેળવી શકાતી નથી. એ

જરૂરી છે કે આ સભ્યોને અને બીજાઓને એવી વસ્તુ બનાવવાની તાલીમ આપવી કે જેની બજાર કિંમત વધુ હોય. ને આવી ઘણી વસ્તુઓ શહેરી બજાર માટે પણ બનાવી શકાય, પરંતુ આ માટે જરૂરી તાલીમ આપવાનો કાર્યક્રમ તૈયાર કરવાની જરૂર છે.

બીડી ઉદ્યોગ :

આ તાલુકામાં મોટા પ્રમાણમાં આદિવાસીઓનો ખાસ કરીને છોકરીઓ તથા સ્ત્રીઓનો સમાવેશ કરી યોગ્ય પગલાં ભરી બીડી ઉદ્યોગ સંગઠિત કરવાની પૂરતી શકયતા છે. આ તાલુકાના જંગલમાં મોટા જથ્થામાં ટીમરુનાં પાન મળી આવે છે અને શ્રમની પણ ખોટ નથી, છતાં અત્યાર સુધીમાં માત્ર ૬૩ વ્યક્તિઓને જ આ હુન્નરની તાલીમ આપવામાં આવી છે. આના અનુસંધાનમાં આ ઉદ્યોગ સંગઠિત કરવા ગુજરાત રાજ્ય જંગલ વિકાસ નિગમનો સંપર્ક સાધવાનું સૂચન કરવામાં આવે છે. આ વિસ્તારમાં આ ઉદ્યોગ જંગલ આધારિત ઉદ્યોગ તરીકે માન્યતા મેળવશે.

પતરાળાં-પડિયાનો ઉદ્યોગ :

બીડી બનાવવાના કામની જેમ જ પતરાળાં અને પડિયા બનાવવાના કામને પણ જંગલ આધારિત ઉદ્યોગ તરીકે વિકસવાની પૂરતી તક છે. હાલમાં આ ઉદ્યોગમાં ૧૨૫ વ્યક્તિઓ રોકાયેલી છે. આ તાલુકાના જંગલમાં સારા એવા પ્રમાણમાં સાગનાં પાન પ્રાપ્ત થાય છે. તેથી મોટી સંખ્યામાં લોકો કુટિર ઉદ્યોગ તરીકે આ કામ લઈ શકે. જો કોઈ અગત્યનું પાસું આ ઉદ્યોગ માટે હોય તો તે બજાર શોધવાનું છે. આદિવાસીઓ આપમેળે આ પ્રશ્ન ઉકેલી શકે નહીં. વળી જે લોકો આ ઉદ્યોગમાં રોકાયેલા છે તેમનાં પતરાળાં અને પડિયા મજબૂત, ટકાઉ અને આકર્ષક બને તે માટે તાલીમ કાર્યક્રમ બનાવવો જોઈએ. આદિવાસી સ્ત્રીઓ જેમનામાં આ બનાવટો માટેનું કુદરતી કૌશલ્ય છે તેઓ માટે આ આવકનું સાધન બની શકે તેમ છે.

દરજીકામ :

ધીરે ધીરે દરજીકામ અગત્યની આવક મેળવવાના સાધન તરીકે સ્વીકાર્ય રહ્યું છે. હાલમાં ૩૦૦ વ્યક્તિઓ આ કાર્યમાં રોકાયેલી છે. આ ઉદ્યોગને ટકી શકે એવા કુટિર ઉદ્યોગ તરીકે વિકસાવવો હોય તો વધુ વ્યક્તિઓને આ હુન્નરની તાલીમ આપવી જોઈએ. હાલમાં તો આ લોકો

દ્વારા તૈયાર થયેલાં કપડાં સ્થાનિક અથવા તો બાજુના ગામની જરૂરિયાત પ્રમાણે વેચાય છે. પરંતુ આ ઉદ્યોગ વધુ નફાકારક ત્યારે જ બની શકે, જ્યારે આ વ્યવસાય દ્વારા થયેલી બનાવટોને બહારનું બજાર પ્રાપ્ત થાય. બજાર શોધી કાઢવા માટે સારા એવા પ્રયાસો કરવાની જરૂર પડશે. પરંતુ એ પહેલાં એ જોવું પડશે કે આ વ્યવસાયમાં રહેલ લોકો બજારમાં સ્થાન પામી શકે તેવાં કપડાં તૈયાર કરવાની જરૂરી તાલીમ લે છે કે નહીં. બીજું, જેણે આ તાલીમ લીધી હોય તેમને વધુ સારી સિલાઈવાળાં તથા આધુનિક કપડાં તૈયાર કરે તે માટે નવી તાલીમ આપવી જોઈએ.

ઈંટકામ :

આ તાલુકામાં ઈંટ બનાવવાનો વ્યવસાય ઉપયોગી અને વધુ સારી આવક આપી શકે તેવો છે. પરંતુ ઈંટોની માંગ વધુ ન હોવાથી આ ઉદ્યોગ માટે કેટલીક મર્યાદા આવી જાય છે. આ તાલુકામાં મોટે ભાગે લોકો કાચાં મકાનમાં રહે છે. તેથી જ્યાં સુધી મકાન બાંધવાની પ્રવૃત્તિને નિસ્બત છે ત્યાં સુધી ઈંટો માટેનું બજાર મળી શકશે નહીં. પરંતુ હાલમાં નર્મદા બંધને બાંધવાનું કામ ચાલતું હોવાથી ઈંટોની માંગ વધવાની અને તેથી ઈંટ ઉદ્યોગમાં વધુ લોકોને સમાવવાની શકયતા પણ વધવાની.

અંબરચરખો :

ખાદી ગ્રામોદ્યોગ દ્વારા ૨૫૦ વ્યક્તિઓને અંબરચરખાની તાલીમ આપવામાં આવી છે. તેમને અંબરચરખા પણ આપવામાં આવ્યા છે. તેઓ આ સાધન દ્વારા કેટલી આવક મેળવે છે તે જાણવું કઠિન છે. પરંતુ એવું માલૂમ પડયું છે કે આ પ્રવૃત્તિને યોગ્ય રીતે સંગઠિત કરવામાં આવી નથી, કે જેથી કુટુંબો આના દ્વારા સારી આવક મેળવી શકે. આના અનુસંધાનમાં આ પ્રવૃત્તિની છટકબારીઓ દૂર કરી વધુ સંગઠિત બને એ રીતે પ્રયત્ન કરવાનું સૂચન કરવામાં આવે છે. જેમ કે નિયમિત પૂણીનો પુરવઠો, અંબરચરખો તૂટી જાય ત્યારે તેને સમારવાની વ્યવસ્થા, વ્યક્તિગત કુટુંબોનું કાંતેલું સૂતર ભેગું કરવું અને છેલ્લે વ્યક્તિગત અંબરચરખા ચલાવનારને નિયમિત ચુકવણી કરવી વગેરે.

જાળ બનાવવી :

નજીકના ભવિષ્યમાં મત્સ્ય ઉદ્યોગ વધુ અગત્યનો ઉદ્યોગ બનશે અને તેથી માછલાં પકડવાની જાળ બનાવવાના કામની ઊજળી શકયતાઓ છે. આના

અનુસંધાનમાં વધુ ને વધુ લોકો આવી જાળ બનાવવાનું કામ સ્વીકારે તે માટે નાણાકીય મદદ આપવી જોઈએ. હકીકતમાં તેઓને શ્રેષ્ઠ જાળ ગૂંથવા માટેની તાલીમ આપવામાં આવે તો આ જાળ માટે બહારનું બજાર મળી રહે તે માટેની તકો પણ રહેલી છે. તેથી આ કુટિરઉદ્યોગમાં રોકાયેલા લોકોને વધુ પ્રોત્સાહન આપવું જરૂરી છે.

દેશી નળિયાંનો ઉદ્યોગ :

દેશી નળિયાં બનાવવાનો ઉદ્યોગ પણ એક ચોક્કસ પ્રકારનો અગત્યનો કુટિર-ઉદ્યોગ છે. આ માટે આ ઉદ્યોગમાં રોકાયેલ વ્યક્તિઓને સહકારી ક્ષેત્ર બનાવવા માટે સંગઠિત કરવા જોઈએ. જિલ્લા ઉદ્યોગ કેન્દ્રની યાંત્રિક અને નાણાકીય સહાય સાથે સાગબારામાં ઈંટો બનાવવાનું સહકારી એકમ સહેલાઈથી બનાવી શકાય. જો આમ બની શકે તો વ્યવસાયમાં રોકાયેલાઓને સારી આવક થઈ શકે.

ઉપરની ચર્ચામાંથી એ સ્પષ્ટ થાય છે કે ઉપર જે ઉદ્યોગો જણાવ્યા તેના વિકાસ માટે ઊજળી શકયતાઓ રહેલી છે. જો તેને તંદુરસ્ત રીતે સંગઠિત કરવામાં આવે તો તાલુકાના લોકોની આર્થિક સ્થિતિ સુધારવામાં તે ઘણા મદદરૂપ બની શકે. અલબત્ત, હજુ સુધી આ બધી પ્રવૃત્તિઓને ગૌણ પ્રવૃત્તિઓ તરીકે જ સ્વીકારવામાં આવે છે. આપણો પ્રયત્ન એ દિશાનો હશે કે આ પ્રવૃત્તિઓને એવી રીતે નફાકારક બનાવવી કે જેથી આદિવાસીઓ આ પ્રવૃત્તિઓને મુખ્ય પ્રવૃત્તિ તરીકે સ્વીકારે.

પ્રકરણ ૭

ચાલુ આયોજિત પ્રવૃત્તિઓ અને તેની નબળા વર્ગો પર થયેલી અસર

ભરૂચ જિલ્લાના આદિવાસી પટ્ટામાં સામૂહિક વિકાસ ઘટકની શરૂઆત ૧૯૫૩થી થઈ હતી, પરંતુ તેની પ્રવૃત્તિઓ મુખ્યત્વે વાલિયા મહાલ અને ઝઘડિયા તાલુકા પૂરતી મર્યાદિત રહેવા પામી હતી. ત્યાર પછી ૧૯૫૫માં રાષ્ટ્રીય વિસ્તરણ સેવા યોજના નાંદોદ તાલુકામાં અમલમાં આવી. એપ્રિલ ૧૯૬૨થી આદિવાસી વિકાસ ઘટક અમલમાં આવ્યા બાદ જ સાગબારામાં વિકાસ પ્રવૃત્તિની શરૂઆત થઈ હતી. આ ઘટકની પ્રવૃત્તિમાં ખાસ આદિવાસી ખેડૂતો કે જેઓ સામાન્ય રીતે પરંપરાગત પદ્ધતિથી ખેતી કરે છે તથા સુધારેલ પદ્ધતિનો ઉપયોગ કરતા નથી, તેઓ માટે સુધારેલ બિયારણ, રાસાયણિક ખાતર અને સુધારેલાં ખેતીનાં ઓજારોનો ઉપયોગ વધારવા માટેના પ્રયત્નો કરવામાં આવ્યા હતા. આ તાલુકાના ખેડૂતોને બિનઆદિવાસી વિસ્તારો કે જ્યાં આધુનિક પદ્ધતિનો ઉપયોગ થાય છે, ત્યાં પ્રવાસે પણ લઈ જવામાં આવ્યા હતા. જેથી તેઓ તેમની જાતે જ ખેતીની સુધારેલ પ્રવૃત્તિઓ જોઈ શકે. તાલુકામાં નિદર્શન-પ્લોટો પણ કરવામાં આવ્યા કે જેથી આદિવાસી ખેડૂતોને સુધારેલાં બિયારણો, તેમનું અંતર, રાસાયણિક ખાતર, જંતુનાશક દવાઓનો ઉપયોગ કરી નિદર્શનથી તેના લાભ બતાવી શકાય. વધુ ને વધુ જમીનને સિંચાઈ હેઠળ આવરી લેવાના પ્રયત્નો પણ કરવામાં આવ્યા હતા. આ રીતે વિકાસ ઘટક શરૂ કર્યા પછીના દશકામાં ૧૦૦૦ હેકટરથી વધુ ખેતીલાયક જમીનને સિંચાઈ હેઠળ આવરી લેવામાં આવી. ૧૯૪૨ના જમીનસુધારણા હેઠળના કાયદા મુજબ આ તાલુકામાં જમીનસંરક્ષણની યોજના પણ દાખલ કરવામાં આવી. અલબત્ત આનો લાભ જૂજ ખેડૂતો દ્વારા જ ઉઠાવવામાં આવ્યો. આ જ રીતે કપાસની ખેતી સુધારવા માટે પડોશના આદિવાસી તાલુકા સાથે આ તાલુકાને પણ કપાસ-વિસ્તાર-અધિનિયમ-૧૯૫૨ હેઠળ લાવવામાં આવ્યો. આ વિસ્તાર-કપાસના ઉત્પાદનમાં શુદ્ધતા જળવાઈ રહે તે હેતુથી આ વિસ્તારને દિગ્વિજયમાં કપાસ વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવ્યો. ખેડૂતોને દિગ્વિજય અને

કપાસની અન્ય સુધારેલી જાતોનું વાવેતર કરવા માટે સગવડો પણ આપવામાં આવી હતી. આ દિશામાં જે પ્રયત્નો થયા તેના પરિણામસ્વરૂપે કપાસની ખેતીમાં સારો એવો વધારો થયેલો આજે જોવા મળે છે.

ખેતસુધારણા માટેની આ યોજનાઓ દાખલ કરવાને કારણે કેટલાક ખેડૂતોએ રાસાયણિક ખાતર જેવાં કે સલ્ફેટ, યુરિયા, સુપર ફૉસ્ફેટ અને એમોનિયમ સલ્ફેટ વગેરેનો ઉપયોગ શરૂ કર્યો છે. જોકે આવા ખેત-સુધારણાના કાર્યક્રમો સ્વીકારનારાઓની સંખ્યા ઘણી જ ઓછી છે, પરંતુ ઓછામાં ઓછી આ યોજનાઓએ મોટી સંખ્યામાં ખેડૂતોની અજ્ઞાનતા દૂર કરવામાં મદદ કરી છે. આદિવાસી વિકાસ ઘટકની સિદ્ધિઓમાં વિકાસ કાર્યક્રમોએ આ તાલુકાના ગરીબ લોકો ઉપર કેવી અસર કરી એ કહેવું મુશ્કેલ છે. પરંતુ એ તો દેખીતી રીતે સ્પષ્ટ છે કે આ તાલુકાના ખેતી-વિષયક અર્થતંત્રમાં કોઈ ઘેરી અસર પડી હોય એવું ખાસ જોવા મળતું નથી. ક્ષેત્રકાર્ય દરમ્યાન એવું જાણવા મળ્યું છે કે સંખ્યાબંધ ગામો અને તેમાં પણ ખાસ કરીને પહાડ અને જંગલ વિસ્તારમાં આવેલાં ગામોમાં આદિવાસીઓએ સુધારેલી જાતોનાં બિયારણો, સાધનો અને રાસા-યણિક ખાતરોનો કદી પણ ઉપયોગ કર્યો નથી. આ તાલુકાનાં સંખ્યાબંધ ગામોમાં સિંચાઈની સગવડો ઉપલબ્ધ નથી. આ બાબત એ સૂચવે છે કે સાચા અર્થમાં ઘટક કાર્યક્રમોએ પરિસ્થિતિને ઉત્સાહપ્રેરક રીતે સુધારી નથી. ખેતીવિકાસ કાર્યક્રમોનો લાભ જૂજ સંખ્યામાં જ આદિવાસી ખેડૂતોએ લીધો છે.

પશુપાલનની બાબતમાં આદિવાસીઓને સારી એવી સંખ્યામાં એક દિવસથી માંડીને ૪ મહિનાની વયવાળાં મરઘાંનાં બચ્ચાં મફત પૂરાં પાડવામાં આવ્યાં હતાં. સ્થાનિક દુધાળાં ઢોરોની જાત સુધારવા તથા રોગ-મુક્ત કરવાનાં પગલાં પણ લેવાયાં હતાં. સંખ્યાબંધ બીજી સગવડો સબ-સિડીના રૂપમાં બળદ ખરીદવા વગેરે માટે અમલમાં મૂકવામાં આવી હતી. આદિવાસીઓને પશુરોગની ચિકિત્સા-સગવડો પણ પ્રાપ્ય બનાવવામાં આવી હતી. પરંતુ વિસ્તાર અને પશુઓની સંખ્યાના અનુસંધાનમાં જોઈએ તો એ ઘણું જ અપૂરતું હતું. મરઘાં ઉછેરના વિકાસ કાર્યક્રમો પણ જુદાં જુદાં કારણોસર સફળ સાબિત થયા નથી.

માળખાકીય સગવડોના વિકાસના અનુસંધાનમાં જોઈએ તો, ઘટક અસ્તિત્વમાં આવ્યા બાદ ૩ કિ.મી.નો પાકો માર્ગ બંધાયો હતો. જોકે

વિકાસ કાર્યક્રમો દ્વારા તાલુકામાં કેટલાક એપ્રોચ માર્ગો બાંધવામાં આવ્યા હતા ખરા, પરંતુ કાચા હોવાને કારણે તે ચોમાસા દરમ્યાન ધોવાઈ જવા પામ્યા હતા. આ પ્રમાણે સંદેશા વ્યવહારમાં પણ ખાસ પ્રગતિ નોંધાવા પામી નથી.

ઘટક અસ્તિત્વમાં આવ્યા પહેલાં સહકારી મંડળીઓની સંખ્યા ૧૬ની હતી. ઘટકના અસ્તિત્વ દરમ્યાન તે ઘટીને ૧૫ની થઈ ગઈ. આમ વધારાને બદલે ઘટાડો નોંધાયો. અલબત્ત સભાસદોની સંખ્યા જે ૯૧૦ હતી તે એક દશકામાં વધીને ૧૧૯૬ની થઈ. આમ એમાં વધારો થયો. આ બધા સભાસદો પ્રાથમિક ખેતીવિષયક ધિરાણ અને વિવિધ કાર્યકારી મંડળીના સભ્યો હતા. આ મંડળીઓ દ્વારા સભાસદો ઉત્પાદક હેતુઓ માટે ધિરાણ મેળવતા. જંગલ વિસ્તારનો વિવાદ ઘણો સમય ચાલુ રહ્યો હોવાથી આ તાલુકામાં એક પણ જંગલ કામદાર સહકારી મંડળી સંગઠિત કરી શકાઈ નથી. ક્ષેત્રકાર્ય દરમ્યાન જે ચિત્ર ઊપજ્યું તે મુજબ તાલુકામાં અમુક પ્રમાણમાં સહકારી પ્રવૃત્તિઓ વિકાસ તો પામી છે પણ તેનો લાભ આદિવાસી ખેડૂતો અને ખાસ કરીને નબળા વર્ગો ઉઠાવી શક્યા નથી. ખાસ કરીને ધિરાણ આપવાના નિયમો, નબળી સહકારી મંડળીઓની નબળી સભ્ય સંખ્યા અને જુદી જુદી સમિતિઓ અને મંડળીઓમાં આદિવાસી પ્રતિ-નિધિ તરીકે બિનઆદિવાસીઓની કામગીરી જેવાં પરિબળોએ તેમને લાભ લેતા અટકાવ્યા છે. બીજું કે ઉપરોક્ત પરિબળોને કારણે બિનઆદિવાસી ખેડૂતો જેઓ આવી મંડળીઓમાં ચાવીરૂપ સ્થાનો ધરાવે છે તેઓએ તેનો સૌથી વધુ લાભ ઉઠાવ્યો છે.

શૈક્ષણિક રીતે જોઈએ તો ઘટકના સમય દરમ્યાન વધુ સાત પ્રાથમિક શાળાઓ શરૂ કરાઈ હતી. પહેલાં ૭૨ પ્રાથમિક શાળાઓ હતી જે વધીને ૭૯ થઈ. આમાંની ૬૧ શાળાઓ તો એવી હતી કે જે એક જ શિક્ષક ધરાવતી હતી. અને એ શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યામાં પણ ઘટાડો નોંધાવા પામ્યો છે. ૧૯૬૦–૬૧ના વર્ષમાં એટલે કે ઘટક શરૂ થયા પહેલાં, એક શિક્ષક ધરાવતી શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૨૧૧૧ હતી કે જે ૧૯૭૦–૭૧માં ઘટીને ૧૯૬૦ની થઈ, પરંતુ વધુ શિક્ષકો ધરાવતી શાળાઓમાં સંખ્યા ૧૩૧૬ હતી તે વધીને ૨૮૩૧ થઈ. ઘટકના સમય દરમ્યાન જ આ તાલુકામાં માધ્યમિક શાળા શરૂ થવા પામી હતી. આ રીતે આદિવાસી

બાળકો શિક્ષણ લે તે માટે કેટલીક યોજનાઓ અમલી બનાવવામાં આવી હતી, પરંતુ ઘટકના સમય દરમ્યાન વિદ્યાર્થીઓની સંખ્યામાં સૂચક એવો વધારો નોંધાયો હોય તેવું જણાતું નથી.

સાગબારા તાલુકામાં ઘટક દ્વારા ૧૯૬૫માં સૌ પ્રથમ આરોગ્યકેન્દ્ર શરૂ કરવામાં આવ્યું હતું. આ સિવાય બે ગ્રામ્ય આરોગ્યકેન્દ્રો અને છ ઉપ-કેન્દ્રો ઘટક સમય દરમ્યાન શરૂ કરાયાં હતાં. આરોગ્યની સેવાઓના વિકાસ-ની વિગતવાર ચર્ચા પ્રકરણ ૩માં કરવામાં આવી છે.

આ તાલુકાના મોટા ભાગના આદિવાસીઓની નબળી આર્થિક પરિસ્થિતિ સ્પષ્ટપણે સૂચવે છે કે ઘટકના અસ્તિત્વ દરમ્યાન આ લોકોના વિકાસ માટે સારી એવી રકમ (લગભગ ૩.૩૫ લાખ) ફાળવવામાં આવી હતી, પરંતુ તેની આ લોકોના વિકાસ માટે જેટલી ઉપયોગી અસર થવી જોઈએ તે થઈ નથી. પ્રકરણ ૩માં જણાવ્યું છે તે મુજબ આજે પણ આ વિસ્તારમાં અપૂરતાં ભૌતિક અને સામાજિક માળખાંઓ અસ્તિત્વ ધરાવે છે, અથવા તો તે પૂરતાં વિકાસ પામ્યાં નથી.

સંકલિત આદિવાસી વિકાસ કાર્યક્રમ, રાજપીપળાના પાંચમી પંચ-વર્ષીય યોજનાના અહેવાલમાં આદિવાસી વિકાસ ઘટકના કાર્ય વિશે (પાન ૭૪) નીચે પ્રમાણે નોંધ કરવામાં આવી છે.

"આદિવાસી વિકાસ ઘટકની યોજનાઓને જુદી જુદી મર્યાદાઓ જેવી કે, આવરી લેવામાં આવેલા મર્યાદિત લોકો, આર્થિક-સામાજિક સર્વેક્ષણનો અભાવ, નાના કરતાં મોટા વિકાસકાર્યક્રમો પાછળ ખર્ચ વગેરેને કારણે ખરાબ અસર થઈ હતી." વાણિજ્યના હેતુથી પણ આ વિસ્તાર ઘણો અવિકસિત છે. સ્થાનિક વેપારીઓનું આદિવાસીઓ ઉપર વર્ચસ્વ હોય તે કારણે શોષણ ચાલુ જ રહ્યું છે. ઘટકના સમય દરમ્યાન ખર્ચ મુખ્યત્વે બાંધકામ, ઓજારોની ખરીદી, તાલીમાર્થીઓને અપાતી વૃત્તિકા (સ્ટાઇપેન્ડ) વગેરે બાબતો પાછળ કરવામાં આવ્યું હતું. મોસમી માર્ગો બાંધવા પાછળ કરેલું ખર્ચ ખોટમાં ગયું હતું. કારણ કે આવા માર્ગોની જાળવણી માટે કોઈ વ્યવસ્થા થઈ ન હોવાથી આ માર્ગો તૂટી ગયા. આ જ રીતે શિક્ષણના ક્ષેત્રમાં વિદ્યાર્થીઓની સારી એવી ઓછી સંખ્યા ઉપરથી જોઈ શકાય છે કે ઘટકના કાર્યક્રમોની ખાસ અસર પડી નથી.

સ્થાનિક લોકો સાથે ચર્ચા કરતાં એ જાણવા મળ્યું કે ઘટકનાં કાર્યોની સિદ્ધિઓ માત્ર સપાટ વિસ્તારનાં ગામો એટલે કે દક્ષિણ-પૂર્વ વિસ્તાર પૂરતી કેન્દ્રિત હતી.

ઓછી મુશ્કેલીઓ સાથે ઝડપી કાર્ય કરવા તેમ જ વધુમાં વધુ લોકોની માંગ સંતોષવાના હેતુ સાથે માત્ર એવાં ગામો જ આગળ આવ્યાં કે જ્યાં કામ ઝડપી અને સરળતાથી કરવાની શક્યતાઓ હતી.

ઘટકનો સમય પૂરો થયા બાદ આદિવાસી વિકાસ કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા હતા. આદિવાસી પેટા યોજના હેઠળ આ તાલુકામાં કેટલીક યોજનાઓ અમલમાં મુકાઈ છે. ખેતીના ક્ષેત્રમાં, કેટલાક ખેડૂતોને ઇન્પૂટ કીટ્સ આપવામાં આવ્યા છે. આ ખેડૂતોને રાસાયણિક ખાતરો, જંતુનાશક દવાઓ અને સાધનો, ઑઇલ એન્જિન અને ઇલેક્ટ્રિક મોટરો માટે ૫૦ ટકા સબસિડી આપવામાં આવી છે. સંયોજિત આદિવાસી વિકાસ કાર્યક્રમ, રાજપીપળા દ્વારા રાજપીપળા મુકામે શરૂ કરવામાં આવેલા ખેડૂત તાલીમ કેન્દ્રમાં આ તાલુકાના કેટલાક આદિવાસી ખેડૂતોએ તાલીમ લીધી છે. વધુમાં તેઓ સુધારેલી પદ્ધતિનો ઉપયોગ કરે તે માટે મદદ આપ-વામાં આવી હતી. સંયોજિત આદિવાસી વિકાસ કાર્યક્રમ દ્વારા જમીન-મોજણીના બે એકમો શરૂ કરવામાં આવ્યા હતા, જેમાં એક સ્થિર અને બીજો ફરતો એકમ હતો. ફરતા એકમે ખેડૂતોની જમીનના પ્રકાર અને તેમાં યોગ્ય રીતે ખાતરનો ઉપયોગ કરી, જમીનની બિન-ફળદ્રુપતા દૂર કરવા વિશે જાણકારી આપવામાં મદદ કરી હતી.

સબસિડીવાળા નોપસ પ્લોટ પુલર, ૪૦૦૦ કોમ્પોસ્ટ પિટ્સ વહેંચવા માટે આ તાલુકામાંથી ૧૮૯૦થી ૩૦૦૦ વ્યક્તિઓની પસંદગી કરવાનું સૂચન થયું હતું. અને તે જ પ્રમાણે ૫૦૦ ખેડૂતોને રાસાયણિક ખાતર સબસિડી ભાવે ખરીદવા માટે મદદ આપવામાં આવી હતી. ૩૦૦૦ ખેડૂતોને સુધારેલું બિયારણ પૂરું પાડવામાં આવ્યું હતું. વધુમાં ૧૦,૦૦૦ બિયારણની કોથળીઓ અને ૨૦૦૦ ફળની કલમો પણ વહેંચવામાં આવી હતી. આ તાલુકામાં સુધારેલી જાતોનાં બિયારણ અને આધુનિક પદ્ધતિની ખેતી માટે ૨૦૦ પ્લોટ ઉપર નિદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. અને અનુક્રમે ૫૪૦૦ અને ૭૬૦૦ હેક્ટર જમીનને ખાડા-ટેકરાવાળીમાંથી સપાટ બનાવવાની અને કોતરબંધ હેઠળ આવરી લેવામાં આવી હતી.

સિંચાઈ ક્ષેત્રે ૫ ઉદ્‌વહન સિંચાઈ યોજના, ૨૦ ચેકડેમ, ૫૦ કૂવાઓનું બાંધકામ અને ૫૦ ઑઇલ એન્જિનો મૂકવાનું આયોજન પાંચમી પંચવર્ષીય યોજના દરમ્યાન કરવામાં આવ્યું હતું. પરંતુ પ્રકરણ ૨ની હકીકત પ્રમાણે એનો ખાસ અમલ કરાયો નથી.

બીજાં ક્ષેત્રોમાંની યોજનાઓમાં વિગતવાર ગયા સિવાય એ સ્પષ્ટપણે ધારી શકાય કે, સાગબારા તાલુકા માટે ઘડાયેલો કાર્યક્રમ ઘણો મહત્ત્વાકાંક્ષી હતો, પરંતુ પૂરતી રીતે અમલમાં મુકાયો ન હતો. વળી જે યોજનાઓ અમલી બનાવાઈ હતી તેના લાભો ગરીબો સુધી પહોંચી શકચા ન હતા. જ્યારે સર્વેક્ષણમાં મોટા ભાગનાં કુટુંબોને ગરીબી રેખા નીચે જોઈએ છીએ ત્યારે એ ઘણું સ્પષ્ટ છે કે માત્ર સાગબારા વાંસકામ સહકારી મંડળી જ ગરીબ લોકોને લાભ આપવા શક્તિમાન બની હોય એમ લાગે છે. આ મંડળી સ્થપાતાં કોટવાળિયાઓને જે વેપારીઓના શોષણનો ભોગ બનવું પડતું હતું તેમને માટે એકધારી અને યોગ્ય આવકના સાધનનો માર્ગ ખૂલતાં તે દ્વારા તેમને થોડી સારી આવક મેળવવામાં મદદ થઈ છે, પરંતુ તેઓ હજુ પણ ગરીબ અવસ્થામાં જીવી રહ્યા છે.

હવે આપણે સંયોજિત આદિવાસી વિકાસ કાર્યક્રમ રાજપીપળા દ્વારા હાથ ધરાયેલી યોજનાઓ વિશે જોઈએ. આ યોજનાઓ ૧૯૭૭–૭૮ અને ૧૯૭૮–૭૯ દરમિયાન અમલમાં મૂકવામાં આવી હતી.

ક્રમ	યોજનાનું નામ	લાભ લેનારની સંખ્યા
૧.	અનાજના ગોદામનું બાંધકામ	૪૦૮
૨.	જમીનસંરક્ષણ યોજના	૬૩
૩.	અનાજ બેંક	૨૫૪
૪.	દુધાળાં ઢોરની ખરીદી	૧૯૦
૫.	માધ્યમિક શાળામાં ભણતા વિદ્યાર્થીઓને કામનો અનુભવ શીખવા માટે મદદ	૧ શાળા
૬.	પ્રૌઢશિક્ષણ	૩૨ કેન્દ્રો
૭.	ગ્રામરક્ષક દળનો ગણવેશ	૪૮૦
૮.	પ્રાથમિક શાળા માટે ઓરડાઓ	૩ ગામમાં

૯.	ગ્રામપંચાયતોને સામૂહિક રેડિયોસેટ	૨૩ પંચાયત
૧૦.	ગ્રામપંચાયતને ગુજરાતી ભાષાનું (સામાયિક)	૫૪૫
૧૧.	શિક્ષિત બેરોજગારોને "રોજગાર સમાચાર"	૩૩
૧૨.	ભજનમંડળીઓને સાધનો	૫ મંડળીને
૧૩.	કૂવાનું બાંધકામ	૯
૧૪.	ગોદામોનું બાંધકામ	૧
૧૫.	દિલ્હીના કિસાન મેળાની સફર	૧૮
૧૬.	મધમાખી-ઉછેરની તાલીમ પામેલાઓને આ ઉદ્યોગ માટે મદદ	૬
૧૭.	મધમાખીની તાલીમ પામેલાઓને સાધનો આપવાં	૩
૧૮.	એફ. એ. બી. સી. એકમને ફ્રિજ	૧
૧૯.	લેંસ ખરીદવા આર્થિક મદદ	૧૮
૨૦.	મત્સ્ય-ઉદ્યોગ માટે નાણાકીય મદદ	૧૦૪
૨૧.	પશુઓને રસી મુકાવવા નાણાકીય મદદ	૫૦ એકમો
૨૨.	કોટવાળિયા બાળકો માટે બાલવાડી	૭
૨૩.	શાળામાં મોકલાતાં કોટવાળિયા કુટુંબોને અનાજ પુરવઠો	૪૦૦
૨૪.	કોટવાળિયા વિદ્યાર્થીઓને ગણવેશ	૩૨૦
૨૫.	વાંસકામ માટે કોટવાળિયાને સાધનો	૯૪
૨૬.	પુરુષ સીવણ વર્ગ	૧ એકમ
૨૭.	વાયરમેન ટ્રેનિંગ મદદ	૩૦
૨૮.	હીરાઘસુને તાલીમ માટે મદદ	૧૧
૨૯.	અંકલેશ્વર તાલીમ કેન્દ્રના તાલીમાર્થીઓને વૃત્તિકા	૬૦
૩૦.	સાગબારા વાંસકામ સહકારી મંડળીના સભ્યોને વાંસ ખરીદવા નાણાકીય મદદ	૯૪
૩૧.	તાલીમ પામેલાઓને કપડાં સીવવાનાં સંચા	૨૫
૩૨.	સહકારી મંડળીઓને ટૂંકા ગાળાનું ધિરાણ	—

૩૩. મત્સ્ય-ઉદ્યોગ સહકારી મંડળીને ટેમ્પરરી દવા નાણાકીય મદદ	૧
૩૪. આદિવાસી વિદ્યાર્થીઓને સાઇકલ ખરીદવા નાણાકીય મદદ	૩
૩૫. પૂર્વ-બાલવાડી માટેનાં સાધનો	૧૨
૩૬. દવાખાનાનું વિદ્યુતીકરણ	૨ એકમો
૩૭. અલ્હર પાટ આપવાની યોજના	૧૦૦
૩૮. મરઘાં-ઉછેર એકમો માટે ગોદામ અને સ્ટોર બાંધકામ	૧
૩૯. મહુડાની કલમો	૫૦૦૦
૪૦. ભરૂચ ડેરીને સબસિડી	—
૪૧. કૂવાઓનું વીજળીકરણ	૨૫
૪૨. ટાઇપિંગ તાલીમ	૧૫
૪૩. માધ્યમિક શાળાઓની સુધારણા માટેની યોજના	૧
૪૪. વધારાની મદદ	૬૩૨
૪૫. માર્ગ બાંધકામ	૧ એકમ

ઉપર જણાવેલ યોજનાઓ આદિવાસી પેટા યોજના દ્વારા અમલમાં મુકાશે. આ યોજનાઓ તરફ દૃષ્ટિપાત કરતાં એ સરળતાથી બહાર આવે છે કે મોટા ભાગની આવી યોજનાઓ આ તાલુકાના આદિવાસીઓના આર્થિક જીવનસુધારમાં કોઈ પણ પ્રકારે સીધી રીતે મદદરૂપ બનશે નહીં.

આદિવાસી વિકાસનું ધ્યેય સફળતાપૂર્વક હાંસલ કરવામાં નિષ્ફળતા પ્રાપ્ત થશે. આ યોજનાઓમાં કેન્દ્રને ફ્રિજ આપવું, ગોદામોનું બાંધકામ, ગૃહરક્ષક દળના લોકોને ગણવેશ વગેરે છે કે જે ભાગ્યે જ થોડા ભાગને પણ મદદ કરી શકે. આ તાલુકામાં મોટા ભાગના લોકો ખેતી અને ખેતમજૂરી-માં રોકાયેલા છે. ઉપરની જે યાદી આપી છે તે ઉપરથી તો લાગે છે કે એમાં આ લોકોનો સમાવેશ કરવાનો ભાગ્યે જ પ્રયત્ન થયો છે. કેટલીક યોજનાઓ કે તાલીમીકાર્યક્રમ પ્રવાસ વગેરે તો સંપન્ન ખેડૂતોને જ લાભ

આપશે. હકીકતમાં ઘણી થોડી યોજનાઓ એવી છે કે જે જમીન વિહોણાને ઉપયોગી એવી રોજગારી આપવામાં મદદરૂપ થાય.

આ યોજનાઓની લોકો ઉપર અને ખાસ કરીને જે નબળો વર્ગ છે તેમની ઉપર શું અસર પડી છે, તે જાણવા વધુ વિગતે ચર્ચા કરવી જરૂરી છે. અમલમાં મુકાયેલી આ યોજનાઓની અસર ધ્યાનપૂર્વક મૂલ્યાંકન અભ્યાસ દ્વારા નક્કી કરી શકાય.

સંયોજિત આદિવાસી વિકાસ કાર્યક્રમ દ્વારા હાથ ધરવામાં આવેલા કાર્યક્રમો અને નાના ખેડૂતોની વિકાસ યોજનાના વિકાસ કાર્યક્રમની વિગતવાર ચર્ચા પ્રકરણ ૩માં કરવામાં આવી છે. આ સંસ્થાઓએ થોડીક જ યોજનાઓ અમલમાં મૂકી છે કે જેની નબળા લોકો ઉપર ભાગ્યે જ ઉપયોગી અસર થઈ છે. આ જ પ્રકારની સ્થિતિ જિલ્લા ઉદ્યોગકેન્દ્ર, ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ અને સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા હાથ ધરાયેલ યોજનાઓ બાબતમાં છે. આ બધી જ સંસ્થાઓની યોજનાઓની ચર્ચા અગાઉ કરવામાં આવી છે.

છેલ્લાં ૨૫ વર્ષથી આ તાલુકાના આદિવાસીઓના જીવનધોરણ સુધારવા માટેના પ્રયત્નો થયા છે, છતાં પણ મોટા ભાગના આદિવાસીઓ ગરીબ જ રહ્યા છે. આ બાબતમાં હકીકત એ છે કે ખર્ચાયેલ બધી જ રકમ, અને કહેવાતા નિષ્ણાત અધિકારીઓના બધા જ પ્રયત્નો છતાં આ ગરીબ આદિવાસીઓની સામાજિક, આર્થિક સુધારણા માટેનો કંઈ જ અર્થ સર્યો નથી.

પ્રકરણ ૮

પૂર્ણ રોજગારી માટેનો સૂચિત કાર્યક્રમ

બિનકૃષિક્ષેત્રે વધુ ને વધુ શ્રમપ્રધાનયુક્ત પદ્ધતિ વિકસાવવા માટેની એક કાર્યરેખા સૂચવવાનો અમે પ્રયાસ કર્યો છે. સામાન્ય રીતે લઘુ ઉદ્યોગો અને ગૃહઉદ્યોગો સ્થાનિક કુદરતી સાધનો ઉપર આધારિત હોય છે. તેમ જ આદિવાસી કુટુંબો તેનાથી પરિચિત હોય છે. તેથી આ ઉદ્યોગો મોટા પાયાની અપૂરતી રોજગારીનો તાત્કાલિક ઉકેલ છે. આ ઉદ્યોગો દ્વારા સમાન સંપત્તિની વહેંચણી તેમ જ વણવપરાયેલાં સાધનોની ગતિશીલતા લાવશે. તથા આદિવાસીઓના સ્થળાંતરોને રોકી શકશે. આ જાતની અનેક યોજનાઓ અમે સૂચવી છે. જંગલપેદાશને લગતી યોજનાઓને પણ સારું મહત્ત્વ આપી શકાય. સ્થાનિક વન્યસંપત્તિના ઉપયોગ દ્વારા વધુ રોજગારીની તકો વિકસાવવાનો પણ અવકાશ છે.

શાકભાજીનું ઉત્પાદન, મરઘાંઉછેર, મચ્છીમારી, મધમાખીઉછેર પર પણ લક્ષ આપવાનું અમે અહીં સૂચન કરીએ છીએ. નજીકના ભવિષ્યમાં અંકલેશ્વર અને ભરૂચના મહાકાય વિકાસને અનુલક્ષીને આ પેદાશના વેચાણનો પ્રશ્ન રહેશે નહીં. ખરેખર તો આ તબક્કે આ ઉત્પાદનની વિકાસપ્રક્રિયા ચાલુ નહીં કરાય તો ઉપરોક્ત પેદાશોની વધુ ને વધુ માંગ થશે, તો પુરવઠાની પરિસ્થિતિ ઘણી નીચી ઊતરશે. સાગબારા તાલુકાનાં ગામો, શાકભાજી, ઈંડાં મરઘાં, મધ, માછલીનો સારો એવો પુરવઠો પહોંચાડી શકે તેમ છે. એ સાથે અત્યારથી જ સાગબારા તાલુકાના આદિવાસીઓમાં એ વસ્તુઓના ઉત્પાદનનો પ્રચાર થાય એ ખૂબ જરૂરી છે. ભરૂચ અને અંકલેશ્વર જેવા વિકસતા ઔદ્યોગિક અને શહેરી વિસ્તારોના અર્થકારણને સાગબારા જેવા ગ્રામીણ વિસ્તારના અર્થકારણ સાથે સાંકળવાનું આપણું ધ્યેય હોઈ, આદિવાસીઓની પછાત આર્થિક વ્યવસ્થાને ઝડપથી વિકસાવવાનો આ એક ચોક્કસ ઉપાય છે.

૧. તુવેરની ખેતી માટે વધુ જમીન ફાળવવી :

સાગબારા તાલુકામાં તુવેરની ખેતી માટેની વિશાળ શક્યતાઓ રહેલી છે. લોકો તુવેરના પાકની ખેતીથી પરિચિત છે અને ખેતીલાયક જમીનનો

સારો એવો ભાગ આ પાકની ખેતી હેઠળ આવરી લેવાયો છે. તુવેરની દાળમાંથી બજારમાંથી સારી આવક ઊભી થતી હોવાથી તુવેરની દાળનું ઉત્પાદન વધારવાનું સૂચન કરવામાં આવ્યું છે. આ વધારો તુવેરના પાકને વધારે જમીન હેઠળ આવરી લઈ ને થઈ શકે. હાલમાં લગભગ ૧૫૦૦ હેક્ટર જમીન આ પાક હેઠળ આવરી લેવાયેલ છે.

પાંચ વર્ષના ગાળામાં ઓછામાં ઓછી ૩૦૦૦ હેક્ટર જમીન આવરી લેવાય એવો પ્રયત્ન થવો જોઈએ. પ્રથમ વર્ષમાં જ ઓછામાં ઓછી ૫૦૦ હેક્ટર વધુ જમીન આ પાકની ખેતી હેઠળ રોકાવી જોઈએ. આ માટે ૨૫૦ ખેડૂતોને ઉત્પાદન વધારવા માટે એ એ એકર જમીન પૂરી પાડવી જોઈએ. જો આમાં સફળતા મળે તો તે ૨૦૦,૦૦૦ ક્વિન્ટલ વધારે ઉત્પાદનમાં પરિણમશે. જેના દ્વારા રૂ. ૮,૦૦,૦૦૦ની વધારાની આવક ઊભી થશે અને જે કુટુંબને આમાં આવરી લેવાયું છે તે કુટુંબ આ યોજના હેઠળ વર્ષે દહાડે રૂ. ૨૫૦ની વધારાની આવક ઊભી કરી શકશે. તે દ્વારા વર્ષે ૨૩૪૬૫ માનવદિન જેટલું કામ પણ ઊભું કરી શકાશે. આ યોજનાનો ખર્ચ નીચે પ્રમાણે હશે.

(૧) ખેડૂત દીઠ ૫ કિલોગ્રામ લેખે ૨૫૦ ખેડૂતોને બીજની સુધારેલ જાતનો જથ્થો પૂરો પાડવો. એ રીતે રૂ. ૪.૦૦ના કિ.ગ્રા.ના ભાવે ૧૨૫૦ કિ.ગ્રા. માટે રૂ. ૫૦૦૦ ખર્ચ થાય. એ ખર્ચ બી. એલ.પી. ફંડમાંથી પૂરું પાડવું જોઈએ. અને તે પૂરેપૂરી રીતે સબસિડીના પાયા ઉપર આપવું જોઈએ.

૨. નાના પાયા પર દાળમિલ સ્થાપવી :

હાલમાં તુવેરનું લગભગ બધું જ ઉત્પાદન તાલુકામાં દાળમિલ ન હોવાને કારણે બહાર મોકલવામાં આવે છે. વળી જો તાલુકામાં દાળમિલ ઊભી કરવામાં આવશે તો ખેડૂતોને તુવેરની ખેતી મોટા પાયા પર કરવાની પ્રેરણા મળશે અને ફરજ પડશે. અને તેથી એવું સૂચન કરવાનું મન થાય છે કે તાલુકામાં વહેલી તકે એક દાળમિલ ઊભી કરવી જોઈએ. આ સાહસ સહકારી ક્ષેત્ર દ્વારા હાથ ધરાવું જોઈએ. શરૂઆતમાં ૧૦૦ ખેડૂતોને "સાગબારા તાલુકા સહકારી દાળ–મિલ"ના પ્રાથમિક સભ્યો તરીકે નોંધવા. તેમાંના દરેકને રૂ. ૧૦૦ના એક શેર લેખે શેર આપવો.

આ યોજના હેઠળ એવું સૂચવવામાં આવે છે કે પાંચ વર્ષના ગાળા દરમ્યાન આવાં પાંચ એકમો ઊભાં થવાં જોઈએ.

દાળમિલના એક એકમ સ્થાપવાનું ખર્ચ નીચે મુજબ છે :

(૧) શેરભંડોળ એકના રૂ. ૧૦૦/-પ્રમાણે ૧૦૦ સભ્યોના	રૂ. ૧૦,૦૦૦
(૨) મશીનરીની કિંમત	રૂ. ૩૫,૦૦૦
(૩) ગોડાઉન તથા શેડના બાંધકામની કિંમત	રૂ. ૫૦,૦૦૦
(૪) ચાલુ ભંડોળ	રૂ. ૫૦,૦૦૦
	રૂ. ૧,૪૫,૦૦૦

જો આ સાહસ વ્યવસ્થિતપણે ચાલે તો તેમાંથી વાર્ષિક રૂ. ૨૦,૦૦૦નો નફો થશે. તેમાં ૧૨ વ્યક્તિઓને રોજગારી મળી શકશે. અને જો તે મિલ બે પાળીમાં ચલાવવામાં આવે તો બીજી દસ વ્યક્તિની રોજગારીની તક ઊભી કરી શકાય. જોકે એવું સૂચવવામાં આવે છે કે દાળમિલ એક જ પાળીમાં ચાલવી જોઈએ. આ માટે નીચે પ્રમાણે સ્ટાફ જરૂરી હશે.

(૧) સુપરવાઇઝર	૧
(૨) મદદનીશ	૧
(૩) કારીગરો	૧૦
કુલ	૧૨

સ્ટાફના પગારનું તથા મજૂરીનું વાર્ષિક ખર્ચ રૂ. ૩૦૦૦૦ની આસપાસ થાય. પ્રથમ વર્ષે આ ખર્ચ ચાલુ ભંડોળમાંથી લેવું પણ પછી જ્યારે સૂચિત દાળ-મિલ હકીકતમાં ચાલુ થાય ત્યારે મિલ ચલાવવામાં જે ચાલુ ખર્ચ થાય તે તેની આવકમાંથી મેળવી શકાશે.

આ પ્રમાણે સૂચિત દાળમિલ બે હેતુઓ સિદ્ધ કરશે. પ્રથમ તો દરેક શેર ધરાવનારને ડિવિડન્ડના રૂપમાં કાયમી રીતે વાર્ષિક રૂ. ૨૦૦ની આવક મળતી રહેશે. આ મુજબ તે દ્વારા વધારાના ૨૦૦૦ જેટલા માનવદિન ઊભા થશે. બીજું દાળની મિલ નિયમિતપણે ૧૨ વ્યક્તિઓને રોજગારી આપશે. આ રીતે ૩૬૦૦ વધારાના માનવદિનનું કામ પેદા થશે. આ યોજના દ્વારા બધું મળીને વાર્ષિક ૫૬૦૦ માનવદિન ઊભા કરી શકાશે.

મશીનરી ખરીદવા તથા ગોડાઉન અને શેડ બાંધકામના ખર્ચ માટે જરૂરી ભંડોળ જે રૂ. ૮૫,૦૦૦ થાય તે બૅંકમાંથી લોનરૂપે મેળવવું જોઈએ. પણ વ્યાજનો દર નીચો હોવો જરૂરી છે. બાકીની રકમ રૂ. ૬૦,૦૦૦ ઘટક કક્ષાના આયોજનમાંથી ફાળા રૂપે એકત્રિત કરવી જોઈએ. આ ભંડોળમાંથી રૂ. ૧૦,૦૦૦ જે ૨૫૦ શેર ધરાવનાર પાસેથી એકત્રિત કર્યા છે તે શેર ધરાવનારને સબસિડીના સ્વરૂપમાં આપવા જોઈએ. બાકીની રૂ. ૫૦૦૦/-ની રકમ ઘટકકક્ષાએ આયોજન ફંડમાંથી વ્યાજમુક્ત લોનના ધોરણે અપાવી જોઈએ.

આ પ્રમાણે કુલ રકમ ૧,૪૫,૦૦૦નો ખર્ચ ૧ દાળમિલનું એકમ સ્થાપવા માટે થાય. તે નીચે પ્રમાણે ફાળવી શકાય.

(૧) ઘટકકક્ષાએ આયોજન ફાળામાંથી મદદરૂપે	રૂ. ૬૦,૦૦૦
(૨) લીડ-બૅંક દ્વારા ધિરાણ સ્વરૂપે	રૂ. ૮૫,૦૦૦
	રૂ. ૧,૪૫,૦૦૦

સૂચિત દાળમિલ સ્થાપવાનું સ્થળ સેલંબા વધુ અનુકૂળ છે. કારણ કે તે તાલુકાના બજાર તરીકે વિકાસ પામ્યું છે.

૩. ચોખા છડવાની પ્રક્રિયાનાં એકમો ઊભાં કરવાં :

ચોખા એ તાલુકાનો જુવાર પછીનો અગત્યનો પાક છે. પરંપરાથી આદિવાસીઓ ડાંગરને હાથથી છડવાની જે પરંપરા છે તેને જ અપનાવતા રહ્યા છે. કુટુંબની સ્ત્રીઓ દરરોજ રાંધવાની જરૂરિયાત જેટલો જથ્થો હાથે છડી લે છે. હવે જે ખેડૂતોને તેને રોકડ નાણું મેળવવા માટે ઉત્પાદનનો અમુક જથ્થો જે વેચવો પડે છે તે જથ્થો પણ ડાંગરના મૂળ સ્વરૂપમાં જ વેપારીને વેચવામાં આવે છે. અને તેથી તેની કિંમત ઘણી જ ઓછી પ્રાપ્ત થાય છે. જો તેઓ પ્રક્રિયા કરેલી ડાંગર વેચે તો તેઓ ચોક્કસપણે વધુ આવક મેળવી શકે. બીજું કે હાથે છડવાની જે કંટાળાજનક પદ્ધતિ છે તેમાંથી સ્ત્રીઓને છોડાવી શકાશે અને ફાજલ સમયમાં સ્ત્રીઓ બીજી ઉત્પાદનપ્રવૃત્તિ કરી શકશે. આ સંદર્ભમાં એવું સૂચવવામાં આવે છે કે ડાંગર છડવાનાં પાંચ નાનાં એકમ તાલુકામાં જુદી જુદી જગ્યાએ સ્થાપવાં જોઈએ. આવી પ્રક્રિયા માટેનું એક એકમ ઊભું કરવા પાછળનો ખર્ચ નીચે મુજબ છે.

(૧) ૩ ક્વિન્ટલની ક્ષમતા ધરાવતા તથા ૨ એચ. પી. મોટર સાથેના ડાંગર છડવાના મશીનની કિંમત	૩. ૫૦૦૦
(૨) ૨૧૦ કિ.ગ્રા.ની ક્ષમતા ધરાવતા તથા ૧.૫ એચ. પી. મોટર સાથેના ચોખા પૉલિસ કરવાના મશીનની કિંમત	૩. ૪૫૦૦
(૩) વાહનવ્યવહાર તથા અન્ય ખર્ચ	૩. ૫૦૦
(૪) ચાલુ મૂડી (આમાં વીજળી, ભાડવણી ખર્ચ દુરસ્તખર્ચ, ભાડું તથા પરચૂરણ વગેરે)	૩. ૧૦૦૦
(૫) શૅર ભંડોળ ૩. ૨૫નો એક શૅર લેખે	૩. ૬૨૫
કુલ	૩. ૧૧,૬૨૫

આવા પાંચ એકમો ચાલુ કરવાનું ખર્ચ ૩. ૧૧૬૨૫×૫ = ૩. ૫૮૧૨૫ થાય. આ રકમમાં પાંચ એકમોના શૅરભંડોળ માટે જરૂરી એવા ૩. ૩૧૨૫/– અને ચાલુ મૂડી તરીકે જરૂરી એવા ૩. ૫૦૦૦ એમ ૩. ૮૧૨૫ પ્રથમ વર્ષના ઘટક કક્ષાએ આયોજન ભંડોળમાંથી ફાળા તરીકે મળવા જોઈએ. બાકીના જે ૩. ૫૦૦૦૦નું ભંડોળ કે જે મશીન ખરીદવા જરૂરી છે તે ઓછા વ્યાજના દરે ધિરાણ તરીકે લીડ બૅંકમાંથી લેવું.

આવા એકમો ચલાવવાનો ખર્ચ બાદ કરતાં બધા એકમોની વ્યક્તિગત દિવસની ચોખ્ખી આવક ૩. ૩૦ જેટલી થશે. એવો અંદાજ છે કે જો આ એકમો વર્ષ દરમ્યાન ઓછામાં ઓછા ૨૦૦ દિવસ કાર્યરત રહે તો આ પ્રમાણે દરેક એકમની વાર્ષિક આવક ૩. ૬૦૦૦ જેટલી થાય. જો ૨૫ શૅર ધરાવનારાઓને આ વહેંચવામાં આવે તો તેમાંના દરેકને વાર્ષિક ૩. ૩૦૦ વધારાની આવક તરીકે મળશે.

આ સિવાય દરેક એકમ પાંચ વ્યક્તિઓને ૩. ૭ લેખે દૈનિક રોજગારી આપશે. આમાં ૧૦૦૦ વધારાના માનવદિન જેટલું કાર્ય ઊભું કરી શકાશે. અને પાંચે એકમોને ગણતરીમાં લેતાં ૫૦૦૦ વધારાના માનવદિનો થશે. જ્યારે શૅરહોલ્ડરની આવકને માનવદિનો ઉપજાવવામાં આવ્યા છે તેની સાથે જોડી દેવામાં આવે તો વધારાના માનવદિવસોનું કામ ઊભું કરી શકાય. અને એ રીતે આ સ્કીમ દ્વારા ૮૦૦૦ માનવદિન ઊભા થઈ શકે.

આ એકમ ભાડાના મકાનમાં ચાલશે અને વારાફરતી દરેક શૅર ધરાવનાર તેની દેખરેખ રાખશે.

આ દરખાસ્તના અમલ માટે અલગ સહકારી સંસ્થા ઊભી કરવાનું જરૂરી બનશે. આ સહકારી એકમનું સભ્યપદ જે ગામમાં ચોખા છડવાનું એકમ સ્થાપવામાં આવે તે ગામનાં કુટુંબો પૂરતું મર્યાદિત રાખવામાં આવશે.

આમ આવા પાંચ એકમોનું કુલ ખર્ચ નીચે પ્રમાણે થશે.

(૧) ઘટકકક્ષાએ આયોજન ફંડમાંથી મદદ

(અ) (૧) શૅર ધરાવનારને સબસીડી તરીકે

૧૨૫ × ૨૫ × ૧ ૩. ૩૧૨૫

(૨) ચાલુ મૂડી, લોન તરીકે ૫૦૦૦

(બ) ૫ એકમોની મશીનરી ખરીદવા બૅંક તરફથી મેળવેલ લોન ૫૦૦૦૦

૩. ૫૮૧૨૫

આ એકમો ચાલુ કરવા માટે નીચેનાં ગામો સૂચવવામાં આવે છે :
૧. સાગબારા ૨. ભોર આમલી ૩. ચોપડવાવ ૪. કાનખાડી ૫. પાનખાલા

૪. પથ્થરની કપચી બનાવવી :

તાલુકાના કેટલાક ભાગોમાં ખાસ કરીને ઉત્તર પૂર્વના ડુંગરાળ ભાગમાં પથ્થરની કપચી બનાવવાની વિશાળ શકયતાઓ છે. પથ્થરની કપચીની માંગ પણ ઘણી ઊંચી છે. નર્મદા બંધ વિસ્તાર તથા અંકલેશ્વર અને ભરૂચમાં બાંધકામ પ્રવૃત્તિ પુરજોશમાં ચાલતી હોવાથી પથ્થરની કપચીના વેચાણનો પ્રશ્ન ઊભો થવાની શકયતા નથી. પથ્થરની કપચીના એકમો માટે સહકારી મંડળીઓ ઊભી કરી આ પ્રવૃત્તિને સહકારી ક્ષેત્રમાં લાવવી જોઈએ.

સૂચન તરીકે એમ નક્કી કરી શકાય કે ચાલુ વર્ષે તાલુકામાં આવાં ત્રણ એકમો ચાલુ થવા જોઈએ. દરેક એકમ અલગ સહકારી એકમ દ્વારા બનાવવું જોઈએ. આવા દરેક સહકારી એકમોની ૫૦ વ્યક્તિઓને પ્રાથમિક સભ્ય તરીકે નોંધવામાં આવશે. જો એકમો ચલાવવાનો અનુભવ ઉત્સાહપ્રેરક હોય તો ત્યાર પછીના દરેક વર્ષે એક અથવા બે એકમો ચાલુ કરી શકાય.

એક એકમ ચાલુ કરવાના અંદાજી ખર્ચ નીચે મુજબ હશે.

(૧) શૅરમૂડી શૅર દીઠ રૂ. ૨૧ લેખે ૫૦ સભ્યોના રૂ. ૧૦૫૦

(૨) સુપરવાઇઝરનો માસિક પગાર રૂ. ૪૦૦ લેખે વાર્ષિક પગાર ૪૮૦૦

(૩) પથ્થર તોડવાના ૧૪′ × ૧૪′ ના મશીનની કિંમત ૧૯૦૦૦

(૪) ડીઝલ એન્જિન (૨૬–૩૦ હૉર્સ પાવરની શક્તિ ધરાવતા)ની કિંમત ૨૩૦૦૦

(૫) વધારાનાં સાધનોની કિંમત ૫૦૦૦

(૬) એક એન્જિનનું મકાન તથા એક ભંડાર અને ઑફિસ સાથેના મકાનવાળા કાચા શેડનું બાંધકામ ખર્ચ ૬૦૦૦

(૭) પરિવહન, બાંધકામ અને બીજા પ્રાથમિક ખર્ચાઓ ૪૦૦૦

(૮) ૩ મહિના માટેની ચાલુ મૂડી ૧૫૦૦

કુલ રૂ. ૬૪,૩૫૦

સૂચિત ત્રણ એકમોનું કુલ મૂડી રોકાણ

૩ × ૬૪,૩૫૦ રૂ. ૧,૯૩,૦૫૦

આ રકમમાં ચાલુ મૂડી અને શૅર મૂડી માટેની જરૂરી રકમ ઘટક-કક્ષાએ આયોજન ફંડમાંથી ફાળવવી જોઈએ. બાકીની રકમ જે મશીનરીની ખરીદી, ડીઝલ ઑઇલ એન્જિન, સાધનો, પરિવહન, બાંધકામ ખર્ચ અને કાચા શેડ બંધાવવાના હેતુ માટે વ્યાજના નીચા દરે ધિરાણ તરીકે લોન બૅંકમાંથી લેવી.

શૅરભંડોળની જે રકમ ઘટકકક્ષાએ આયોજનમાંથી ફાળવવામાં આવી છે તે મદદરૂપે પૂર્ણ સબસિડીના ધોરણે આપવી. જ્યારે ચાલુ મૂડીની રકમ દરેક સહકારી એકમને વ્યાજમુક્ત ધિરાણ તરીકે આપવી. આમ કુલ રોકાણ રૂ. ૧,૯૩,૦૫૦ નીચે પ્રમાણે મુલવવું.

(૧) ઘટકકક્ષાએ આયોજન ફાળામાંથી ફાળવણી

(i) સભ્યદીઠ રૂ. ૨૧ લેખે ૧૫૦ શૅર ધરાવનારને સબસિડી રૂપે રૂ. ૩૧૫૦

(ii) એકમદીઠ રૂ. ૧૫૦૦નું વ્યાજમુક્ત ધિરાણ–ત્રણ એકમોને. રૂ. ૪૫૦૦

રૂ. ૭૬૫૦

(૨) ત્રણે એકમો માટે મશીનરી ડીઝલ એન્જિન વગેરે ખરીદવા માટે એકમ દીઠ રૂ. ૬૧,૮૦૦×૩ = રૂ. ૧.૮૫,૪૦૦

એવું ધારવામાં આવે છે કે જો આ એકમો વ્યવસ્થિત ચાલે તો દરેક એકમ સરાસરી ૧૦ ટન પથ્થરની કપચી બનાવશે. હાલમાં એક થેલીના રૂ. ૪ના બજારભાવ પ્રમાણે વાર્ષિક નફાની રકમ ચલાવવાનો ખર્ચ બાદ કર્યા પછી રૂ. ૨૦,૦૦૦ થશે. આ મુજબ દરેક એકમમાં શૅર ધરાવનાર દીઠ આ દ્વારા વાર્ષિક આવક રૂ. ૪૦૦ની આવક ઊભી કરી શકાશે. આ સિવાય દરેક વ્યક્તિ પથ્થર તોડવાના કામમાંથી રોજગારી મેળવી શકશે. ધારો કે એકમ મહિનાના ૨૫ દિવસ કામ કરે તો ૨૫ × ૭ = રૂ. ૧૭૫ = ૦૦ મહિને આવક થશે. વાર્ષિક આવક રૂ. ૧૭૫ × ૧૨ = રૂ. ૨,૧૦૦ થશે. જો એકમ દ્વારા થયેલ નફાનો હિસ્સો ઉમેરવામાં આવે તો દરેક શૅર ધરાવનાર વાર્ષિક આવક રૂ. ૨,૫૦૦ મેળવશે.

દરેક એકમ ૧૬,૫૦૦ માનવદિન જેટલું કામ આપશે અને ત્રણે એકમોની ગણતરી પ્રમાણે આ યોજના હેઠળ કુલ ૫૩,૫૫૦ માનવદિન જેટલું કામ મળી શકશે.

એકમનું સંચાલન કરવા માટે પ્રાથમિક સભ્યોમાંથી એક સંચાલન સમિતિ બનાવવી અને એ સમિતિમાંથી એક મંત્રી ચૂંટવો. એકના નામે બૅંકમાં ખાતું ખોલાવવું અને ઘટકકક્ષાએ આયોજનના અમલ માટે નિમાયેલ રોજગાર અધિકારીનો પણ આ સમિતિમાં સમાવેશ કરવો અને ખાસ કરીને તેમના દ્વારા પથ્થરની કપચીના વેચાણની વ્યવસ્થા થવી જોઈએ.

૫. સુથારીકામ

આદિવાસીઓને જન્મજાત સુથારીકામ આવડતું હોવાને કારણે આ ઉદ્યોગ ખાસ મુશ્કેલી સિવાય ચાલુ કરી શકાય તેમ છે. બીજું કે સાગબારા જંગલ વિસ્તાર છે એટલે જંગલોમાં આ ઉદ્યોગ માટેનો કાચો માલ એટલે લાકડું સારા પ્રમાણમાં મળી આવે છે. આ બે હકીકત સફળતાપૂર્વક સુથારીકામની દુકાન ચલાવવા માટે પૂરતી છે. માત્ર પ્રશ્ન રહેતો હોય તો તે ઉત્પન્ન થયેલા માલના વેચાણનો. સામાન્ય આદિવાસીઓ આ પ્રશ્ન તેમની રીતે ઉકેલી શકે નહીં તેથી વેચાણ માટેની જવાબદારી, ખાસ આ હેતુ માટે ઊભી કરવામાં આવેલી સંસ્થાને સોંપવી જોઈએ.

સૂચન એવું છે કે આ યોજનામાં ૧૦ના આદિવાસી કુટુંબોને સમાવવા જોઈએ. આ દરેક આદિવાસી કુટુંબને સુથારીકામની દુકાન ચાલુ કરવા માટે નાણાકીય અને તાંત્રિક મદદ આપવામાં આવશે અને તેઓ સમાન્ય સ્ટુલ્સ, ખુરશી અને ટેબલો બનાવશે તથા હળ, ગાડાનાં પૈંડાં વગેરેની મરામત જેવાં કામ કરશે: નાણાકીય મદદ નીચેના હેતુ માટે આપવામાં આવશે.

(૧) હાથથી ધાર કાઢવાનાં ૩ હથિયારો ખરીદવા માટે	રૂ. ૧૫૦
(૨) જુદી જુદી સાઇઝના ૪ કરવત ખરીદવા માટે	રૂ. ૭૫
(૩) પકડ (સીગરો) નંગ–૩ ખરીદવા માટે	રૂ. ૧૭૫
(૪) સામાન્ય સાધનો ખરીદવા હથોડી – ૪ હાથથી કાણું પાડવાનાં સાધનો – ૩ રંધો–વાંસલો	રૂ. ૪૭૫
(૫) કામ કરવા માટેનું સ્ટેન્ડ બાંધવા માટે	રૂ. ૨૨૫
(૬) ચાલુ મૂડી (૧૫ દિવસ માટે) (૧) એક લાંબું લાકડું બે દિવસ પૂરતું ચાલશે એટલે કે એક પખવાડિયા માટે ૮ લાંબાં લાકડાં જોઈશે. ૧ લાંબા લાકડાની કિંમત રૂ. ૧૫૦–ની આસપાસ થાય. આ હેતુ માટે દરેક કુટુંબને આપવાની રકમ	રૂ. ૧,૨૦૦
(૨) પરચૂરણ વસ્તુઓ જેવી કે બ્લીચિંગ, કાચ-પેપર, પૉલિશ, સ્પિરિટ, વાર્નીશ, અને ફેવીકૉલ વગેરે.	રૂ. ૧૦૦
	રૂ. ૨,૪૦૦

૧૦૦ કુટુંબોને આવરી લેવાનાં હોવાથી આ યોજના હેઠળનું કુલ મૂડીરોકાણ ૧૦૦ × ૨,૪૦૦ = રૂ. ૨,૪૦,૦૦૦ થશે.

કુલ રકમમાંથી એક એકમને આપવાની રકમ રૂ. ૨,૪૦૦માંથી સાધનો અને હથિયારો ખરીદવા માટે જરૂરી રકમ રૂ. ૧,૧૦૦/– બાજના નીચા

દરે ધિરાણ તરીકે લીડ બૅંકમાંથી મેળવવા. આમ ૧૦૦ કુટુંબો માટે ધિરાણ તરીકે લીડ બૅંકમાંથી લેવાની રકમ રૂ. ૧,૧૦,૦૦૦ થાય.

એક પખવાડિયા માટેના ચાલુ ખર્ચ માટેની રૂ. ૧,૩૦૦ની જરૂરી રકમ ૫૦ ટકા સબસિડીના ધોરણે ઘટકકક્ષાએ આયોજન ફંડમાંથી ફાળવવી. બાકીના ૫૦ ટકા રકમ ફંડમાંથી વ્યાજમુક્ત ધિરાણ તરીકે આપવામાં આવશે કે સામાન્ય હપતા દ્વારા વસૂલ કરવામાં આવે. આ રીતે આ યોજનાના અમલ માટે ઘટકકક્ષાએ આયોજન ફંડમાંથી ફાળાની રકમ રૂ. ૧,૩૦,૦૦૦ થશે.

આ બધા ૧૦૦ એકમો એક સહકારી એકમ હેઠળ ભેગા થશે. જે બનાવેલા માલના વેચાણની જવાબદારી સંભાળશે. એકમના સામાન્ય સભ્યોમાંથી કાર્યવાહક સમિતિ બનાવવામાં આવશે કે જે તેના સભ્યોને બનાવેલા માલ માટે શકય બજાર તથા સંભવિત ગ્રાહકો પાસેથી પહેલા ઑર્ડરો લેવાની બાબતમાં માર્ગદર્શન પૂરું પાડશે. દરેક સભ્યનો ઓછામાં ઓછો એક ૧૦ રૂ.નો શૅર તો હશે જ. સભ્યપદ ફી રૂ. ૧/– આપી નોંધાવવી પડશે. આ રૂ. ૧૧ની રકમ સભ્યોએ ભરપાઈ કરવી પડશે. પરંતુ આ રકમની ચૂકવણી સુથારી એકમ ચાલુ થયા બાદ એક અથવા બે મહિના બાદ આપી શકાય.

એવું સૂચવવામાં આવે છે કે આ યોજના હેઠળ આવરી લેવાનારા કુટુંબોની પસંદગી, તાલુકાના પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ ભાગના ગામોમાંથી કરવી.

જો યોગ્ય રીતે સંગઠિત કરવામાં આવે તો એક દિવસના રૂ. ૪૦ લેખે વર્ષમાં ૧૫૦ દિવસ ગણતરીમાં લેતાં દરેક કુટુંબને વાર્ષિક રૂ. ૬,૦૦૦-ની આવક થશે. ખેતીની મોસમમાં આ કામ લગભગ બંધ રહેશે.

દરેક એકમ ૪૦૦ માનવદિન જેટલું કામ આપશે. બધા ૧૦૦ એકમોને એકત્રિત કરતાં વર્ષે દહાડે ૪૦,૦૦૦ માનવદિન જેટલું કામ ઊભું કરી શકાશે.

૬. રાચરચીલું બનાવવું

મુખ્ય આવક ઊભી કરી શકાય એ રીતે આ જે યોજના છે તે જમીનવિહોણા આદિવાસીઓ અને નાના ખેડૂતો માટેની છે. આ યોજના દ્વારા તાલુકાના આદિવાસીઓમાં સાહસિકતાનો વિકાસ થાય તે માટે ઉત્તેજન આપશે.

ચાલુ વર્ષમાં પાંચ એકમો ચાલુ કરવાનું સૂચવવામાં આવે છે. એક એકમ સ્થાપવા માટેનું મૂડીરોકાણ રૂ. ૯,૫૦૦ જેટલું હશે. મૂડીરોકાણની વહેંચણી નીચે મુજબ હશે.

(૧) ૧ લાકડાં કાપવાનું કરવત	રૂા. ૧,૬૦૦
(૨) ૦.૫ હો. પા.ની મોટર સાથેનું કાણાં પાડવા માટેનું સ્થિર બેસાડેલ મશીન ખરીદવા	રૂ. ૧,૫૦૦
(૩) ૩ હોર્સ પાવરની મોટર સાથેનું વાળવાનું મશીન ખરીદવા	રૂ. ૪,૨૦૦
(૪) કામ કરવા માટેનાં ચાર પ્લેટફૉર્મ	રૂ. ૨,૨૦૦
કુલ	રૂ. ૯,૫૦૦

આ રકમ સિવાય દરેક એકમને ૧૫ દિવસ માટે એકમ ચલાવવા માટે નાણાકીય સહાય અપાશે. તે એવા સમયે અપાશે કે જ્યારે એકમ પોતે ઉત્પન્ન કરેલા માલના વેચાણ દ્વારા આવક મેળવશે. એક એકમના રૂ. ૬૪૦ પ્રમાણે બધા ૧૦ એકમોને ચાલુ મૂડી તરીકેની ફાળવણીની રકમ રૂ. ૯,૬૦૦ થશે.

ચાલુ મૂડીની જરૂરી રકમની વહેંચણી નીચે પ્રમાણે થશે.

(૧) દિવસના ૩ લોગ (Logs) પ્રમાણે ૧૫ દિવસના ૧ લોગના રૂ. ૧૫૦ પરિવહન ખર્ચ	રૂ. ૮,૨૫૦
(૨) વીજળી ખર્ચ	રૂ. ૨૨૫
(૩) એક મજૂરના રોજના રૂ. ૧૫ પ્રમાણે ૧૫ દિવસના ૫ મજૂર માટે.	રૂ. ૧,૧૨૫
કુલ રકમ	રૂ. ૯,૬૦૦

આમ પાંચ એકમ ચાલુ કરવા પાછળનું મૂડીરોકાણ રૂ. ૯,૫૦૦ વત્તા ૯૬૦૦ × ૫ = ૯૫,૫૦૦ થશે. આ રકમ માટે રૂ. ૪૭,૫૦૦નું ધિરાણ ઓછા વ્યાજના દરે લીડ બેંકમાંથી મેળવવું કે જેમાંથી સાધનો–હથિયારો, વીજળીની મોટરો, કામ કરવા માટેના પ્લેટફૉર્મ તૈયાર કરવાનું ખર્ચ કરી શકાય. બાકીની ૮,૦૦૦ની રકમ ઘટકકક્ષાએ આયોજન ફાળામાંથી ફાળવવી જોઈએ. દર એકમને કુલ જે ૯,૬૦૦ રૂ. અપાશે તેમાં ૫૦ ટકા સબસિડીના ધોરણે અને ૫૦ ટકા વ્યાજમુક્ત લોનના સ્વરૂપમાં અપાશે. કે જે સામાન્ય હપતાથી વસૂલ કરી શકાય, એ ધોરણે અપાશે.

તૈયાર થયેલ માલના વેચાણની વ્યવસ્થા પહેલા જણાવેલ સુથારી કામમાંની પદ્ધતિના ધોરણે કરવી પડશે.

અલબત્ત આ યોજના જે ગામોમાં વીજળીની સગવડ છે ત્યાં જ ચલાવી શકાશે. આ ધ્યાનમાં રાખી એવું સૂચવવામાં આવે છે કે સાહસિકોની પસંદગી સાગબારા, ચોપડવાવ, ભોરઆમલી, પંખાલા અને કાનખડી ગામોમાંથી કરવી. આ એકમો ચલાવવાના આધારે થયેલા અનુભવોમાંથી જો વિકાસ થઈ શકે તેવો હોય તો પછી જે ગામોમાં વીજળી મળી શકે તેમ હોય તેવા ગામોને આવરી લેવાં જોઈએ.

એમ ધારણા રાખી શકાય કે ચાલુ ખર્ચ બાદ કર્યા પછી એક એકમ દિવસના રૂ. ૭૦ જેટલો નફો મેળવી શકશે. આ પ્રમાણે એક એકમનો વાર્ષિક નફો ૧૪,૦૦૦ × ૫ = ૭૦,૦૦૦ થશે. આ યોજના દ્વારા વાર્ષિક ૭,૦૦૦ માનવદિન જેટલું કામ મળી શકશે. આ સિવાય દરેક એકમ પાંચ વ્યક્તિઓને રોજગારી આપી શકશે. આમ બધા એકમોને આ યોજનામાં એકત્રિત કરતાં ૭,૫૦૦ માનવદિન જેટલું કામ થશે. આમ બધું મળીને ૧૪,૫૦૦ માનવદિન જેટલું કામ પેદા થશે.

૭. લાકડાંનાં ખોખાં બનાવવાના એકમો :

આ યોજના જુદી જુદી પેઢીઓ કારખાનાઓને જરૂરી પોચા લાકડામાંથી જુદા જુદા પ્રકાર(કદ)નાં ખોખાં બનાવવા માટેની છે. આ યોજના ૫૦ વ્યક્તિઓને કામ કરી શકે તેવા લઘુ ઉદ્યોગ પ્રકારની ઘડવામાં આવી છે. એવું સૂચવવામાં આવે છે કે ૫૦ સભ્યો આ એકમમાં કામદાર તરીકે કામ કરશે. આ એકમ સહકારી ક્ષેત્રે સ્થાપવું. આદિવાસીઓને યોગ્ય તાલીમ આપ્યા બાદ આ એકમ તેમણે જાતે ચલાવવું પડશે. સભ્યો પાસેથી સભ્યદીઠ રૂ. ૫૧/– વાળા શેરમાંથી શેરમૂડી તરીકે રૂ. ૨,૫૫૦ ઊભા કરવાના રહેશે.

સાધનો ખરીદવા તથા મકાન બાંધકામ માટેનું મૂડીરોકાણ નીચે મુજબ હશે.

(૧) જમીન —	સરકાર અથવા પંચાયતની માલિકીવાળી જમીનમાંથી મદદરૂપે આપવી
(૨) શેડનું બાંધકામ	રૂા. ૪૦૦૦

(૩) મકાન ૧૪૦×૪.૫ ફૂટ = ૬,૩૦૦ ચો. ફૂટનું અને ૧ ચો. ફૂટના ૧૦ લેખે — રૂ. ૬,૩૦૦૦

(૪) ૪૮ "ની આડીકરવત હાથલારી (૧૫. હૉ. પા.ની મોટર સાથે) — રૂ. ૨૦,૦૦૦

(૫) ૪૨"ની ઊભી કરવત ટેબલ સાથે (૧૦ હૉ.પા.ની મોટર સાથે) — રૂ. ૭,૫૦૦

(૬) ૨૪"ની ગોળાકાર કરવત (૧૦ હૉર્સપાવરની મોટર સાથે) — રૂ. ૪,૦૦૦

(૭) ૧૦" ગોળાકાર કરવત (૫ હૉર્સપાવરની મોટર સાથે) — રૂ. ૨,૫૦૦

(૮) આડું કાપવા માટેનું વિશાળ જગ્યાવાળું ૧૨"નું હૉર્સ પાવર સાથેનું મશીન — રૂ. ૫,૦૦૦

(૯) એક ૧૪" ઓલપરપઝ પાવર કરવત અથવા રેડિયમ આર્મ કરવત – ૫ હોર્સ પાવર મોટર સાથે — રૂ. ૬,૦૦૦

(૧૦) એક ૨૪" પ્લબર અને થીકનેસર (૭ હૉર્સપાવર સાથે) — રૂ. ૧૨,૫૦૦

(૧૧) એક ૯" જોઇન્ટર — રૂ. ૨,૫૦૦

(૧૨) એક બેન્ચ ટાઇપ સ્પન્ડલ હોલ્ડર (શેર હૉર્સપાવર સાથે) — રૂ. ૨,૫૦૦

(૧૩) એક ડોવેટેલ રીંગ મશીન — રૂ. ૨,૫૦૦

(૧૪) એક સી. સહારપીયર અને સેટર સાથે
૧.૫ હૉર્સપાવર બેડ સો ૫" સુધી અને — રૂ. ૨,૫૦૦
સરકયુલર સો ૨૪" સુધી લેવા માટે — રૂ. ૪,૦૦૦

(૧૫) કલોડની સમતાવાળું એક ઇલેક્ટ્રિક બ્રાઝીંગ મશીન — રૂ. ૬૨૫

(૧૬) એક ડબલ એન્ટેડહેન્ચ ગાઇન્ડર ૧૫"×૧ સ્ટોનડાઈ — રૂ. ૧,૨૫૦

(૧૭) એ ૭" ઇલેક્ટ્રિકલ શો — રૂ. ૬૨૫

(૧૮) ૧૫૮૦ ફૂટ ટ્રોલી લાઇન (રૂ.૭૧) — રૂ. ૨,૫૦૦

(૧૯) કારખાના અને મશીનો માટે વીજળી ઇન્સ્ટોલેશન — રૂ. ૧૦,૦૦૦

(૨૦) ઑફિસનાં સાધનો — રૂ. ૨,૫૦૦

રૂ. ૧,૫૩,૦૦૦

એકમ ચલાવવા માટેનો ચાલુ ખર્ચ જેવો કે કામદારોની મજૂરી, કાચા માલની ખરીદી, તથા ચાલુ ખર્ચાઓ માટેની મૂડી નીચે પ્રમાણે હશે.

		માસિક પગાર રૂ.
(૧)	સુપરવાઇઝર–૧	૫૦૦
(૨)	હિસાબનીશ–૧	૪૦૦
(૩)	ભંડાર સંભાળનાર–૨ (માસિક રૂ. ૨૫૦ લેખે)	૫૦૦
(૪)	કુશળ કારીગરો ૩૮ કારીગર દીઠ માસિક રૂ. ૨૫૦ લેખે.	૯,૫૦૦
(૫)	ચોકીદાર–૩ (એક ચોકીદારના માસિક ૧૫૦ લેખે	૪૫૦
(૬)	કારીયર્સ–૫ દરેકને માસિક ૧૫૦ લેખે	૭૫૦
(૭)	પોચા લાકડાની ખરીદી રોજના ૩૦૦ ફૂટ પ્રમાણે માસિક ૩૦૦ × ૨૫ = ૭,૫૦૦ ૧ ફૂટના રૂ. ૩ પ્રમાણે	૨૨,૫૦૦
(૮)	ફૂની ખોલી ખરીદી	૭૫૦ (માસિક)
(૯)	વીજળીખર્ચ	૪૫૦ ,,
(૧૦)	પરચૂરણ ખર્ચ રોજના ૨૫ પ્રમાણે ૩૦ × ૨૫	૭૫૦
	કુલ રૂ.	૩૬,૫૫૦

ચાલુ મૂડી માટે જરૂરી એવી રકમ ત્રણ મહિના સુધી આપવાની રહેશે. ત્યાર પછીના ચાલુ ખર્ચાઓ ઉત્પાદિત માલના વેચાણમાંથી જે નફો થાય તેમાંથી નીકળશે.

એવી ધારણા રાખવામાં આવે છે કે ચાલુ ખર્ચ, વ્યાજ વગેરે બાદ કરતાં એકમ વાર્ષિક રૂ. ૪૦,૦૦૦ની કમાણી કરશે. જે સહકારી એકમના પ્રાથમિક સભ્યોને નફાના હિસ્સાની રકમ તરીકે ચૂકવવામાં આવશે. આનાથી દરેક સભ્યને ૮૦૦ રૂ. મળશે. એમાં જે કામ કરનારા હશે તે શેર હોલ્ડર હશે. પ્રાથમિક સભ્યોમાંથી જ એક કાર્યવાહક સમિતિ બનશે જે એકમની કામગીરીની દેખરેખ રાખશે.

સાધનો અને મશીનરી ખરીદવા તથા મકાન બાંધવા માટેના જરૂરી મૂડીરોકાણમાંથી ૧,૫૩,૦૦૦ લીડ બૅંકમાંથી ઓછા વ્યાજના દરે ધિરાણ

તરીકે લેવામાં આવશે. જ્યારે ત્રણ માસના સામાન્ય ખર્ચની રકમ રૂ. ૩૬,૫૫૦ ઘટકકક્ષાએ આયોજનમાંથી ફાળવવાની રહેશે. જેમાં ૫૦ ટકા સબસિડીના ધોરણે અને ૫૦ ટકા વ્યાજમુક્ત ધિરાણ તરીકે હશે. આમ ઘટક કક્ષાએ આયોજન ફાળામાંથી ફાળવવાની રકમ રૂ. ૧,૦૯,૬૫૦ થશે. એવી ધારણા રાખવામાં આવે છે કે આ યોજના હેઠળ ૨૦,૦૦૦ માનવદિન જેટલું કામ કરી શકાશે. તૈયાર થયેલાં ખોખાનાં વેચાણનો પ્રબંધ ક્રમ ૫ અને ૬માં સૂચવ્યા મુજબ ઉકેલવો. બીજું કે અંકલેશ્વર અને ભરૂચમાં આવા ખોખાની જ્યારે જરૂરિયાત ઊભી થશે. તેથી માલના વેચાણનો કોઈ પ્રશ્ન રહેશે નહીં.

આ એકમ સાગબારા ખાતે સ્થાપી શકાય.

૮. ઘાસમાંથી સ્ટ્રો બોર્ડ બનાવવાની યોજના :

હાલમાં ઘાસ અને તણખલામાંથી મોટા પાયે પૂંઠાના જાડા કાગળ બનાવનારાં કારખાનાંઓની સંખ્યા જૂજ છે. તાલુકાના જે વિસ્તારોમાં પૂરતા પ્રમાણમાં ઘાસ, તણખલા, પાણી, વીજળી અને શ્રમ મળી શકે તેમ હોય ત્યાં આર્થિક રીતે નાના પાયાના ધોરણે દિવસના એટલે ૨૪ કલાકમાં ૫ ટન માલનું ઉત્પાદન થઈ શકે તેવી યોજના છે. આમ આ યોજનામાં કુલ મૂડીરોકાણ —

(૧) મશીનરી, સાધનો અને મકાન	રૂ. ૩,૮૦,૦૦૦
(૨) ૩ મહિના માટે ચાલુ મૂડી રૂ. ૬૨,૧૫૦ × ૩	રૂ. ૧,૮૬,૪૫૦
	રૂ. ૫,૬૬,૪૫૦

સ્થાયી મૂડીરોકાણ માટેની જરૂરી રકમ ઓછા વ્યાજના દરે બેંકમાંથી ધિરાણ તરીકે મેળવવી જોઈશે. જ્યારે ત્રણ માસના સમય માટેની ચાલુ મૂડી તરીકેની જરૂરી રકમ ઘટક કક્ષાએ આયોજન ફાળામાંથી ૫૦ ટકા સબસિડી અને ૫૦ ટકા વ્યાજમુક્ત ધિરાણ તરીકે ફાળવવી જોઈએ.

ઉત્પાદિત માલની વેચાણ-વ્યવસ્થા ક્રમ ૫, ૬, ૭ માં સૂચવ્યા પ્રમાણે કરવાની રહેશે.

એવું સૂચવવામાં આવે છે કે સહકારી એકમ બનાવી તેમાં ૧૦૦ પ્રાથમિક સભ્યો નોંધવા કે જેઓ એકમમાં કુશળ, બિનકુશળ અને અન્ય નીચા દરજ્જાના કર્મચારી તરીકે રોજગારી મેળવશે. દરેક પ્રાથમિક સભ્ય શેર ધરાવનાર તરીકે હશે. સભ્યદીઠ શેરની રકમ રૂ. ૫૧ હશે. આમ શેર મૂડી તરીકેની રકમ રૂ. ૫,૧૦૦ હશે. આ રકમ ઘટક કક્ષાએ આયોજન ફાળામાંથી શેર ધરાવનારને નાણાકીય મદદરૂપે આપવી. આમ ઘટક કક્ષાએ આયોજન ફાળામાંથી ફાળવવા માટે જરૂરી રકમ નીચે મુજબ હશે.

(૧) ત્રણ માસ માટેની ચાલુ મૂડી તરીકે એક મહિનાના ૬૨,૧૫૦ તરીકે	રૂ. ૧,૮૬,૪૫૦
(૨) શેરમૂડી	રૂ. ૫,૧૦૦
	કુલ રૂ. ૧,૯૧,૫૫૦

એવી ધારણા રાખવામાં આવે છે કે ચાલુ ખર્ચ, વ્યાજની રકમ, પરિવહન ખર્ચ વગેરે બાદ કરતાં વાર્ષિક નફાની રકમ ૭૨,૦૦૦ જેટલી થશે. ૧૦૨ વ્યક્તિઓ માસિક ૬૨,૧૫૦ રૂ. જેટલી આવક કમાઈ શકશે અને વાર્ષિક આવક ૭,૪૫,૮૦૦ જેટલી થશે. આ યોજના દ્વારા વર્ષે ૩૭,૨૦૦ માનવદિન જેટલું કામ આપી શકાશે.

આ એકમ પાટ ગામમાં અથવા ચોપડવાવ અથવા તો જ્યાં પૂરા પાણીની સગવડ હોય ત્યાં સ્થાપી શકાય.

અંકલેશ્વર અને ભરૂચ ખાતે કેટલાક ક્ષેત્રોમાં ઔદ્યોગિક વિકાસ થઈ રહ્યો હોવાથી પૂંઠા માટેનો જાડા કાગળનો ઉપયોગ અનેક ગણો વધી શકે. અને આ એકમ સાગબારા ખાતે સ્થાપવામાં આવે કે જ્યાં ઉપરોક્ત તમામ સગવડ પ્રાપ્ય છે. આમાંથી કેટલાંક કુટુંબો રોજગારીનો લાભ મેળવી શકશે.

મશીનરી અને સાધનોની ખરીદી, કારખાનાનું મકાન બાંધવાના ખર્ચ માટે રૂ. ૩,૫૫,૦૦૦નું મૂડીરોકાણ જરૂરી હશે. નિયત મૂડીરોકાણમાંથી ખર્ચની રકમ નીચે મુજબ રહેશે.

(૧) ૨ એકર જમીન — સરકારી સંસ્થા અથવા તાલુકા પંચાયતે ફાળવવાની

(૨) મકાન — ૫,૦૦૦ ચો. ફૂટ — રૂ. ૫૫,૦૦૦

(૩) મશીનરી અને સાધનો

સ્ટોકર (i) ઘાસ કાપવાનું મશીન – ૩

પલ્પર (ii) માવો બનાવવાનું સાધન – ૪

(iii) માવો ખૂંદવાનું મશીન – ૩

(iv) એજીટેટર

(v) ડાઇજેસ્ટર

(vi) એજીટેશન

(vii) ફેરફાઇનિ મશીન

(viii) હાઈ ડેન્ટીકપેડ

(ix) કેલેન્ડરીંગ મશીન

(x) રોટરી કટીંગ મશીન — રૂ. ૧,૪૦,૦૦૦

(૪) વરાળ પેદા કરવાનું મશીન — રૂ. ૧૫,૦૦૦

(૫) વીજળીની મોટર તથા પંપ — રૂ. ૪૦,૦૦૦

(૬) પાઇપ ફીટીંગ — રૂ. ૫,૦૦૦

(૭) બાંધકામ અને સ્થાપના — રૂ. ૨૫,૦૦૦

(૮) ટ્રક — રૂ. ૧,૦૦,૦૦૦

કુલ રૂ. ૩,૮૦,૦૦૦

એકમ ચલાવવા માટે જરૂરી ચાલુ મૂડી નીચે પ્રમાણે હશે.

	પ્રતિ માસ રૂ.
(૧) વ્યવસ્થાપક અને કેમિકલ ઇજનેર – ૧	૧,૦૦૦
(૨) સુપરવાઇઝર – ૩ દરેકને માસિક ૪૦૦ પ્રમાણે	૧,૨૦૦
(૩) ૩૦ કુશળ કારીગરો, દરેકને ૨૦૦ પ્રમાણે	૬,૦૦૦
(૪) બિનકુશળ કારીગર ૬૦ દરેકને ૧૫૦ પ્રમાણે	૯,૦૦૦
(૫) ચોકીદાર – ૩ દરેકને માસિક ૧૫૦ પ્રમાણે	૪૫૦
(૬) વાહનચાલક (ડ્રાઇવર) એક ૧૫૦ પ્રમાણે	૧૫૦

(૭) કારકુન – ટાઇપિસ્ટ – ૨	૩૦૦
(૮) ભંડાર સંભાળનાર – ૧ માસિક ૧૫૦ પ્રમાણે	૩૦૦
(૯) કાચો માલ ૩૫૦ ટન ઘાસ (માસિક) એક ટન ઘાસના રૂ. ૭૫ લેખે પરિવહન ખર્ચ સાથે	રૂ. ૨૬,૨૫૦
(૧૦) રસાયણ, ચૂનો, રાળ, સોડિયમ સીલીકેટ પીળા રંગની માટી	રૂ. ૫,૦૦૦
(૧૧) અન્ય ખર્ચાઓ જેવા કે બળતણ, વીજળી, પાણી	રૂ. ૧૨,૫૦૦
કુલ	રૂ. ૬૨,૧૫૦

૯. પતરાળાં-પડિયા બનાવવાનાં એકમો :

પતરાળાં તથા પડિયા બનાવવા માટે ખાખરાનાં પાન શ્રેષ્ઠ હોય છે. આ તાલુકામાં આ પાન પુષ્કળ પ્રમાણમાં મળી શકે છે. આ જંગલ આધારિત હોવાને કારણે ઘણા આદિવાસી કુટુંબોને આવકમાં વધારો કરવા મદદરૂપ થશે. આ પ્રવૃત્તિ ગૃહઉદ્યોગના ધોરણે વિકસાવી શકાય. આ કુટિર-ઉદ્યોગ ચાલુ કરવા માટે દરેક કુટુંબને રૂ. ૮૦૦ ની મૂડી જોઈએ.

એવું સૂચવવામાં આવે છે કે ચાલુ વર્ષમાં ઓછામાં ઓછા ૧૦૦ કુટુંબો આવરી લેવાવાં જોઈએ. જેમનો સમાવેશ કરી શકાય તેવાં કુટુંબોની પસંદગી તાલુકાના ઉત્તર પૂર્વના ડુંગરાળ અને જંગલ વિસ્તારમાંથી કરવી જોઈએ.

આ યોજના પાછળ જેમાં ૧૦૦ કુટુંબો સમાવવામાં આવ્યાં છે તેનું કુલ મૂડીરોકાણ રૂ. ૮૦૦ × ૧૦૦ = ૮૦,૦૦૦ થાય. આ યોજના બેંક આધારિત હોવાથી દરેક કુટુંબદીઠ રૂ. ૩૦૦ સુધીનું ધિરાણ આપવું અને કુલ મૂડીરોકાણ નીચે મુજબ મૂલવી શકાય.

(૧) બેંક-ધિરાણ એક કુટુંબને રૂ. ૩૦૦ પ્રમાણે ૧૦૦ કુટુંબ માટે	રૂ. ૩૦,૦૦૦
(૨) ઘટક કક્ષાના આયોજનમાંથી સબસિડીના પાયા ઉપર ફાળવેલ રકમ	રૂ. ૫૦,૦૦૦
કુલ	રૂ. ૮૦,૦૦૦

ઉત્પન્ન થયેલા માલના વેચાણની વ્યવસ્થા આ યોજના અમલમાં મૂકવા ઊભી કરવામાં આવેલી કચેરી દ્વારા કરવી જોઈએ.

એવી ધારણા રાખવામાં આવે છે કે દરેક કુટુંબ કુટુંબદીઠ માસિક ૨૫,૦૦૦ જેટલાં પતરાળાં તથા પડિયા બનાવશે. અને હાલના ભાવના આધારે તેમાંથી ચાલુ ખર્ચ બાદ કર્યા પછી માસિક રૂ. ૩૫૦ની કમાણી કરી શકાશે. આમ દરેક કુટુંબદીઠ વાર્ષિક આવક રૂ. ૪,૨૦૦ થશે. જો આ બધા એકમોની સાથે ગણતરી કરવામાં આવે તો ૪૨,૦૦૦ માનવદિન જેટલું કામ ઊભું કરી શકાશે.

૧૦. મધમાખીઉછેર અને મધ બનાવવું :

સાગબારા તાલુકાના જંગલોમાં વસતા આદિવાસીઓમાં મધ એકઠું કરવાની પ્રવૃત્તિ અગત્યની છે. પણ તેઓ મધમાખી ઉછેરવાની પ્રક્રિયાથી જાણકાર નથી. આ તાલુકાના ઉત્તર અને પશ્ચિમ વિસ્તારોમાં કુદરતી જંગલો આવેલાં હોવાથી મધમાખીઉછેર પ્રવૃત્તિ ખાસ મુશ્કેલી વિના વિકસાવી શકાય તેમ છે. મધની માંગ ઘણી હોવાને કારણે મધના વેચાણનો કોઈ પ્રશ્ન રહેશે નહીં. આદિવાસી કુટુંબો આ પદ્ધતિ અપનાવી વધુ સમય વેડફ્યા સિવાય તેમની આવકનું સ્તર ઊંચું લઈ જઈ શકે છે. ઘટક કક્ષાના આયોજનમાં આ યોજના હાથ ધરવાનું સૂચવવામાં આવે છે. કેટલાક પાકો જેવા કે તુવેરને મધમાખીના ઉછેરથી આડકતરો લાભ થશે. મધમાખી દ્વારા મીણ જે મધપૂડો બનાવવામાં અગત્યનું તત્ત્વ છે તે આડપેદાશ તરીકે ઊભું કરી શકાય. અને તેનો ઉપયોગ ફર્નિચર તથા ભોંયતળિયાના પૉલિશમાં કરાય. ખાસ કાપડ તથા ચામડાંની વસ્તુઓને પાણીની અસરથી મુક્ત કરવા ઉપયોગમાં લઈ શકાય.

એવું સૂચવવામાં આવે છે કે આ યોજનામાં ૧૦૦ કુટુંબોનો સમાવેશ કરી શકાશે. મધમાખી ઉછેરવાનો ઉદ્યોગ ચાલુ કરવા દરેક કુટુંબને રૂ. ૧,૨૦૦ની જરૂર હશે. આ યોજનામાં ૧૦૦ કુટુંબો સમાવવાનાં હોવાથી કુલ મૂડીરોકાણ ૧૨૦૦ × ૧૦૦ = રૂ. ૧,૨૦,૦૦૦ થશે, જેની વહેંચણી નીચે મુજબ હશે.

(૧) એક એકમનું બાંધી મૂડીરોકાણ

(૧) મધમાખીની એક પેટીના ૬૦ રૂ. પ્રમાણે ૧૦ પેટીના	રૂ. ૬૦૦
(૨) ફ્રેમ, મિલ્સની ચાદર તથા જરૂરી સાધનો ખરીદવા,	રૂ. ૧૭૫
(૩) વધારાનો ખર્ચ એક પેટીના રૂ. ૭ પ્રમાણે ૧૦ પેટીના	રૂ. ૭૦
કુલ	રૂ. ૮૪૫
(બૅંક લોન)	

(૨) એક એકમ માટેનો ચાલુ ખર્ચ (વાર્ષિક)

(૧) દરેક પેટીદીઠ ૨ કિ. ગ્રા. ખાંડ પૂરી પાડવા, ૬ રૂ. કિ. પ્રમાણે	રૂ. ૧૨૦
(૨) બાટલી વગેરેની કિંમત	રૂ. ૮૦
(૩) વેચાણ અને મજૂરી ખર્ચ રૂ. ૮ એક પેટી પ્રમાણે	રૂ. ૮૦
(૪) અન્ય ખર્ચ	રૂ. ૭૫
	રૂ. ૩૫૫

(ઘટક કક્ષાએ આયોજન ફંડ)

બધું મળી કુલ રૂ. ૧,૨૦૦ ખર્ચ થશે. એવી ધારણા છે કે દરેક મધમાખીની પેટીદીઠ મધનું ઉત્પાદન ૭.૫ કિલોગ્રામ હશે. એટલે કે દરેક કુટુંબ ૭૫ કિ. ગ્રા. મધ ઉત્પન્ન કરશે. હાલમાં શુદ્ધ મધના બજારભાવ ૧૫–૨૦ પ્રમાણે દરેક કુટુંબને (રૂ. ૧૫ લઘુત્તમ કિંમત) રૂ. ૧૫ × ૭૫ = રૂ. ૧,૧૨૫ની આવક થશે. ચાલુ ખર્ચ જે ૩૫૫ છે તે બાદ કરતાં ૧,૧૨૫ – ૩૫૫ = ૭૭૦ દરેક કુટુંબની ચોખ્ખી આવક થશે. ૧૦૦ કુટુંબોની ગણતરી કરતાં આ ઉદ્યોગમાંથી ૧૦૦ કુટુંબ દ્વારા ૭૭૦ × ૧૦૦ = રૂ. ૭૭,૦૦૦ની આવક હશે. આ યોજના હેઠળ ૧૭,૭૦૦ માનવદિન જેટલું કામ આપી શકાશે.

એ ધ્યાનપાત્ર હશે કે આ યોજના હેઠળના બધા ૧૦૦ કુટુંબોને પ્રથમ ખાસ ઊભી કરવામાં આવેલી "સાગબારા તાલુકા મધઉછેર સહકારી મંડળી"ના સભ્ય બનાવવામાં આવે. આ મંડળી મારફત મધના વેચાણની વ્યવસ્થા કરવા માટે લોકોને તાલીમ આપવાની વ્યવસ્થા કરવામાં આવશે.

બાકીના વર્ષમાં બીજાં ૫૦ કુટુંબોને આ યોજના હેઠળ આવરી લઈ લક્ષ્યાંક સિદ્ધ કરવો જોઈએ.

૧૧. મરઘાંઉછેર :

સામાન્ય રીતે પણ આદિવાસીઓ ઘરઆંગણે પરંપરાગત રીતે મરઘાં-ઉછેર કરતા જ હોય છે. પણ મિજબાની અને ક્રિયાકર્મકાંડમાં ભોગ આપવા એ લોકો મરઘાના બચ્ચાંનો પણ ઉપયોગ કરતા હોય છે. મરઘાઉછેર એ આવક વધારવાનું સાધન છે. તેનાથી આદિવાસીઓ અજાણ હોય છે. તેથી મરઘાઉછેર કર્યા હોવા છતાં, તેઓ આ માટેની સરકારી નાણાંકીય સહાય લેવામાં નિષ્ફળ નીવડતા હોય છે. આદિવાસીઓમાં નિયમિત આવકની શકયતા તરીકે મરઘાંઉછેરને લોકપ્રિય બનાવવાની વિટંબણાઓમાંની એક વિટંબણા વેચાણ માટેની બજાર-વ્યવસ્થા ઊભી કરવાનો અભાવ છે. અલબત્ત મુંબઈ દિલ્હીના બજારોમાં ૨૦થી ૨૫ ટકા ઈંડાં ગુજરાત, આંધ્ર અને બીજાં કેટલાંક રાજ્યોમાંથી મરઘાંઉછેર કેન્દ્રો તથા અસંગઠિત માર્ગો દ્વારા આવતાં હોય છે. આપણે આદિવાસીઓમાં આ સગવડ લાવવામાં સફળ થયા નથી. આદિવાસી વિસ્તારોમાં વેચાણ-વ્યવસ્થા કરવાની બાબતને ગંભીર-પણે ધ્યાન આપવાની જરૂર છે.

આદિવાસીઓમાં મરઘાંઉછેરની પ્રવૃત્તિ ખાસ પ્રવૃત્તિ છે. એ હકીકત ધ્યાનમાં રાખતાં ચાલુ વર્ષ દરમ્યાન મરઘાંઉછેરની યોજનામાં ૩૦૦ કુટુંબોનો સમાવેશ કરવો જોઈએ. સંયોજિત આદિવાસી વિકાસ કાર્યક્રમ હેઠળ મરઘાંઉછેર કાર્યક્રમ અમલમાં મૂકવામાં આવ્યો છે. પાંચમી પંચવર્ષિય યોજનામાં ૩૦,૦૦૦ લોકોને લાભ આપવાનો લક્ષ્યાંક સિદ્ધ કરવામાં આવ્યો છે. અને આ પાછળ રૂ. ૪.૫ લાખ ખર્ચવામાં આવ્યા હતા. નાના ખેડૂતો માટેની વિકાસ એજન્સી દ્વારા આ યોજનાની શરૂઆત ૧૯૭૯-૮૦ ના વર્ષમાં શરૂ કરવામાં આવી છે. અને ૪૦ લોકોને તેનો લાભ આપવામાં આવ્યો છે. આમાં સિદ્ધિ પ્રાપ્ત થાય તો આ તાલુકામાં મરઘાંઉછેર પ્રવૃતિ ચોક્કસપણે લોકપ્રિય બની શકે. આ બાબતમાં કોઈ મૂલ્યાંકન અભ્યાસ ન હોવાથી તેની સફળતા સિદ્ધિ કેટલી છે તે કહેવું મુશ્કેલ છે. છતાં એટલું કહી શકાય કે આ તાલુકામાં હજુ પણ મરઘાઉછેરનાં કાર્યક્રમ માટે સારો એવો અવકાશ છે. તેથી ઘટક કક્ષાના આયોજન હેઠળ પણ આ કાર્યક્રમ ઘનિષ્ઠ રીતે હાથ પર લેવો જોઈએ.

આ યોજનાનો લાભ લેનાર દરેકે પ્રથમ "મરઘાંઉછેર મંડળી–વાલિયા"ના શેર ખરીદી પ્રાથમિક સભ્ય નોંધાઈ જવું જોઈએ. આમ સભ્યપદ મળતાં મફત પક્ષીઓ મળી શકશે.

કેરાલાના પછાત વિસ્તારોમાંના મરઘાંઉછેર મુજબ એવું સૂચવવામાં આવે છે કે આ યોજનામાં સમાવેશ કરેલ દરેક કુટુંબ ૨૦–૨૫ પક્ષીઓનું એકમ બનાવે તે માટેનું પ્રોત્સાહન આપવું જોઈએ. આવા એકમ માટે કોઈ સાધનની જરૂર નથી. આવા એકમ માટેનું મૂડીરોકાણ નીચે પ્રમાણે હશે.

(૧)	૧ દિવસના ૪૦ બચ્ચાંના રૂ. ૧.૨૫ પ્રમાણે	રૂ. ૫૦
(૨)	૨૦ બચ્ચાંઓનો ૧૮ માસ સુધીનો ખોરાક ૩૦ કિ. ગ્રામ, ૧ કિગ્રા.ના ૨૫ રૂપિયા પ્રમાણે	રૂ. ૭૫૦
(૩)	૨૦ નર પક્ષીઓનો ૬ માસનો ખોરાક ૩ કિ.ગ્રા.	રૂ. ૭૫
(૪)	૧ પક્ષીના રૂ. ૧ પ્રમાણે સારવાર અને અન્ય ખર્ચ	રૂ. ૨૦
(૫)	શેરમૂડી	રૂ. ૨૧
	કુલ	રૂ. ૯૧૬–૦૦

આદિવાસી પેટા યોજનામાં સસ્તો ખોરાક અને સંસ્થાકીય સારવાર મળે તેવી જોગવાઈ કરવી જોઈએ જેથી વાર્ષિક રૂ. ૧૦૦થી ૧૫૦ ખોરાક અને દવાના ખર્ચની બચત થઈ શકે જેથી કુટુંબને આ રીતે પણ આવક થઈ શકશે. આ યોજના હેઠળ દરેકને મફત પક્ષીઓ પૂરાં પાડવાં જોઈએ. અગાઉ જણાવ્યું તે મુજબ લાભ લેનાર વ્યક્તિ વાલિયા સહકારી મંડળી-નો સભ્ય હશે તો તેને મફત પક્ષીઓ પ્રાપ્ત થશે. પરંતુ આ માટે પણ મંડળીના પ્રાથમિક સભ્ય થવા માટેના રૂ. ૨૧ શેર ખરીદવા માટે દરેક કુટુંબને સંપૂર્ણ સબસિડી આપવી.

આ સિવાય દરેક કુટુંબને ચાલુ મૂડી તરીકે રૂ. ૨૦૦ની સહાય ૫૦% વ્યાજમુક્ત લોનના ધોરણે આપવી. સાગબારા તાલુકામાં આ યોજના અમલમાં મૂકવા માટે કુલ ખર્ચ નીચે મુજબ થશે.

(૧) શેર પેટે રૂ. ૨૧ × ૩૦૦ રૂ. ૬,૩૦૦

(૨) ચાલુ મૂડી પેટે લોન રૂ. ૨૦૦ × ૩૦૦ રૂ. ૬૦,૦૦૦

કુલ રૂ. ૬૬,૩૦૦

આ બધી રકમ ઘટકકક્ષાએ આયોજનનાં ફાળવવી. જો ઈંડાં વેચવા પથી ૬ મહિનાના ૧ કિ.ગ્રા. વજનવાળા નરપક્ષીઓ વેચવા તથા ૧૬ જૂના clayers વગેરેના વેચાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે તો કુટુંબની વાર્ષિક આવક રૂ. ૧,૦૦૦ જેટલી થાય. વેચાણ માટે ભરૂચ અંકલેશ્વરની ખાનગી સંસ્થાઓ જે આ બાબત સાથે સંકળાયેલી છે તેમનો સંપર્ક સાધી તેમને વળતરના ધોરણે ટેકો આપવો જોઈએ. આદિવાસી પેટા યોજના મારફત એક ગોડાઉન તથા ૫ ભંડારઘર બાંધવામાં આવ્યાં હોવાથી સંગ્રહ કરવાનો મોટો પ્રશ્ન ઉકેલી શકાશે. વધુમાં વાલિયા ખાતે મરઘા ખોરાક બનાવવાની શરૂઆત થઈ હોવાથી લાભ મળનારાઓને મુશ્કેલી સિવાય નિયમિત પણે પુરવઠો મળી શકશે. આ યોજનાથી તાલુકામાં ૩૦,૦૦૦ માનવદિન જેટલું કામ ઊભું કરી શકાશે.

આ યોજનાનો લાભ લેનારોઓની પસંદગી ૪૦ : ૩૦ ના ધોરણે જમીનવિહોણા, નાના ખેડૂત અને સીમાંત ખેડૂતમાંથી કરવી. આ સૂચનના અમલ માટે લાભ લેનારાઓની એક કમિટી બનાવવી. જેમાં રોજગાર અધિકારી એ ચેરમેન હશે. કમિટીનો હેતુ એકમ સારી રીતે કામ કરે તે જોવાનો રહેશે. કમિટી બજાર અને ઉત્પાદન ઉપર પણ ધ્યાન રાખશે.

૧૨. વાંસમાંથી બનાવવામાં આવતી જુદી જુદી વસ્તુઓનું ઉત્પાદન :

આ તાલુકાના ૧૪૦ કોટવાળિયા કુટુંબો પરંપરાગત કૌટુંબિક ધંધા તરીકે વાંસમાંથી ટોપલા વગેરે બનાવવાનો વ્યવસાય કરે છે. આદિવાસી પેટાયોજના હેઠળ આ કોટવાળિયા જાતિના આદિવાસીઓ માટેની ઘણી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. રાજ્યે આ જાતિને પ્રાથમિક કક્ષા પાંચ આદિવાસી જાતિઓ પૈકીની એક ગણી હોવાથી તેમને માટે ખાસ યોજનાઓ હાથ ધરાઈ છે. આના અનુસંધાનમાં ઘટક કક્ષાએ આયોજન કાર્યક્રમમાં પણ તેમની આવકનું સ્તર ઊંચે આવે તે માટે એક યોજના ઘડવી.

આ યોજના હેઠળ ૫૦ કોટવાળિયા કુટુંબોનો સમાવેશ કરવામાં આવશે. વર્ષ દરમિયાન ૩૦૦ દિવસ માટે દિવસના ૫ વાંસ પ્રમાણે ૧૫૦૦ વાંસ ખરીદવા માટે રૂ. ૩૩૭.૫૦ની સહાય સબસિડીના ધોરણે આપવી જોઈએ. આ યોજનાનું કુલ મૂડીરોકાણ રૂ. ૧૬,૮૭૫ હશે. આ યોજનામાં જે કુટુંબો ટોપલા વગેરે બનાવે છે એનો સમાવેશ કરવામાં આવશે.

આ યોજનામાં રોકાણ માટેની રૂ. ૧૬,૮૭૫ની રકમ ઘટકકક્ષાએ આયોજનમાંથી ફાળવવામાં આવશે.

કુટુંબની પસંદગીમાં જે સાગબારા તાલુકા વાંસ સહકાર મંડળીના પ્રાથમિક સભ્ય તરીકે નોંધાયેલા હશે તેમને પસંદ કરવામાં આવશે.

આ મંડળી ઉત્પાદક માલનું વેચાણ કરતી હોવાથી આવા કુટુંબોને તેમના માલના વેચાણનો પ્રશ્ન ઊભો નહીં થાય. એવી ધારણા રાખવામાં આવે છે કે આના દ્વારા દરેક કુટુંબ ૭,૫૦૦ રૂ.ની વધારાની આવક મેળવી શકશે. આમ આ યોજનામાં આવરી લેવાયેલાં બધાં કુટુંબોની આવક રૂ. ૩,૭૫,૦૦૦ થશે. આ યોજના અમલમાં મૂકવાથી વધારાના ૩,૭૫,૦૦૦ માનવદિન જેટલું કામ ઊભું કરી શકાશે.

૧૩. અનાજ દળવાની ઘંટી :

તાલુકાના મોટાભાગના લોકો લોટ તરીકે જુવારના લોટનો ઉપયોગ કરે છે. તે લોકો પથ્થરની ગોળ ઘંટી દ્વારા જુવાર દળે છે. એવું સૂચવવામાં આવે છે કે કેટલાક આદિવાસી કુટુંબોને અનાજ દળવાની ઘંટી ચાલુ કરવા માટે મદદ આપવી જોઈએ. ચાલુ વર્ષમાં આવાં પાંચ એકમો સ્થાપવાની ભલામણ કરવામાં આવે છે. આ એકમો તાલુકાના જે ગામોમાં વીજળીની સગવડ છે ત્યાં ચાલુ થઈ શકશે તે પ્રમાણે સાગબારા, બેર આમલી, ચોપડવાવા પંખાલા અને કનખાડી ગામોમાં આ એકમો ચાલુ કરવાં જોઈએ. આનો લાભ જમીનવિહોણા અથવા સીમાંત ખેડૂતોના જૂથને આપવો જોઈએ.

એક એકમ સ્થાપવા ૬,૦૦૦ રૂ.નું મૂડીરોકાણ જોઈએ.

૧. સ્થિર મૂડી :

(૧) અનાજ દળવાની નાની મિલ ૮ કિંવટલની શક્તિવાળીની કિંમત	૩. ૧,૫૦૦/
(૨) પાંચ હોર્સ પાવરની શક્તિવાળી મોટર તથા જરૂરી સાધન-સામગ્રીની કિંમત	૩. ૪,૨૦૦/-
(૩) ધંટી માટે શેડ બાંધવાનો ખર્ચ	૩. ૩,૦૦૦/-
	કુલ ૩. ૮,૭૦૦/-

૨. ચાલુ ખર્ચ :

(૧) વીજળી ખર્ચ, એક દિવસના ૩. ૩ પ્રમાણે ૨૫ દિવસના મહિના મુજબ કુલ ત્રણ મહિનાનું ખર્ચ	૩. ૨૨૫/
(૨) અન્ય ખર્ચ એક દિવસના ૩. ૨ મુજબ ૨૫ દિવસનો મહિનો ગણતા ૩ મહિનાનું ખર્ચ	૩.૧૫૦/-
કુલ. ૩. ૩૭૫	

બધું મળી કુલ ખર્ચ ૩. ૯,૧૨૫

આમ પાંચ એકમો ચાલુ કરવા માટેનું મૂડીરોકાણ

૩. ૯૧૨૫ × ૫ = ૪૫,૬૨૫ થશે.

આ રકમમાં સ્થિર મૂડી માટેની રકમ ૩. ૪૩,૭૫૦ લીડ બેંકમાંથી વ્યાજના ઓછા દરે ધિરાણ તરીકે મેળવવાની રહેશે. બાકી રહેલ રકમ ૩. ૧૮૭૫ જે ચાલુ ખર્ચ માટે જરૂરી છે તે ઘટકકક્ષાએ આયોજન ફાળામાંથી પૂરેપૂરી સબસિડીના ધોરણે મેળવવાની રહેશે.

લાભ મેળવનાર કુટુંબની રોજની ચોખ્ખી આવક ૩. ૧૨ થશે. એટલે કે વાર્ષિક આવક ૩. ૩,૬૦૦ દરેક એકમની થશે. આ એકમો મહિનામાં ૨૫ દિવસ કાર્યરત રહેશે. તે દ્વારા ૧૮૦૦ માનવદિન જેટલું કામ ઊભું કરી શકાશે.

પાંચમી પંચવર્ષિય યોજનામાં જ્યાંવીજળીકરણ થયું હોય તેવાં ગામોમાં આવાં એક અથવા બે એકમો ચાલુ કરવાં જોઈએ.

૧૪. બકરાં ઉછેર :

આ તાલુકાના આદિવાસીઓ તથા બીજે ઠેકાણે પણ એ લોકો બકરાં પાળવાના ખૂબ શોખીન હોય છે. તેમાંથી ખેતર માટે ખાતર મળે છે. તથા અણધાર્યા ખર્ચ જેવી કટોકટીની પળોમાં મદદરૂપ થાય છે. બકરાં ઉછેર તેમને માટે ઘણું જરૂરી છે. તેમાં ગરીબ આદિવાસી કુટુંબોની આવક વધારવા માટેની પૂરતી શકયતાઓ રહેલી છે. જો તેઓ દૂધનું વેચાણ કરવાનું કામ હાથમાં લે તો તેમને તે દ્વારા નિયમિત આવક થશે.

આદિવાસી અર્થકારણમાં બકરાં ઉછેર ઘણું યોગ્ય સાધન છે. તેમની સામાજિક અને આર્થિક પરિસ્થિતિ માટે બકરાં ખાસ બંધબેસતા છે. જ્યારે દુધાળાં ઢોર અથવા ભેંસો બંધબેસતી સ્થિતિમાં નથી.

એવું સૂચવવામાં આવે છે કે આ યોજના હેઠળ ૧૦૦ વ્યક્તિઓને લાભ આપી શકાશે. જે ગામ નજીક જંગલ વિસ્તાર ન હોય તેવા ગામોનાં કુટુંબો માટે આ યોજના પસંદ કરવી જોઈએ. જો એવાં ગામોમાંથી કુટુંબો પસંદ કરવામાં આવે કે જેમની નજીકમાં જંગલ વિસ્તાર હોય તો તેમને બકરાંને કોઢમાં ખોરાક આપવા સમજાવવા જોઈએ. જો લાભ આપવા માટેનો વર્ગ દક્ષિણના ગામોમાંથી પસંદ કરવામાં આવે તો આવી મુશ્કેલી નહીં પડે.

એવું સૂચવવામાં આવે છે કે લાભ મેળવનારને ૧–૨ મહિનાની ઉંમરનાં પાંચ બકરાં, તેમાં ૩ બકરા અને ૨ બકરી પૂરી પાડવી જોઈએ. પાંચ બકરાંના એકમ પાછળનું મૂડીરોકાણ એક બકરાના ૧૦૦ પ્રમાણે ૩. ૫૦૦ થશે.

આ સ્થિર મૂડીની રકમ સિવાય દરેક કુટુંબને બકરાં માટે ખોરાક પૂરો પાડવાના ખર્ચ માટે નાણાકીય મદદ આપવી જોઈએ. રોકાણની વહેંચણી નીચે મુજબ કરવામાં આવશે.

૧. એક બકરાના ૩. ૧૦૦ પ્રમાણે પાંચ બકરાં
ખરીદવા માટેની સ્થિર મૂડી ૩. ૫૦૦/-

૨. એક વર્ષ સુધી બકરાં ઉછરે તે સમય દરમ્યાન એક
બકરી માટે એક દિવસના ૫૦ ન. પૈ. ખર્ચ
પ્રમાણે ગણતાં ૧૨ મહિનાના ૩. ૯૧૨/-

કુલ ૩. ૧૪૧૨-૦૦

લગભગ ૩. ૧,૪૦૦/-

આમ આ યોજના પાછળનું કુલ મૂડીરોકાણ ૧૪૦૦ × ૧૦૦ = ૩. ૧,૪૦,૦૦૦ થશે. આ રકમ ઘટકકક્ષાએ આયોજન ફાળામાંથી ૫૦% સબસિડી અને ૫૦% વ્યાજમુક્ત ધિરાણના દરે આપવી જોઈએ.

ચાર વર્ષને અંતે આ પાંચ બકરાંમાંથી બકરીનાં બચ્ચાં ૯ હશે. એક બકરાના ૩. ૨૦૦ પ્રમાણે વેચતાં ૯ બકરાંના ૩. ૧,૮૦૦ મળશે. દર વર્ષે કુટુંબને આ રીતે નિયમિત આવક મળતી રહેશે, બકરીને વેચીને આવક મેળવ્યા સિવાય વર્ષ દરમ્યાન ૩. ૧૦૦૦થી વધુ કિંમતનું દૂધ વેચીને પણ કુટુંબો આવક મેળવી શકશે, આ દ્વારા કુટુંબની આવક ૩. ૨૫૦૦ની થશે. ચોથા વર્ષને અંતે ૨૫૦૦૦ માનવદિન જેટલું કામ ઊભું કરી શકશે.

૧૫. દરજીકામ :

એવું સૂચવવામાં આવે છે કે આ યોજનામાં આદિવાસીઓમાંથી ૩૦ યુગલોને (૬૦ વ્યક્તિઓને) સમાવવાં. દરેક યુગલને સીવવાનો સંચો, જરૂરી સાધનો, બેસવાના ટેબલ વગેરે ખરીદવા માટે જરૂરી એવા ૩. ૨૫૦૦ની રકમ આપવી. આમ કુલ જરૂરિયાત ૭૫૦૦૦ની થશે. આ રકમમાંથી ૫૮૦૦૦ની રકમ ઓછા વ્યાજના દરે લીડ બેંકમાંથી ધિરાણ તરીકે મેળવવી અને બાકીની રકમ ૩. ૧૭૦૦૦ ઘટકકક્ષાએ આયોજન ફાળામાંથી સંપૂર્ણ સબસિડી સ્વરૂપમાં લેવી. લાભ લેનાર ૩૦ યુગલોને જુદાં જુદાં ગામોમાંથી પસંદ કરવાં. તેમને ૨ માસની તાલીમ આપવી. તાલીમનું આયોજન સંકલિત આદિવાસી વિકાસ કાર્યક્રમ રાજપીપળા દ્વારા કરવામાં આવશે. તાલીમ બાદ તેઓ પોતાના ગામમાં પોતાના એકમમાં કામ કરશે. દરેક યુગલ દિવસના ૩. ૧૨ની આવક મેળવશે. આમ ૩. ૩૦૦ × ૧૨ = ૩૬૦૦ ૩.ની વાર્ષિક આવક મેળવશે. આ યોજના દ્વારા વાર્ષિક ૧૮૦૦૦ માનવદિન

જેટલું કામ ઊભું થઈ શકશે. આ માટેનું રોકાણ નીચેનાં સાધનો દ્વારા પૂરું પાડવામાં આવશે.

બેંક ધિરાણ ૩. ૫૮,૦૦૦
ઘટકકક્ષાએ આયોજનનો ફાળો ૩. ૧૭,૦૦૦

કુલ ૩. ૭૫,૦૦૦

૧૬. ઘરની આસપાસની ખુલ્લી જમીનમાં શાકભાજી વાવેતર:

દરેક આદિવાસીઓને ઘરની આગળ તથા પાછળના ભાગમાં ખુલ્લી જગ્યા હોય છે. તેનો ઉપયોગ શાકભાજી ઉગાડવા માટે થઈ શકે. શાકભાજી ઉગાડવા માટે તેમને જરૂરી પ્રોત્સાહન આપવું જોઈએ. એવું સૂચવવામાં આવે છે કે તાલુકામાંથી ૧૦૦૦ કુટુંબોને આ યોજના હેઠળ સમાવવાં જોઈએ. આ યોજના સંકલિત આદિવાસી વિકાસ કાર્યક્રમ દ્વારા અમલમાં મુકાઈ હોવાથી જેઓને આ યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા છે, તેમને પસંદગી આપવી જોઈએ.

એવું સૂચવવામાં આવે છે કે લાભ મેળવનાર દરેક કુટુંબને જુદાં જુદાં શાકભાજીનાં બીજની કોથળીઓ આપવી જોઈએ. આ યોજનાનું કુલ મૂડીરોકાણ ૩. ૧૦૦૦ × ૪ × ૨ = ૩. ૮૦૦૦/- થશે. આ રકમ ઘટકકક્ષાએ આયોજનના ફાળામાંથી ફાળવવી જોઈએ. આદિવાસી કુટુંબોને શાકભાજી ઉગાડવાનું પ્રોત્સાહન આપવા માટે બીજની કોથળીઓ સંપૂર્ણપણે સબસિડીના સ્વરૂપમાં આપવી જોઈએ. આ યોજના નાના સીમાંત તથા જમીન-વિહોણા મજૂરો માટે અમલમાં મુકાવી જોઈએ. આ માટેના ૮૦૦૦ ૩. ઘટકકક્ષાએ આયોજનમાંથી ઊભા કરવામાં આવશે.

૧૭. ફળ-ઝાડની કલમો પૂરી પાડવી (બાગાયત) :

આ ખેત જંગલ કાર્યક્રમ હોવાથી આ યોજના પ્રથમ રીતે અમલમાં મૂકી શકાય. આ તાલુકામાં સીતાફળ અને બોર ઘણી સહેલાઈથી ઉછેરી શકાય એવું જણાય છે. તેથી એવું સૂચવવામાં આવે છે કે આ બે ફળનાં વૃક્ષો મોટા પાયા પર રોપવાં જોઈએ. જે આ યોજના અમલમાં મૂકે તેમને યોગ્ય આવક મળે તે જોવું જોઈએ. એવું સૂચવવામાં આવે છે કે તાલુકામાં ચાલુ વર્ષે આ યોજનામાં ૧૦૦૦ કુટુંબોનો સમાવેશ કરવો જોઈએ. દરેક

કુટુંબને પાંચ સીતાફળની અને પાંચ બોરની એમ ૧૦ કલમો આપવી જોઈએ. આ યોજનામાં એક કલમના રૂ. ૩ પ્રમાણે કુલ રોકાણ રૂ. ૧૦૦૦ × ૧૦ × ૩ = રૂ. ૩૦,૦૦૦ થશે. આ રકમ ઘટકકક્ષાએ આયોજનમાંથી ફાળવવામાં આવશે.

૧૮. મત્સ્યોદ્યોગ :

સાગબારા તાલુકામાં ૯૦૦ જેટલી વ્યક્તિઓ મત્સ્યોદ્યોગમાં કામ કરે છે એવું નોંધવામાં આવ્યું છે. એમાંથી ૩૮૦ વ્યક્તિઓ માછીમાર સહકારી સોસાયટીની સભ્ય છે. જે લોકો વ્યક્તિગત રીતે મચ્છી પકડવાનો ધંધો કરે છે તેવી વ્યક્તિઓ પણ આ માછીમાર સહકારી સોસાયટીના સભ્ય થઈ શકે તેવો મોકો રહેલો છે. તેથી સૂચન કરીએ છીએ કે ઘટકકક્ષાએ આયોજન હેઠળ આવી ૧૦૦ વ્યક્તિઓને સમાવી લેવી જોઈએ. શૅર ખરીદવા માટે જે જે ખર્ચ થશે તે માટેની નાણાકીય મદદ સંપૂર્ણપણે સબસિડીના આધારે અપાવી જોઈએ. દર સભ્યના ૩૧ રૂ. શૅર ભંડોળ પ્રમાણે જે નવા ૧૦૦ સભ્યોની સભ્ય ફી રૂ. ૩૧૦૦ અને ૨૦ વ્યક્તિઓને ઉકાઈ તાલીમ કેન્દ્ર દ્વારા જે તાલીમ અપાશે તેનો ખર્ચ રૂ. ૧૫,૦૦૦. આ રકમ ઘટકકક્ષાએ આયોજનમાંથી ફાળવવાની રહેશે.

આમ કુલ રૂ. ૧૮,૧૦૦ જે ખર્ચ થશે તે નીચે મુજબ હશે.

(૧) ૧૦૦ સભ્યોના લવાજમ અને શૅર મૂડી માટેની રકમ
રા. ૩૧ પ્રમાણે — રૂ. ૩૧,૦૦/-

(૨) ૨૦ નવા સભ્યોને તાલીમ આપવાનું ખર્ચ — રૂ. ૧૫,૦૦૦/-

કુલ રૂ. ૧૮,૧૦૦/-

તાલીમ પામેલા આ ૨૦ સભ્યો તાલીમ લીધા પછી રૂ. ૧૦૦૦ની વાર્ષિક આવક મેળવી શકશે. અને તેથી આ યોજના દ્વારા કુલ રૂ. ૨૦,૦૦૦થી વધુ (બિનતાલીમ પામેલાની આવક સાથે) આવક ઊભી કરી શકાશે. ચાર વર્ષમાં ૮૦ નવા સભ્યોએ નવા પ્રકારની તાલીમ લીધેલી હશે. દર વર્ષે બીજા નવા ૫૦ સભ્યો સહકારી મંડળીના સભ્યો બનશે તેથી પાંચ વર્ષે સહકારી મંડળીની સભ્ય સંખ્યા ૩૦૦ની થશે. જેમાંથી ૧૦૦ સભ્યોએ ઉકાઈ તાલીમ કેન્દ્રમાંથી તાલીમ લીધેલી હશે.

મત્સ્ય ખાતાએ કલ્ચર માછલી માટેની કેટલીક યોજનાઓ મૂકી છે. જેનો ઉપયોગ તાલીમ લીધેલા તેમ જ બિનતાલીમ પામેલા બધા સભ્યો કરી શકશે. તેના દ્વારા માછલાં પકડવામાંથી કાયમી આવક ઊભી કરી શકે એવી પૂરતી તક છે. માનવદિનની દૃષ્ટિએ વિચારીએ તો આ યોજના દ્વારા લગભગ વાર્ષિક ૨૦૦૦ માનવદિન જેટલું વાર્ષિક કામ ઊભું કરી શકાશે.

જે કેટલીક યોજનાઓ અહીં બતાવવામાં આવી તેમાંની મોટાભાગની, એક યા બીજી રીતે બીજી એજન્સીઓની યોજના અથવા કાર્યક્રમના રૂપમાં સંકળાયેલી છે. એજન્સીઓ જેવી કે સંકલિત આદિવાસી વિકાસ યોજના, નાના ખેડૂતોની વિકાસ માટેની સંસ્થા, સંકલિત ગ્રામવિકાસ કેન્દ્રો, ખાદી અને ગ્રામોદ્યોગ કમિશન અને તાલુકા પંચાયત, તેમાં આવરી લેવાતી યોજનાઓમાં મરઘાં ઉછેર, વાંસ ઉત્પાદન, મધમાખી ઉછેર અને મધ ઉત્પાદન, દરજીકામ, સુથારીકામ, શાકભાજીનું વાવેતર, ફળ, બી અને માછલીઓના પુરવઠા, આઈ ટી ડી પી, આઈ આર ડી પી, અને એસ એફ ડી એ મરઘાં ઉછેર યોજના ચલાવે છે. ઘટકકક્ષાએ આયોજન દ્વારા આ યોજના અમલમાં મુકાવાની છે તે કયાં તો તેમની સાથે અથવા તો આ એજન્સીઓના અનુભવના આધારે સ્વતંત્ર રીતે ચલાવવી. હાલમાં પણ વાંસકામ કોટવાળિયા દ્વારા કરવામાં આવે છે. સાગબારા તાલુકામાં સૌથી નબળામાં નબળો સમૂહ હોય તો તે કોટવાળિયાઓનો છે. સાગબારા વાંસ કામદાર સહકારી મંડળી જુદાં જુદાં સાધનો દ્વારા નાણાકીય મદદ મેળવે છે.

અમારા દ્વારા જે યોજના સૂચવવામાં આવી છે કે તેમાંની બે મધમાખી ઉછેર અને મધ ઉત્પાદન માટે પણ આ તાલુકાના કેટલાક આદિવાસીઓએ તાલીમ અને નાણાકીય મદદ મેળવેલ છે. આ સ્કીમ માટે લાભ લેનાર માટેનો તાલીમ કાર્યક્રમ આઈ. ટી. ડી. પી. દ્વારા આયોજીત કરાવવો જોઈએ. તેવી જ રીતે સુથારી કામ, ફર્નિચર બનાવવું અને દરજીકામનો જે લાભ લે છે તેમને તાલીમ મળવી જોઈએ. આ તાલીમ કાર્યક્રમ તેમ જ એ માટેની નાણાકીય જોગવાઈ આઈ. ટી. ડી. પી. અથવા જિલ્લા ઔદ્યોગિક કેન્દ્ર, ભરૂચ દ્વારા થવી જોઈએ.

પાનનાં પતરાળાં-પડિયા બનાવવાની યોજનાનું સંચાલન ગુજરાત રાજ્ય જંગલ વિકાસ નિગમ દ્વારા થવું જોઈએ. એટલું જ નહીં પણ આ સંસ્થાએ કાચો માલ પૂરો પાડવો જોઈએ અને સારી ગુણવત્તાવાળું ઉત્પાદન

થાય એ માટે જરૂરી તાલીમ વર્ગોનું પણ આયોજન કરવું જોઈએ. બાકીની કેટલીક યોજનાઓ જેવી કે દાળ-મિલ, ચોખા છડવાની મિલ, કપચી બનાવવાનું એકમ, લાકડાનાં બોખાં બનાવવાનું એકમ, સ્ટ્રો બોર્ડ બનાવવાનું એકમ આ તાલુકાના આદિવાસીઓ પોતે નિયોજક બની ચલાવી શકે. એમ કરતાં નિયોજનની કળા વિકસે અને ધંધાકીય માળખામાં વિવિધતા પણ મળી શકે. ખેતી પછી તરતનું સ્થાન ગૃહઉદ્યોગ અને નાના પાયા પરના ઉદ્યોગ આવતા હોઈ એ દ્વારા મોટી સંખ્યામાં રોજગારીની તક ઊભી કરી આપી શકે.

આદિવાસીઓને સહકારી મંડળીના સભ્ય થવા માટે શેર ભંડોળ માટે નાણાં શરૂઆતમાં આપવાનાં રહેશે. એક વખત એ લોકો સહકારી મંડળીના લાભથી જાણકાર થશે પછી તેનો લાભ સ્વયં રીતે જ લેતા થશે એટલે શેરનાં નાણાં આપવાની જરૂર રહેશે નહીં.

પ્રકરણ ૯

ઘટક – યોજના ક્રિયાત્મક આયોજન

સામાન્ય રીતે આર્થિક વિકાસ માટે કુદરત, માનવશક્તિ અને મૂડી એ જરૂરી ગણાય છે. પરંતુ આપણે ટેક્નિકલ જાણકારી દ્વારા વિકાસ સાધવા માટે પ્રયત્ન કરીએ તો પણ કેટલીક વાર કુદરતી કે પ્રાકૃતિક પરિબળો તેમાં અવરોધ ઊભા કરે છે અને આ રીતે આપણે કેટલીક કુદરતી મર્યાદાઓ સ્વીકારવી જ રહી. છેલ્લા ત્રણ દાયકા દરમ્યાન મોટા પાયા પર જેટલા પ્રમાણમાં સામૂહિક વિકાસ અને આદિવાસી વિકાસના કાર્યક્રમો માટે નાણાકીય સાધનોની ફાળવણી કરી છે તેટલા પ્રમાણમાં અનુસૂચિત જન-જાતિના અને ગામવસ્તીના નબળા વર્ગના લોકોનો આર્થિક વિકાસ થઈ શક્યો નથી, અલબત્ત કુદરતી સાધનો અને મૂડીનો અસરકારક ઉપયોગ અને એમાંથી નીપજતાં પરિણામોનો આધાર જે તે વસ્તીની ગુણવત્તા ઉપર તો હોય જ છે.

આર્થિક વિકાસમાં વ્યૂહાત્મક ઘટક તરીકે માનવીય સાધનોની ઉપયોગિતાનો ખ્યાલ જે છે તે નવો ખ્યાલ નથી. ૧૭૭૬માં આદમ સ્મીથે આ બાબતની નોંધ લેતાં જણાવ્યું છે કે રાષ્ટ્રીય સંપત્તિનો આધાર વ્યક્તિની આવડત, હોશિયારી કે યોગ્યતા જ હોય છે. ઉત્પાદન માટે જમીન, મૂડી અને શ્રમ એ ત્રણ મહત્વનાં સાધન હોવા છતાં પણ આર્થિક વિકાસ માટેના ચાલકબળો શોધવાની પણ એટલી જ આવશ્યકતા છે. ઉત્પાદનના ચોથા પરિબળ તરીકે સામાજિક વલણ અને તકના ભાગરૂપે પણ સાહસિકની જરૂરિયાતનો પણ ખ્યાલ હોવો જોઈએ.

ગરીબી દૂર કરવા અને નબળા લોકોનું જીવનધોરણ સુધારવામાં જે ઘટકકક્ષાએ પૂર્ણરોજગારીનું આયોજન કરવાનું છે તે સંદર્ભમાં આ વાત એટલી જ સૂચક અને મહત્ત્વની છે.

સામાજિક સિદ્ધિની પ્રાપ્તિ માટે જ્યારે આયોજનના બંધારણીય માળખાનો સ્વીકાર કરતા હોઈએ ત્યારે સમાજના સામાજિક અને સાંસ્કૃતિક વાતાવરણ માટે ઉત્પાદન અને ઉપભોગમાં ખલેલ પેદા થાય એ જોખમ સામાન્યતઃ રહેલું હોય છે. દરેક સમાજને પોતાની અલગ પરંપરા અને વિશેષ ઐતિહાસિક

ભૂમિકા હોય છે. જે કોઈ પણ સમાજના આર્થિક વિકાસમાં અસરકારક બનતી હોય છે. જ્યારે ઘટકકક્ષાએ પૂર્ણરોજગારીનું આયોજન કરીએ, ત્યારે એ ખ્યાલ રાખવો જોઈએ કે ગ્રામ્ય અને આદિવાસી સમાજમાં જીવનપદ્ધતિ અને વર્તણૂકનો જે મૂળભૂત તફાવત છે તેની અસર એની ઉપર પડવાની જ છે. અને તેથી એક સમાજ માટે જે વિકાસ પ્લાન હોય તે બીજા સમાજને સ્વીકાર્ય ન પણ હોય. સામાન્ય રીતે આપણે ઘટકકક્ષાએ પૂર્ણ રોજગારીનું આયોજન કરીએ છીએ ત્યારે મોટે ભાગે આપણે એ લોકોના માનવીય અને સાંસ્કૃતિક તત્ત્વોને અવગણતા હોઈએ છીએ. દા.ત. ખેત ઉત્પાદન વધારવા માટે આધુનિક પદ્ધતિઓ જેવી કે ખાતર, બિયારણ વગેરે મફત મળવા છતાં આદિવાસીઓ તેનો ઉપયોગ કેમ કરતા નથી એ સમજવામાં આપણે નિષ્ફળ જઈએ છીએ. જ્યારે કોઈ સમાજ માટે આપણે ભવ્ય આયોજન કર્યું હોય અને અપેક્ષિત પરિણામો આપણે તેની પાસેથી પ્રાપ્ત ન કરી શકીએ ત્યારે આપણે એમની અવ્યવહારુતા અને મૂર્ખતા છે એમ સ્વીકારીએ છીએ, પણ હકીકતમાં એવું હોતું નથી, એ આપણે સમજવું જોઈએ. ઊલટું કેટલીક વાર તો તેઓ આપણા કરતાં સમજુ અને વ્યવહારુ વધુ હોય છે. આ આયોજન સફળ ન થયું તે માટે બીજાં જે પરિબળો છે તેનું મહત્ત્વ આપણે જાણી શકતા નથી કે સમજી શકતા નથી. બીજું કે આપણે એ પણ સમજી શકતા નથી કે એ લોકો કેટલે અંશે અને કઈ દિશામાં પોતાના ચાલુ સામાજિક–સાંસ્કૃતિક જીવનને અનુરૂપ રહીને પોતાનું સામાજિક આર્થિક માળખું વિકસાવવા માંગે છે, તે યોજનાના અસરકારક અને સફળતાપૂર્વક અમલીકરણ માટે અતિ આવશ્યયક બાબત છે. અને તેથી જે કાર્યક્રમો આપણે આદિવાસી સમાજ માટે રજૂ કર્યા હોય તે જો બિનઆદિવાસી સમાજના વિકાસ માટે પણ સૂચવવામાં આવે તો તે ચીલાચાલુ, અર્થવિહીન, બિનઉપયોગી બનવા શકયતા રહેલી છે. એટલે શ્રદ્ધાપૂર્વક આપણે એ સ્વીકારવું જોઈએ કે બધા જ સમાજ એક સરખી રીતે વિકાસ સાધી શકે નહીં. એટલે જ્યાં આપણે ઘટકકક્ષાએ આયોજન કરવાનો પ્રયત્ન કરીએ ત્યારે આપણે સમાજના ઐતિહાસિક અને સાંસ્કૃતિક ભેદોને ખ્યાલમાં રાખીને જુદા જુદા સમાજમાં વિકાસની પ્રક્રિયા, એનું વલણ અને પરિણામોનો ખ્યાલ રાખી એને અનુરૂપ આયોજનમાં ફેરફારો અને સુધારા કરવા જોઈએ.

વિકાસની પ્રક્રિયામાં ઘટકકક્ષાના આયોજનનો જે અભિગમ વ્યક્તિગત કુટુંબને કેન્દ્રમાં રાખીને અપનાવવામાં આવ્યો છે, તે ધ્યાનમાં લેવું જોઈએ.

સહકારી મંડળીઓ અને પંચાયતો જેવી સામાજિક સેવાની સંસ્થાઓ ઊભી કરવાનો જે પહેલા અભિગમ હતો તેને આ નવા અભિગમમાં સ્થાન નથી. આમાં ઘટકકક્ષાના આયોજનમાં અને એના અમલમાં વ્યક્તિને પૂરતું પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. એમ જો ન કરવામાં આવે તો ઘટકકક્ષાના આયોજનનો મૂળભૂત આશય માર્યો જાય. એ વાત સાચી છે છતાં પણ ઘટકકક્ષાના આયોજનને અર્થપૂર્ણ બનાવવા માટે સામાજિક–સાંસ્કૃતિક પરિવર્તનોમાં વ્યક્તિની સાથે સંકળાયેલા સમૂહને પણ એટલી જ ગંભીરતાપૂર્વક ધ્યાનમાં લેવો જોઈએ. સાથે સાથે આયોજનકારોએ વિશિષ્ટ દૃષ્ટિકોણથી એવા સ્થાનિક સમૂહો અને તેમની ભૌતિક આબાદી માટેની ઝંખનાને માટેના સંઘર્ષોને સમજવા જોઈએ. એ લોકોને પરંપરાગત જીવનપદ્ધતિ, એમની સામાજિક સંસ્થાઓની કાર્યપદ્ધતિ વિશે પણ જાણકારી મેળવવી જરૂરી બને છે. આ જાતની જાણકારી જ તેમના સામાજિક અને સાંસ્કૃતિક વલણોમાં રહેલાં ઊંડાણ અને કઠિનાઈ સમજવામાં ઉપયોગી થઈ પડે છે. તેમના તરફથી મળતો સહકાર મોટે ભાગે તો કોઈક પ્રકારના ભૌતિક બદલાની અપેક્ષાથી હોય છે. જો આ બધી બાબતો ધ્યાનમાં ન લેવાય તો આવા નબળા વર્ગના લોકો માટે જે કંઈ આયોજન કરવામાં આવે તેને ભાગ્યે જ આવકાર મળે કે સફળતા મળે. સાગબારા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતા આદિવાસીઓની ઐતિહાસિક અને સામાજિક સાંસ્કૃતિક ભૂમિકા ટૂંકાણમાં જોઈ એ. જેનાથી આગળના પ્રકરણમાં જે યોજનાઓ સૂચવવામાં આવી છે તેના અમલીકરણનો ઉપયોગી થાય.

આ તાલુકામાં વસતા આદિવાસીઓમાં વધુ વસ્તીવાળી મુખ્ય જાતિ "વસાવા" તરીકે ઓળખાય છે. એ સિવાય બાકીનામાં તડવી, માવચી ગાવીત, વાલવી, પાડવી, અને કોટવાળિયા છે. આમાં કોટવાળિયા સિવાયની જે બીજી જાતિ ઉપર ગણાવી તે પોતાની જાતને વસાવા તરીકે ગણાવવા તૈયાર થતા હોય છે. તેના અને વસાવાના રીતરિવાજમાં પણ સામ્ય જોવા મળે છે. ૧૯૬૧માં ભીલ જાતિની એક પેટા જાતિ તરીકે "વસાવા" જાતિ નોંધવા પામી હતી છતાં ૧૯૬૧ અને ૧૯૭૧ની વસ્તીગણતરીમાં એમને વિશે અલગ માહિતી મળતી નથી. ખાનદેશ વિભાગની (સાગબારા તે વખતે ખાનદેશનો એક ભાગ હતો) શરૂઆતની સાહિત્ય સૂચિમાં "વસાવા' નામ વિશે કોઈ સંદર્ભ મળતો નથી. ૧૯૫૬માં ડૉ. ટી. બી. નાયકે પશ્ચિમ ખાનદેશના ભીલ વિશે જે પુસ્તક લખ્યું છે તેમાં પણ "વસાવા" નામનો ઉલ્લેખ જોવા મળતો

નથી. આથી ભીલોએ ખાનદેશ પ્રદેશ કચારથી પચાવી પાડેલો, અને ભીલ-માંથી વસાવા શબ્દ કચારે જાણીતો બન્યો, એ જાણવું મુશ્કેલ બને છે. તેમ છતાં ડૉ. ટી. બી. નાયકની ઉપર જણાવેલ માહિતી પરથી એટલું અનુમાન કરી શકાય કે પચીસ વર્ષ પહેલાં "વસાવા" શબ્દ સાર્વત્રિક રીતે પ્રચલિત બન્યો ન હતો જો કે ત્યારે ગામનો મુખી "વસાવા" તરીકે ઓળખાતો હતો. ધીમે ધીમે તેની પછીની પેઢીઓએ આ નામ પોતાની જાતિ તરીકે અપનાવ્યું હોય એમ લાગે છે. આ નામ પ્રચલિત થતાં આબરૂ અને મોભો જાળવવાની લાલચે અન્ય કુટુંબોએ પણ પોતાને "વસાવા" તરીકે ઓળખાવવાનું પસંદ કર્યું. એ લોકોના જ કેટલાક અભિપ્રાય મુજબ "વસવા" શબ્દ વસવું ઉપર વપરાશમાં આવ્યો હોય એમ લાગે છે. કારણ કે આ લોકો મરાઠા કે રજપૂત તરીકે શિવાજી અને બાજીરાવના સૈન્યમાં જોડાયેલા હતા. યુદ્ધમાં ભયંકર ખાનાખરાબી થતાં તેઓ દુશ્મનોથી સંતાતા–ભાગતા જંગલ અને ડુંગરાળ પ્રદેશમાં આવીને વસ્યા અને તે વસાવા કહેવાયા. સત્ય હકીકત ગમે તે હોય પણ હવે આ "વસાવા" લોકોને પોતાની જાતને ભીલ તરીકે ઓળખાવવાનું પસંદ નથી. સ્વતંત્રતા મળ્યા પછી તેઓની પ્રબળ ઇચ્છા સામાન્ય હિંદુ પ્રજાની જેમ તેઓમાં ભળી જઈ એકરૂપ થઈ ને રહેવાની છે. જોવા મળી છે. તેનું મુખ્ય કારણ એ લાગે છે કે એમનામાં જે રાજપૂત સંસ્કાર રહેલા છે એને કારણે "વસાવા" પોતાની જાતને ભીલ, વારલી નાયકા કોટવાળિયા કે કોંકણા કરતાં પોતાની જાતને ઊંચી ગણે છે. શારીરિક રીતે જોઈએ તોપણ "વસાવા" એ મુખ્ય ભીલની જાતિ કરતાં જુદા લાગે છે. વસાવા પુરુષ ઊંચો કદાવર અણિયાળું નાક અને વિશાળ કપાળ ધરાવતો હોય છે. જ્યારે વસાવા સ્ત્રી પ્રમાણમાં નીચી છતાં સુડોળ બાંધાની હોય છે. વસાવા સામાન્ય રીતે સુંદર અને મોહક હોય છે. જ્યારે આપણે જાણીએ છીએ કે ભીલોમાં કોઈ ખાસ એકરૂપતા જોવા મળતી નથી છતાં શારીરિક રીતે તેઓ અન્ય જાતિથી વેગળા લાગે છે.

વસાવા-સમાજ પિતૃવંશી — એટલે કે પિતાને નામે વંશ આગળ ચલાવનાર છે. અને એમાં પરિણીત સ્ત્રી પોતાના પતિના પિતાને ઘરે રહે છે. દરેક વ્યકિત તેના સમાજમાં, પોતાના સમોવડિયાઓ સાથે, જીવન-પર્યંત ખૂબ હળીમળીને રહે છે. આ સમોવડિયું જૂથ રીતરિવાજમાં, સામા-જિક પ્રસંગે કે આર્થિક સંબંધોમાં આગળ પડતો અને નિર્ણાયક ભાગ

ભજવતું હોય છે. સમાજમાં કોઈ પણ વ્યકિત જન્મ, મરણ, લગ્ન કે રોજિંદા જીવનના અન્ય પ્રસંગોએ એના સમોવડિયા સભ્યો ઉપર મદદ માટે ભરોસો રાખી શકે છે, અને વખત આવે એ તેઓને મદદરૂપ પણ બની શકે છે. આ રીતે તેઓનું પરસ્પરનું જીવન તાણાવાણાથી ગૂંથાયેલું હોય છે. એમનામાં જીવનપર્યંત કોઈ પણ વ્યકિત એકલાપણું અનુભવતું નથી. આમ છતાં વસાવા કુટુંબમાં પતિપત્ની અને તેમના અપરણિત સંતાનોનું એક સ્વતંત્ર એકમ અસ્તિત્વ ધરાવે છે. અને વારસાગત પ્રણાલિ મુજબ એઓ પરિણીત યુગ્મ — કાયમ માટે સંયુક્ત કુટુંબમાં ન રહેતાં, નિર્ધારિત સમયમાં પુરુષ પોતાના પિતાના ઘરથી અલગ થઈ સ્વતંત્ર એકમ તરીકે પોતાનું જીવન શરૂ કરે છે. છેવટે સગવડ ન હોય તો, જ્યાં રહેતા હોય ત્યાં રૂમમાં પાર્ટિશન મૂકીને પણ પોતાનું અલગ રહેઠાણ કે રસોડું ઊભું કરવામાં આવે છે. આમ સામાન્ય રીતે વસાવા જ્ઞાતિમાં સંયુક્ત કુટુંબપ્રથા ભાગ્યે જ જોવા મળે છે. આની પાછળ મુખ્યત્વે સ્વાવલંબનની ભાવના રહેલી છે. આમાં સભ્ય સમાજની જેમ મિલકતના ભાગલાના પ્રશ્નો કે કોઈ જાતનો વિખવાદ ઊભો થવા પામતો નથી. આનું સચોટ ઉદાહરણ ત્યારે જોવા મળે છે કે જ્યારે કોઈ વસાવા પુરુષ કે સ્ત્રી મૃત્યુ પામે ત્યારે તેની બધી વસ્તુઓ — મિલકત એના શબ્દ સાથે બાળવામાં કે દાટવામાં આવે છે.

નિયમ મુજબ દરેક પ્રાથમિક કુટુંબ પોતાનું અલગ રહેઠાણ બનાવે છે સિવાય કે અપરિણીત ભાઈબહેન જો તેમના પિતા હયાત ન હોય તો તેમના મોટાભાઈ સાથે રહે છે. તેઓમાં પિતા તરફના સંબંધીઓ "સગા" અને સાસરા પક્ષના સંબંધીઓ "સગાંવહાલાં" તરીકે ઓળખાય છે. પ્રાકૃતિક વર્ગીકરણને આધારે જુદા જુદા સંબંધીઓના નામો માટે પરિભાષા ઉપયોગમાં લેવાય છે.

વસાવા લોકો સ્વભાવે વહેમી, તરંગી, ભૂત-પલિત તેમ જ જાદુ વિદ્યામાં માનનારા અને ચુસ્ત વિધિ–વિધાનમાં માનનારા છે. તેઓ પૂર્વજોની ભક્તિ કરે છે. એમના સામાન્ય જીવનમાં આ બધું ખૂબ અસર ઉપજાવતું જોવા મળે છે. આમ વસાવા સમાજ સમગ્ર રીતે રૂઢિગત માન્યતાઓ, રીતરિવાજો અને ધોરણો પ્રદર્શિત કરે છે — રજૂ કરે છે.

રોજગારલક્ષી કોઈ પણ આયોજનના અમલીકરણ માટે સૌ પ્રથમ જે તે લોકોના માનસિક વલણોમાં થતા ફેરફાર જાણવા જરૂરી બને છે. કોઈ પણ આયોજન સફળ બનાવવું હોય તો તે માટે માનવીય અભિગમ અતિ ઉપયોગી

બને છે. આયોજનકારોએ આ બાબત ધ્યાનમાં રાખવી જરૂરી છે નહીંતર એ લોકોને વિકાસ યોજનામાં સહભાગી બનાવવાનું મુશ્કેલ બને છે. "વસાવા"માં સમોવડિયા સાથેના માનસિક અવલંબનને લીધે પરસ્પરમાં હરીફાઈની ભાવના જોવા મળતી નથી, ઊલટું તેમની જરૂરિયાતો અને ઇચ્છાઓને સંતોષવામાં એકબીજાને મદદરૂપ બનવાની દાનત જોવા મળે છે. આ જાતની ઐતિહાસિક અને સામાજિક ભૂમિકાને લીધે તેઓ તેમની સલામતી અને જૂનીપુરાણી ઘરેડમાંથી બહાર આવી, આધુનિકતા અને બદલાતા પરિબળો સાથે એકરૂપતા સાધવામાં નિષ્ફળ નીવડે છે. એને લીધે આર્થિક વિકાસના આયોજનમાં એમને સહભાગી બનાવવાનું નિરુત્સાહક બને છે. અને તેથી યોજનાનું ધાર્યું પરિણામ મેળવી શકાતું નથી.

સાગબારા તાલુકાના વસાવા લોકોના સામાજિક–સાંસ્કૃતિક જીવનની પરંપરાગત પદ્ધતિઓને ધ્યાનમાં રાખતા યોજનાના અમલીકરણ માટે એ લોકોની વાસ્તવિક રીત ઊંડાણથી જાણવા માટે અતિ મહત્ત્વની બને છે.

આર્થિક સિદ્ધાંતો ઉપર આધારિત આયોજન માટે વિકાસ કેન્દ્રો સ્થાપવા માટે અને વિભાગીય કાર્યક્રમો નક્કી કરવા માટે યોજના ઊભી કરવી સહેલી છે, પરંતુ તેને વસાવા સમાજના માળખામાં બંધબેસતી કરવી એ કામ ઘણું અઘરું છે. આ આયોજન જ્યારે એ સમાજમાં લઈ જવામાં આવે છે ત્યારે તેને ઝાઝી સફળતા મળતી નથી. વસાવા લોકોની રૂઢિગત માન્યતાઓને લીધે આખી યોજનાને અર્થપૂર્ણ બનાવવા અને સફળ કરવા માટે યોજકે એ લોકોનાં બિનઆર્થિક પરિબળોને જાણવાં જોઈએ. સમજવાં જોઈએ. આ લોકોમાં ભારે સામાજિક એકતા હોવાને લીધે સમાજમાં પરિવર્તન લાવવા માટે ખૂબ જ અનુકૂળ પરિસ્થિતિનું નિર્માણ કરવામાં આવે છે. અગાઉના પ્રકરણમાં જોયું તેમ એ લોકોમાં કાર્યશક્તિનું ધંધાકીય વિતરણ માટે વિવિધતાના અભાવને લીધે લગભગ ૯૫ ટકા લોકો પ્રાથમિક પ્રકારની અર્થવ્યવસ્થામાં રોકાયેલા છે. ફક્ત ત્રીજા ભાગના લોકો જ નોકરિયાત તરીકે કામ કરે છે. એમાં પણ મોટા ભાગના ખેતમજૂર છે અને બાકીના થોડા બાંધકામમાં, દુકાનમાં કે અન્ય સ્વરોજગારીના કામમાં રોકાયેલ છે.

સાગબારામાં રોજગારી કે બેરોજગારીના પ્રકારની તપાસમાં ત્યાંની આર્થિક પરિસ્થિતિ, જે કૃષિ-આવક અને કૃષિ રોજગારી ઉપર આધારિત છે, તેનો પૂરતો ખ્યાલ રાખવો જોઈએ. આની અસર ધરગથ્થુ પેદાશ

ઉપર પણ રહેલી હોવાથી રોજગારી અને બેરોજગારીના કદનો અંદાજ કાઢવો મુશ્કેલ બને છે. સાગબારા જેવા પછાત અને અવિકસિત વિસ્તારમાં રોજગારીનો પ્રશ્ન, શ્રમિકોના સંચય પર અને એ શ્રમિકો કયા પ્રકારના અનઉત્પાદક અને ઓછા ઉત્પાદક કાર્યમાં રોકાયેલા છે તેના ઉપર અવલંબે છે. જમીનનો જથ્થો નિશ્ચિત હોવાથી તથા મૂડી સંગ્રહ અને ટેક્નિકલ રૂપાંતરો નીચા દરના હોવાથી સાગબારાનો વસ્તી વધારો ઘટતું મળતર બતાવે છે અને તેથી કરીને એ વિસ્તારમાં રોકાયેલા મજૂરો સીમાંત ઉત્પાદકતાને શૂન્યવત્ કરે છે. આ હકીકત કોઈ પણ કૃષિ સમાજ માટે સાચી ઠરે છે.

સાગબારાના આદિવાસી સમાજમાં ત્યાંના વહીવટી તંત્રે તેમની ટેકનિકલ પદ્ધતિઓને બાજુએ રાખીને પણ બેકારીનો પ્રશ્ન જે ખુલ્લી બેકારી નથી પણ છૂપી બેકારી છે તે હલ કરવા જરૂરી છૂટછાટ મૂકવી જોઈએ. સાગબારા તાલુકાની નિદર્શન સર્વેનું પરિણામ છે તે સ્પષ્ટ બતાવે છે કે કામ કરનાર વર્ગનું વયજૂથ જે ૧૫ થી ૫૯માં છે તેમાં ૧૩૪૩ વ્યક્તિઓ છે. તેમાંથી ૧૩૨૪ એટલે કે ૯૩.૬૪ ટકા વ્યક્તિઓ કોઈ પણ પ્રકારની આર્થિક પ્રવૃત્તિમાં રોકાયેલી છે. ફક્ત ૯૦ વ્યક્તિઓ એટલે કે ૬.૩૬ ટકા વ્યક્તિઓ જ આર્થિક પ્રવૃત્તિમાં રોકાયેલી નથી, કે જે એ પુરવાર કરે છે કે જ્યારે સર્વે કરવામાં આવ્યો ત્યારે આ લોકો બેરોજગાર હતા. તેમાંના કેટલાક વૃદ્ધ હતા. જે આંકડા મળ્યા છે, તે ચોક્કસ રીતે બતાવે છે કે કમાણી કરવા માટે આ કુટુંબોને વિકટ સંઘર્ષ કરવો પડે છે. અહેવાલમાં જણાવ્યું તે મુજબ ૪૦૦ કુટુંબોની તપાસમાં બધા વયજૂથ મળીને ૧૪૨૦ વ્યક્તિઓ આર્થિક પ્રવૃત્તિમાં રોકાયેલી છે. તેમાં ૬.૭૬ ટકા વ્યક્તિઓ ૧૧ થી ૧૪ના વયજૂથની છે કે જે બાળ મજૂરમાં ગણાય.

બીજું કે ૬૦ અને તેથી વધુ વયજૂથ જે સામાન્ય રીતે આર્થિક પ્રવૃત્તિ કરનાર વર્ગમાં નથી આવતું તેમાં કુલ ૭૧ વ્યક્તિઓ છે, અને એમાંથી ૬૬.૨ ટકા વ્યક્તિઓ કોઈ પણ પ્રકારની આર્થિક પ્રવૃત્તિમાં રોકાયેલી છે. આ બાબત પરથી એ સ્પષ્ટ થાય છે કે કુટુંબનો દરેક સભ્ય ભલે તે યુવાન હોય, વૃદ્ધ હોય, પુરુષ હોય કે સ્ત્રી હોય પણ ખેતીમાં કે અન્ય કોઈ વ્યવસાયમાં જોડાઈને, તે કુટુંબની કમાણીમાં પોતાનો યથાયોગ્ય ફાળો આપતો હોય છે.

સાગબારાના આદિવાસીઓના આર્થિક માળખામાં વહીવટી અને સામાજિક પરિબળોને ધ્યાનમાં લેતાં કહી શકાય કે તેમને માટે ખુલ્લી બેકારીનો પ્રશ્ન એટલો બધો જટીલ નથી જેટલો અર્ધ બેકારી અને છૂપી બેકારીનો છે, કે જેમાં ઘણી સંખ્યામાં વ્યક્તિઓ સમાયેલી છે.

આ બાબત સાગબારા વિસ્તારની આદિવાસી અર્થવ્યવસ્થામાં રોજગારીનું સ્વરૂપ કુટુંબની આસપાસ બંધાયેલું સામાજિક ખાસ કરીને ખેતીવાડીમાં માળખું, કુટુંબ, ગોત્ર, સગા અને ગામમાં વ્યક્તિને અપાયેલું કામ અને ઉત્પાદન માટેનો હિસ્સો, વધતી જતી વસ્તી અને મજૂર સંખ્યાને મળતી ઓછી રોજગારી તકો બાબતથી આ હકીકત સ્પષ્ટ થાય છે.

શ્રમનો સીમાંત ઉત્પાદનનો આંક શૂન્ય જેટલો હોય અથવા હકારાત્મક હોય, ત્યારે પણ પ્રચલિત સિદ્ધાંત મુજબ પણ અપૂરતી રોજગારી અસ્તિત્વ ધરાવતી હોય છે. એ દેખીતી વાત છે. બીજું કે ખેતીમાં તેમ જ અન્યથા રોજગારીની તકોના પ્રમાણમાં વસતિ વધારો ખૂબ ઝડપી હોય, ત્યારે વધારાના અને કામ કરી શકે તેવા લોકો ખેતીમાં કે બીજે છૂપી બેકારીની સ્થિતિ ભોગવતા હોય છે. અને તેથી ઉપર જણાવેલી અપૂરતી રોજગારીનું માપ કાઢવું મુશ્કેલ બને છે. આ પ્રકારનો સમાવેશ સામાન્ય રીતે બને છે.

(૧) વધારાની કામ કરનાર વસતિને ઓછી માત્રામાં મજૂરી પૂરી પાડીને;

(૨) મજૂરીમાં ઓછું ઉત્પાદન આપીને;

(૩) સાંસ્કૃતિક, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓ વધારીને અને નિયમિત અથવા અનિયમિત કામકાજ માટે બહારથી સ્થળાંતર થાય છે.

અહીં એ બાબતની નોંધ લેવી જોઈએ કે સાગબારાના આદિવાસીઓમાં ઉપલા સ્વરૂપમાં અર્ધ બેરોજગારી પ્રવર્તે છે. અને એ શોધવું બહુ જ મુશ્કેલ છે કે અર્ધ રોજગારીથી વ્યાપ્ત એવા ક્ષેત્રમાં શ્રમની સીમાંત ઉત્પાદકતા શૂન્ય છે, પણ જો આપણે એ હકીકતનો સ્વીકાર કરીએ કે નિર્વાહ ખેતી ક્ષેત્રમાં ખુલ્લી બેરોજગારી કરતાં છૂપી બેરોજગારી સામાન્ય રીતે સાગબારાની કામ કરતી વયની વધારાની વસતિમાં જોવા મળે છે, તો અમુક સમયે બેરોજગારીનું પ્રમાણ આપણે માપી શકીએ ખરાં. જોકે સંખ્યાની દૃષ્ટિએ માપવું મુશ્કેલ છે છતાં એ લક્ષમાં રાખવા જેવી હકીકત છે કે સાગબારામાં માત્ર વધતી જતી બેરોજગારીનો જ સવાલ નથી પણ

બદલાતા સામાજિક, આર્થિક સંજોગોમાં રોજગારીના બજારમાં આવનાર, ઘણા વધારે પ્રમાણના શ્રમની વધતી જતી અર્ધ બેરોજગારીનો પણ સવાલ છે.

ઉપર જણાવ્યા મુજબ સાગબારા તાલુકામાં રહેલી અર્ધ બેકારી એ ખુલ્લી બેકારીના સંદર્ભમાં વધુ અગત્યની છે. નીચી ઉત્પાદકતાના અર્થમાં તપાસીએ તો એ બાબત આ તાલુકા માટે સામાન્ય છે. કારણ કે આ તાલુકાની ઘણી વ્યક્તિઓને લાંબા સમય સુધી બેરોજગાર રહેવા કરતાં ઘણી ઊતરતી કક્ષાના ઉત્પાદન આપતાં સાધનો સ્વીકારી લેવાનું આર્થિક રીતે દબાણ આવતું હોય છે. તેથી સાગબારા તાલુકામાં કે જ્યાં ૮૦ થી ૯૦ ટકા લોકો સ્વરોજગાર અથવા તો કૌટુંબિક રોજગારીમાં જોડાયેલા છે તેમને માટે નીચી ઉત્પાદકતા એ સમસ્યાના હાર્દમાં છે. આ સંદર્ભમાં અહીં પણ એ ઉલ્લેખનીય બને છે કે નીચી ઉત્પાદકતાના અર્થમાં અર્ધ બેકારીને આંકડાકીય અભ્યાસ દ્વારા નક્કી કરવું મુશ્કેલ બનતું હોય છે, પણ આવકના અભિગમના દૃષ્ટિકોણથી રોજગારીની તકો વિશે વિચારીએ તો તે અર્થપૂર્ણ રહેશે. આ અભિગમ પ્રમાણે શ્રમના એકમ તરીકે વ્યક્તિ કુટુંબને ધ્યાનમાં લેવું જોઈએ. આ માટે દેખીતી રીતે જ આર્થિક અને સામાજિક કારણો છે. જેવાં કે આવક અને રોજગારી બંનેના એકમમાં રહીને જ વ્યક્તિ ફાળો આપતી હોય છે. બીજું કે કલ્યાણલક્ષી ખ્યાલથી પણ રોજગારીની તકોની યોગ્યતા આવક અને કુટુંબના મૂલ્યના આધારે નિર્ણીત થાય છે, વ્યક્તિએ કેટલા કલાક કામ કર્યું તેના કરતાં એ વધુ મહત્ત્વનું છે.

અભ્યાસ દરમ્યાન જે અવલોકનો કર્યાં તેના ઉપરથી પણ એ નિર્ણય પર આવી શકાય કે ખુલ્લી બેરોજગારીનો દર ઘણો નીચો છે. આ સમસ્યા ગંભીર સ્વરૂપની છે. પરંતુ એકની અપૂર્ણતા એ ચાલુ કામગીરી કરતાં વધુ મહત્ત્વની છે. આ રીતે જોતાં સામાન્ય વિકાસની સમસ્યાના નિદર્શન તરીકે તાલુકાની અર્ધ બેકારીની સમસ્યાને, ગરીબીની સમસ્યા તરીકે ગણી શકાય. તેથી સાગબારા તાલુકા જેવા વિસ્તાર માટે પૂર્ણ રોજગારી માટે કોઈ પણ યોજના મૂકાએ ત્યારે આવકની વહેંચણી સંપત્તિ અને આર્થિક તકોની સમાનતા તરફ વધુ લક્ષ આપવું જોઈએ. કલ્યાણની દૃષ્ટિએ વિચારીએ તો જે આદિવાસીઓની આર્થિક સ્થિતિ ઘણી નબળી છે તેમને માટે સમાનતાની નીતિ ઘડવા તરફ મક્કમતાથી ધ્યાન અપાવું જોઈએ. આપણે જોયું તે પ્રમાણે આ તાલુકામાં જે આર્થિક રીતે નબળી સ્થિતિ

ધરાવે છે તે જૂથની ઘણી વ્યક્તિઓ એવી છે કે કામ કરવાને શક્તિશાળી છે છતાં તેમને કંઈ કામ મળતું નથી, અથવા તો જે મળે છે તે થોડું મળે છે. આ માટે કોઈ કારણ નથી. આ માટે જે સમૂહ છે તેને રોજગારીની સગવડ પૂરી પાડવી તેના કરતાં મદદ કરવી વધુ જરૂરી છે, આ માટે તેમને રોજગારીમાં પુનઃસ્થાપિત કરવા કે જેથી તેઓ ઉત્પાદક કામ કરવા માટે યોગ્ય બને, અને હાલમાં જે કામ કરે છે તેના કરતાં તેમને વધુ ઉત્પાદક કામ મળવું જોઈએ. બીજા અર્થમાં કહીએ તો આ સમૂહને આવકની પુનઃ વહેંચણી કરવાની જરૂરિયાતની મદદ વધુ મહત્ત્વની છે, અને બીજું વધુ મહત્ત્વનું એ છે કે આવક મેળવવાનાં જે સાધનો છે તેની પુનઃ વહેંચણી કરવી.

અગાઉના પ્રકરણોમાં ચર્ચા કરવામાં આવી છે તે મુજબ ખેતમજૂર, છૂટક મજૂર (ખેતી સિવાયના) કારીગરો અને જેમની પાસે ૧૦ એકરથી ઓછી જમીન છે તેવા લોકોની અલ્પ રોજગારીની સમસ્યા સાગબારા તાલુકામાં તીવ્ર પ્રકારની છે. ખેતમજૂર તેમ જ બિન ખેતમજૂરને આખા વર્ષમાં ૫૦થી ૧૫૦ દિવસ કામ મળે છે, અંદાજ મુજબ આ તાલુકામાં સારા એવા પ્રમાણમાં અંશતઃ બેરોજગારી છે, પરંતુ એ લોકોને માટે બેરોજગારી કઠિનતા નથી એટલી નીચી કમાણીની કઠિનતા છે અને જે સર્વેક્ષણ થયું તેના પરિણામથી પણ આ વાતની સત્યતા પુરવાર કરે છે કે આ તાલુકામાં ઓછી-વત્તી આવક મેળવનાર સમૂહ મોટો છે.

જે સર્વે કરવામાં આવ્યો છે તેમાંથી મોટાભાગનાં કુટુંબો એટલે કે ૮૩.૮૫ ટકા કુટુંબો વાર્ષિક ૫૦૦૦થી ઓછી આવક પ્રાપ્ત કરે છે, અર્ધાથી વધુ ૫૫.૨ ટકા કુટુંબોની આવક ૧૦૦૧થી ૩૦૦૦ની વચ્ચે છે.

ગરીબી રેખા નીચે જીવતાં કુટુંબો કેટલાં છે તે માપદંડથી વિચારીએ તો કહી શકાય કે, ૮૦ ટકાથી વધુ લોકો એવા છે કે જે માસિક માથાદીઠ આવક જે મેળવે છે તે આવક ગરીબી રેખાની નીચેના છે. (જે વ્યક્તિ રૂ. ૬૨ થી ઓછી આવક મેળવે તે ગરીબી રેખા નીચે આવે છે.) સાગબારા તાલુકામાં કુટુંબ સરેરાશ ૬.૧ વ્યક્તિનું બનેલ છે એનો અર્થ એ થાય છે સાગબારા તાલુકાના જે કુટુંબની આવક ૪૫૩૮ રૂ. (૬.૧×૬૨×૧૨)થી ઓછી હોય તે ગરીબી રેખા નીચે આવે છે. અત્યારે ફક્ત ૩,૪૧૫ રૂ.ની આવક છે.

ખર્ચના માપદંડથી તપાસીએ તોપણ સર્વે થયેલાં કુટુંબોના ૯૪.૭૫ ટકા ગરીબી રેખા નીચે જીવે છે. તેમનો વાર્ષિક સરેરાશ ખર્ચ કૌટુંબિક ફક્ત ૩૮૮૦ રૂ. છે. આની સ્પષ્ટતા અગાઉ કરી છે તે મુજબ ખ્યાલ આવશે, કે ગરીબાઈ રેખા નીચે આવતાં કુટુંબો ૮૦ ટકાની લગભગ આવે છે.

(જે કુટુંબોનો વ્યક્તિદીઠ માસિક ખર્ચ ૬૦ રૂ.થી પણ ઓછો થાય છે તેની ગણતરી ગરીબાઈ રેખા નીચેનામાં કરવામાં આવી છે.) આ સંદર્ભમાં સાગબારા તાલુકા જેવા પ્રદેશમાં ખેતીમાં ફક્ત તીવ્ર અલ્પ રોજગારીનું લક્ષણ છે એવું નથી પરંતુ બીજા ગૃહઉદ્યોગો અને નાના વ્યાપાર કરતાં પણ તેમાં જે વળતર પ્રાપ્ત થાય છે તે ઘણું ઓછું છે, આ અલ્પ રોજગારીની સમસ્યા, નીચી ઉત્પાદકતા અને ઘણી જ નીચી આવકની સમસ્યાને હલ કરવી પડે તેમ છે, તે માટે જરૂર છે વ્યાપક આયોજન કે જેમાં સારા પ્રમાણમાં રોજગારીની તકો સમાયેલી હોય, આવક અને રોજગારીની દૃષ્ટિએ જોતાં ખેતી એ અર્થતંત્રમાં ખૂબ જ અગત્યનું ક્ષેત્ર હોવાથી એ ક્ષેત્રમાં વધુમાં વધુ રોજગારીની તકો ઊભી કરવા નક્કર પ્રયત્નો થવા જરૂરી છે કે જે સાગબારા તાલુકામાં આવતા દશકામાં પણ અગત્યનું ક્ષેત્રે બની રહેશે.

આદિવાસી પેટા યોજનામાં પણ તે વિસ્તારને કૃષિ પદ્ધતિમાં સુધારણા માટે, કેટલીક યોજનાઓ અમલમાં મૂકવા બાબત અગાઉ આ રિપોર્ટમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સાગબારા તાલુકા પંચાયત તથા આદિવાસી વિકાસ યોજના દ્વારા ઘડી કાઢવામાં આવેલ આદિવાસી વિકાસ યોજનામાં સૂચવાયેલા કાર્યક્રમોમાં, અમારાં એકાદબે વધારાનાં સૂચનો મૂકીને અમે એ કાર્યક્રમો દોહરાવીએ છીએ. સાગબારાના આદિવાસીઓના આર્થિક વિકાસના કાર્યક્રમમાં હાલને તબક્કે કૃષિક્ષેત્રે જે ટેક્નિકલ વિકાસ કરવાનો છે તેમાં શ્રમપ્રધાન પદ્ધતિને મધ્યમાં રાખીને ટેક્નિકલ સાધનો જેવાં કે ખાતર, સારું બિયારણ, આધુનિક સાધનો બારેમાસ પાણીની સગવડ આપી શકે તેવી સિંચાઈ વ્યવસ્થાના વિકાસ માટે, જે (આઈ. ટી. ડી. પી. યોજના,) સંકલિત આદિજાતિ વિકાસ યોજનાનો વ્યવસ્થિત અમલ કરીને, કૃષિક્ષેત્રે પ્રવર્તતી અર્ધ રોજગારી અને અપૂરતી રોજગારીને હલ કરી શકાય, પરંતુ આ યોજનાના અમલ અને તેની સફળતા, સેંકડો ખેડૂતોને તેમની ચીલા-ચાલુ પદ્ધતિમાંથી બહાર કાઢી, વધુ શ્રમ કરવાની પ્રેરણા આપીને નવી પદ્ધતિ અપનાવવાની તેમ જ વધેલી પેદાશને બજારમાં મૂકવાની તેમ જ

જરૂરી રોજગારી પૂરી પાડી શકે એવાં સંસ્થાકીય વહીવટી પરિબળો ઊભાં કરવા ઉપર અવલંબે છે. સામાન્ય ખેડૂતની જુદી જુદી વિવિધતાઓ તેને નવી પદ્ધતિ અપનાવવા માટે નિર્લેપ બનાવે છે. સ્વાભાવિકપણે એનામાં આવેલી રૂઢિચુસ્તતા નબળી ખેતી અને પોતાના કુટુંબની સ્થિરતાને કદાચ જોખમાવે એવી ભીતિ એને નવી પદ્ધતિ માટેનો પ્રતિભાવ આપવા તરફ વિમુખ બનાવે છે. સારો ખેડૂત પ્રતિભાવનાના બદલામાં સારા બદલાની પણ આશા રાખતો હોય છે. સાગબારામાં વસતાં આદિવાસી ખેડૂત કુટુંબો એવું સામાજિક જીવન જીવે છે, જ્યાં તેમને માટે સલામતી, વ્યવસ્થિત બજાર, વાહનવ્યવહારની સગવડ, આર્થિક મદદ કરનાર સંસ્થાઓનો અભાવ છે. ટૂંકમાં તેઓ એવા વાતાવરણમાં રહે છે કે જ્યાં તેમને બદલો ઓછો પ્રાપ્ત થાય છે. અને બીજી બાજુ અન્ય ખેડૂતો, નાણાં ધીરનાર શાહુકારો, દલાલો દ્વારા તેમનું શોષણ થતું જ રહ્યું છે કે જે તેમને જમીન સુધારણા અને કાળજી રાખવા તરફ વિમુખ બનાવે છે. આ વિભાગના વિકાસ માટે આ બધાં મનુષ્ય સ્વભાવનાં અને સાંસ્કારિક સામાજિક પરિબળોને વ્યવસ્થિત રીતે કાર્યદક્ષતાથી હલ કરવાં પડશે. આ પરિસ્થિતિના સંસ્થાકીય અને વહીવટી અંતરાયો દૂર કર્યા વગર, ઉત્પાદન અને રોજગારી વધારવા માટે બહારથી લાવેલી ટેક્નિકલ મદદો ભાગ્યે જ ધાર્યું પરિણામ લાવી શકશે.

સંસ્થાના પ્રકાર :

કોઈ પણ યોજનાનો સફળતાપૂર્વક અમલ થાય તેનો સંપૂર્ણ આધાર એને માટે ઊભા કરેલા ક્ષેત્રના પ્રકાર ઉપર રહે છે. આવી યોજનાઓ લાભદાયી હોવાથી આ કામ અતિ જોખમ ભરેલું છે એટલે આંતરિક સગવડો ઊભી કરે તેવા લઘુતમ પાયાના કાર્યક્રમો હોવા જોઈએ જે અમલની દૃષ્ટિએ પ્રમાણમાં ઓછા મુશ્કેલીભર્યા છતાં લાભદાયી હોય, સાથે સાથે આ કાર્યક્રમોનો લાભ જેમને થવાનો છે તે આ તાલુકાના આદિવાસીઓની ગતિશીલતામાં અને સંગઠનમાં આવતા મુખ્ય અવરોધો દૂર કરવા જોઈએ. જેને આવી કામગીરી કે જવાબદારી સોંપી શકાય તેવું કોઈ તંત્ર હાલમાં અસ્તિત્વમાં નથી એ રીતે જોતાં તાલુકા કક્ષાએ આવું — યુવાનો અને પંચાયતોને પ્રતિનિધિત્વ આપતું ખાસ કરીને તાલુકાના વિકાસ કાર્યમાં જેનો સહયોગ છે તેવી સરકારી એજન્સીઓ અને સહકારી તંત્રમાંથી પ્રતિનિધિઓ હોય, યુવક નેતાઓ અને પંચાયતના સભ્યો હોય એવું જવાબદાર તંત્ર ઊભું કરવાનું સૂચવવામાં

આવે છે. આ તંત્રમાં સભ્ય તરીકે, ગરીબ આદિવાસીઓનું પ્રતિનિધિત્વ ધરાવતા ગ્રામપંચના (જૂની પંચાયતોના) ભગતોને પણ સ્થાન મળવું જોઈએ. આ તંત્રનો વડો (ચેરમેન) કલેકટર અથવા જિલ્લાકક્ષાએ સિનિયર અધિકારી હોવો જોઈએ. જે આદિવાસીઓની સામાજિક, સાંસ્કૃતિક રીતરસમોથી જાણકાર હોય અને પૂરતો જાગૃત હોય. આ તંત્ર એનું લક્ષ્ય સિદ્ધ કરવા વ્યવસ્થિત પ્રયત્નો દ્વારા પૂરતું ધ્યાન આપે એ જરૂરી બને છે. વધુમાં આ તંત્ર દ્વારા યોજનાના અમલની શરૂઆતની પ્રક્રિયાઓમાં, પરસ્પર ચર્ચા માટે કે સંવાદ માટે પૂરતો અવકાશ રહે એ ખૂબ મહત્ત્વનું બને છે. આ અગત્યના મુદ્દા પરત્વે અમારું ધ્યાન દોરવા બદલ અમે ડૉ. ટી. બી. નાયકના ખૂબ આભારી છીએ.

બજાર :

યોજનાના અસરકારક અમલ સામે આવતા પ્રશ્નોના નક્કર ઉકેલ માટે બીજું પણ એક તંત્ર જરૂરી અને મહત્ત્વનું બને છે — એ છે ઉત્પાદન માટે વ્યાપક અને સક્રિય બજાર વ્યવસ્થા. કમનશીબે, આર્થિક વિકાસની ઘણી-ખરી યોજનાઓ ચલાવવામાં, એની સાથે સંકળાયેલી સરકારી એજન્સીઓ આ મુદ્દાને અવગણતી હોય છે. પરિણામે લોકો પ્રારંભિક અનુભવે જ આ યોજનાઓનો અસ્વીકાર કરતા માલૂમ પડે છે. અને જ્યાં સુધી ઉત્પાદન સાથે એને માટેની યોગ્ય અને પૂરતી બજાર-વ્યવસ્થા ન ગોઠવાયેલી હોય ત્યાં સુધી આદિવાસીઓ એ યોજના તેમના આર્થિક વિકાસમાં અસરકારક રીતે ઉપયોગી નીવડશે એ વિષે સંમત થતા નથી. આ જાતના સધ્ધર બજાર માટેનું તંત્ર ઊભું કરવામાં જિલ્લા ઔદ્યોગિક કેન્દ્રો સંકલિત આદિજાતિ વિકાસ કાર્યક્રમ અને તાલુકા પંચાયત જેવી સંસ્થાઓએ તેમનાં સઘળાં સાધનો કામે લગાડવાં જોઈએ. આ માટે ઘટક રોજગાર અધિકારીની સેવાનો ખાસ ઉપયોગ કરવો જોઈએ. આવાં ગામ બજાર કેન્દ્રો ઊભાં કરવા માટેની નાણાકીય જોગવાઈ જિલ્લા ઔદ્યોગિક કેન્દ્ર કે સંકલિત આદિજાતિ વિકાસ કાર્યક્રમના અંદાજપત્રમાં થઈ શકે.

જિલ્લા ઔદ્યોગિક કેન્દ્રની કામગીરી :

વિકાસ યોજનાઓ ચલાવવામાં જિલ્લા ઔદ્યોગિક કેન્દ્રે મહત્ત્વનો ભાગ ભજવવાનો છે. ખાસ કરીને આર્થિક વિકાસના કાર્યક્રમોમાં એકસૂત્રતા જળવાઈ રહે એ માટે જુદા જુદા તંત્રમાં કામ કરતી વ્યક્તિઓને એકત્રિત

કરવામાં કે સંગઠિત કરવામાં એણે કડીરૂપ બનવાનું છે. આગળના પ્રકરણમાં સૂચવ્યા મુજબની યોજનાના સંદર્ભમાં આ તાલુકાના ગ્રામ ઔદ્યોગીકરણની પ્રક્રિયાને આગળ ધપાવવામાં નડતરરૂપ થતા પ્રશ્નોને ઉકેલવામાં જિલ્લા ઔદ્યોગિક કેન્દ્રે આધાર સ્તંભ બનવાનું છે. જિલ્લા ઔદ્યોગિક કેન્દ્રની સ્થાપના પાછળનો એક આશય એક કેન્દ્ર બજાર માટેનું સધ્ધર તંત્ર ઊભું કરે એ હોઈ શકે. આ યોજના ચલાવવામાં એ કેન્દ્ર આગળ પડતો સહયોગ આપે એ અતિ મહત્ત્વનું છે, ખરું જોતાં તો ઘટક રોજગારી અધિકારી આ કેન્દ્રમાંથી જ લેવાવા જોઈએ. એમ ન બને તોપણ ઘટક રોજગારી અધિકારી આ કેન્દ્ર સાથે સતત સંપર્કમાં રહી નિષ્ણાતની સેવાઓ પૂરી પાડે એ માટે જવાબદાર લેખાવા જોઈએ.

તાલીમ :

ઉત્પાદન અને બજારના તંત્રની સાથે આ ઔદ્યોગિક કેન્દ્રે જુદા જુદા વેપાર અંગેની તાલીમ આપવા માટે પણ પ્રયત્નો કરવા જોઈએ. અગાઉ જણાવ્યું તે પ્રમાણે યોજનાના અસરકારક અમલ માટે આદિવાસીઓ પૂરતા કેળવાયેલા હોય એ જરૂરી છે. એ તાલીમનો લાભ એ આદિવાસીઓને મળી શકે. આ તાલીમ માટેની જે જે જરૂરિયાતો હોય તે આ ઔદ્યોગિક કેન્દ્ર અને સંકલિત આદિજાતિ વિકાસ કાર્યક્રમ આપતી સંસ્થાઓએ પૂરી પાડવી જોઈએ એટલું જ નહીં આ માટેનું નાણાકીય ફંડ પણ એ બે સંસ્થાઓએ પોતપોતાના બજેટમાં સ્વીકારવું જોઈએ. આદિવાસી સમાજની ભૂમિકાને ધ્યાનમાં લેતાં આ યોજનાના અમલીકરણ માટે જરૂરી એવાં ટેક્નિકલ જ્ઞાન અને તાલીમને ગંભીરપણે લેવાવાં જોઈએ. જેમ કે મરઘાં ઉછેરની તાલીમ — મત્સ્ય ઉદ્યોગની તાલીમ — Horlticulture Vegetables તાલીમની વ્યવસ્થા થવી જોઈએ. આ બંને સંસ્થાઓ પાસે તાલીમ માટેના નિષ્ણાતો અને અનુભવી હોવાને લીધે તાલીમની તમામ જવાબદારી એ બંને સંસ્થાને સોંપવી જ જોઈએ. એ માટે ઘટક રોજગાર અધિકારીઓએ આ સંસ્થાના સંપર્કમાં રહી આદિવાસીઓને, જુદા જુદા વેપાર અંગેની કુશળતા માટેનો તાલીમ અભ્યાસક્રમ ગોઠવવો જોઈએ. આ લોકો માટે સંચાલન તાલીમ ઊભી કરવી જોઈએ કે જેથી સંચાલનને કારણે કાર્યક્રમો નિષ્ફળ જવાની ભીતિ રહે નહીં. આ કાર્યક્રમ જિલ્લા અને રાજ્યકક્ષાએ ગોઠવવો જોઈએ.

યોજનાઓની શકયતા :

સૂચવવામાં આવેલી યોજનાઓ મોટે ભાગે માનવશક્તિ, કાચા માલ જેવાં સ્થાનિક સાધનો ઉપર આધારિત છે. યોજનાને અમલમાં મૂકવા માટેના આ બે અગત્યના ઘટકો છે. આ રીતે જોતાં આ યોજના અમલી બનાવી શકાય તેમ છે. યોજના એવી છે કે જેને માટે બેંક દ્વારા સહેલાઈથી ધિરાણ મેળવી શકાય પરંતુ સાધ્ય એ મુખ્ય બાબત છે. તેથી જો યોજના ચલાવવા યોગ્ય પગલાં ભરવામાં ન આવે તો યોજનાને નુકસાન થાય.

ગરીબી રેખા નીચે જીવતા લોકો :

એ પૂરતી રીતે બતાવવામાં આવ્યું છે કે ભારે મોટી સંખ્યામાં લોકો પામર ગરીબાઈમાં જીવી રહ્યા છે. ગરીબાઈ રેખા નીચે જીવતાં કુટુંબોને ઓળખવાં ખાસ મુશ્કેલ નથી. તેઓ બધે છવાયેલાં છે. જોકે તાલુકાના ઉત્તર પશ્ચિમ અને દક્ષિણ પશ્ચિમ ભાગમાં વસતા લોકો, દક્ષિણ પૂર્વ વિસ્તારનાં ગામોમાં વસતા લોકોની (મહારાષ્ટ્રની સરહદને જોડતા) સરખામણીમાં આર્થિક રીતે ઓછા વિકસિત છે. તેથી યોજનાઓ માટે વ્યક્તિઓની પસંદગી દક્ષિણ–પશ્ચિમ વિભાગ સિવાયના વિસ્તારમાંથી થવી જોઈએ. પરંતુ એનો અર્થ એવો નથી થતો કે આ વિસ્તારમાં ગરીબીની રેખા નીચે જીવતાં કુટુંબોને બાજુએ રાખવાં જોઈએ.

એવું બતાવવામાં આવ્યું છે કે તાલુકામાં મુખ્ય ત્રણ પાંગળી બાબતો છે : પર્વતીય વિસ્તાર, જમીન ધોવાણ, અને અજ્ઞાનતામાં રહેતા લોકો. પહેલી બાબત સુધારી શકાય. જ્યાં સુધી બીજી પાંગળી બાબતને નિસબત છે ત્યાં સુધી સંકલિત આદિવાસી વિકાસ કાર્યક્રમ અને ખેતીવાડી ખાતા દ્વારા પગલાં ભરવામાં આવ્યાં છે. રાજપીપળામાં જમીન સંરક્ષણનાં કામો હાથ ધરવા માટે એક વિભાગીય સંરક્ષણ અધિકારી તથા જરૂરી કર્મચારીઓ માટે ભલામણ કરવામાં આવી છે. જોકે, ખેતીવાડી ખાતાએ આ તાલુકામાં આ પ્રશ્નનો સામનો કરવા માટે ગંભીરપણે ધ્યાન આપવું પડશે. ત્રીજી પાંગળી બાબત લોકોમાં જાગૃતિ લાવવા અંગેની છે. આ માટે વિશાળ તાલીમ કાર્યક્રમો સૂચવવામાં આવ્યા છે. લોકોમાં જાગૃતિ લાવવાના કાર્યમાં લાંબો સમય જતો હોય છે. તેથી લોકો શિક્ષિત બને ત્યાં સુધી રાહ જોઈ શકાય નહીં. આ માટે અસરકારક વિકલ્પ તેમને એકઠા કરી જાગ્રતિ લાવવાનો છે. જ્યાં સુધી તેઓ સંગઠિત અને જાગૃત નહીં બને ત્યાં સુધી (મેકો લોકોના પ્રતિનિધિઓ માર્ફતે લેવલે શોષણ કરવાનું ચાલુ રાખશે. ક્ષેત્રકાર્ય દરમ્યાન અમને જોવા અને જાણવા મળ્યું છે કે છેલ્લાં ૩૦ વર્ષથી

બહારથી આવેલા અને સાગબારામાં સ્થિર થયેલ વ્યક્તિઓ દ્વારા આદિવાસીઓનું શોષણ થતું રહ્યું છે. એવો પણ આક્ષેપ કરાયો છે કે સમય જતાં તેઓ તાલુકામાં જાણીતા નેતાઓ બની તેમણે સિફતતાપૂર્વક આદિવાસીઓના કાર્યક્રમો સફળ થતા અટકાવ્યા છે. તેઓએ તેમનું શોષણ થતું અટકાવ્યું નથી પણ તેમને પછાત રાખીને તેમનું શોષણ ચાલુ રાખી સંપત્તિનો ઉપયોગ કરી પોતાને માટે લાભ મેળવ્યો છે.

મોટા ભાગની યોજનાઓ સહકારી ક્ષેત્રમાં સૂચવાઈ હોવાથી સહકારી ક્ષેત્રને મજબૂત કરવું પડશે. વધુમાં વધુ રોજગાર આપવા હાથ ધરાનારા કાર્યક્રમોના અમલની શક્યતાનો રસ્તો હોય તો તે અગાઉ જણાવ્યો તે માત્ર એક ઉપાય છે કે જેના દ્વારા ઉપર દર્શાવેલાં ધ્યેય સિદ્ધ કરી શકાય. આ સંદર્ભમાં ઘટકકક્ષાએ રોજગાર અધિકારીઓએ સહકારીક્ષેત્રે સહયોગથી પૂરતો પ્રયત્ન કરવો જોઈએ. અહીં પણ નાણાકીય સહાયની જરૂર પડે તો તે સહકારી ભંડોળમાંથી મેળવી શકાય.

યોજનાને ક્રિયાશીલ બનાવવાનું કાર્ય મોટે ભાગે બિન આદિવસીઓ દ્વારા થતું હોય છે. અને પાછળના અનુભવને આધારે એ ખ્યાલ આવી જાય છે કે આ બિન આદિવાસી કર્મચારીઓ આદિવાસી સમાજનાં મૂલ્યો અને પરિપાટીઓની અવગણના કરે છે. અને પછી વધારેમાં વધારે ચિંતાજનક બાબત તો એ જોવા મળે છે કે યોજનાને ક્રિયાશીલ બનાવતાં આ બિન આદિવાસી કર્મચારીઓ પોતાના સમાજનાં મૂલ્યો, વિચારો અને પરિપાટી આદિવાસીઓ ઉપર ઠોકી બેસાડવાની તકનો લાભ લે છે. સામાન્યતઃ એ બતાવવામાં આવે છે કે પોતે ઘણા સંસ્કારી છે અને ઊંચા સમાજમાંથી આવે છે અને જેમની વચ્ચે કામ કરે છે તેમને અસંસ્કારી અને હીન સમાજના માની તેની ઉપેક્ષા કરે છે. આના લીધે આદિવાસીઓ યોજનામાં સહભાગી થવા માટે ઘગશ બતાવી શકતા નથી. ઊલટું તેઓ આ લોકોથી વેગળા રહે છે. બીજું કે જે આદિવાસીઓ શિક્ષિત બને છે તેઓ પણ પોતાના સમાજના લોકો તરફ નકારાત્મક દૃષ્ટિથી જુએ છે. જે રીતે બિન આદિવાસીઓ વર્તન કરે છે તે પ્રમાણે તેઓ પણ આદિવાસીઓ સાથે વર્તન કરવા લાગે છે. બિન આદિવાસીઓ ભણેલાગણેલા આદિવાસીઓની સાથે ક્રિયાશીલ બનાવવા બિન આદિવાસીઓની જેમ જ અડચણરૂપ છે. આ બધાને લીધે એકંદરે યોજનાઓને ખરેખર ક્રિયાશીલ બનાવવાનું કામ અઘરું થઈ પડે છે. આ વાત યોજનાના અમલીકરણ વખતે અમલ કરનારાઓએ ધ્યાનમાં રાખવી પડશે.

પ્રકરણ : ૧૦

ડુંકસાર – તારણો અને ભલામણો

સાગબારા તાલુકો ભરૂચ જિલ્લાના પૂર્વથી દક્ષિણ-પૂર્વ દિશામાં સૌથી છેવાડે આવેલો છે. આ તાલુકો રાજપીપળાના ડુંગરાળ વિસ્તારમાં પથરાયેલો છે. સાગબારા નામ આ વિસ્તારના જંગલમાં પુષ્કળ પ્રમાણમાં થતા સાગના પરિણામે આવેલું હોય એમ લાગે છે. આ તાલુકો ભરૂચ જિલ્લાના દક્ષિણ-પૂર્વ સરહદે આવેલો હોવાથી મહારાષ્ટ્ર રાજ્યનો ખાનદેશ પૂર્વ દિશામાં તેનો સૌથી નજીક પડોશી છે. તેની ઉત્તરે અને પશ્ચિમે ભરૂચ જિલ્લાનો ડેડિયાપાડા તાલુકો છે. જ્યારે દક્ષિણમાં તેનો છેડો સુરત જિલ્લાની સરહદથી જોડાય છે.

સ્વતંત્રતા મળ્યા પહેલાં સાગબારા તાલુકો આદિવાસી સરદારની સત્તા હેઠળનું રાજ્ય હતું. ત્યારે આ વિસ્તાર બહારના જગતથી વેગળો હતો. તેનું અર્થતંત્ર જંગલ પેદાશ પર આધારિત હતું. આને કારણે તેમનું જીવન ખાદ્યપદાર્થો એકઠા કરવાની અને શિકારની પ્રવૃત્તિ કરવા સાથે વણાયેલું હતું. ખેતી કરવામાં આવતી હતી પણ તેનો ખાસ ફાળો નહોતો.

ભારતીય સંઘમાં વિલીનીકરણ થયા પછી તેનું વેગળાપણું દૂર થયું અને તે પ્રદેશના આદિવાસીઓનો બહારના લોકો સાથેનો વ્યવહાર શરૂ થયો અને ૧૯૬૦માં અસ્તિત્વમાં આવેલા ગુજરાત રાજ્યનો ભાગ બન્યો. ત્યાર પછી રાષ્ટ્રના વિકાસ કાર્યક્રમો તેમના સુધી પહોંચવા લાગ્યા.

તાલુકાનો કુલ વિસ્તાર ૪૦૦ ચો. કિ. મી. છે. તેમાં આદિવાસી વસ્તી ધરાવતાં ૧૦૬ ગામોનો સમાવેશ થાય છે. ૧૯૭૧ની વસ્તી ગણતરી મુજબ ૯૦.૭૭% લોકો એટલે કે ૫૨,૫૭૬ લોકો અનુસૂચિત જનજાતિના હતા કે જેને આદિવાસી તરીકે ઓળખવામાં આવે છે. આ તાલુકો ખાસ ગીચ વસ્તી ધરાવતો નથી. તેની દર ચો. કિ. મી. દીઠ વસ્તી ૧૩૧ છે. મોટા-ભાગનો વિસ્તાર જંગલ હેઠળ હોવાને કારણે (કુલ જમીનના ૨૯.૧૧%) વસ્તીની ગીચતા ઓછી છે. મોટા ભાગનાં ગામોમાં ૫૦૦ કરતાં ઓછી વસ્તી જોવા મળે છે. આ તાલુકામાં એક પણ શહેર નથી. અને માત્ર એક જ ગામ ૨૦૦૦ કરતાં વધુ વસ્તી ધરાવે છે.

ભૌગોલિક રીતે સાગબારા ઉચ્ચતર ભૂમિઓ, પહાડીઓ અને મધ્યાન્તરિત ખીણોનો પ્રદેશ છે. માત્ર ઉકાઈ ડેમના જળાશયનો વિસ્તાર એટલે કે દક્ષિણ અને દક્ષિણ-પૂર્વ દિશામાંનો વિસ્તાર સપાટ છે.

આ તાલુકામાંથી કોઈ મોટી નદી પસાર થતી નથી. જોકે દક્ષિણ-પૂર્વ ભાગની સરહદ નજીકથી તાપી નદી પસાર થાય છે. તાલુકામાં કેટલીક ખાડીઓ આવેલી છે. જેમાં માત્ર ચોમાસામાં પાણીનો પ્રવાહ હોય છે. સરાસરી વરસાદ ૧૩૦૫ મી. મી. છે. ખીણ વિસ્તારની જમીન કાંપવાળી અને ભૂખરી છે. જ્યારે પર્વતીય વિસ્તારની જમીન છીછરી અને મોટે ભાગે પથરાળ પ્રકારની છે. પથરાળ જમીન અને અડધા કરતાં વધુ વિસ્તાર ખેતી માટે બિનઉપયોગી છે. માત્ર કુલ જમીન ૪૦૦૩૧ હેકટરના ૪૧.૩૩ ટકા જમીન ખેતીના ઉપયોગમાં લેવાય છે.

તાલુકાનો મુખ્ય પાક જુવારનો છે. ત્યાર પછી ડાંગરનો પાક આવે છે. બીજો અગત્યનો પાક તુવેરનો છે. રોકડિયા પાકની ખેતીનું લગભગ અસ્તિત્વ જ નથી. પહેલાં કપાસ અગત્યનો રોકડિયો પાક હતો. અને તેની મોટા પાયા ઉપર ખેતી થતી. પણ હાલમાં ખેડૂતોએ કપાસના પાકમાં રસ ઓછો કર્યો છે. સિંચાઈ સગવડો ઘણી નબળી હોવાને કારણે ઘઉંની ખેતી નાના પાયા ઉપર કરવામાં આવે છે. ૧૯૭૮ના વર્ષમાં કુલ ખેતીલાયક જમીનના માત્ર ૪.૨૪% જમીન સિંચાઈ હેઠળ આવરી લેવામાં આવી હતી. હાલમાં સિંચાઈમાં કૂવાની સિંચાઈ અગત્યના સાધન તરીકે છે. લઘુ સિંચાઈ યોજના અને નહેરોની સંખ્યા ઘણી ઓછી છે. લઘુ સિંચાઈ યોજનાઓમાં ઉદ્‌વહન સિંચાઈ યોજના અને ચેક ડેમો હાલમાં બાંધવામાં આવ્યા છે.

આ તાલુકાના આદિવાસીઓમાં જંગલોનો વિશાળ ફાળો છે. આ વિસ્તારના જંગલોમાંથી મળી આવતી મુખ્ય વસ્તુ સાગ છે. જંગલ ગૌણ પેદાશોમાં આપ્ટાના પાન (બીડી બનાવવાનાં પાન) ચીલારી, કડાયા, (ગુંદર માટે) મહુડાં (ફૂલ ખાવા માટે અને બી તેલ કાઢવાના ઉપયોગ માટે), ટીમરુ (બીડી બનાવવા) વગેરે છે. જંગલી પશુઓ અને બીજાં પ્રાણીઓની સંખ્યામાં સારો એવો ઘટાડો થઈ રહ્યો છે. ખનીજોની બાબતમાં તાલુકો ઘણો પછાત છે. જે ખનીજો મળી આવે છે એમાં અબરખ, બાંધકામનો પથ્થર, ચિનાઈ માટી અને બીજી માટી અગત્યની છે.

હાલમાં તાલુકામાં કુલ ૮૬ પ્રાથમિક શાળાઓ, ૩ માધ્યમિક શાળાઓ અને ૨ આશ્રમશાળાઓ અસ્તિત્વ ધરાવે છે. તાલુકો ગુજરાત રાજ્યનો ભાગ બન્યા પછી જ તાલુકાના શિક્ષણકાર્યમાં વેગ આવ્યો હતો. આ દિશામાં પ્રયત્નો થવાને કારણે શિક્ષિતોનું પ્રમાણ ૪.૪% સુધી વધ્યું છે. આદિવાસી પ્રજાના શિક્ષણનો દર ૧૨.૨૫% છે જે જિલ્લાના બાકીના આદિવાસી તાલુકાના પ્રમાણમાં નીચો છે. (ડેડિયાપાડા સિવાય) — શિક્ષણનું સ્તર ઊંચું લાવવા માટે આશ્રમશાળાઓ વધુ હોવી જોઈએ. દર ૧૦ હજારની વસ્તીએ એક આશ્રમશાળા હોવી જોઈએ.

કુલ ૮૬ પ્રાથમિક શાળાઓ અને ૨ આશ્રમશાળાઓમાં કુલ ૫૪૦૪ છોકરાઓ અને ૨૮૦૭ છોકરીઓ શિક્ષણ મેળવી રહ્યાં છે. ૧૯૭૦-૭૧થી ૧૯૭૭-૭૮ના ગાળા દરમ્યાન પ્રાથમિક શિક્ષણ મેળવનારની ટકાવારીમાં ૧૭૧.૪૪% નો વધારો નોંધાયો છે. જ્યારે માધ્યમિક શાળાઓમાં આ વધારો ૨૦.૭૦ %નો છે. આ બાબત આ તાલુકામાં વધતા જતા શિક્ષણની સ્થિતિ બતાવે છે. જોકે વિદ્યાર્થીની સ્થિતિમાં વધારો થતો રહ્યો છે પરંતુ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ત્રીજા ધોરણથી આગળ જતા નથી, એનો અર્થ એ થાય કે પ્રાથમિક શાળામાં શિક્ષણના બગાડનું પ્રમાણ વધુ છે.

આ તાલુકામાં તાલુકા મથક સાગબારા ખાતે એક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર આવેલું છે. અને ૭ પેટા કેન્દ્રો અનુક્રમે ચોપડવાવ, ટાવલ, ધવલીવેર, સેલબા, કોલવણ અને માટલામહુ ગામોમાં આવેલ છે. સારવાર મેળવતાં દર્દીઓની સંખ્યામાં દર વર્ષે વધારો થતો રહ્યો છે. એનો અર્થ થાય કે આદિવાસીઓમાં સારવારની આધુનિક પદ્ધતિ લોકપ્રિય બની રહી છે. પહેલાં એવું મનાતું કે, દેવીનો કોપ થવાથી રોગ આવે છે અને તેથી ભગતો ઉપર આધાર રાખવો પડતો હતો. ત્રણ પ્રસૂતિ કેન્દ્રો દ્વારા બાળકના જન્મ પહેલાંની, જન્મ પછીની જરૂરી સારવાર આદિવાસી સ્ત્રીઓ મેળવે છે. કુટુંબનિયોજનનું કાર્ય છેલ્લાં ૧૫ વર્ષથી ઉત્સાહપ્રેરક રીતે સફળતા સાથે થઈ રહ્યું છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ૧૯૭૦-૭૧થી ૧૯૭૮-૭૯ના વર્ષના મળતા આંકડા મુજબ ૧૮૮૪ વ્યક્તિઓએ વ્યંધીકરણનું ઓપરેશન કરાવ્યું છે.

આદિવાસીઓમાં સર્વ સામાન્ય રોગોમાં ચામડીના રોગો, જાહરના રોગોનો સમાવેશ થાય છે. રક્તપિત્ત અને ટી. બી.ના કેસો જૂજ પ્રમાણમાં મળે છે.

તાલુકામાં પાણીની સગવડ ન હોય તેવાં ગામોની સંખ્યા ૬ છે. ૮૮ ગામોમાં કૂવાઓ છે. પણ તેમાંનાં કેટલાંક ગામોમાં ખાસ કરીને ડુંગરાળ વિસ્તારનાં ગામોમાં કૂવાઓ ઉનાળામાં સુકાઈ જાય છે. તેથી લોકોએ પાણી પુરવઠાના પ્રશ્નનો સામનો કરવો પડે છે.

આ વિસ્તારમાં વાહનવ્યવહારની સગવડો અપૂરતી છે. કુલ ૧૦૫ ગામોમાંથી ફક્ત ૫ ગામો જ પાકા માર્ગથી જોડાયેલાં છે. અલબત્ત ૪૦ ગામોને બસની સગવડ છે. પરંતુ આ સગવડ બારે માસ મળતી નથી. મોટા ભાગનાં ગામ ચોમાસાની ઋતુમાં બહારના જગતથી વિખૂટાં પડી જાય છે.

વીજળીની બાબતમાં આ તાલુકો પછાત છે. ૧૦૫ ગામોમાંથી ૬ ગામોને જ વીજળીની સગવડ મળી છે. વીજળીની સગવડ નબળી હોવાને કારણે વીજળી પર આધારિત સિંચાઈની સગવડની પ્રગતિને અસર પહોંચી છે. જોકે ૧૧ ખેડૂતોએ જ વીજળી-પંપ મોટર બેસાડ્યા છે.

સહકારી સંસ્થાઓની શરૂઆત તાલુકામાં વિકાસ કાર્યોની શરૂઆત થઈ તે પહેલાંના સમયથી થઈ હતી. તાલુકામાં જુદા જુદા પ્રકારની ૧૩ સહકારી મંડળીઓ છે. અને તેમાં કુલ ૨૩૧૩ સભાસદો છે. પરંતુ તાલુકામાં અગત્યની સહકારી મંડળી જેમ કે જંગલ કામદાર સહકારી મંડળીનો અભાવ જોવા મળે છે. જુદા જુદા કારણોને લઈને સહકારી સંસ્થાઓની વિકાસની પ્રગતિ ધાર્યા મુજબ થઈ નથી. કારણ કે ખાસ કરીને ધિરાણ અને વેચાણનું સંકલન નથી અને શાહુકારો દ્વારા શોષણ થાય છે.

૧૯૬૨ના વર્ષમાં ભરૂચ જિલ્લા મધ્યસ્થ સહકારી મંડળીની શાખાની સ્થાપના સાથે તાલુકામાં બૅંકિંગ સેવાઓની શરૂઆત થઈ છે. બૅંક ઑફ બરોડા જે તાલુકાની લીડ બૅંક છે તેની શાખા ૧૯૭૫ના વર્ષથી થઈ છે. માત્ર આ શાખા જ વ્યાપારી બૅંકની એક શાખા છે.

સંકલિત આદિવાસી વિકાસ કાર્યક્રમ રાજપીપળા હેઠળ પેટા યોજનામાં આ તાલુકાના આદિવાસી વસ્તીનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઑફિસિયલ સંસ્થા સિવાય તાલુકામાં જે સંસ્થાઓ દ્વારા આદિવાસીઓના વિકાસના કાર્યક્રમો હાથ ધરાયા છે તેવા નાના ખેડૂતોની વિકાસ એજન્સી ગ્રામ આયોજિત ગ્રામ વિકાસ પ્રોજેક્ટ અને જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓ જેવી કે, સાગબારા વિભાગ કેળવણી મંડળ, હરિ ૐ

આશ્રમ, કેર અને યુનિસેફ વગેરે આ તાલુકાના આદિવાસીઓના વિકાસના કાર્યક્રમો હાથ ધરે છે. બીજા આદિવાસી વિસ્તારની સરખામણીમાં સ્વૈચ્છિક સંસ્થાઓનો ફાળો એમને માટે અગત્યનો છે. આ દૂરના આદિવાસી વિસ્તારમાં કોઈ ઔદ્યોગિક ગૃહ વિકાસ કાર્યક્રમોની શરૂઆત કરી શકાય.

૧૯૭૧ની વસ્તીગણતરી મુજબ પુરુષ અને સ્ત્રીઓની સંખ્યા લગભગ સરખા પ્રમાણમાં છે. આ તાલુકાની આદિવાસી પ્રજામાં મોટા પ્રમાણમાં વસાવા જાતિના લોકો છે. બીજી જાતિઓમાં ખાસ કરીને તડવીભીલ ગાવિત, ધાણકા, કોટવાળિયા અને નાયકાનો સમાવેશ થાય છે. ૧૯૭૧ની વસ્તીગણતરી મુજબ કુટુંબનું સરાસરી કદ ૫.૯૨નું છે. ૧૯૭૧ની વસ્તીગણતરીમાં કુલ વસ્તીના ૩૫.૫૯ % લોકો કામદાર વર્ગ તરીકે નોંધાયા છે. ૧૯૬૧ની વસ્તીગણતરીમાં આ ટકાવારી ઊંચી (૪૯.૨૬) હતી. મોટા-ભાગની રોજગારી સ્વરોજગારી છે. ૧૯૭૧ની વસ્તીગણતરી મુજબની ૯૨.૦૫ % લોકો પ્રાથમિક ક્ષેત્રની આર્થિક પ્રવૃત્તિમાં રોકાયેલા છે. ૧૯૭૧ની વસ્તીગણતરી સાથે ૧૯૬૧ની વસ્તીગણતરીની સરખામણી કરતાં એક તરફ ખેતી કરતા માલિકોની સંખ્યા ઘટતી જાય છે. બીજી તરફ ખેતમજૂરોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થતો રહ્યો છે.

મોટા ભાગના ખેડૂતોની ૫ હેકટરથી પણ ઓછી જમીનની માલિકી છે. કુલ ખેડૂતના ૪.૧૮ % લોકો જ ૨૦ હેકટરથી વધુ જમીન ધરાવે છે. સાગબારા રાજ્યના રાજાના જે વંશજો છે તેની પાસે મોટી જમીન એટલે કે ૫૦ હેકટરથી પણ વધુ જમીન છે. પરંતુ કુટુંબના ભરણપોષણ માટે આ જમીન ઘણી થોડી છે. આનું મુખ્ય કારણ એ છે કે કુલ ખેતીલાયક જમીનની બહુ થોડી જમીન ખેતી હેઠળ આવેલી છે. તાલુકાની કુલ ખેતીલાયક જમીનનો ચોખ્ખો વાવેતર વિસ્તાર અને અંદાજિત વાવેતર વિસ્તાર અનુક્રમે ૫૬.૨૯ અને ૫૭.૦૦ % છે. આ સ્પષ્ટ સૂચવે છે કે જમીનના પ્રકાર અને બીજાં કારણોને લીધે માલિકે તેની બીજી જમીનમાં ખેતી કરવાનું શકય નથી.

જુદા જુદા પાકના હેકટર સરેરાશ ઉત્પાદનના આંકડાની જિલ્લા અને રાજ્ય સાથે સરખામણી કરીશું તો તાલુકાના આંકડા ઘણા નીચા છે. દા. ત. જુવાર એ ત્યાંનો અગત્યનો પાક છે. તેમાં જિલ્લા અને રાજ્ય કક્ષાએ સરાસરી ઉત્પાદન હેકટર દીઠ અનુક્રમે ૫૬૮ અને ૪૯૩ કિ. ગ્રા. છે.

જ્યારે સાગબારામાં માત્ર ૨૨૫ કિ.ગ્રા. છે. આ સ્પષ્ટ સૂચવે છે કે તાલુકામાં ખેતીની સુધારણા માટે સારો એવો અવકાશ છે. ઓછા ઉત્પાદન માટે જવાબદાર કારણોમાં રાસાયણિક ખાતર, સુધારેલી જાતોનાં બિયારણો અને આધુનિક ખેત ઓજારના ઉપયોગનો અભાવ છે. જોકે આદિવાસીઓ મોટા પ્રમાણમાં પશુઓ અને મરઘાં ઉછેરનો ધંધો કરે છે. પરંતુ તેમાં ભાગ્યે જ આર્થિક પ્રવૃત્તિ તરીકેનો હેતુ રહેલો હોય છે. પશુરોગ સારવારની સેવાઓ અસરકારક રીતે સંગઠિત ન થવાને કારણે આદિવાસીઓ આ મદદ મેળવવામાં નિષ્ફળ ગયા છે. મોટા પ્રમાણમાં જંગલો હોવાથી ચારો મળી રહે છે. તેથી પશુઓને ચરાવવાનો પ્રશ્ન વિકટ નથી. માત્ર ઉનાળાની ઋતુમાં જ ચરાવવાનો પ્રશ્ન ઊભો થાય છે. ઘાસચારાને ખેતી લાયક જમીનમાં પદ્ધતિસર રીતે ઉગાડવામાં આવતો નથી.

૧૯૭૬-૭૭થી દૂધની સહકારી મંડળી શરૂ કરવામાં આવી છે. પણ વિસ્તારના ઘણા ઓછા લોકોનો તેમાં સમાવેશ કરી શકાયો છે. માત્ર ૫ મંડળી અને ૬૪૦ સભાસદો સાથે ઉપરોકત મંડળી કામ કરે છે.

મરઘાં ઉછેરના કાર્યક્રમને કેટલીક સંસ્થાઓ દ્વારા અમલી બનાવાયો છે પણ તેને સારી સફળતા મળી શકી નથી. આ માટેનું જવાબદાર કારણ બજારની વ્યવસ્થાનો અભાવ છે. મચ્છીમારી કરતાં કુટુંબો સારી આવક અને રોજગારી મેળવી શકયા છે. આ રોકડ આપતી નવી આર્થિક પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવાની જરૂર છે. આ બાબતમાં નડતી મુશ્કેલીઓ દૂર થવી જોઈએ. આમાં વાહનવ્યવહારનો પ્રશ્ન અગત્યનો છે. ભૂતકાળમાં આ તાલુકાના આદિવાસીઓનું અર્થતંત્ર માત્ર જીવનનિર્વાહ સ્તરનું હતું. તેથી આજ સુધી તેમની વ્યવસાય પદ્ધતિ ખાસ બદલી શકાઈ નથી. ૯૦% થી પણ વધુ વ્યકિતઓ પ્રાથમિક ક્ષેત્રમાં રોકાયેલી છે આને કારણે ઔદ્યોગિક પ્રવૃત્તિઓ તાલુકામાં વિકસી શકી નથી. જોકે હાલમાં કેટલાક કુટિર ઉદ્યોગ જેવા કે સુથારીકામ, વાંસકામ, અંબર ચરખો વગેરે ઉદ્યોગોને વિકસાવવામાં આવ્યા છે. પણ આવા કુટિર ઉદ્યોગમાં આવરી લેવાયેલ વ્યકિતઓની સંખ્યા ઘણી ઓછી છે. કેટલાક કુટિર ઉદ્યોગો જેવા કે સુથારીકામ, વાંસકામ વગેરેની કુશળતા આદિવાસીઓમાં છે. આ વસ્તુઓના વ્યાપારીકરણ માટે તેમને વિશેષ તાલીમ આપવાની જરૂર છે.

આ તાલુકાના આદિવાસીઓની સામાજિક અને આર્થિક સુધારણા માટે કેટલીક યોજનાઓ અમલી બનાવાઈ છે. તેના કારણે તેમનામાં કેટલાક

ધ્યાન ખેંચે તેવા ફેરફારો જોવા મળે છે. પણ આ યોજનાની સામાન્ય અસર ખાસ જોવા મળતી નથી. કારણ કે મોટે ભાગે આ લોકોની આર્થિક સ્થિતિ આ બાબતનું પ્રતિપાદન કરે છે.

નિદર્શન સર્વેના પરિણામ મુજબ મોટી સંખ્યામાં કુટુંબોની વાર્ષિક આવક ૫૦૦૦થી વધુ નથી. મોજણી પ્રમાણે આવાં કુટુંબો ૮૩.૦ ટકા હતાં. આ લોકોની વ્યક્તિગત સરાસરી માસિક માથાદીઠ આવક રૂ. ૪૮થી વધુ નથી. કેટલાંક કુટુંબોની તો એ આવક માત્ર રૂ. ૨૨ જ છે. આ બાબતની વિગતવાર ચર્ચા આગળ કરી છે. ૯૦%થી પણ વધુ કુટુંબો પામર ગરીબાઈમાં સબડી રહ્યાં છે. તેઓ બધા ગરીબીની રેખા નીચે જીવે છે. માત્ર જૂજ સંખ્યા (૧.૭૫ %) લોકો જ એવા છે કે જેને આપણે આ રેખાની ઉપરની બાજુએ ગણી શકીએ. આમ મોટી સંખ્યામાં આદિવાસીઓને જીવન જીવવા માટે સતત સંઘર્ષ કરવો પડે છે.

નિદર્શનની મોજણીના કુટુંબોમાં થતા ખર્ચના આધારે ગરીબાઈની સીમા જોઈ શકાય છે. આમ માત્ર ૫.૭૨ % કુટુંબોનો વ્યકિતગત માસિક ખર્ચ રૂ. ૬૨થી વધુ છે. જ્યારે ૯૪.૨૫ % એટલે કે મોટી સંખ્યામાં લોકો ગરીબીની જીવનરેખા નીચે જીવે છે, આદિવાસી અને બિનઆદિવાસી બંને પ્રકારના લોકોમાં સૌથી વધુ ખર્ચ ખોરાક પાછળ અને સૌથી ઓછો ખર્ચ શિક્ષણ પાછળ થાય છે. જોકે આદિવાસી અને બિનઆદિવાસીઓના પ્રમાણમાં ભિન્નતા રહે છે. તદ્દન ઓછી આવક મળતી હોવાને કારણે નિદર્શનના કુટુંબોમાંથી ૭૦ % થી વધુ કુટુંબો દેવામાં ડૂબેલાં છે. (દેવાદાર કુટુંબોમાંથી) કુટુંબદીઠ દેવું રૂ. ૫૨૮ છે. દેવાદાર આદિવાસીઓમાં દેવું વાળવાની અશકિત હોવાથી હંમેશાં દેવાદાર રહેતા હોવાથી દેવાનો પ્રશ્ન વિકટ બનતો જાય છે. આ દેવું ઉત્પાદક હેતુ માટેનું નથી હોતું પણ ઘરખર્ચ કે સામાજિક પ્રસંગે થતા ખર્ચાને પહોંચી વળવા માટે થતું હોય છે.

આપણે એ જોયું કે તાલુકાના આદિવાસીઓમાં વ્યકિતગત આવક અને ખર્ચનું પ્રમાણ ઘણું નીચું છે. આ વસ્તુ તેમની ગરીબાઈની સાક્ષી પૂરે છે. ટેકનોલોજીનો નજીવો ઉપયોગ, ઔદ્યોગિક ક્ષેત્રનો અભાવ, અપૂરતું ભૌતિક અને સામાજિક માળખું, હેકટર દીઠ ઓછું ઉત્પાદન, જવાબદારી સંભાળવાની તૈયારીનો અભાવ, બિનકાર્યક્ષમ વહીવટીતંત્ર દ્વારા અમલમાં મૂકવામાં આવેલ વિકાસ કાર્યક્રમોની નબળી સ્થિતિ, આ બધાં કારણો

તાલુકામાં મોટી સંખ્યામાં ગરીબીની રેખા નીચે જીવતાં કુટુંબો માટે જવાબદાર છે. દેખીતી રીતે જ આ પરિસ્થિતિ કુટુંબના બધા જ સભ્યોને મજૂરી કરવાની ફરજ પાડે છે. આ તાલુકામાં ૧૫ વર્ષની નીચેનાં બાળકો (નિદર્શનમાં સમાવેશ થયેલાં અને રોજગાર કરતાં ૧૦–૧૪ વર્ષની ઉંમરનાં ૬.૭૬ % છે) મજૂરી કામમાં રોકાયેલાં છે. મુખ્ય આવકમાં ટેકારૂપ થવા માટે આદિવાસીઓએ ગૌણ ધંધો પણ કરવો પડે છે. સર્વેક્ષણ થયેલા કુટુંબોમાંથી ૭૮.૫૦ ટકા કુટુંબો એક યા બીજા પ્રકારનો ગૌણ ધંધો કરે છે. પરંતુ આ તાલુકાના લોકોના જીવનમાં આર્થિક પ્રવૃત્તિમાં ખેતી અગત્યની હોવાથી બીજી તકો ઓછી રહે છે. ખેતી અર્થતંત્રનું વર્ચસ્વ અને અન્ય બિનખેતી ક્ષેત્રોમાં વ્યવસાયની જૂજ તકો હોવાને કારણે વધારાની માનવ-શક્તિ વર્ષનો મોટો ભાગ વપરાયા વગર પડી રહે છે.

એક તરફ કુટુંબના બધા જ કામ કરી શકે તેવા સભ્યો ખેતીના કામમાં રોકાયેલા રહે છે અને બીજી બાજુ ઓછું ખેત ઉત્પાદન (ઓછી આવકમાં પરિણમે છે.) એવું સૂચવે છે કે ખેતીમાં મજૂરીની ખરેખરી જરૂરિયાત ઓછી છે. એનો અર્થ એવો થાય કે ખેત ઉત્પાદનમાં જેટલી જરૂરી છે તેના કરતાં વધુ મજૂરી રોકાયેલી રહે છે. સર્વેક્ષણ થયેલા કુટુંબોમાંથી ૧૫થી ઉપરના ૯૩.૬૩ % અને ૧૦–૧૪ વર્ષની ઉંમરના ૬.૭૬ ટકા લોકો મળીને કુટુંબદીઠ કુલ વાર્ષિક સરાસરી આવક ૩૪૯૭ની મેળવે છે. આ વસ્તુ પણ સ્પષ્ટ સૂચવે છે કે ત્યાં મજૂરીનું પ્રમાણ ઊંચું છે. જોકે ઓછી આવક સાથે પણ વધારાની મજૂરીને ખેતીની મોસમ દરમ્યાન કામ હોવાને કારણે તેમને બેરોજગાર તરીકે ઓળખાવી શકાય નહીં. આમ સાગબારા તાલુકામાં બેરોજગારીનો પ્રશ્ન વિકટ નથી. પરંતુ ખરો પ્રશ્ન તો ૫ એકરથી ઓછી જમીન ધરાવતા ખેડૂતો, ખેત મજૂરો, અને છૂટક મજૂરનો છે. અને ગ્રામ્ય કારીગરોમાં અર્ધ રોજગારી અને ટૂંકા સમયની રોજગારી-નો છે. આનું તાત્પર્ય એ છે કે સાગબારા તાલુકામાં ગરીબાઈની પરિસ્થિતિ વિષમ પ્રકારની છે. આના અનુસંધાનમાં વિકાસ આયોજન, વધારાની મજૂરીની દિશામાં હશે. સાગબારા તાલુકાની બાબતમાં તો આવા આયોજનો, આર્થિક સંરચના અને સંસ્થાઓમાં ફેરફાર લાવ્યા સિવાય સિદ્ધ થઈ શકશે નહીં. એ સ્પષ્ટ રીતે અગાઉ બતાવવામાં આવ્યું છે કે આ તાલુકામાં ભૂતકાળમાં ખેતી લાંબા સમય સુધી અર્ધ રોજગારીના પાયા ઉપર આધારિત રહી હતી. આને કારણે આદિવાસીની કામની ટેવો આ પરિસ્થિતિને અનુકૂળ

રહી હતી. જો ખેતીમાંથી થોડી મજૂરીને દૂર કરવામાં આવે તો બાકીના તેમની ખેતીમાં એટલું જ કામ કરી શકશે. વલસાડ અને વાપી વિસ્તારમાં કે જ્યાં વધારાનાં મજૂરો ઔદ્યોગિક સંસ્થાઓમાં વ્યવસાય મેળવે છે ત્યાં ખેતીના કાર્યમાં ફેરફારો આવ્યા અને તેને કારણે ખેતઉત્પાદનમાં પણ સુધારો થયો છે.

આ હકીકત ધ્યાનમાં રાખીને આયોજનમા મોટી સંખ્યામાં વધારાના મજૂરોને બિનખેતીના ક્ષેત્રોમાં રોજગાર પૂરો પાડવાની તકોને એક અગત્યના ભાગ તરીકે ગણી છે. આ આવક અને આર્થિક તકોની ન્યાયી વહેંચણી એટલે કે આવક મેળવવાના સાધનોની ફેરવહેંચણી ઉપર ભાર મૂકે છે. નીચે જણાવેલી યોજનાઓમાં જણાય છે તે મુજબ વધારાના મજૂરો માટે વધારાના માનવદિન ઊભા કરવા. તેમ જ જેઓ આર્થિક ક્ષેત્રે ઘણા નબળા છે તેમની આવકમાં વધારો થાય તેવા પ્રયત્નો કરવામાં આવ્યા છે. જો આ યોજનાઓનો યોગ્ય અમલ થશે તો વ્યક્તિદીઠ વધારાના ૯૫ દિવસ જેટલું કામ તથા વ્યક્તિદીઠ માસિક રૂ. ૧૭ વધારાની આવક તરીકે મળશે. સર્વેક્ષણના પરિણામ મુજબ વ્યક્તિદીઠ સરાસરી માસિક આવક રૂ. ૪૮ની છે. જો આપણે આ યોજનાઓનો અમલ કરી અંદાજિત આવક ઊભી કરી શકીએ તો મોટી સંખ્યામાં કુટુંબોને ગરીબી રેખાથી ઉપર લાવી શકાય. પરંતુ એક એ પણ ખ્યાલ રાખવા જેવી બાબત હશે કે ચીજ વસ્તુઓના ભાવમાં જેમ વધારો થતો જાય તેમ ખેત-ઉત્પાદનને પણ તેનો લાભ મળવો જોઈએ. નહીં તો આ યોજનાઓ દ્વારા વધારાની આવક ઊભી કરવામાં આવી છે, તેમનો લાભ આદિવાસી લઈ શકશે નહીં, કારણ કે ભાવના વધારાના કારણે ગરીબાઈ રેખા નીચેનો આવક દર પણ ઊંચો જશે અને બીજી બાજુ ખેત-ઉત્પાદનનો ભાવ ઊંચો ન મળવાને કારણે આવક એટલી રહેશે, એટલે તેમની સ્થિતિમાં ગણનાપાત્ર સુધારો થશે નહીં.

જે યોજનાઓ ઘડી છે તેના દ્વારા ઊભી થયેલી આર્થિક તકોના અસરકારક ઉપયોગના ધારેલાં પરિણામો હાંસલ કરવા. સાગબારા તાલુકાના લોકોને એકત્ર કરી કે સંગઠિત કરી તેમનામાં જાગૃતિ લાવવાનું જરૂર છે. જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર સંકલિત આદિવાસી વિકાસ કાર્યક્રમ, તાલુકા પંચાયત અને જિલ્લા આયોજન અધિકારી વગેરે દ્વારા આદિવાસીઓમાં તાંત્રિક અને વહીવટી કૌશલ્ય વિકસે તે માટેના અસરકારક તાલીમ કાર્યક્રમો યોજવા

સાગબારા તાલુકામાં ઘટક કક્ષાએ આયોજન માટેની સૂચિત યોજનાઓ

ક્રમ	યોજનાનું નામ	લાભ લેનાર કુટુંબોની સંખ્યા	સરેરાશ વાર્ષિક અંદાજિત આવક (રૂ.માં)	વર્ષમાં અંદાજિત માનવદિન ઊભા થવાની શકયતા	બૅન્કની લોન (રૂ.માં)	ઘટક કક્ષાએ આયોજનમાંથી ફાળવણી (રૂ.માં)	કુલ રોકાણ (રૂ.માં)
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧.	તુવેરની ખેતીલાયક જમીન વધારીને	૨૫૦	૮,૦૦,૦૦૦	૧૩,૪૧૫	—	૫,૦૦૦	૫,૦૦૦
૨.	દાળમિલ સ્થાપીને	૧૧૨	૫૦,૦૦૦	૫,૬૦૦	૮૫,૦૦૦	૬૦,૦૦૦	૧,૪૫,૦૦૦
૩.	ચોખા છડવાની નાની મિલોના એકમો ઊભા કરવા	૧૫૫	૬૫,૦૦૦	૮,૦૦૦	૫૦,૦૦૦	૮,૧૨૫	૫૮,૧૨૫
૪.	કપચી બનાવવાનું ઉત્પાદન	૧૫૦	૨,૦૨,૧૦૦	૫૩,૫૫૦	૧,૮૫,૪૦૦	૭,૬૫૦	૧,૯૩,૦૫૦
૫.	સુથારી	૧૦૦	૬,૦૦,૦૦૦	૪૦,૦૦૦	૧,૧૦,૦૦૦	૧,૩૦,૦૦૦	૨,૪૦,૦૦૦
૬.	ફર્નિચર બનાવવું	૫	૭૦,૦૦૦	૧૪,૫૦૦	૪૭,૫૦૦	૪૮,૦૦૦	૯૫,૫૦૦
૭.	લાકડાનાં ખોખાં બનાવવાં	૫૦	૪,૭૮,૬૦૦	૨૦,૦૦૦	૧,૫૩,૦૦૦	૧,૦૯,૬૫૦	૨,૬૨,૬૫૦
૮.	ઘાસમાંથી બનાવવામાં આવતા સ્ટ્રોબોર્ડ	૧૦૦	૮,૧૭,૮૦૦	૩૭,૨૦૦	૩,૮૦,૦૦૦	૧૯૧,૫૫૦	૫,૭૧,૫૫૦
૯.	પતરાળાં અને પડિયા બનાવવા	૧૦૦	૪,૨૦,૦૦૦	૪૨,૦૦૦	૩૦,૦૦૦	૫૦,૦૦૦	૮૦,૦૦૦
૧૦.	મધમાખ ઉછેર અને મધ બનાવવું	૧૦૦	૭૭,૦૦૦	૭,૭૦૦	૮૪,૫૦૦	૩૫,૫૦૦	૧,૨૦,૦૦૦
૧૧.	મરઘાં ઉછેર	૩૦૦	૩,૦૦,૦૦૦	૩૦,૦૦૦	—	૧,૨૩,૦૦૦	૧,૨૩,૦૦૦
૧૨.	વાંસકામ	૫૦	૩,૭૫,૦૦૦	૩૭,૫૦૦	—	૧૬,૮૭૫	૧૬,૮૭૫
૧૩.	અનાજ દળવાની ઘંટી	૫	૧૮,૦૦૦	૧,૫૦૦	૪૩,૭૫૦	૧,૮૭૫	૪૫,૬૨૫
૧૪.	બકરાં ઉછેર	૧૦૦	૨,૫૦,૦૦૦	૨૫,૦૦૦	—	૧,૪૦,૦૦૦	૧,૪૦,૦૦૦
૧૫.	દરજીકામ	૬૦	૧,૦૮,૦૦૦	૧૮,૦૦૦	૫૮,૦૦૦	૧૭,૦૦૦	૭૫,૦૦૦
૧૬.	શાકભાજીનું વાવેતર	૧૦૦૦	—	—	—	૮,૦૦૦	૮,૦૦૦
૧૭.	બાગાયતની ખેતી	૧૦૦૦	—	—	—	૩૦,૦૦૦	૩૦,૦૦૦
૧૮.	મચ્છીમારી	૧૦૦	૨૦,૦૦૦	૨,૦૦૦	—	૧૮,૧૦૦	૧૮,૧૦૦
	કુલ	૩,૭૩૭	૪૬,૫૧,૫૦૦	૩,૫૫,૯૬૫	૧૨,૨૭,૧૫૦	૧૦,૦૦,૩૨૫	૨૨,૨૭,૪૭૫